
# શ્રુતસાગરના તીરે

(શાસ્ત્રોના પરિચયલેખ)

(૧)



મુનિશ્રી વૈરાગ્યરતિ વિજય ગણી

# શ્રુતસાગરના તીરે

(શાસ્ત્રોના પરિચયલેખ)

(૧)

શ્રુતભવન સંશોધન કેંદ્ર

| | | |
|---|---|---|
| નામ | : | શ્રુતસાગર તીરે (૧) |
| લેખક | : | મુનિશ્રી વૈરાગ્યરતિ વિજય ગણી |
| વિષય | : | શાસ્ત્ર પરિચય, ઉપદેશ |
| ભાષા | : | ગુજરાતી |
| પત્ર | : | ૧૦ + ૨૦૨ |
| આવૃત્તિ | : | પ્રથમ, સં. ૨૦૭૨, ઈ.સ. ૨૦૧૬ |
| મૂલ્ય | : | રૂ. ૫૦/- |
| પ્રકાશક | : | શુભાભિલાષા રિલિજિયસ ટ્રસ્ટ |
| પૂના | : | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |

**પુણે :**
૪૭/૪૮, અચલ ફાર્મ, આગમ મંદિર આગળ,
સચ્ચાઈ માતા મંદિર પાસે, કાત્રજ, પુણે-૪૧૧૦૪૬
Mo.7744005728 (9-00am to 5-00pm)
www.shrutbhavan.org
Email : shrutbhavan@gmail.com

**અમદાવાદ :**
C/o. શ્રી ઉમંગભાઈ શાહ, બી-૪૨૪, તીર્થરાજ કૉમ્પલેક્સ,
વી.એસ.હૉસ્પિટલ સામે, માદલપુર, અમદાવાદ.
Mo.09825128486

**મુંબઈ :**
શ્રી ગૌરવભાઈ શાહ
સી/૧૧૧, જૈન એપાર્ટમેંટ, ૬૦ ફીટ રોડ,
દેવચંદ નગર રોડ, ભાયંદર (વેસ્ટ)
મુંબઈ-૪૦૧૧૦૧. Mo.09833139883

મુદ્રણ : નૂતન આર્ટ, અમદાવાદ

## પ્રકાશકીય

પ્રભુ શ્રી મહાવીર દેવની વાણી આગમ રૂપે ગુંથાઈ. તેના આધારે મહાપુરુષોએ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં શાસ્ત્રોની રચના કરી. ભાષા દુર્બોધ થવાથી તે શાસ્ત્રોના આધારે તત્કાલીન ગુજરાતી, રાજસ્થાની ભાષાઓમાં સ્તવન, સજ્ઝાય, વાર્તિક, ટબા, વિગેરેની રચના કરી. સાધુ-સાધ્વીજી ભગવંતો શાસ્ત્રો વાંચે જ છે. શ્રાવક-શ્રાવિકા સંઘ પણ શાસ્ત્રોનો સાર પામી શકે તે માટે મહાપુરુષોએ પ્રયાસ કર્યો. મહાપુરુષોએ કરેલા ઉપકારોનો બદલો કેમેય કરીને વાળી શકાય તેમ નથી.

મહાપુરુષોના લાખ પ્રયત્ન છતાં શ્રુત પ્રત્યેની શ્રાવક સંઘની જાગૃતિ ઘટતી રહી. શાસ્ત્રોમાં શું રહસ્ય છે તેથી શ્રાવક વર્ગ બહુધા અજાણ છે. શાસ્ત્રો, તેના રહસ્યો પ્રત્યે શ્રાવક-શ્રાવિકા વર્ગમાં રુચિનું નિર્માણ થાય એ હેતુથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર **શ્રીવૈરાગ્યરતિવિજયજી** મ.એ 'શ્રુતસાગરના તીરે'ના માધ્યમે લેખોનું સંકલન કર્યું છે.

પ્રાકૃત કે સંસ્કૃત ભાષાની વાત તો ઠીક છે. જૂની ગુજરાતી ભાષામાં રચાયેલાં શાસ્ત્રો પણ વર્તમાન શ્રાવક વર્ગને સમજાતા નથી. શાસ્ત્રના અમૃતથી શ્રાવક વર્ગ બહુધા વંચિત છે. સામાન્ય માણસને સામાન્ય માણસની ભાષામાં શાસ્ત્રનો સાર સમજાવતી લેખમાળા 'કલ્યાણ'માં પૂજ્ય ગણિવર્યશ્રીએ લખી. લગભગ સાડાત્રણ વરસ ચાલેલી આ લેખમાળામાં ૪૬ ઉપરાંત લેખો પ્રગટ થયા.

આ લેખમાળાના ૪૬ લેખોને બે ખંડમાં વિભાજિત કરી અહીં પ્રગટ કરવામાં આવે છે. પહેલા ખંડમાં સંસ્કૃત ગ્રંથો અને હસ્તપ્રત-સંશોધન વિષયના ૨૬ લેખો છે. બીજા ખંડમાં પ્રાચીન ગુજરાતી કૃતિઓ અને અર્વાચીન પુસ્તકોના લેખ છે. 'શ્રુતસાગરના તીરે' વાંચીને કોઈ એક ગ્રંથ માટે એક વ્યક્તિને પ્રીતિ જન્મશે તો આ પ્રયાસ સફળ થશે.

ભરત શાહ
(માનદ અધ્યક્ષ)
શ્રુતભવન

## સાગરકિનારે

સાત સાધુ ભગવંતોએ સાથે મળીને પાટણમાં દ્વાદશાર નયચક્રની દુર્લભ હસ્તપ્રતની પંદર દિવસમાં પ્રતિલિપિ કરી. પંડિત શ્રી નયવિજયજી મહારાજ તથા તેમના શિષ્ય પંડિત શ્રી યશોવિજયજી મહારાજ તેમાં મુખ્ય હતા. કાશી અને આગ્રામાં વરસો સુધી રહીને તેમણે ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ન્યાયવિશારદ અને ન્યાયાચાર્ય જેવા બિરૂદ તેમને પ્રાપ્ત થયા હતા. તેઓશ્રી સતત તર્કના ગ્રંથો લખતા અને લખાવતા. વિદ્યાના દરેક ક્ષેત્રમાં તેમની પ્રતિભા એક સરખી રીતે ચમકતી. તેઓશ્રી સતત નવા ગ્રંથોનું સર્જન કરતા રહેતા. ક્યારેક કાવ્ય, ક્યારેક ન્યાય, ક્યારેક વ્યાકરણ, ક્યારેક કર્મગ્રંથ, ક્યારેક યોગગ્રંથ, ક્યારેક સ્તવન, ક્યારેક સજ્ઝાય, ક્યારેક રાસ, ક્યારેક પદનું સર્જન કરતા. તેઓ જે વિચારતા તે શબ્દમાં સહજ રીતે અવતરતું. સરસ્વતીનું તેમને વરદાન હતું.

આટલા પ્રતિભા સંપન્ન હોવા છતાં તેઓ છેલ્લા પંદરેક દિવસથી આખો દિવસ લખતા રહેવા દ્વારા કોઈ પ્રાચીન ગ્રંથનું અવતરણ કરી રહ્યા હતા. છ સાધુ જે ન લખી શકે, તેટલું તેઓ એકલા લખતા. સૂરજનું પહેલું કિરણ ધરતી પર પડે, ત્યારથી છેલ્લું કિરણ વિદાય લે, ત્યાં સુધી તેમની કલમ ચાલતી. રાત્રે તેમની આંગળીઓને આરામ મળતો. બસ, દિવસ આખો તેમની આંગળી કલમ પકડીને યાત્રા કરતી રહેતી. એક દુર્લભ ગ્રંથને લખવાનો અદમ્ય ઉત્સાહ એમનામાં હતો. તેઓશ્રી એ ગ્રંથ લખતા જ ન હતા, ગ્રંથ પીતા હતા. પૂર્વાચાર્યોના દુર્લભ શબ્દોને નવજીવન આપવા તેમણે આંગળીઓ કસી હતી. પંદર દિવસે એ જ્ઞાનયજ્ઞ પૂરો થયો. તેના સમારોપ

સંસ્કાર કરતા તેમની કલમ પરથી શાહી અનાયાસે શબ્દ બનીને લહેરાઈ. જાણે સરસ્વતીનું કાગળ પર અવતરણ થયું :

**तेभ्यो नमस्तदीयान् स्तुवे गुणान् तेषु मे दृढा भक्तिः ।**
**अनवरतं चेष्टन्ते जिनवचनोद्भासनार्थं ये ॥**

"જેઓ જિનવચનને પ્રકાશિત કરવા સખત મહેનત કરે છે, તેમને મારા નમસ્કાર ! તેમના ગુણ ગાતા મારી જીભ થાકતી નથી. મને તેમની પર ખૂબ પ્રેમ કરે છે. કેમ કે જિનવાણી મારી માતા છે. મારી માતાની ભક્તિ કરનારને હું પ્રાણથી પણ વધારે ચાહું છું."

પૂ. ઉપાધ્યાયજી મહારાજે પ્રસિદ્ધિ કરતા પ્રતોને વધુ પ્રેમ કર્યો, કીર્તિ કરતા કાગળની વધુ ચાહત કરી. તેમણે જિનવાણીને પ્રકાશિત કરવા દુનિયા આખીનો સંબંધ તોડ્યો. કાગળ અને કલમ સાથે મૈત્રી કરી અને જીવનભર તેને નિભાવી. જ્ઞાન ઉપર તેમને અગાધ પ્રેમ હતો. જ્ઞાની ઉપર તેમને અગાધ બહુમાન ભાવ હતો. તેઓ ગમે તે સમયે જ્ઞાન દાન કરવા તત્પર રહેતા. શાસ્ત્ર રચના કરતા તેઓ ખાવાપીવાનું ભૂલી જતા. તેમણે જે ઝડપે શ્રુતગ્રહણ કર્યું, તેના કરતા કેઈ ગણી ઝડપે વિચાર્યું. જે ઝડપે વિચાર્યું, તે કરતા વધુ ઝડપે લખ્યું. કેમ કે તેમને જ્ઞાનનો પ્રેમ હતો, શાસ્ત્રનો પ્રેમ હતો, જિનવાણીનો દૃઢ અનુરાગ હતો. બધાના નામ પણ યાદ ન રહે, તેટલા શાસ્ત્રો તેમણે રચ્યાં. તેમણે જેટલા શાસ્ત્રો રચ્યાં છે, તેટલા આપણે વાંચ્યા પણ નહીં હોય.

તેમની વાણીમાં સમ્યક્ત્વનો પડઘો હતો, તેમના સમ્યક્ત્વમાં આત્મવિશ્વાસનો રણકો હતો. તેમના આત્મવિશ્વાસ પર આજ્ઞાધર્મની મહોરછાપ હતી.

તેમનામાં આજ્ઞાની સમજ ઊંડી હતી. તેમણે આજ્ઞાને પચાવી જાણી હતી. ભગવાનની આજ્ઞા તેમની નસેનસમાં લોહી બનીને વહેતી હતી. તેમણે સ્વ-પર દર્શનના અનેક શાસ્ત્રોનું અવગાહન કર્યું હતું. તેઓ જે પાનાં પર નજર ઠેરવતા તેની ફોટો ઈમેજ તેમના મગજમાં અંકાઈ જતી. તેમને શાસ્ત્રનો અક્ષરે અક્ષર યાદ રહેતો. તેમની પ્રજ્ઞા સૂક્ષ્મ હતી. તેઓ નયોનો સુપેરે વિવેક અને વિનિયોગ કરી શકતા. તેમની વિવેચન શક્તિ અદ્ભુત હતી. તેઓ શાસ્ત્રોના પારને પામેલા હતા. તેમને શાસ્ત્રોમાં આરાધના દેખાઈ, શાસ્ત્રમાં જ ચારિત્ર

દેખાયું, શાસ્ત્રમાં સમ્યગ્દર્શન દેખાયું. શાસ્ત્રમાં પરિણતિ દેખાઈ, તેમને શાસ્ત્રમાં જ મોક્ષ દેખાયો. શાસ્ત્રના દરિયાને તેઓ અગસ્ત્યની જેમ પી ગયા હતા.

શું દેખાયું તેમને શાસ્ત્રોમાં ? શું જોયું તેમણે શબ્દોમાં ? તેમણે શબ્દની જીવંતતાને પહેચાની હશે. શાસ્ત્રોનો રહસ્યાર્થ તેમણે અનુભવ્યો હશે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે પોતાનું જીવન જિનવાણીને સમર્પિત કર્યું હતું. જે શાસ્ત્રો ઉપર તેમને અગાધ પ્રેમ હતો, જે જ્ઞાન રાશિ માટે તેમણે પારાવાર મહેનત કરી હતી તે શાસ્ત્રો અને શબ્દોનો પરિચય કરવાની-કરાવવાની આ લેખકની મનોકામના છે. આ પાનાંઓ ઉપર સારા પુસ્તકો અને સંપાદનોનો પરિચય પ્રસ્તુત છે.

'કલ્યાણ' માસિકના માધ્યમે આ લેખમાળા પ્રગટ થઈ તેમાં પ. પૂ. આ. દે. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરિજી મ.ની પ્રેરણા જ કારણભૂત બની.

**કૃતજ્ઞતા**

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા, પિતૃગુરુદેવ પરમ પૂજ્ય મુનિપ્રવરશ્રી **સંવેગરતિ વિજયજી** મ.સા.ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી **પ્રશમરતિવિજયજી** મ.નો સ્નેહભાવ તથા તેમ જ મુનિવરશ્રી **સંયમરતિ વિજયજી** મ., પરમ પૂજ્ય સાધ્વીજી **શ્રીહર્ષરેખાશ્રીજી** મ.ના શિષ્યા સાધ્વીજી **શ્રીજિનરત્નાશ્રીજી** મ., સા. **શ્રી મધુરહંસાશ્રીજી** મ., સા. **શ્રી ધન્યહંસાશ્રીજી** મ.નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી.

સંપાદન કાર્યમાં શ્રુતભવન સંશોધન કેંદ્રના બધા શ્રુતસેવીઓએ ભક્તિભાવથી સહકાર્ય કર્યું છે. તેથી તેઓ સાધુવાદને પાત્ર છે. નૂતન આર્ટના **ધર્મેશભાઈ**એ અસ્તવ્યસ્ત લખાણને સરખું કરી સરસ રીતે અને સમયસર મુદ્રણ કર્યું તે માટે તેમને ધન્યવાદ.

## શ્રુતપ્રેમી

**પૂજ્ય પિતાશ્રી વિનોદ છનાલાલ શાહ**

**પૂજ્ય માતુશ્રી સુશીલા વિનોદ શાહની**

પાવન સ્મૃતિમાં

**શ્રી ગૌતમ વિનોદ શાહ**

**સૌ. ભાવના ગૌતમ શાહ**

ફાતિમાનગર, પૂણે

## પગલાં

### તરંગ-૧ પુરાણી રચના


| | | |
|---|---|---|
| ૧) | શાસ્ત્રાભ્યાસની સાચી રીત | ૩ |
| ૨) | દીવાળીનું દિવ્યદર્શન-૧ (ઉત્તરાધ્યયન સૂત્ર) | ૧૦ |
| ૩) | દીવાળીનું દિવ્યદર્શન-૨ (ઉત્તરાધ્યયન સૂત્ર) | ૧૬ |
| ૪) | પ્રત્યેકબુદ્ધોનું પ્રવચન-૧ (ઇસિભાસિયાઇં સૂત્ર) | ૨૪ |
| ૫) | પ્રત્યેકબુદ્ધોનું પ્રવચન-૨ (ઇસિભાસિયાઇં સૂત્ર) | ૩૧ |
| ૬) | પ્રત્યેકબુદ્ધોનું પ્રવચન-૩ (ઇસિભાસિયાઇં સૂત્ર) | ૩૮ |
| ૭) | યોગમાર્ગની અનુભૂતિ (ષોડશક પ્રકરણ) | ૪૬ |
| ૮) | પરમતેજનો વિસ્તાર (લલિતવિસ્તરા) | ૫૨ |
| ૯) | વનરાજીની વ્યાખ્યા (નિઘંટુશેષ) | ૫૮ |
| ૧૦) | સુ. જયંતીની જિજ્ઞાસા (જયંતી પ્રકરણ) | ૬૪ |
| ૧૧) | પૂછતાં નર પંડિત (પ્રશ્નપદ્ધતિ) | ૭૦ |
| ૧૨) | સિદ્ધાંતોની સ્તવના (સર્વસિદ્ધાંતસ્તવ) | ૭૪ |
| ૧૩) | વિચારોનો મહાસાગર (વિચારરત્નાકર) | ૮૪ |
| ૧૪) | ભાવોની ભરતીની વાત (જૈનધર્મવર સ્તોત્ર, ગોધૂલિકા-અર્થ) | ૯૦ |
| ૧૫) | શ્રુતસાગરના મોતી (કુલક સંગ્રહ) | ૯૮ |


### તરંગ-૨ નવી રચના


| | | |
|---|---|---|
| ૧૬) | આગમની આરતી (સૂત્રાર્થમુક્તાવલી) | ૧૦૮ |
| ૧૭) | અધ્યાત્મ, મનોવિજ્ઞાન, કર્મવિજ્ઞાનનો ત્રિવેણી સંગમ (સંવેગરતિ) | ૧૧૬ |
| ૧૮) | સમતા, શુદ્ધિ, સત્ત્વનો ત્રિવેણી સંગમ (યોગતત્ત્વવિવેચન) | ૧૨૨ |
| ૧૯) | **बन्धमुक्तः सदा शुचिः ।** (આત્મતત્ત્વસમીક્ષણ, નમસ્કારપદાવલી, આશાપ્રેમસ્તુતિ) | ૧૩૨ |

**તરંગ-૩ શ્રુતવારસો**


૨૦) ભારતની પ્રાચીન વિદ્યાપીઠો ૧૪૧

૨૧) એક અવલોકનીય સૂચિપત્ર ૧૪૮

૨૨) પ્રતનું પુરાતન મંદિર ૧૫૩

૨૩) હસ્તપ્રતોનો ઈતિહાસ : પીટર્સનના રિપોર્ટ ૧૬૦

૨૪) શાસ્ત્રપાઠ શુદ્ધિ અંગે શ્રમણ સંઘનું કર્તવ્ય-૧ ૧૬૭

૨૫) શાસ્ત્રપાઠ શુદ્ધિ અંગે શ્રમણ સંઘનું કર્તવ્ય-૨ ૧૭૨

૨૬) નવ્ય ન્યાયનું નાલંદા ૧૭૭


**પરિશેષ**


૧) ગ્રંથસૂચિ ૧૮૫

૨) શબ્દસૂચિ ૧૮૭

## તરંગ - ૧

# પુરાણી રચના

૧

# શાસ્ત્રાભ્યાસની સાચી રીત

શ્રી શ્રેયાંસકુમારે આદિનાથ પ્રભુને પ્રથમવાર જોયા અને તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. આ ઘટનાને કલિકાલસર્વજ્ઞશ્રીએ પ્રેરક ઉપમા આપી પ્રસ્તુત કરી છે. તેમણે લખ્યું છે કે 'धीरिव ग्रन्थदर्शनात्' જેમ ગ્રંથનું દર્શન કરવાથી બુદ્ધિ મળે તેમ પ્રભુના દર્શનથી જાતિસ્મરણ થયું. શ્રેયાંસકુમારે ભગવાનના દર્શન દ્વારા પોતાની સુષુપ્ત સ્મૃતિને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો, ઊહાપોહ કર્યો. ગ્રંથના દર્શનથી આપણી સુષુપ્ત સ્મૃતિને જાગૃત કરવાની પ્રેરણા મળે છે. વિચારશક્તિ સતેજ બને છે. તેના દ્વારા બુદ્ધિ મળે છે. બુદ્ધિ એટલે નવા વિષયનું જ્ઞાન. શાસ્ત્ર ભગવાન જેવું છે. તેના દર્શનથી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રોનો ભવ્ય વારસો આપણને મળ્યો છે. એક વિષયના અનેક શાસ્ત્રો અને અનેક વિષયવાળું એક શાસ્ત્ર આપણને સહેલાઈથી મળે છે. શાસ્ત્રકારો શાસ્ત્ર શા માટે બનાવે છે ? વાંચનારને બોધ થાય એ માટે અને પરંપરાએ મોક્ષ મળે એ માટે. દરેક શાસ્ત્રકાર શાસ્ત્રરચનાનો હેતુ પ્રથમથી જ સ્પષ્ટ

કરી દે છે. જેથી વાચક આ ગ્રંથ વાંચવો કે નહીં ? તે આસાનીથી નક્કી કરી શકે. શાસ્ત્રકાર એમ ધારતા હોય છે કે વાચક પોતાના ચોક્કસ પ્રયોજન માટે ગ્રંથ વાંચે છે. તેને બોધ મેળવવો છે. તે એક વિષયનો અભ્યાસ કરવા ચાહે છે.

વાંચવું અને અભ્યાસ કરવો એ બે બાબતમાં ફરક છે. રસોઇને જોવી અને ખાવી એ બે વચ્ચે જેટલો ફરક હોય તેટલો ફરક આમાં છે. વ્યક્તિ પાસે લક્ષ્ય હોય તે જરૂરી નથી. અભ્યાસુ કે વિદ્યાર્થી વ્યક્તિ સ્પષ્ટ લક્ષ્ય ધરાવતી હોય છે. શાસ્ત્રકાર જવાબદારી ઉઠાવે છે - બોધની અને વાંચનાર વ્યક્તિ પણ જવાબદાર છે એમ માને છે. વાંચન અભ્યાસુ વૃત્તિથી થાય તો બોધમાં પરિણમે. વાંચન દ્વારા વિચારોનું ઘડતર થાય છે.

શાસ્ત્ર બે વાત શીખવે છે. શું વિચારવું ? અને કેવી રીતે વિચારવું ? શાસ્ત્ર બુદ્ધિને કસે છે. કસાયેલી બુદ્ધિ સૂક્ષ્મ બને છે. બોધ સૂક્ષ્મ બુદ્ધિનો પુત્ર છે. આપણે કેટલાં શાસ્ત્ર વાંચીએ છીએ, એ અગત્યનું છે, તે કરતા વધુ અગત્યનું એ છે કે, આપણે શાસ્ત્ર કેવી રીતે વાંચીએ છીએ. શાસ્ત્ર વાંચનના ખરા હેતુને સાર્થક કરવા માટે અસરકારક રીતે વાંચન કરવું જોઇએ. આપણે ત્યાં સ્વાધ્યાય કરવાની પરિપાટીમાં પાંચ પગથિયા છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા. લલિતવિસ્તરા અને ષોડષક નામના શાસ્ત્રમાં આઠ પગથિયાં દર્શાવ્યાં છે. અદ્વેષ, જિજ્ઞાસા, સાંભળવાની ઇચ્છા, શ્રવણ, બોધ (સમજણ), વિચારણા, સ્વીકાર અને આચરણ.

મૂળ મુદ્દો એ છે કે, વાંચન એટલે અભ્યાસ પદ્ધતિસર થવો જોઇએ. જે અભ્યાસ કે જે વાંચન આપણી વિચારશક્તિને નવી દિશા કે ઉંચાઈ આપે તે અસરકારક કહેવાય. અભ્યાસને અસરકારક બનાવવા અને વિચારોને સમીક્ષાત્મક રૂપે વ્યવસ્થિત બનાવવા માટે એક મનોવૈજ્ઞાનિક પદ્ધતિ વિકસિત થઈ છે. આ પદ્ધતિમાં પાંચ પગથિયા છે.

પહેલું છે પૂર્વતૈયારી, પદ્ધતિસરના અભ્યાસને પ્રવાસ સાથે સરખાવી શકાય. પ્રવાસની શરૂઆત લક્ષ્ય નક્કી કરવા દ્વારા થાય છે. ઘરની બહાર નીકળતા પહેલા ક્યાં જવું છે એ નક્કી હોય છે. અભ્યાસ માટે સર્વ પ્રથમ લક્ષ્ય સ્પષ્ટ હોવું જરૂરી છે. અભ્યાસ દ્વારા તમે શું પામવા માંગો છો એ બાબત

એકદમ સ્પષ્ટ હોવી જોઈએ. જે ગ્રંથ હાથમાં લો છો તે તમને તમારા લક્ષ્ય સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે કે નહીં ? તેનો વિચાર પહેલા કરવો જોઈએ. કેવળ વાંચવા ખાતર વાંચવાથી ખાસ ફાયદો થતો નથી. ગ્રંથનું જે પ્રકરણ તમારા લક્ષ્ય માટે ઉપયોગી છે. તેની પર લક્ષ્ય કેંદ્રિત થવું જોઈએ.

બીજું પગથિયું છે આયોજન. પ્રવાસના બીજા તબક્કામાં સાધનની શોધ આવે છે અને જરૂરતનો સામાન આવે છે. લક્ષ્ય સુધી પહોંચવા માટેનો રસ્તો જાણવો જરૂરી છે. લક્ષ્ય જેટલું મહત્ત્વનું છે તેટલું મહત્ત્વનો છે માર્ગ-નિર્ણય. સરળ, સહેલો અને સુવિધાભર્યો માર્ગ વધુ અનુકૂળ રહે છે એ વળી ટૂંકો હોય તો શ્રેષ્ઠ. અભ્યાસ કરતા પહેલા લક્ષ્યને પામવા માટે કયા ગ્રંથો, કયા વિષયો, કઈ વ્યક્તિઓ મદદરૂપ થશે તે વિચારી લેવું જોઈએ. તમારા લક્ષ્ય સુધી પહોંચવામાં મદદરૂપ થઈ શકે તેવો માનસિક નકશો તૈયાર કરવો જરૂરી ગણાય. આ નકશામાં અધ્યાપક, પંડિતજી, પુસ્તકો, જ્ઞાનભંડાર, સાધનગ્રંથો શબ્દકોશ વગેરે બધું જ આવી જાય.

પ્રવાસનો ત્રીજો તબક્કો છે ચાલવું. આગળ વધવું. અભ્યાસનું હાર્દ વાંચન છે. ગ્રંથ હાથમાં લો અને વાંચો. એક દૃષ્ટિએ બીજો તબક્કો સરળ લાગે, કેમ કે તમારું લક્ષ્ય સ્પષ્ટ છે. ત્યાં સુધી પહોંચવાના સાધન હાથવગાં કે મગજવગાં છે. તમે ક્યાં જઈ રહ્યા છો અને ત્યાં કેવી રીતે પહોંચશો એ સારી રીતે જાણો છો. હવે તમારે તમારી જાણકારીને અમલમાં મૂકવાની છે. તે અઘરું છે. તમારે ગ્રંથને જાગૃતપણે વાંચવાનો છે. તેમાં કહેલા વિષય ઉપર વિચારવા માટે અંતરની પ્રેરણાને જાગૃત રાખવાની છે. માત્ર મુખ્ય મુદ્દાઓ જાણી લેવાથી કામ નહીં બને. નાની નાની આનુષંગિક વાતોને પણ ધ્યાનમાં લેવાની છે. ખાસ કરીને અભ્યાસગ્રંથોમાં આ બાબત ખ્યાલમાં રાખવાની. વારતાઓ વાંચવાની હોય. અભ્યાસગ્રંથો વાંચવાના હોય અને વિચારવાના હોય. ગ્રંથમાં લખેલા અક્ષર પર નજર ફરે તે અભ્યાસ નથી. શબ્દો વાંચવાના, ચાટવાના, ચાવી જવાના અને છેલ્લે વાગોળવાના. દરેક વાતને પૂર્ણ રીતે સમજવાની કોશિશ કરવી. દરેક કથનનો મર્મ વિચારવાનો.

પહેલા તો ગ્રંથના દરેક પ્રકરણની રૂપરેખા જાણી લેવાની. દરેક પ્રકરણના મુખ્ય વિષયોની વિગત મેળવી લેવાની. તેમાં આપવામાં આવેલા

ચિત્રો, કોષ્ટકો વગેરેની ઉપલક માહિતી લઈ લેવી. પછી એક એક પ્રકરણને ક્રમશઃ વાંચતા જવું.

વાંચતી વખતે ચાર બાબતોનું ધ્યાન રાખો. દરેક શબ્દને દરેક વાક્યને કાળજીપૂર્વક વાંચો. દરેક શબ્દને મહત્ત્વ આપો. રસપૂર્વક વાંચો, નિષ્ણાત માનીને વાંચશો તો મરમ નહીં પકડાય, વિચારપૂર્વક વાંચો. વાંચતી વખતે જે પ્રશ્ન ઉઠે તેના જવાબ મેળવવાની કોશિશ કરો. ન સમજાય તો વારંવાર વાંચો. કોશ ગ્રંથ અને સંદર્ભ ગ્રંથોનો છૂટથી ઉપયોગ કરો. જે વાંચી રહ્યા છો તે વિષયનું સતત મૂલ્યાંકન કરો. વિષય સ્પષ્ટ છે કે ગૂંચવાડાવાળો તે નક્કી કરો. સંભવિત ધારણાઓ ઉપર કે વિરોધાભાસ ઉપર વિચાર કરો. વિષય દ્વારા સાબિત થતી ધારણાઓને તમારી બુદ્ધિની એરણ પર ચકાસો. તમારી બુદ્ધિને વિષયની એરણ પર ચકાસો. તમે જે વાંચ્યું છે એ બાબતના પ્રશ્નો સ્વયં તૈયાર કરો. મોટેથી બોલીને જાતને એ પ્રશ્નો પૂછો. જાતે જ તેના જવાબ આપો. સ્વયં પ્રશ્નપત્ર તૈયાર કરી લેખિત પરીક્ષા આપો. (અધ્યયન પરીક્ષાલક્ષી હોય તે ખોટું નથી, ડીગ્રીલક્ષી કે માર્કસલક્ષી હોય તે ખોટું છે.) આનાથી મૂલ્યાંકન દૃઢ થશે. ગ્રંથનો જેટલો ભાગ વાંચી ગયા હો તેનું પુનરાવર્તન કરો. તે વિષય બીજાને ભણાવશો તો આપોઆપ સ્પષ્ટ થશે. કોઈ સહપાઠીને મોંઢે સંભળાવી દો. તમને ઉઠેલા પ્રશ્નો તમને મળેલા જવાબ એ બધું જ મોટે મોટેથી બોલીને સંભળાવો.

વાંચન પછી મુખપાઠ ખૂબ અગત્યનો છે, કેમકે વાંચેલું ભૂલી જવાય છે. ગોખેલું યાદ રહે છે. સાધુ-સાધ્વીજી ભગવંતો રાત્રે સૂત્રનો સ્વાધ્યાય કરતા હોય છે તેની સાથે પદાર્થોનો સ્વાધ્યાય પણ કરે તો વધુ લાભ થાય. એક ગાથા અને તેનો અર્થ એ રીતે સ્વાધ્યાય પણ લાભકારી બને. આજે વાંચેલા પદાર્થો રાત્રે મોઢે બોલી જવાના. વાંચેલું લાંબો સમય ભૂલાય નહીં તે માટે ગ્રંથના મૂળ મૂળ પદાર્થોની નોટ બનાવવી. નોટ બનાવવાનો સહુથી મોટો ફાયદો એ છે કે બહુ ઓછા સમયમાં ગ્રંથનું પુનરાવર્તન થઈ શકે છે.


પ્રવાસનો ચોથો તબક્કો છે તમે કેટલું આગળ વધ્યા છો, તે જોતા રહેવું. જે ગ્રંથનો સ્વાધ્યાય થઈ રહ્યો છે. તેમાં તમને કેટલું યાદ રહ્યું ? તમારી વિષયની જાણકારીમાં કેટલો ઉમેરો થયો ? તમે કેટલા નિષ્ણાત બન્યા ? આ રીતે જાતનું મૂલ્યાંકન કરતા રહો. એ ગ્રંથ વિશે સહાધ્યાયીઓ સાથે મુક્તચર્ચા થઈ શકે.

પરીક્ષા કે પ્રશ્નપત્ર આ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. જે વાંચો તેની પરીક્ષા આપો. મૂલ્યાંકન પ્રગતિ માટે અતિઆવશ્યક છે. બનારસમાં પરંપરાગત રીતે ન્યાય ભણાવાતો. ત્યાં ભણવાની વાદપદ્ધતિ પ્રચલિત હતી. વિદ્યાર્થી વિષય તૈયાર કરે તે ઉપર વાદ રચાય. પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ રચાય. ખંડન-મંડન થાય. આ પદ્ધતિ સઘન અને નક્કર અભ્યાસ માટે અનિવાર્ય છે. વાદ પદ્ધતિ દ્વારા વૈચારિક વિકાસ સતત જીવંત રહે છે. કમ સે કમ પૂ. સાધુ સાધ્વીજીઓ આ પદ્ધતિથી એકાદ આગમ કે એકાદ ગ્રંથ તૈયાર કરે તો શ્રુત જીવંત બની મહોરી ઉઠે.

પુનર્વિચાર, પ્રવાસનો છેલ્લો તબક્કો ગણી શકાય. સ્વયં રસ્તો શોધવાની ક્ષમતા કેળવવી પ્રવાસનું અંતિમ ફળ છે. તો સ્વયં પદાર્થનિર્ણય કરવાની ક્ષમતા કેળવવી અભ્યાસનું અંતિમ ફળ છે. તમે જે વાંચ્યું છે તેની પર ફરી વિચાર કરો. વાંચન દ્વારા ધારણાઓ બંધાય છે. આ ધારણાઓ સાચી છે કે ખોટી ? પૂરી છે કે અધૂરી ? તેની ફરીવાર ચકાસણી કરો. તેની તટસ્થ સમીક્ષા કરો. તેની પર ફરી સવાલ ઉઠાવો. ધારણાઓને પડકારવાની, તમે જ્યારે અભ્યાસ કરતા હતા ત્યારે તમારી દૃષ્ટિ ખીલી છે. આ દૃષ્ટિ દ્વારા તમારા જ્ઞાનને ફરી એરણ પર ચઢાવવાનું છે. ત્યાર પછી જે બોધ થશે તે નક્કર હશે. તમારો બોધ બીજા વિષયોમાં કેવી રીતે મદદરૂપ થાય છે ? તે જોવાનું. તમને અનેક વિષયોનું જ્ઞાન છે તેમાં એક વિષયનો ઉમેરો થયો. આ વિષયને ઉમેરી બધા જ વિષયો પર દૃષ્ટિપાત કરશો તો તમારી નજર સમક્ષ એક નવું અને વિશાળ ચિત્ર ઊભું થશે.

સંસ્કૃતમાં એક ઉક્તિ પ્રચલિત છે. 'एकस्तपो द्विरध्यायी' તપ એકલાએ કરવું, અધ્યયન બે જણે સાથે મળીને કરવું. તેનાથી વધુ લાભ થાય છે. દરેક સંઘમાં અધ્યયન માટે એક ગ્રુપ ઊભું થાય અને પરિણામલક્ષી અધ્યયન થાય તો બે પાંચ વરસમાં સંઘની કાયાપલટ થઈ જાય. મુંબઈ વાલકેશ્વર તીનબત્તીમાં નિયંત્રિત રીતે શાસ્ત્રનું વાંચન કરતો પરિવાર છે. અમેરિકામાં ૧૨-૧૫ વ્યક્તિઓ દર અઠવાડિયે એક દિવસ શાસ્ત્ર વાંચવા એકત્રિત થાય છે. છેલ્લા ત્રીસ વરસથી આ પ્રવૃત્તિ નિયમિત ચાલે છે. આગમોમાં વર્ણવ્યા છે, તેવા 'लद्धट्ठा, गहियट्ठा, पुच्छियट्ठा અને अभिगहियट्ठा ।' શ્રાવકો તૈયાર કરવા શ્રમણસંઘે મગજ અને કમર બંને કસીને મહેનત કરવી જોઈએ એવું નથી લાગતું ?

•



| | | |
|---|---|---|
| ગ્રંથનામ | : | ઉત્તરાધ્યયન સૂત્ર |
| કર્તા | : | સ્થવિર |
| ભાષા | : | પ્રાકૃત |
| સમય | : | વિ.સં. પૂર્વ ૪૭૦ |

(૨)

## દીવાળીનું દિવ્યદર્શન : ૧

દીપાવલિ પ્રભુના નિર્વાણની પળ પછીનો સમય છે. ઉત્તરાધ્યયનમાં પ્રભુની જ્ઞાનજ્યોતિના અંતિમ પ્રકાશ કિરણો ઝીલાયા છે. નિર્વાણ પૂર્વે પ્રભુએ અંતિમ દેશનામાં શું શું કહ્યું હશે ? કલિકાલસર્વજ્ઞશ્રી ફરમાવે છે : પ્રભુએ અંતિમ દેશનામાં ચાર પુરુષાર્થની વાત જણાવી, પુણ્યપાલ રાજાને આવેલા આઠ સ્વપ્નના ફળાદેશ કહ્યા. પાંચમાં અને છઠ્ઠા આરાના ભાવ કહ્યા. ઈન્દ્રે આયુષ્ય વધારવાની વિનંતિ કરી, તેનો જવાબ આપ્યો. કલ્પસૂત્ર કહે છે : પંચાવન અધ્યયનો પુણ્યના ફળને બતાવનારા અને પંચાવન અધ્યયનો પાપના ફળને બતાવનારા કહ્યા. તેમજ મરુદેવા નામના અધ્યયનની ભાવના કરતા પ્રભુ મોક્ષમાં ગયા. અંતિમ દેશનામાં પરમાત્માએ વણપૂછ્યા છત્રીસ પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. આ 'ઉત્તર'ના આધારે આગમનું નામ ઉત્તરાધ્યયન પડ્યું. શ્રી શય્યંભવસૂરિજી મહારાજના સમય સુધી સાધુભગવંતો દીક્ષા પછી તરત આચારાંગ ભણતા, ત્યાર પછી આ અધ્યયનોનો અભ્યાસ થતો. સંસ્કૃતમાં ઉત્તર શબ્દનો 'પછી' એવો અર્થ પણ પ્રસિદ્ધ છે.

તેના આધારે પણ આ સૂત્રો ઉત્તરાધ્યયન કહેવાયા. આ આગમ સૂત્રમાં બધા જ સૂત્રો સાક્ષાત્ ભગવાને ઉપદેશ્યા છે એવું નથી. મોટા ભાગના પ્રભુએ ઉપદેશ્યા છે. કેટલાક દૃષ્ટિવાદમાંથી લેવામાં આવ્યા છે. કેટલાક પ્રત્યેક બુદ્ધ ઋષિએ પ્રબોધ્યા છે. કેટલાક સ્વતંત્ર પ્રશ્નોત્તર રૂપ છે. આ સૂત્રમાં પ્રધાનપણે ધર્મકથા દ્વારા ઉપદેશ આપવામાં આવ્યો છે.

આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા ઉત્તરાધ્યયનને 'યોગ ગ્રંથ' કહે છે. મોક્ષનું અનુસંધાન કરી આપતી મન-વચન-કાયાની પ્રવૃત્તિ યોગ છે. ઉત્તરાધ્યયનનું એક-એક પદ સંવેગના શ્રેષ્ઠતમ ભાવોને લઈને આવે છે. સંવેગ એટલે મોક્ષનો અભિલાષ. ચાર પ્રકારના અનુયોગમાં ઉત્તરાધ્યયન સૂત્ર ધર્મકથાનુયોગમાં સમાય છે. બે હજાર શ્લોક પ્રમાણ આ આગમ વૃત્તિ-રચના કરતા મુનિઓને અતિપ્રિય રહ્યું છે. કલ્પસૂત્રના રચયિતા શ્રીભદ્રબાહુસૂરિજી મ.ની નિર્યુક્તિ આ સૂત્ર ઉપર છે. શ્રી જિનદાસગણિ મહત્તરની ચૂર્ણિ, શ્રી શાંતિસૂરિજી મ.ની અઘરી ટીકા, કથાપ્રધાન ટીકાઓ વગેરે સર્જન આ આગમ ઉપર થવા પામ્યું છે. દિવાળીના દિવસોમાં આ આગમ સૂત્રનો મૌન સ્વાધ્યાય આંતરિક મોક્ષમાર્ગનો ઉઘાડ કરાવી શકે છે.

ઉપાધ્યાયજી શ્રી કમલસંયમજી ફરમાવે છે કે, ઉત્તરાધ્યયનના દરેક અધ્યયનમાં ધર્મને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઉત્તરાધ્યયન સૂત્રનાં છત્રીસ અધ્યયનો છે. દરેક અધ્યયનના વિષય અલગ અલગ છે. ઉપદેશ અલગ અલગ પણ સૂર તો એક જ છે - આત્માની જાગૃતિ.

ઘરમાં દરવાજામાંથી પ્રવેશ થાય છે. ધર્મમાં પ્રવેશ વિનયથી થાય છે. ભિક્ષુ સર્વ પ્રકારના સંબંધોથી મુક્ત હોય, તેણે એક જ સંબંધ જાળવવાનો ગુરુનો. ગુરુ સાથે શિષ્યના સમર્પણ સંબંધનું નામ વિનય છે. સાધુને ગુરુ વિના ચાલે નહિ. વિનયી સાધુ શું કરે ? અને અવિનયી સાધુનો ગુરુ સાથે કેવો વ્યવહાર હોય, તે પહેલા અધ્યયનમાં વર્ણવ્યું છે. વિનય અંગેની દરેક પ્રેરણા ઉત્તમ છે. પણ અમુક પ્રેરણાઓ તો સદાબહાર છે. પહેલા અધ્યયનની આઠમી ગાથા કહે છે - અભ્યાસ ગુરુની પાસે કરવો અથવા ગુરુ સાક્ષીએ કરવો. સાંભળ્યું છે કે, પૂજ્ય સાગરજી મહારાજ જ્યારે આગમ વાંચતા, ત્યારે આગમની પોથીને સાપડા પર પધરાવીને તેને ત્રણ પ્રદક્ષિણા આપી, વંદન કરી,

પાનાંને હાથ લગાડતા. આગમની પોથી તેમને ઘણી મુશ્કેલીએ મળી હોય. તે જમાનામાં આગમની પ્રતો છાપેલી મળતી નહીં. હાથે લખેલી મળતી. તે કોઈ સાધુ ભગવંત પાસે હોય કે યતિના કબજામાં હોય. ઉત્તરાધ્યયન કહે છે : ગુરુ પાસે અર્થયુક્ત વાતો શીખવી. નિરર્થક વાતોમાં પોતાનો અને ગુરુનો સમય બરબાદ કરવો નહીં.

નવમી ગાથામાં અન્ય મહત્ત્વની વાત છે. સાધુએ હાસ્ય કે ક્રીડા કરવા નહીં. સાધુ કઈ ક્રીડા કરતો હોઈ શકે ? ઉપાધ્યાય શ્રી કમલસંયમજી લખે છે - અંતાક્ષરી ક્રીડા છે. ઉખાણાં અને જોડકણાં ક્રીડા છે. ૬૦૦ વરસ પહેલા અંતાક્ષરી પ્રસિદ્ધ હતી. દસમી ગાથા કહે છે. જે અભ્યાસ કરો. તેનું એકાંતમાં ધ્યાન કરો. આ દરેક ગુરુનો વિનય છે.

ચૌદમી ગાથામાં ટીકાકાર ક્રોધને જીતવાનો ઉપાય દર્શાવે છે. આપણે ગમે તેટલું મન મક્કમ કરીએ, ક્યારેક તો કષાય ઉછાળો મારીને બહાર આવી જ જાય છે. ક્રોધ જાગી જાય ત્યારે તેના પરિણામનો વિચાર કરવો. ક્રોધના પરિણામ વિચારવાથી તેને કારણે જન્મતા કુવિકલ્પોને અયોગ્ય રીતે મનની બહાર આવતા રોકવામાં સફળતા મળશે.

બીજું અધ્યયન પરીષહની વાત કરે છે. આજુબાજુની પરિસ્થિતિથી મન જ્યારે વિહ્વળ બની જાય, ત્યારે સહનશીલતાના ભાવ ટકાવવા આ અધ્યયન ઉપયોગી બને. આ અધ્યયનના ચિંતનથી મનની નિર્બળતા તાપણાથી ઠંડી ઉડે તેમ ઉડી જાય છે. કોઈ પણ પ્રકારની તકલીફને હસતા મોઢે સ્વીકારવાની કળા આ અધ્યયનથી શીખવા મળે.

ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનનો ઉપદેશ બહુ પ્રચલિત છે. સંસારમાં ચાર વસ્તુ દુર્લભ છે. મનુષ્ય જન્મ, ધર્મનું શ્રવણ, ધર્મની શ્રદ્ધા, એનું પાલન.

ધર્મનાં પાલનમાં સહુથી મોટું વિઘ્ન આળસ અથવા પ્રમાદ છે. ચોથું અધ્યયન પ્રમાદ ત્યાગનો ઉપદેશ આપે છે.

પાંચમું અધ્યયન અકામ મરણ અને સકામ મરણનો ભેદ સમજાવે છે.

છઠ્ઠું અધ્યયન જ્ઞાની અને અજ્ઞાની સાધુનો ભેદ બતાવે છે. સત્યને જાતે શોધે તે સાધુ, સત્યને શક્તિથી સાધે તે સાધુ. એમ બીજી ગાથા કહે છે. આ અધ્યયનમાં ખાવાપીવામાં રસત્યાગ કરવાનો ઉપદેશ છે.

સાતમાં અધ્યયનમાં પ્રભુએ સુખ વિષેના પાંચ સત્યો પાંચ ઉદાહરણો આપીને સ્પષ્ટ કર્યા છે.

(૧) સુખની પાછળ દુઃખ ઊભું જ હોય છે.

(૨) થોડાં સુખ માટે આત્માને ભૂલનાર વ્યક્તિ સુખ અને આત્મા બંને ગુમાવે છે.

(૩) થોડી વારની મજા માટે જીવન ખોવાની સજા ભોગવવી પડે છે.

(૪) સુખ પાછળની મહેનતમાં લાભ ઓછો છે, નુકસાન વધુ છે.

(૫) પારાવાર મહેનત કર્યા પછી મળતું સુખ પણ ઝાકળના પાણી જેટલું જ હોય છે.

આઠમાં અધ્યયનમાં કપિલ ઋષિની કથા છે. અનાથ બાળક વિદ્યાગુરુનાં ઘરની દાસીના પ્રેમમાં પડે છે. તે દાસી માટે રાજા પાસે ભીખ માંગવા જતા પકડાય છે. રાજા તેને ઇચ્છિત વસ્તુ માંગવાનું કહે છે. લોભની પરવશતા પ્રતીત થતા કપિલ દીક્ષા લઈ પાંચસો ચોરને પ્રતિબોધ કરે છે. આ કથામાં ટીકાકારે વિદ્યાભ્યાસની મહત્તા ગાતા સુંદર શ્લોકોનું ઉદ્ધરણ કર્યું છે. પાંચ આંતરિક તત્ત્વો અભ્યાસ કરવામાં સહાયક બને છે. આરોગ્ય, બુદ્ધિ, વિનય, મહેનત અને શાસ્ત્રનો પ્રેમ. અભ્યાસમાં સહાયક બાહ્ય તત્ત્વો પણ પાંચ છે. ભણાવનાર આચાર્ય (શિક્ષક), પુસ્તક, નિવાસ, સહાય (સ્કોલરશીપ), પ્રેમાળ સ્વજન. વિદ્યામાં અભ્યાસમાં અંતરાય કરાવતા તત્ત્વો આઠ છે. મહેનત ન કરવી, સતત ફરતા રહેવું, મનમાં અભિમાન રાખવું, પ્રશંસા સાંભળવાની આદત પડી જાય, આળસ આવે, મન બીજી પ્રવૃત્તિમાં હોય, શિક્ષક પર દ્વેષ થાય કે સ્ત્રીનું આકર્ષણ થાય તો વિદ્યાનો લાભ ન થાય.

નવમું અધ્યયન 'નમિ પ્રવ્રજ્યા' છે. નમિ રાજા દીક્ષા લે છે. ઇંદ્ર તેમની પરીક્ષા કરવા માટે પ્રશ્ન પૂછે છે. વિરક્ત નમિ રાજર્ષિએ આપેલા અદ્‌ભુત જવાબો આ અધ્યયનમાં છે. ઇંદ્ર પૂછે છે : તમારે હજી ઘણા રાજાઓને જીતવાના છે. તે છોડીને તમે દીક્ષા કેમ લીધી ? નમિ રાજર્ષિ કહે છે : એક આત્માને જ જીતવાનો છે. યુદ્ધ તો આપણે આત્મા સાથે કરવાનું, દુનિયા સાથે લડવાનો શું મતલબ ? આત્મા જીતાયો એટલે આખી દુનિયા જીતાઈ ગઈ.

ઉત્તરાધ્યયનનું દસમું અધ્યયન સહુથી મહત્ત્વનું છે. પ્રભુ શ્રી વીરે ગૌતમ સ્વામીને સ્વયં ઉપદેશ્યું છે. પંદરસો તાપસોને કેવળજ્ઞાન થયું તે પ્રભુમુખે સાંભળી ગણધર ગૌતમસ્વામી દુઃખી થઈ ગયા. ઉપા. શ્રી કમલસંયમજી નોંધે છે. ભગવાને તેમના મસ્તક પર હાથ મૂક્યો (तच्छिरोन्यस्तहस्ताब्जाः ।) અને પ્રભુએ કહ્યું. તમને મારી પરનો સ્નેહરાગ નડે છે. આ પ્રમાદ છે. ગૌતમ ! પ્રમાદને છોડો. समयं गोयम ! मा पमायए ! ૩૬ ગાથામાં ૩૬ વાર પ્રભુ મુખેથી આ શબ્દો નીસર્યા છે.

અપ્રમાદભાવ કેળવવા અનુશાસન આવશ્યક છે. અનુશાસન વિવેકથી આવે છે. અને વિવેક જ્ઞાનીના બહુમાનથી પ્રગટે છે. અગ્યારમા અધ્યયનનું નામ સુંદર છે : બહુશ્રુતપૂજા. જેણે શાસ્ત્રોમાં શ્રમ કર્યો નથી, જે અભિમાની છે, લોભી છે, જેનો ઇંદ્રિય અને મન પર કાબૂ નથી, જેને વ્યર્થ વાતો કરવાની ટેવ છે. જેને વિનય કરતા આવડતું નથી તે અજ્ઞાની છે. (૧૧-૨) જ્ઞાની થવા મહેનત કરવી પડે. આંતરિકતામાં પરિવર્તન કરવું પડે. અભિમાન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ આ પાંચ નબળાઈ જ્ઞાન માટે મહેનત કરવા દે નહીં. (૧૧.૩)

બહુશ્રુત કોણ બની શકે ? જેને હસવાની આદત નથી. જેનો પોતાના મન પર કાબૂ છે, જે બીજાની એબ ઉઘાડી પાડતો નથી, જેના આચાર ખરાબ નથી કે જે આચારહીન નથી, જે રસલોલુપ નથી, ક્રોધી નથી, જેને સાચું બોલવાની આદત છે તે વ્યક્તિ બહુશ્રુત બની શકે. (૧૧.૪-૫) બહુશ્રુત થવા વિનયની સાધના કરી હોવી જોઈએ. અવિનીત વિદ્યાને લાયક નથી. તેને ક્યાંય શાંતિ મળતી નથી. અવિનીતનાં લક્ષણ છે - તે વારંવાર ગુસ્સે થઈ જાય, સમજાવવા છતાં ક્રોધ છોડે નહીં, જે મૈત્રીને ઠુકરાવી દે, ભણતરનું અભિમાન કરે, બીજાની ભૂલ જોઈને તેને ઉતારી પાડે, મિત્ર ઉપર પણ ક્રોધ કરે, મોઢે મીઠું બોલે, પાછળ ભૂંડું બોલે, જેની વાણીમાં પૂર્વાપર સંબંધ ન હોય, મિત્રને જે દગો આપે, જડ, લોભી અને બેકાબૂ હોય, એકલપટો હોય, બધાને અપ્રીતિ ઉપજાવે તે અવિનીત છે. સામા છેડે જે મોટાને માન આપે, સ્થિરબુદ્ધિ હોય, માયા ન કરે, કુતૂહલી ન હોય, કોઈને ઉતારી ન પાડે, ક્રોધ ન કરે, મિત્ર ઉપર ઉપકાર કરે, ન થઈ શકે તો કૃતઘ્ન તો ન જ બને, જ્ઞાનનું અભિમાન ન કરે, બીજાની ભૂલનો

તિરસ્કાર ન કરે, મિત્ર પર ક્રોધ ન કરે, ભૂલોને ભૂલે, ગુણોને જ યાદ રાખે, અભિજાત હોય, અકાર્ય કરતા શરમ અનુભવે, રખડુ ન હોય. આવો વિનીત સાધુ શિક્ષાર્હ છે. (૧૧.૧૦-૧૩) અને જેનું નૈસર્ગિક વર્તન અને સહજ વાણી બધાને પ્રિય થાય તે શિક્ષાને પાત્ર છે.

બારમું અધ્યયન બલ મુનિનું છે. તેઓ શૂદ્ર (ચંડાલ) કુળમાં જન્મ્યા હતા. તેઓ ઘોર તપસ્વી હતા. તેમના તપના પ્રભાવે યક્ષો એમની કાળજી કરતા. એક રાજકુમારીએ તેમની મશ્કરી કરી. યક્ષે પરચો બતાવ્યો. રાજાએ પોતાની દીકરીને તેમને પરણાવવાની ઇચ્છા દર્શાવી. મુનિ અડોલ રહ્યા. એક વાર માસખમણને પારણે વહોરવા નીકળ્યા. બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા હતા. તેમણે મુનિની મશ્કરી કરી. મુનિ તો શાંતભાવમાં હતા પણ વનના યક્ષે તેમના શરીરમાં પ્રવેશીને જવાબ આપ્યા. તોય બ્રાહ્મણના સંતાનો તેમને મારવા દોડ્યા. રાજકુમારીએ તેમને શાંત પાડી, પોતાના અપરાધની ક્ષમા માગવાનું કહ્યું. એ સંદર્ભમાં ૩૧મી ગાથાના શબ્દો ખૂબ પ્રભાવશાળી છે. મહાન પુરુષો પ્રસાદ રાખતા હોય, સાધુ ક્રોધમાં તત્પર ન હોય. તપની મહત્તા દર્શાવતું આ અધ્યયન છે.

•

૩

## દીવાળીનું દિવ્યદર્શન : ૨

પંડિતશ્રી રૂપ વિજયજી મ. પીસ્તાલીશ આગમની પૂજામાં કહે છે :

**ઉત્તરાધ્યયન જે ગાવે જી, તે ત્રીજે ભવ શિવ પાવેજી.**

ઉત્તરાધ્યયનના શબ્દો સશક્ત છે.

તપની સાથે ભૌતિક ઇચ્છા રાખો તો મહા અનર્થ થાય છે. નિયાણું કરીને સાધુતાને વેચી દેનારા સંભૂત મુનિ અને તેમના ભાઈ ચિત્રની કથા તેરમા અધ્યયનમાં છે. નવમી ગાથાની ટીકામાં શૌચ એટલે કે પવિત્રતા શબ્દનો માર્મિક અર્થ કર્યો છે. શૌચ એટલે માયા વિનાની ક્રિયા. સહજતા પવિત્રતાનો સાચો અર્થ છે. સંભૂતમુનિનો જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો. તેનો ચિત્રમુનિ સાથે થયેલો સંવાદ આ અધ્યયનનો વિષય છે. સંસાર અને સંવેગ વચ્ચે થયેલી રસપ્રદ ચર્ચા અહીં જોવા મળે છે. બ્રહ્મદત્ત મુનિને કહે છે : ‘પૂર્વભવમાં મેં નિયાણું કર્યું છે તેથી હું જાણું છું છતાં ત્યાગ કરી શકતો નથી.’ (૧૩.૩૦) નિયાણું સંસાર ત્યાગ કરવાની શક્તિને તોડી નાંખે છે.

ઈષુકાર નામના નગરમાં બનેલી ઘટનાને વર્ણવતું ચૌદમું અધ્યયન ઈષુકારીય નામનું છે. પુત્રના મોહને પરવશ બનેલા પિતાની આંખોને પુત્રો બહુ અસરકારક શબ્દોથી ખોલે છે. પોતાના પિતાને સંસારના ત્રણ વાસ્તવિક સત્યો જણાવતા બે પુત્રો કહે છે 'પિતાજી ! ગમે તે કરો સંસારમાં મૃત્યુ આવે જ છે. લાખ પ્રયત્ન છતાં ઘડપણને રોકી શકાતું નથી અને જે દિવસ જાય છે તે પાછા આવતા નથી.'

પંદરમાં અધ્યયનમાં સાચા સાધુનાં લક્ષણ દર્શાવ્યા છે. જે સત્કાર-સન્માન-વંદન-પૂજાની અપેક્ષા ન રાખે, તે સારો-સાચો સાધુ છે. શ્રેષ્ઠ સાધુ આત્માનો ગવેષક હોય. (૧૫.૫) લોકોની પ્રશંસા ન કરે તે સાધુ છે. (૧૫.૯) કંઈક લાભ થશે એ માટે ગૃહસ્થનો પરિચય ન રાખે તે સાધુ છે. (૧૫.૧૦)

સોળમા અધ્યયનમાં બ્રહ્મચર્યનાં દશ સ્થાનનું વર્ણન છે. નવ બ્રહ્મચર્યની વાડો ઉપરાંત પાંચ ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ આ દશ સ્થાન બ્રહ્મરક્ષા માટે છે.

સત્તરમા પાપશ્રમણીય અધ્યયનમાં પાપિષ્ઠ સાધુની મનોવૃત્તિ અને પ્રવૃત્તિનું વર્ણન છે. 'પહેરવા માટે વસ્ત્ર મળે છે, ભિક્ષા સહેલાઈથી મળી જાય છે હવે ભણીને શું કરવું છે ?' આવો વિચાર કરે તે પાપશ્રમણ (૧૭.૨) ભિક્ષુ થઈને કેવળ ખાઇ-પીને સૂઈ જાય તે પાપશ્રમણ છે. (૧૭.૩) માયાવી, વાચાળ, અભિમાની, લોભી, સ્વાર્થી, બેકાબૂ, ગુરુનું બહુમાન ન સાચવે તે પાપશ્રમણ છે. (૧૭.૧૧)

અઢારમું અધ્યયન સંયતીય નામનું છે. તેમાં ભોગ-ઋદ્ધિ-રાજ્યસત્તાને છોડીને સંયમના માર્ગે ચાલી નીકળનાર રાજપુરુષોના ભીષ્મ પરાક્રમનું બયાન છે.

સંજય નામનો રાજા જંગલમાં શિકાર માટે જાય છે. ત્યાં તેને ભૂલથી મુનિ ભગવંતની આશાતના થઈ હોવાનું લાગે છે. તે મુનિની ક્ષમાયાચના કરે છે. તે દીક્ષા સ્વીકારે છે. તેમને એક અન્ય મુનિ મળે છે. સંજયમુનિ તેમને સવાલ કરે છે : 'તમે રાજ્ય છોડીને દીક્ષા કેમ લીધી ? તમારી જેમ કોઈ કરતું નથી' જવાબમાં ક્ષત્રિયમુનિ પૂર્વ મહાપુરુષોના ઉદાહરણ આપે છે. ચક્રવર્તી રાજા ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિનાથ ભગવાન, કુંથુનાથ ભગવાન, અરનાથ ભગવાન, મહાપદ્મ, હરિષેણ, જય, દશાર્ણભદ્ર, નમિ, કરકંડૂ,

દુર્મુખ, ન્યગ્ગતિ, ઉદાયન, નંદન, વિજય, મહાબલ આ તમામ રાજાઓ રાજ્ય છોડીને દીક્ષિત થયા હતા.

ઓગણીસમા અધ્યયનમાં મૃગાપુત્રનું કથાનક છે. મૃગાપુત્ર રાજકુમાર છે. સાધુને જોઈને તેમને પૂર્વભવ યાદ આવે છે. દીક્ષાના પરિણામ જાગે છે. માતાપિતા તેને સંયમના કષ્ટ સમજાવી સંસારમાં રાખવા પ્રયાસ કરે છે. મૃગાપુત્રનો જવાબ અદ્‌ભુત છે : સંયમ કરતા સંસારમાં દુઃખ વધારે છે. સંસારમાં શું દુઃખ છે ? એ સવાલનો જવાબ પ્રસિદ્ધ શ્લોકમાં છે : जम्म दुक्खं, जरा दुक्खं જન્મ, રોગ, ઘડપણ અને મરણ આ ચાર સંસારના કાયમી દુઃખ છે. ત્યાર પછી મૃગાપુત્ર નરકના દુઃખોનું વર્ણન કરે છે.

ઓગણીસમું અધ્યયન નરકની ભાવયાત્રા કરાવે છે.

વીસમું મહાનિર્ગ્રંથીય અધ્યયન અનાથી મુનિની વાત લઈ આવે છે. મહારાજા શ્રેણિકના સમકિતદાયક ગુરુ અનાથી મહાન સાધુ છે. પોતાની વિતકકથા જણાવતા એમ કહે છે દીક્ષા લીધા પછી હું સનાથ થયો, કારણકે મને મારો આત્મા મળ્યો. મારો આત્મા જ વૈતરણી છે, મારો આત્મા જ નંદનવન છે. આત્મા જ મિત્ર છે. આત્મા જ શત્રુ છે. (૨૦.૩૬-૩૭)

એકવીસમાં સમુદ્રપાલીય અધ્યયનમાં સમુદ્રપાલે કરેલી સાધુતાની સાધનાનું વર્ણન છે.

બાવીશમું રથનેમીય અધ્યયન મહાસતી રાજિમતીના સત્ત્વ અને શીલની યશોગાથા ગાય છે. આ. શ્રી શય્યંભવસૂરિજી મહારાજે પોતાના પુત્ર મનકમુનિ માટે વિવિધ આગમોમાંથી સારભૂત ગાથાઓ ચૂંટી દશવૈકાલિક સૂત્ર બનાવ્યું તેના બીજા અધ્યયનમાં આ રથનેમીય અધ્યયનની ગાથાઓ છે.

ત્રેવીસમું અધ્યયન પાર્શ્વપ્રભુની પાંચમી માટે આવેલા કેશી ગણધર અને ગૌતમ સ્વામીના સંવાદાત્મક છે. ક્રિયા અને વેષનું અંતર જોઈને મૂંઝાતા જનસામાન્યનો બુદ્ધિભેદ ટાળવા સર્વોત્તમ સ્થાને રહેલા આચાર્યભગવંતો કેવી સૂક્ષ્મતાથી અને સરળતાપૂર્વક સંવાદ સાધે છે, તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આ અધ્યયન છે. ગૌતમસ્વામી દીક્ષામાં નાના છે, તેથી તેઓ કેશી ગણધરને સામે ચાલીને મળવા જાય છે. સંવાદના અંતે કેશી ગણધર પ્રભુવીરના શાસનની દીક્ષાનો સ્વીકાર કરે છે.

કેશીગણધરના એક પ્રશ્નના જવાબમાં ગૌતમસ્વામી જણાવે છે કે - ધર્મ બુદ્ધિથી સમજીને કરવો જોઈએ. માત્ર સાંભળીને વિચાર્યા વગર ધર્મ કરવાથી લાભ ન થાય. ધર્મનો પરમાર્થ સમજવા પ્રજ્ઞાનો ઉપયોગ કરવો. (૨૩.૨૫) કેશીગણધર પ્રશ્ન દ્વારા આંતરિક ભાવોની સ્પષ્ટતા કરાવે છે. પ્રશ્ન છે : શરીરમાં અગ્નિના ભડકા ઉઠે છે તે તમે કેવી રીતે શાંત કરો ? જવાબ છે : કષાય અગ્નિ છે, શ્રુત-શીલ અને તપ જલ છે. શ્રુતની ધારાથી કષાયનો અગ્નિ શાંત થાય છે.

ચોવીસમા અધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ સ્પષ્ટ થયું છે.

પચીસમા અધ્યયનમાં જયઘોષ નામના અણગારની કથાના માધ્યમે ભાવયજ્ઞનું સ્વરૂપ અભિવ્યક્ત થયું છે. પાંચ મહાવ્રતોનું સ્વરૂપ દર્શાવ્યું છે. બ્રાહ્મણ વગેરે જાતિ જન્મથી નહીં પણ કર્મથી છે. આ વાતને રજૂ કરતી પ્રસિદ્ધ ગાથાઓ આ અધ્યયનમાં છે.

છવીસમાં અધ્યયનમાં સામાચારીનું વર્ણન છે. સામાચારી દરેક દુઃખથી મુક્તિ આપે છે, આ અધ્યયનમાં પ્રહરના ક્રમ પ્રમાણે સાધુની ચર્યાનો ઉપદેશ છે : કયા પ્રહરમાં સાધુએ શું કરવાનું છે ? તેનું વિધાન છે. એક અત્યંત મહત્ત્વની વાત અહીં જોવા મળે છે. રાત્રિના પહેલા પ્રહરમાં સ્વાધ્યાય કરવાનો છે, તો બીજા પ્રહરમાં ધ્યાન કરવાનું છે. (૨૬.૪૩) આ ગાથાની ટીકામાં ઉપાધ્યાયજી મહારાજ લખે છે કે, આ વાત પહેલા કહેવાઈ ગઈ છે, છતાં ફરી કહી તે એ જણાવવા કે, ગુરુએ આ અર્થ શિષ્યને વારંવાર કહેવો. તેમાં શ્રમ થશે તેવું વિચારવું નહીં.

ઉત્તરાધ્યયનમાં સરળતાની મહત્તા વારંવાર ગાવામાં આવી છે. સરળ જીવ જ શુદ્ધ બને છે. તેમ સરળ જીવને જ સમાધિ મળે છે (૨૭.૩ ટીકા) જેમ હરાયું અને ઉલ્લંઠ ઢોર પોતાના માલિકને પીડે છે, તેમ ખરાબ શિષ્ય પણ ગુરુને પીડે છે. સાધુપણું પાળવા ધીરજ જોઈએ. સાધુઓને શ્રીમંત ભક્તોનું અભિમાન નડે, તપ કરવાનું ન ગમે, કષ્ટ ન ગમે, તેને દુર્બળ સાધુ કહ્યા છે. તેમને ભિક્ષા જવામાં આળસ આવે છે, ક્રોધ જલ્દી આવે, અપમાનનો ડર લાગે. કદાગ્રહી હોય. આ તમામ ધૃતિની નિર્બળતાનાં લક્ષણ છે. (૨૭.૯.૧૦) ધૃતિ વિનાના

શિષ્યો પોતાની જાતને ગુરુ કરતા હોશિયાર સમજે, સરખા જવાબ ન આપે. તૈયાર થઈ જાય કે તરત ગુરુને છોડી દે. (૨૭.૧૧.૧૪)

અઠ્ઠાવીસમું અધ્યયન જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ રૂપ મોક્ષ માર્ગની વાત લઈને આવે છે. જ્ઞાનના ભેદ, છ દ્રવ્યની વ્યાખ્યા, દસ પ્રકારના સમ્યક્ત્વનું સ્વરૂપ, પાંચ પ્રકારનું ચારિત્ર, બાર પ્રકારનો તપ આ અધ્યયનનો વિષય છે.

ઓગણત્રીસમું સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયન અદ્‌ભુત છે. સમ્યક્ત્વના બહોંતેર સ્થાન અને તેના ફળનું વર્ણન અત્યંત શ્રદ્ધા જનક છે. આલોચનાથી ત્રણ શલ્ય દૂર થાય. (૨૯.૫) ક્ષમાપનાથી પ્રહ્‌લાદ ભાવ (હળવાશ) પ્રસન્નતા પ્રાપ્ત થાય. તે દ્વારા સર્વ જીવો પ્રત્યે મૈત્રી પ્રગટે. મૈત્રીથી ભાવવિશુદ્ધિ થાય. ભાવવિશુદ્ધિથી નિર્ભયતા આવે. (૨૯.૧૭) શ્રુતની આરાધનાથી સંકલેશ ટળે. (૨૯.૨૪)

ત્રીસમા અધ્યયનમાં તપ દ્વારા કર્મ ખપાવવાનો ઉપદેશ છે. અહીં બાર પ્રકારના તપનું વિસ્તારથી વર્ણન પ્રસ્તુત છે.

એકત્રીસમા ચરણવિધિ નામના અધ્યયનમાં સાધુ ભગવંતના ચારિત્રધર્મનું વિગતવાર વર્ણન છે. એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે એમ વધતા તેત્રીસ પ્રકારે સાધુધર્મનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે. પ્રતિક્રમણ સૂત્રમાં મુનિ ભગવંતો આ અધ્યયનના સારને યાદ કરે છે.

બત્રીસમું અધ્યયન પ્રમાદ સ્થાન નામે છે. પ્રમાદના બે પ્રકાર છે. દ્રવ્ય પ્રમાદ અને ભાવ પ્રમાદ. ચા, બીડી, મદ્ય વગેરે દ્રવ્યપ્રમાદ છે. વિષય, કષાય, નિદ્રા, વિકથા ભાવપ્રમાદ છે. અહીં ભાવપ્રમાદનું વર્ણન છે. ભાવ પ્રમાદનો ત્યાગ કરીને જ મોક્ષમાર્ગ પર પ્રસ્થાન થઈ શકે છે. તેના પાંચ ઉપાય છે. (૧) ગુરુની અને વૃદ્ધોની સેવા (૨) હીણા અને નબળા સંપર્કનો ત્યાગ (૩) સ્વાધ્યાય અને એકાંતનું સેવન (૪) સૂત્ર અને અર્થની વિચારણા (૫) ધૃતિ. ટીકાકારે ધૃતિની સરસ વ્યાખ્યા કરી છે. ધૃતિ એટલે ઉદ્વેગ ન જન્મે તેવી ચિત્તની સ્વસ્થતા. (૩૨.૩) આ અધ્યયનની એક-એક ગાથા સંવેગ-વૈરાગ્ય વર્ધક છે. પાંચ ઇંદ્રિય અને મનની પરવશતાના કટુ ફળોનું વિસ્તારથી નિરૂપણ છે.

તેત્રીસમાં કર્મપ્રકૃતિ અધ્યયનમાં આઠ કર્મની પ્રકૃતિ અને સ્થિતિનું વર્ણન છે.


ચોત્રીસમાં લેશ્યા અધ્યયનમાં લેશ્યા અંગેની વિસ્તૃત વિગતો છે. તે તે લેશ્યા ધરાવતા આત્માના ભાવ-પ્રતિભાવ અહીં દર્શાવ્યા છે.

પાંત્રીસમા અનગારગતિ નામના અધ્યયનમાં વિવિધ પરિસ્થિતિમાં સાધુ પોતાની મનઃસ્થિતિને કેવી રીતે સંભાળે અને કેળવે તેનું નિરૂપણ છે.

છેલ્લાં અધ્યયનમાં જીવ અને અજીવના ભેદોનું વર્ણન છે. જીવવિચારમાં આવતા જીવભેદો આ અધ્યયનમાં છે. સિદ્ધના જીવોનું વર્ણન અને સિદ્ધશિલાનું વર્ણન આ અધ્યયનની વિશેષતા છે. છેલ્લે સંલેખનાનું વર્ણન છે. તેમાં અંતરાય કરતી પાંચ દુર્ભાવનાઓ જણાવી છે. જે જીવો મિથ્યાત્વ દશામાં મરે છે, હિંસાના ભાવમાં મરે છે, નિયાણું કરતા મરે છે, તેમને સમ્યગ્દર્શન દુર્લભ છે. (૩૬.૨૫૭) જે જીવો જિનવચન રાગી છે, શક્તિ મુજબ ભાવથી જિનવચનને જીવનમાં ઉતારે છે, જેમના મનમાં મેલ નથી, સંકલેશ નથી, તેમનો સંસાર ટૂંકો હોય છે. (૩૬.૨૬૦) ભાવપૂર્વક જિનવચનનો પ્રવેશ જીવનમાં આલોચનાથી થવા પામે છે.

ઉત્તરાધ્યયન સૂત્ર પ્રભુની અંતિમ વાણી છે. તેને અનેક મહાપુરુષોએ શબ્દોમાં ઝીલી છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા તેને યોગ ગ્રંથ કહે છે, તે સો ટકા સત્ય છે.

•



ગ્રંથનામ : ઈસિભાસિયાઇં સૂત્ર

કર્તા : સ્થવિર

ભાષા : પ્રાકૃત

સમય : વિ.સં. પૂર્વ ૪૭૦

૪

## પ્રત્યેકબુદ્ધોનું પ્રવચન : ૧

આગમસૂત્રો અધ્યાત્મ જગતનાં ગિરિશિખરો છે. મુખ્યત્વે આગમસૂત્રોની રચના ગણધર ભગવંતો કરે છે. તે સિવાય પરમાત્માના અન્ય શિષ્યો પણ સૂત્ર રચના કરે છે. તેને પણ આગમોમાં સ્થાન પ્રાપ્ત થાય છે. આ સૂત્રોને પ્રકીર્ણક સૂત્રો (પયન્ના) કહેવાય છે. પરમાત્માના સાધુઓ પણ બે પ્રકારના હોય છે. એક, કોઈના હાથે દીક્ષિત થનારા. બે, સ્વયમેવ દીક્ષિત થનારા. પરમાત્માના હાથે કે અન્યના હાથે દીક્ષિત થનારા સાધુ ભગવંતોને બુદ્ધબોધિત કે ગુરુબોધિત કહી શકાય. સ્વયમેવ દીક્ષિત થનારા સાધુ ભગવંતો પ્રત્યેકબુદ્ધ કહેવાય. તેઓ પૂર્વભવમાં દેવલોકથી ચ્યવીને આવ્યા હોય છે. શાસ્ત્રોમાં આવા પ્રત્યેકબુદ્ધ મહામુનિઓ માટે 'ઋષિ' શબ્દ વપરાયો છે. ઋષિએ આપેલો ઉપદેશ એ 'ઋષિભાષિત' કહેવાય છે. 'ઇસિભાસિયાઇં' પીસ્તાલીસ પ્રત્યેકબુદ્ધ ઋષિના પ્રવચનનો સંગ્રહ છે. તેની વિશેષતા એ છે કે આ પીસ્તાલીસ ઋષિઓમાંથી વીસ શ્રી નેમિનાથ ભગવાનના શિષ્યો છે. પંદર શ્રી  પાર્શ્વનાથ ભગવાનના શિષ્યો છે અને દસ શ્રીવીર પ્રભુના શિષ્યો છે. આ આગમ અતિપ્રાચીનતમ સંદર્ભ લઈને આવે છે. દરેક

ઋષિ અલગ માહોલમાંથી આવે છે. તેમની કથા અલગ છે. તેમની ભૂમિકા અલગ છે. દરેકના શબ્દો ખૂબ જ સશક્ત છે.

ઈસિભાસિયાઈનું પહેલું અધ્યયન શ્રવણની મહત્તા સ્થાપિત કરે છે. તેના પ્રવક્તા નારદ ઋષિ છે. પૂર્વાવસ્થામાં નારદજીને કૃષ્ણે પ્રશ્ન કર્યો કે શૌચ શું છે ? નારદજી જવાબ ન આપી શક્યા. તે મહાવિદેહમાં ગયા, ત્યાં ભગવાન પાસે સાંભળ્યું કે, સત્ય શૌચ છે. તેમણે આવીને કૃષ્ણને એ વાત કહી. કૃષ્ણે પૂછ્યું 'સત્ય શું છે ?' નારદજી ફરી મૂંઝાઈ ગયા. કૃષ્ણે કહ્યું 'તમે પહેલા પ્રશ્નનો જવાબ જયાંથી મેળવ્યો, ત્યાં જ પૂછી લેવો હતો.' નારદજી વિચારમાં પડ્યા. અને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરી ઋષિ બન્યા. તેમણે આ અધ્યયન રચ્યું છે. ચિંતનના પ્રતાપે તેમને જે સત્યની અનુભૂતિ થઈ તે સહજ રીતે અભિવ્યક્ત થઈ. નારદઋષિ કહે છે : 'બધા જ તીર્થંકરો શ્રવણનો મહિમા ગાય છે. શ્રવણથી શ્રેષ્ઠ શૌચ એટલે પવિત્રતા બીજી કોઈ નથી.' શ્રવણ એટલે સાંભળવું, એટલો જ અર્થ નથી. સાંભળેલું હૃદયમાં ઉતરે અને જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં તેની છાયા પડે. પરિવર્તનનું પ્રથમ પગથિયું સાંભળવાની કળા છે. 'આર્ટ ઑફ લીવીંગ'ની શરૂઆત 'આર્ટ ઑફ લીસનીંગ'થી થાય છે એવું સ્પીરીચ્યુઅલ ગુરુઓ પણ સ્વીકારે છે.

વજ્જીથપુત્ર નામના ઋષિ બીજા અધ્યયનમાં આપણા દુઃખનું મૂળ કારણ બતાવે છે. દુઃખનું કારણ આરંભ છે. જે ક્રિયા દ્વારા બીજાને તકલીફ પહોંચે તે આરંભ. આરંભ કરવાની ઇચ્છા થાય છે, સુખના આકર્ષણથી. આ મોહ છે. દુઃખનું મૂળ કારણ મોહ છે.

ત્રીજા અધ્યયનમાં દવિલ ઋષિ કહે છે. જીવને કર્મ બંધાય છે તેનું કારણ હિંસા, મમતા અને ક્રોધ છે. તમામ પાપો રાગ-દ્વેષની નીપજ છે. રાગદ્વેષ આત્માનું તેજ હણી નાંખે છે. જેમ છાશમાં દૂધ પડે, તો દૂધ નાશ પામે છે, તેમ રાગદ્વેષમાં પડેલું આત્મ તેજ નાશ પામે છે. જેમ દૂધમાં દહી પડે તો દૂધનું દહી બની જાય છે, તેમ પાપીના સંપર્કમાં આવવાથી આત્મા પાપી બની જાય છે. બહારની આગને પાણીથી બૂઝવવી શક્ય છે, પણ મોહની આગને બૂઝવવા સંસારના તમામ સમુદ્રો અસમર્થ છે. જીવો દ્વેષથી દુઃખને બાળી નાંખવા ઇચ્છે છે, પણ જેમ જંગલમાં આગથી બળી ગયેલ વૃક્ષો ફરી

ઉગી નીકળે છે. તેમ દુઃખો ફરી પાછા ઉગી નીકળે છે. દુઃખના દ્વેષનો અહીં 'ક્રોધ' શબ્દથી ઉલ્લેખ થયો છે.

અંગીરસ નામના ઋષિ ચોથા અધ્યયનમાં માનસશાસ્ત્રની ભૂમિકાથી સમજાવે છે કે, માનવમનનો સ્વભાવ છે તે પોતાની મૂળભૂત ભાવના છૂપાવી રાખે છે. મન બીજાથી છૂપાવવાનો પ્રયાસ કરે છે, એ સમજી શકાય. ક્યારેક તો પોતાની જાતથી જ પોતાની ભાવના છૂપાવે છે. ક્રોધ કરનાર ઘણી વ્યક્તિને એવું લાગતું હોય છે કે, ક્રોધ આવતો જ નથી. મોટે ભાગે માણસ લાલચને, પોતાની આસક્તિને છૂપાવે છે.

અંગીરસ ઋષિ માનવમનના રોગનું મૂળ પરિગ્રહની ભાવનામાં જુએ છે. તેને આપણે સ્વાર્થ કહી શકીએ. પોતાની ભાવનાને છૂપાવી રાખવાની આદત મનને ગૂઢ બનાવે છે. મનની ગૂઢતા મિથ્યાત્વ માટે સુરક્ષિત ભૂમિકા છે. ગૂઢતામાં મિથ્યાત્વ આસાનીથી છૂપાઈ શકે છે. ગૂઢ હૃદય સંવેદનહીન બને છે. તે પાપને પાપ તરીકે સમજવા કે સ્વીકારવા તૈયાર થતું નથી. દરેક માણસ પોતાની મૂળભૂત ભાવનાને છૂપાવવા માયાનું કવચ ચઢાવી દે છે. તેનો ભીતરનો અસલી ચહેરો અલગ હોય છે, જે તેની સાથે રહેનારને જ ખબર પડે છે. માયાવી વ્યક્તિ એવી ભ્રમણામાં જીવે છે કે, મારા પાપ કોઈ જાણતું નથી. હકીકતમાં તે વ્યક્તિ પોતાના હિતને જ જાણતી નથી. આ વ્યક્તિ બીજાને કરેલા સારાંનરસાં કામનાં લેખાજોખાં કરે છે. પોતાના કર્મોને કે પોતાની જાતને જોવા તૈયાર હોતી નથી.

દીવાલ પર દોરેલું ચિત્ર અને લાકડા પર કોતરેલું ચિત્ર સહેલાઈથી સમજી શકાય, પણ માનવ મનને જાણવું અતિગહન છે. સ્વાર્થી માણસ કહે છે કંઈક, કરે છે કંઈક. (૩.૫)

અંગીરસ ઋષિએ માનવ મનનો ગહરાઈથી અભ્યાસ કર્યો છે. તેમણે પાંચ પ્રકારના માનસ વિષે વાત કરી છે. કેટલાક માણસનું મન ઘાસ જેવું હોય છે જે પોતાની જાતને સંભાળી શકતું નથી કે બીજાને છાયા આપી શકતું નથી. કેટલાક માણસનાં મન ઝાડના ઠૂંઠા જેવા હોય છે, જેમણે વિકાસ તો સાધી લીધો છે, પણ મધુરતાના પાંદડાં ખરી ગયા છે. કેટલાક માણસોના મન બાવળિયાં જેવા છે, જે બીજાને શૂળ બનીને ભોંકાય છે. કેટલાક માણસનાં

મન વાદળ જેવા છે, જે ખારાં પાણીને મીઠું બનાવી ધરતી પર વરસાવી દે છે, જે સ્વયં તાપ સહન કરે છે અને બીજાને ઠંડક આપે છે. (૩.૬)

સ્વાર્થી માણસ પોતાના ઉપભોગ અને ઉપયોગ સિવાયની વાત વિચારી શકતો નથી. પોતાની નબળાઈને ઢાંકે છે. કદાચ ખૂલ્લી થઈ જાય તો ઉપેક્ષા કરે છે.

સાધારણ માણસોને બાહ્ય કરણી જ દેખાય છે. તેઓ બાહ્ય દેખાવ દ્વારા જ સારાં નરસાંનું અનુમાન કરે છે. ક્યારેક સાચી વ્યક્તિ પણ બાહ્ય પરિવેષને કારણે શંકાના દાયરામાં આવી જાય છે ત્યારે ખૂબ આઘાત અનુભવે છે. આવા વખતે સ્વસ્થતા જાળવવા શું વિચારવું ? અંગીરસ ઋષિ ફરમાવે છે કે, પોતાની જાતને યા તો સ્વયં જાણી શકાય યા સર્વજ્ઞ જાણી શકે. અગર કોઈ વ્યક્તિ સાચી પ્રશંસા કરે ત્યાં સુધી ઠીક છે, પણ મારામાં જે ગુણ નથી તેની પ્રશંસા કરે તેનાથી મને ગુણગત કોઈ લાભ થવાનો નથી. જો હું સારો છું અને લોકો મારી ઘૃણા કરે તો પણ મને ચિંતા નથી, મારી નિંદાથી મને ક્રોધ ઉપજાવી શકશે નહીં કેમકે મારો આત્મા સમાધિમાં છે. ઘૂવડ, સૂર્યની નિંદા કરે ને કાગડો સૂર્યની પ્રશંસા કરે તેનાથી સૂર્યને કોઈ ફરક પડતો નથી. (૩.૧૮) કોઈ માણસ મન ફાવે તેમ બોલી શકે છે. હું મારી જાતને ઉદ્વિગ્ન કેમ કરું ? મારી નિંદા કરનાર મારાથી સંતુષ્ટ નથી આટલું સમજી લીધું. હવે ક્રોધ જરૂરી નથી. (૩.૨૨)

દુનિયામાં દરેક પ્રકારના ભાવો અને દરેક પ્રકારની વ્યક્તિ છે. ગૌતમ બુદ્ધે ધમ્મપદમાં કહ્યું છે : એવી કોઈ વ્યક્તિ નથી જેને કેવળ પ્રશંસા જ મળી હોય. એવી પણ કોઈ વ્યક્તિ નથી જેને કેવળ નિંદા મળી હોય. માટે લોકોની વાતને આધારે પોતાની પ્રામાણિકતા પર શંકા ન કરવી. બરકત વિરાણીએ મુક્તકમાં આ વાત સરસ રીતે રજૂ કરી છે -

**"કોઈ નેકી નથી જોતું કોઈ દૂષણ નથી જોતું,**
**જગત કંઈ એક નજરોથી બધા લક્ષણ નથી જોતું**
**બીજાની માન્યતા પર તું ન તારું મૂલ્ય આંકી લે**
**કે નિજની જાતને જોવા કોઈ દર્પણ નથી જોતું."**

માનસિક અહંકાર આત્માનો શત્રુ છે. અહંકાર મનમાં સૂક્ષ્મ રૂપે

છૂપાયેલો રહે છે. અહંકારને ઠેસ વાગે છે ત્યારે ક્રોધ ઉછળીને બહાર આવે છે. પાંચમું અધ્યયન અભિમાનના વિજયની પ્રેરણા કરે છે. તેના પ્રવક્તા પુષ્પશાલ ઋષિ છે. તેઓ કહે છે : જે નમે છે તેનો આત્મા શાંતિ પામે છે. તેને જ આગમો પચે છે. ક્રોધ અને માન રહિત આત્માની બુદ્ધિ સૂક્ષ્મ બને છે. (૫.૧)

વલ્કલચીર ઋષિ છઠ્ઠા અધ્યયનમાં મનને સ્થિર અને શાંત કરવા કામવિજયનો ઉપદેશ આપે છે. તેઓ કહે છે : સ્ત્રીને પરાધીન મનુષ્ય પોતાનો જ દુશ્મન બને છે. (૫.૩) તેને પોતાની જાત સાથે ભયાનક સંઘર્ષ કરવો પડે છે. કામવૃત્તિ નિરંકુશ હાથી જેવી અને લગામ વિનાના અશ્વ જેવી છે. કામ પરવશ વ્યક્તિ જ્ઞાનથી ભ્રષ્ટ થઈ જાય છે. (૬.૪) આકાશમાં ફેંકાયેલું પુષ્પ, સમુદ્રમાં ડૂબેલો માણસ અને મજબૂત દોરડાથી બંધાયેલા પક્ષીનું જે ભવિષ્ય છે તે કામ પરવશ મનુષ્યનું છે. (૬.૬) દૃઢ સંકલ્પ, ઇંદ્રિયોનું દમન અને સત્ત્વ દ્વારા કામ જીતી શકાય.

સાતમા અધ્યયનમાં કૂર્માપુત્ર નામના ઋષિ દુઃખના કારણોનું વિવેચન કરે છે. ઉત્સૂત્ર અને ઉત્સુકતા દુઃખના કારણ છે અભિમાનથી ઉત્સૂત્ર જન્મે છે. ઉત્સુકતાથી કામ જન્મે છે. લોકપ્રશંસાની ભૂખ સાધુને સૂત્રથી વિમુખ બનાવી શકે છે. જે લોકો પાછળ ગાંડો બને છે તે સમાધિને ગુમાવે છે. (૭.૩)

માનવનું મન માન્યતાઓનું મોટું પોટલું છે. ગણી ન ગણાય એટલી સાચી ખોટી માન્યતાઓની ગાંઠ માણસ સાથે લઈને જીવે છે. આ આભ્યંતર ગ્રંથિઓ જ આત્માનું વીર્ય અવરોધે છે. રેશમનો કીડો પોતાની આસપાસ સુંવાળા તારનું બંધન ઊભું કરે છે. જે કીડો તેને તોડીને બહાર આવે તે બચી જાય છે. બંધનમાં સલામતી માનનાર કીડાને ઉકળતા પાણીમાં ડૂબીને મરી જવું પડે છે. મોહના રેશમી બંધનને પરવશ આત્મા દુર્ગતિમાં ડૂબે છે. આઠમા અધ્યયનમાં કેતલીપુત્ર આ ઉપદેશ આપે છે.

મહાકાશ્યપ નામના ઋષિ નવમા અધ્યયનમાં કર્મ અને આત્માનો સંબંધ દર્શાવે છે. શત્રુઓના મર્મને જાણીને તેની પર પ્રહાર કરવાથી તે નાશ પામે છે. સમ્યક્ત્વ અને દયા કર્મશત્રુના મર્મ ઉપર પ્રહાર સમ છે.

દશમા અધ્યયનમાં પ્રવક્તા તેતલિપુત્રની ભાષા ક્રાંતિકારી છે. બધા કહે છે, શ્રદ્ધા કરો. હું કહું છું શ્રદ્ધા ન કરો. મારી વાત પર કોઈને શ્રદ્ધા નહીં થાય. મારે સેંકડો સ્વજન છે છતાં હું એકલો છું, શ્રદ્ધા થાય છે ? મારી પત્નીને મારી પરથી વિશ્વાસ ઉઠી જતાં મેં ગળે ફાંસો બાંધી લીધો, કોણ માનશે ? ભયભીત વ્યક્તિ માટે પ્રવ્રજ્યા જ શરણ છે.

અગિયારમું મંખલિપુત્ર ઋષિએ કહેલું અધ્યયન સમર્પણનો મહિમા ગાય છે. જેને આત્માનું જ્ઞાન થયું છે. તે જ બીજાનું રક્ષણ કરી શકે છે. જે પરિષહોથી ડરી જાય તે બીજાને કેવી રીતે તારશે ? લક્ષ્ય સુધી પહોંચવા કુશળ નેતા માર્ગદર્શક તરીકે આવશ્યક છે. તેને લક્ષ્યનું, માર્ગનું, અવરોધનું જ્ઞાન હોય છે. સાધના ક્ષેત્રમાં નેતા દિગ્ભ્રાન્ત હોય તે જરા પણ ચાલે નહીં. કુશળ વૈદ્યના હાથમાં રોગી નિર્ભય હોય છે. અધ્યાત્મનો કુશળ ચિકિત્સક પામી સાધક વાસનાની વ્યાધિથી મુક્ત બની જાય છે.

યાજ્ઞવલ્ક્ય ઋષિ બારમા અધ્યયનમાં દીનતા તજવાનો ઉપદેશ આપે છે. માનવ મનને પ્રસિદ્ધિ અને સંપત્તિની ભૂખ સતાવે છે. આ બંને પરસ્પરની પૂરક છે. ઈચ્છા પ્રવૃત્તિની જનેતા છે. તનની, મનની અને ધનની ભૂખ શાંત કરવા માણસ દોટ મૂકે છે. માનસિક ભૂખને શાંત કરવાના બે રસ્તા છે : સાધન વધારો, ભોગ વધારો તે માટે પ્રવૃત્તિ વધારો. આજની આખી ઈકોનોમી આ રસ્તે દોડી રહી છે. હેવમોર કલ્ચર 'વધારે કમાવ વધારે ખર્ચો' આ સિદ્ધાંતમાં માને છે. યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે આ વાત લાંબા ગાળે નુકસાન કરે છે. ઋષિ બીજો રસ્તો બતાવે છે. આવશ્યકતા અને સાધન આ બંનેને સીમિત કરો. ભોગોપભોગનું વિરમણ અને પરિગ્રહનું વિરમણ. મુનિ ગોચરી લેવા જાય ત્યારે મનમાં દીન ન બને. ક્રોધના વિપાકનો વિચાર કરે. આ રીતે મુનિ જીવનનિર્વાહ કરે.

ભોગલક્ષી વિચારધારા બીજાના ભોગે પોતાનો સ્વાર્થ સાધી લેવામાં માને છે. આ વ્યવસ્થામાં સૌંદર્ય નથી. ભયાલી ઋષિ કહે છે : હું મારી વિમુક્તિ માટે બીજાને પરાજિત નહીં કરું. તે પરાજિત વ્યક્તિ મારું જ અહિત કરશે. તેઓ કહે છે - ધનવાન માણસ આપવાની ના પાડે છે ત્યારે પણ નકાર તો આપે જ છે. કોઈ વ્યક્તિ ધનને પોતાનું માનીને આપે છે.

જ્યારે કોઈ વ્યક્તિ એમ માનીને આપે છે કે મારો ધન પર અધિકાર જ ક્યાં હતો ? (૧૩.૬)

જે વ્યક્તિ પોતાના જીવનના મૂળભૂત પ્રશ્નો વિષે વિચાર કરે છે અને આખરે ભીતરની સચ્ચાઈ ઓળખી લે છે, તે 'પ્રબુદ્ધ' છે. પ્રબુદ્ધ એટલે જાગેલો. જેની નિદ્રા ઉડી ગઈ છે, જેણે જ્ઞાનનો પ્રકાશ મેળવી લીધો છે. ઇસિભાસિયાઇં પ્રબુદ્ધોનું પ્રવચનશાસ્ત્ર છે.

•

## ૫

## પ્રત્યેકબુદ્ધોનું પ્રવચન : ૨

સાધનામાં આશય મહત્ત્વનો છે. ખરાબ આશય સારી ક્રિયાને પણ વિપરીત કરી દે છે. ચૌદમા અધ્યયનમાં બાહુક નામના ઋષિ કહે છે. સાચી વાત પણ જો ખરાબ આશયથી કહેવાઈ હોય તો અપ્રમાણ છે. સ્વેચ્છાએ કરેલી ક્રિયા સાથે આશય સારો ન હોય તો નિષ્ફળ છે. આશય ખરાબ ન હોય પણ તેમાં પોતાની ઇચ્છા પૂરેપૂરી ભળી ન હોય તો તે ક્રિયા પણ નિષ્ફળ છે. સ્વેચ્છા અને સદાશય ક્રિયાને અમૃત બનાવનારા તત્ત્વો છે.

મધુરાજ નામના ઋષિ પંદરમાં અધ્યયનમાં સુખ-દુઃખની વાત કરે છે. દુઃખ બે દરવાજેથી આવે છે : સુખના દરવાજેથી અને દુઃખના દરવાજેથી. સુખના દરવાજે આસક્તિ ઊભી હોય છે તેમાં જે વ્યક્તિ ફસાય છે તે દુઃખને આમંત્રણ આપે છે. દુઃખના દરવાજે આક્રોશ ઊભો છે. દુઃખને જોઈ ધીરજને ખોઈ બેસનાર વ્યક્તિ પણ દુઃખને જ નોતરું આપે છે. દુઃખનું મૂળ પાપ છે. નાનું બાળક રમકડું સમજીને હાથમાં સાપ કે અગ્નિ લેવા જાય તો પ્રાણ ગુમાવે છે, તેમ સુખ માટે પાપ

કરનાર વ્યક્તિ પણ દુઃખ જ પામે છે. પથ્થરથી ઘવાયેલો કૂતરો પથ્થરને જ બટકું ભરવા દોડે છે તેમ અજ્ઞાની વ્યક્તિ દુઃખ આવે ત્યારે દુઃખની સામે જ આક્રમણ કરે છે. દુઃખના મૂળ પાપને જોતો નથી. જે રીતે રાખ નીચે અંગારો છૂપાયેલો છે, શત્રુના મનમાં ક્રોધ છૂપાયેલો છે, તેમ દરેક પાપ પાછળ દુઃખ સંતાયેલું છે.

દુઃખથી બચવું સહેલું છે. સુખથી બચવું અઘરું છે. ઇંદ્રિય અને મનને સુખનું તીવ્ર આકર્ષણ છે. ઇંદ્રિયોની પ્રવૃત્તિથી બચતા રહેવાનો ઉપદેશ સૌરિતાયન ઋષિ (અધ્યયન ૧૬) આપે છે. જેની ઇંદ્રિયો વિષયોમાં પાગલ નથી તે જ શ્રેષ્ઠ છે. જેમ જઠરાગ્નિ આહાર અને શરીરનો સંબંધ કરી આપે છે. તેમ ઇંદ્રિયો પદાર્થોનો આત્મા સાથે સંબંધ જોડી આપે છે. ઇંદ્રિયોનો સંવર કરવા કાચબાની જેમ તેને તપ અને ધ્યાનની મજબૂત ઢાલ નીચે છૂપાવી રાખવી.

સત્તરમા અધ્યયનમાં વિદુ નામના ઋષિ વિદ્યાનો ઉપદેશ આપે છે. જેનાથી બંધમોક્ષ અને આત્મભાવનો બોધ થાય તે વિદ્યા સાચી. કારણ કે તેનાથી જ દુઃખથી મુક્ત બનાય છે. સાવદ્ય યોગ અને પાપના સંસ્કારોને નિંદા દ્વારા શુદ્ધ કરવા.

અઢારમાં અધ્યયનમાં વરસવ ઋષિ પાપત્યાગનો ઉપદેશ કરે છે. કષાયો પાપભાવનાને મજબૂત બનાવે છે. જેમ શકુની નામનું પક્ષી તીણી ચાંચથી ફળમાં છેદ કરે છે તેમ વૈરભાવ રાજ્યનો ભાગ પાડી દે છે. કમળનું પત્ર પાણીથી અલગ રહે છે. તેમ વૈરાગ્ય ભાવ આત્માને કર્મથી અલિપ્ત રાખે છે.

આર્યાયિણ નામના ઋષિ આર્યનો મહિમા ગાય છે. પહેલા બધા લોકો આર્ય જ હતા. આર્યને છાજે તેવા જ કર્મ કરતા. મિત્રો પણ આર્ય જ હતા. કષાય વધતા અનાર્ય કર્મો આવ્યા. આચાર ભ્રષ્ટ થયા. વિચાર બગડી ગયા. તેમની સોબતથી સારા માણસો પણ બગડી ગયા. તેથી ઋષિએ ત્રણ બાબત પર ભાર મૂક્યો. આર્ય માર્ગ મુજબ જીવન જીવવું, આર્ય કર્મ કરવું, આર્યને જ મિત્ર બનાવવો.

વીસમા અધ્યયનમાં અર્હત્ ઋષિ દાર્શનિક વાતો કરે છે. નાસ્તિકો શરીરને જ આત્મા માને છે. કેટલાક વિચારકો આત્માને કર્તા માનતા નથી. કેટલાક દાર્શનિકો પરલોક માનતા નથી. કેટલાક વિચારકો બીજાના શાસ્ત્રમાંથી વિચાર ઉપાડી લઈ પોતાની વાત સાબિત કરવા મથે છે. તે બધા અજ્ઞાન છે.

તરુણ નામના ઋષિ કહે છે. દુઃખનું મૂળ અવિદ્યા છે. હું પહેલાં કંઈ જ જાણતો ન હતો. આત્માની અનુભૂતિ થયા પછી પહેલી પ્રતિક્રિયા આ હોય. જ્ઞાન ન હતું ત્યાં સુધી હું ઇચ્છાઓને આધીન રહ્યો. હવે હું કોઈ અકાર્ય કરતો નથી. અજ્ઞાન બહુ મોટું દુઃખ છે. અજ્ઞાનથી જ ભય જન્મે છે. સંસારનું મૂળ અજ્ઞાન છે. જ્ઞાન સફળતાનું દ્વાર છે.

દગભાલ નામના ઋષિ વાસનાના બંધનથી ઉપર ઉઠવાનો ઉપદેશ આપે છે. તેઓ કહે છે. પહેલા તમારા કર્મોનું પૃથક્કરણ કરો. પછી કર્મોનું પરિશોધન કરો, પછી કર્મોનું પરિશાતન કરો. પરિશાતન એટલે કર્મ ખપાવવા. તેઓ કહે છે. ધર્મ પુરુષ-પ્રધાન છે. જે ગામ કે નગરની શાસિકા નારી છે, તે ધિક્કારને પાત્ર છે. જે પુરુષો સ્ત્રીને પરવશ છે તે પણ ધિક્કાર પાત્ર છે. (૨૨.૧) આ અધ્યયનમાં નારીનું સારું અને ખરાબ એમ બન્ને સ્વરૂપો દર્શાવ્યા છે. નારી સાધકના પતનનું કારણ બની શકે છે. પતનથી બચવા ઋષિએ સહાયક સૂત્રો આપ્યા છે. જે વસ્તુ શંકાસ્પદ હોય છતાં તેના ઉપયોગ વિના ચાલે તેમ ન હોય, તેના ઉપભોક્તાએ હંમેશા સાવધ રહેવું. અગ્નિ બાળે છે છતાં રસોઈ કરવા તેની જરૂર પડે જ છે, તો બળી ન જવાય તેની સાવચેતી રાખવી. કોઈ પણ કામ કરતા પહેલા બે વાત લક્ષ્યમાં લેવી. સમારંભ અને સાનુબંધ. સમારંભ એટલે તે કામ સ્વરૂપથી સારું છે કે ખરાબ ? તે વિચારવું. સાનુબંધ એટલે તે કામનું પરિણામ શું આવશે તે વિચારવું. આ અધ્યયનનો અંતિમ શ્લોક અતિ ઉત્તમ છે. 'શરીરમાં જે મહત્ત્વ મસ્તકનું છે. વૃક્ષમાં પ્રાણ મૂળને આધીન છે. તેથી વૃક્ષ કરતા મૂળ મહત્ત્વનું છે તેમ સમસ્ત સાધુધર્મોમાં શ્રેષ્ઠ સ્થાન 'ધ્યાન'નું છે.' (૨૨.૧૪)

રામપુત્ર નામના ઋષિ મૃત્યુની વાત લઈને આવે છે. રાગદ્વેષને પરાધીન બની આજ સુધી ઘણાં મરણ કર્યા, હવે સમાધિમરણ પામવું છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સાધના કરવી છે.

હરિગિરિ ઋષિ અનિત્યતા પર પ્રકાશ પાથરે છે. સંસારમાં બધું જ અનિત્ય છે. ધર્મ જ જીવનો સાચો સાથી છે. આયુષ્ય, ધન, બળ, રૂપ, સૌભાગ્ય, આરોગ્ય દરેક ભાવો અનિત્ય છે. જીવ જ્યાં પણ જાય અનિત્યતા તેના પડછાયાની જેમ તેની સાથે જ જાય છે. પડછાયો જુદો થઈ શકે અનિત્યતા

નહીં. (૨૪.૧૫) ગાંડા માણસને ગાંડાની જ સોબત ગમે, તેમ મોહમૂઢ આત્માને તેવી જ વ્યક્તિ સારી લાગે. મોહમૂઢ વ્યક્તિ મંદ મોહવાળી વ્યક્તિની મશ્કરી કરે છે.

પચીસમું અધ્યયન અંબડ પરિવ્રાજક અને યોગંધરાયણ ઋષિના સંવાદ રૂપે છે. અંબડ પરિવ્રાજક યોગંધરાયણને પ્રશ્ન પૂછે છે કે, તમે શા માટે સંસારથી બહાર આવી જતા નથી ? યોગંધરાયણ જવાબ આપે છે, જે હિંસાદિ પાંચ પાપમાં ડૂબેલા છે તે સંસારમાં રખડે છે. જેઓ સંસારમાં રહેવા છતાં સંસારથી વિમુખ છે તેઓ સંસારમાં ભટકતા નથી. જેમણે વાસનાનો જડમૂળથી નાશ કર્યો છે તેમના મનમાં વાસનાના અંકુર ફૂટતા નથી. અંબડ પરિવ્રાજક પૂછે છે : આવું કેવી રીતે શક્ય છે કે સંસારમાં રહેવું અને વિરક્તિ ટકાવી રાખવી, કાજળના ઘરમાં રહીને ડાઘથી કેવી રીતે બચી શકાય ? ઋષિ યૌગંધરાયણ બે સૂત્ર આપે છે. એક સતત જાગૃતિ અને બે પરિણામનો વિચાર. મૃત્યુનો વિચાર વિરાગને જાગૃત કરે છે. સુખ માટે કરતા પાપના પરિણામનો વિચાર વિરાગને વિચલિત થવા દેતો નથી.

માતંગ નામના ઋષિ આધ્યાત્મિક ખેતીની વાત લઈને આવે છે. જે પોતાના આત્માને વિશુદ્ધ રાખે છે તે બ્રાહ્મણ છે. બ્રાહ્મણ દિવ્ય ખેતી કરે છે. આત્માની ધરતીને સંયમરૂપ દળથી ખેડી તેમાં તે તપ-સંવરના બીજ વાવે છે. ખેતીના ઉદાહરણથી આત્મ સાધનાનો ક્રમ અહીં પ્રગટ થયો છે.

વારત્તક નામના ઋષિ એકાંતનો ઉપદેશ આપે છે. આત્માના સાધક મુનિએ ગૃહસ્થ સાથે ઘણો સમય વીતાવવો નહીં. કાં તો પોતાના આત્માનું ધ્યાન કરવું અથવા શ્રમણનો સત્સંગ કરવો, પણ ગૃહસ્થના સહવાસથી બચવું. જે ભિક્ષુ મિત્રતાના કે ઉપકારના બંધનમાં આવી ગૃહસ્થને મીઠી મીઠી વાતો કરે અને જે ગૃહસ્થ તેવા વચનોથી મુગ્ધ બને છે, તે બંને આત્માનો અર્થ ખોઈ બેસે છે. (૨૬૦.૩) સાધુ કુતૂહલથી પણ જ્યોતિષ વગેરે દ્વારા ફળ ન કહે. ગૃહસ્થોને યોગ્ય સંસ્કારો કે રાજા સાથે યુદ્ધમાં જવું જેવી પ્રવૃત્તિ સાધુ દૂરથી જ વર્જી દે (૨૭.૫) જે જીવવા માટે કે વાહવાહ થાય તે માટે લોકને ગમે તેવી પ્રવૃત્તિ કરે છે, તે સાધુ શબની પ્રદક્ષિણા કરે છે. (૨૭.૬)

અઠ્ઠાવીસમા અધ્યયનમાં આર્દ્રક નામના ઋષિ કામવિજયનો ઉપદેશ

આપે છે. ગૃહસ્થના સહવાસમાં રહેવાની મુનિ ઇંદ્રિયનિગ્રહ ગુમાવે છે. તેથી મુનિએ એકાંતમાં રહેવું. કામની પરવશતાથી વિષયોની શોધમાં ભટકીને જીવ દુઃખી થાય છે. મહામુસીબતે ઘણા કષ્ટે વિષયો પ્રાપ્ત થાય છે. તેમાં તૃપ્તિ થવી દુર્લભ છે. વિષયોનો વિયોગ નવું દુઃખ આપે છે. સાચું સુખ તૃષ્ણાના ક્ષયમાં છે (૨૮.૯) પંડિત માણસ સતત પોતાની જાતને સુધારવા પ્રયત્ન કરે છે. (૨૮.૨૧) સારું ખરાબ, શ્રેષ્ઠ કનિષ્ઠ આ જાતના ભાવો મનની જ નીપજ છે. ચક્રવર્તી પણ અનાજ જ ખાય છે, હાથીનાં દાંત નહીં. (૨૮.૨૩)

વાસનાને જિતવા ઇંદ્રિયોનો નિગ્રહ કરવો પડે છે. પાંચ ઇંદ્રિય અને મન જ વાસનાની જન્મભૂમિ છે. વર્ધમાનઋષિ કહે છે જેની ઇંદ્રિયો જાગતી છે તેનો આત્મા સૂતો છે. જેનો આત્મા જાગતો છે તેની ઇંદ્રિયો સૂતી છે. ઇંદ્રિયો ઘોડા જેવી છે, મન સારથિ છે, શરીર રથ છે, આત્મા તેમાં બેસેલો પ્રવાસી છે. બેકાબૂ ઇંદ્રિયો, આત્માને ખોટા માર્ગે લઈ જાય છે. વાસનાને જિતવા પહેલા મનને જીતો. તેને વિષયોથી વિમુખ કરો. પછી વિવેક કેળવો. (૨૯.૧૬) વિવેકના સહારે બેકાબૂ બનેલી ઇંદ્રિયો કાબૂમાં આવે છે.

વાયુ નામના ઋષિ બહુ જ અસરકારક સંદેશ આપે છે કે, આ વિશ્વ સત્ય છે. વિશ્વમાં તમે જેવું વિચારો છો તેવું જ તમે પામો છો. સારું વિચારો છો સારું પામો છે. ખરાબ વિચારનાર ખરાબ ફળ મેળવે છે. 'યૂ કેન હીલ યોર લાઈફ'ના લેખિકા લૂઈઝી હે, સિક્રેટના લેખિકા બાર્બરા કે લો ઓફ અટ્રેક્શનના લેખિકા મિશેલ લૂઈઝર, આસ્ક એંડ ઈટ ઈઝ ગીવનના લેખક એસ્થર જેરી હીક્સ આ વાતને નવા શબ્દોમાં આકર્ષણનો સિદ્ધાંત (લૉ ઑફ એટ્રેક્શન) કહે છે. આ સિદ્ધાંતના આધારે સફળતા, સંપત્તિ, પ્રેમ, શાંતિ, આરોગ્ય બધું જ પામી શકાય છે. તેમની વાતો વાયુ ઋષિના વચનોનો વિસ્તાર જ લાગે.

એકત્રીસમાં અધ્યયનમાં પાર્ત નામના ઋષિ લોક અને ગતિ વિષેના નવ પ્રશ્નોની ચર્ચા કરે છે.

બત્રીસમાં અધ્યયનમાં પિંગ નામના ઋષિ પણ આધ્યાત્મિક ખેતી કરવાનું કહે છે.

અરુણ નામના ઋષિએ તેત્રીસમું અધ્યયન પ્રરૂપ્યું છે. તેઓ માણસને ઓળખવા માટેના બે પરીક્ષા સૂત્ર બતાવે છે. માણસ સારો છે કે ખરાબ તે બે

વાતની પરીક્ષા કરવાથી ખબર પડે. એક, તેના વચનોથી - બે, તેના કર્મોથી. ભાષા દ્વારા અને કર્મ દ્વારા માણસની પરીક્ષા કરીને જ તેની સાથે વ્યવહાર કરવો. જેના ભાષા અને કર્મ ખરાબ છે તેની સોબત નહીં કરવી. જેના ભાષા અને કર્મ સારા છે તેની જ મૈત્રી કરવી. ખરાબ માણસ સાથે ધર્મની ચર્ચા પણ કરવી નહીં. (૩૩.૫) જેવો સ્વભાવ વાંકદેખો હોય, જે પાપ જ કરતો હોય તેને દુશ્મન સમજવો. જેના સ્વભાવમાં સચ્ચાઈ હોય, જે પાપથી ડરતો હોય તે સાચો મિત્ર બની શકે. (૩૩. ૧૧/૧૨) સમુદ્રમાં ભળતી ગંગાનું જળ પણ ખારું થઈ જાય છે. પૂ. ઉપાધ્યાયજી મ. સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાયમાં કહે છે.

**હીના તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે.**
**જ્યું જલધિજલમાં ભળ્યું ગંગા નીર લૂણપણું લહે.**

સામા પક્ષે મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા વિવિધ રંગના પક્ષીઓ પણ મેરુની સોનેરી પ્રભાને કારણે સોનેરી લાગે છે. આ પ્રભાવ સારી વસ્તુનો છે.

ઋષિગિરિ નામના ઋષિ ચોત્રીસમાં અધ્યયનમાં સહનશીલતા કેળવવાનું કહે છે. વેદના સહન કરવી સહેલી છે, વિરોધ સહન કરવો અઘરો છે. દુનિયામાં અણસમજુ લોકો હંમેશા બહુમતીમાં હોય છે. તેમની પાસે એક જ મુદ્દાનો કાર્યક્રમ હોય છે, વિરોધ કરવો. સંસ્કૃતમાં આ માટે એક રૂઢિપ્રયોગ છે, यन्माधवेनोक्तं तन्न 'માધવ નામનો પંડિત કહે તે ખોટું'. વિરોધ કરવો એ ખરાબ વસ્તુ નથી, સમજ્યા વગર વિરોધ કરવો ખરાબ વસ્તુ છે. વિચાર વિનાના વિરોધ જેવો ત્રાસવાદ એક નથી. વિચારપૂર્વકનો વિરોધ સફળતા અને સમૃદ્ધિની નિશાની છે. આંધળો વિરોધ કરનાર વ્યક્તિ બેજવાબદાર હોય છે. એટલે જ આંધળો વિરોધ કરવો આસાન છે. નિર્વિચારી વિરોધક વાતાવરણમાં પ્રદૂષણ ફેલાવીને પલાયન થઈ જાય છે. પણ તેની અસર નિર્દોષ અને સારી વ્યક્તિ પર પડે છે.

આપણો વિરોધ થાય ત્યારે શું કરવું ? ખોટો વ્યક્તિ ખોટી રીતે ખોટો વિરોધ કરીને આપણને બદનામ કરવાનો પ્રયાસ કરે તેમાં સફળ થાય ત્યારે નબળું મન ડગી થાય. તમે સાચા હો તો પણ દબાઈ જાઓ. આ સ્થિતિમાં માનસિક સમતુલા જાળવવા શું વિચારવું જોઈએ, તે વાત અહીં પ્રસ્તુત થઈ છે.

કોઈ વ્યક્તિ પીઠ પાછળ નિંદા કરે, ત્યારે વિચારવું કે મોઢે તો નથી બોલતો ને ! અજ્ઞાની જીવ નાદાન હોય. તેના માથે કોઈ જવાબદારી નથી. નાદાન અને મૂર્ખ સરખા કહેવાય. તેમની વાતને મહત્ત્વ ન અપાય. કોઈ વ્યક્તિ મોઢે ગમે તેમ બોલી જાય, તો વિચારવું ફક્ત ગાળ જ આપી છે, માર્યું તો નથી ને ? જો મારે તો વિચારવું 'માર્યું જ છે ને ? ખૂન તો નથી કર્યું.' ખૂન કરતો હોય તો વિચારવું 'મને મારી શકશે ધર્મથી ભ્રષ્ટ તો નહીં કરી શકે.' સહુથી વધુ મહત્ત્વની વાત આ છે. વિરોધ તમારા સામાજિક અસ્તિત્વને હચમચાવી શકે, પણ તમારી સચ્ચાઈ અને પ્રામાણિકતા વિરોધથી જરાય ઓછા થતાં નથી. વિરોધી પ્રાણ છીનવી શકે ધર્મ નહીં. જો ધર્મ સાથે છે તો ગમે તેવા વિરોધથી વિચલિત થઈ જવાની જરૂર નથી.

•

૬

# પ્રત્યેકબુદ્ધોનું પ્રવચન : ૩

હતાશાની ખીણમાં ગરક થઈ ગયેલી વ્યક્તિને પીઠ પસરવારનાર વ્યક્તિ પર જેવો અહોભાવ જન્મે તેવો ભાવ 'ઇસિભાસિયાઇં'ના પ્રબોધક ઋષિના વચનો વાંચતાં જન્મે છે. આ ઋષિઓએ માનવમનને ગહરાઈથી અને તેની અખિલાઈમાં જોયું છે. આ લખતી વેળાએ માનસશાસ્ત્રના આધારે જીવન અંગેનું માર્ગદર્શન આપતા અનેક અભ્યાસપૂર્ણ પુસ્તકો નજર સામે છે. તેમના તારણ અને ઋષિઓના સ્વાનુભવમાં અજબનું સામ્ય છે. ઋષિઓ એક ડગલું આગળ છે. માનસશાસ્ત્રી મનને પોઝિટિવ બનાવવાનું કહે છે. ઋષિઓ મનને પોઝિટિવ કે નેગેટિવ બંને છેડાથી ઉપર ઉઠી ન્યુટ્રલ બનવાનું કહે છે.

પાત્રીસમા અધ્યયનમાં અદ્દાલક નામના ઋષિ કષાયોથી બચીને જાગૃત રહેવાનો ઉપદેશ આપે છે. અજ્ઞાની વ્યક્તિ કેવળ વર્તમાનને જ જુએ છે. તે પોતાના કષાય રૂપી શસ્ત્રથી બીજાને ઘાયલ કરવાનો પ્રયાસ કરે છે, પણ હકીકતમાં પોતે જ ઘાયલ થાય છે. શરીરને વાગતા શસ્ત્રની અસર વધુમાં વધુ

મૃત્યુ છે. કષાયોની અસર અનંત છે, મૃત્યુ પછી પણ ચાલે છે.

ઋષિ કહે છે, કષાયથી બચવા વિષયોથી બચો. જે વ્યક્તિ જે વસ્તુ કે જે વાતાવરણના સંપર્કથી ક્રોધ વગેરે જન્મે તેનાથી દૂર રહો. આત્માનું અને પદાર્થનું જ્ઞાન કરી લેવું. આત્મા માટે શું ઉપયોગી છે ? તે જાણી લેવું. કષાયની સંભાવના ઘટી જશે. કષાય બહુધા પદાર્થ માટે જ થતા હોય છે. કષાય જન્મે ત્યારે બીજાને દોષ ન દેવો. તમારું ઘર સળગતું હોય ત્યારે પડોશીને દોષ દેવામાં ડહાપણ નથી.

તમે તમારું કામ કરો. બીજાએ શું કરવું જોઈએ, તેનો વિચાર કરવાની જવાબદારી તમારી નથી. બીજો પાપ કરે ત્યારે ચૂપ રહેવામાં તને શું વાંધો છે ? (૩૫.૧૫) તારો વિચાર કરીશ તો નિર્જરા કરીશ, બીજાનો વિચાર કરીશ તો કર્મબંધ કરીશ. કષાયો ચોર-ડાકુ જેવા છે. તેઓ તારા આત્માની શાંતિને હણી નાખવાની તક શોધી રહ્યા છે.

તું બીજાનો મહેલ સુરક્ષિત રહે તે માટે ઉજાગરા કરે છે, પણ તારું ઘર લૂંટાઈ રહ્યું છે તે તરફ ધ્યાન જ આપતો નથી. માટે જાગ. જે જાગે છે તેનાથી દોષો દૂર ભાગે છે. દોષોને ઉંઘ, અંધકાર અને આળસ પસંદ છે. આંખો ખુલ્લી હશે, જ્ઞાનનો પ્રકાશ હશે, હૃદયમાં ઉત્સાહ હશે તો દોષો દૂર ભાગી જશે.

છત્રીસમા અધ્યયનમાં નારાયણ નામના ઋષિ ક્રોધને જીતવાનો ઉપદેશ આપે છે. કોઈ ક્રોધ કરે ત્યારે આપણને ક્રોધ આવે છે. બીજાનો ક્રોધ આપણા ક્રોધનું નિમિત્ત બને છે. આપણો આ ક્રોધ પ્રતિક્રિયા રૂપ છે. ઋષિ કહે છે - બીજાને ક્રોધ આવે ત્યારે આપણી પ્રતિક્રિયા શી હોવી જોઈએ તે જાણી લઈએ, તો ક્રોધથી બચી શકાય. ક્રોધી વ્યક્તિ સાથે મીઠી વાત કરવી, શાંત શબ્દોથી સમજાવવાની કોશિશ કરવી કે ગુસ્સામાં ભૂંડી વાત કરવી, તેની પસંદગી આપણા હાથમાં છે.

ક્રોધ કરનાર વ્યક્તિ અને ક્રોધનો જવાબ ક્રોધથી આપનાર વ્યક્તિ દુઃખી જ થાય છે. ક્રોધ અગ્નિ છે. અગ્નિ એટલે સર્વનાશ. ક્રોધના કારણે સત્ત્વ, બુદ્ધિ, ગંભીરતા, સરળતા જેવા ગુણો નિષ્પ્રભ બની જાય છે. ઘણી વાર માણસ મનમાં ક્રોધ કરે છે, પણ ડરના કારણે બહાર વ્યક્ત કરતો નથી. આ ક્રોધને અપ્રગટ ક્રોધ (સપ્રેસ્ડ ઍંગર) કહેવાય. માનસશાસ્ત્ર કહે છે - ભયથી દબાયેલો ક્રોધ

શરીરમાં શરદી કે સાયનસના રૂપમાં પ્રગટ થાય છે. પ્રગટ ક્રોધ દેખાય છે તેથી તેનો સ્વીકાર કરવા વ્યક્તિ તૈયાર પણ થઈ જાય છે. અપ્રગટ ક્રોધની પોતાને જ ખબર હોતી નથી. તેનો ઈલાજ કરવો અઘરો છે. અપ્રગટ ક્રોધને લક્ષણો દ્વારા ઓળખવો પડે છે. ઋષિ અંતિમ શ્લોકમાં માનસશાસ્ત્રના નિચોડ સમો ઉપદેશ આપે છે કે, પ્રગટ અને અપ્રગટ બંને ક્રોધને અટકાવવા. એકલા પ્રગટ ક્રોધને અટકાવવાથી શાંતિ નહીં મળે.

સાડત્રીસમા અધ્યયનમાં શ્રી ગિરિઋષિ દાર્શનિક તથ્યની સમીક્ષા કરે છે. આ જગત કેવી રીતે ઉત્પન્ન થયું ? વેદ એમ કહે છે - પહેલાં કંઈ જ ન હતું. પછી પાણી આવ્યું. તેમાં એક ઈંડું આવ્યું. તે ફૂટ્યું. તેમાંથી જગતનું નિર્માણ થયું. અદ્વૈતવેદાંત કે બૌદ્ધોનો શૂન્યવાદ એમ કહે છે કે, દશ્યમાન જગત સ્વપ્નની સૃષ્ટિની જેમ કલ્પનાની નીપજ છે. ઋષિ કહે છે બંને વાત અયુક્ત છે. આ જગત કાયમ હતું, છે અને રહેશે. તે વાસ્તવિક છે. વાસ્તવિકતાને સ્વીકારી કુદરતના નિયમ મુજબ જીવન જીવવું. સૂર્યવિહારી બનવું. દરેક ક્રિયા સૂર્યની સાક્ષીએ કરવી. સૂરજ આથમે પછી બધી ક્રિયા બંધ કરી દેવી.

સાડત્રીસમું અધ્યયન સાતિપુત્ર ઋષિએ કહ્યું છે. એમ કહેવાય છે કે સાતિપુત્ર ઋષિ એટલે શાક્યપુત્ર ગૌતમ બુદ્ધ જેમણે બૌદ્ધ ધર્મનું સ્થાપન કર્યું. બુદ્ધ પહેલા જૈન શ્રમણ હતા. તેમણે શ્રી પાર્શ્વનાથ પરમાત્માની પરંપરામાં દીક્ષા લીધી હતી. ઋષિ કહે છે, જે સુખ દ્વારા સુખ મળે તે સુખ મને જોઈએ. જે સુખ દ્વારા દુઃખ મળે છે તે સુખ મને ન જોઈએ. તત્કાલ મળતું સુખ સાચું નથી. વ્યાધિ દૂર કરવા કઠોર ચિકિત્સા આવકાર્ય છે તેમ અંતિમ સુખ મેળવવા વેઠવું પડતું દુઃખ પણ આવકાર્ય છે. આપણો મૂળ રોગ મોહ છે. મોહ જતો રહે તો સુખદુઃખ બંને જતા રહેશે. આપણી પાત્રતા અને શક્તિ જોઈને સાધના કરવી. (૩૯.૧૯) ધીર પુરુષનું શરણ લેવું. (૩૮.૨૦) યતિએ ક્રોધ કરીને પણ મોહ પેદા કરતા પદાર્થનો ત્યાગ કરવો (૩૮.૨૨) જે માણસ વધુ પડતા મીઠા શબ્દો બોલતો હોય તે અર્થનો લોભી હોય છે. (૩૮.૩૬) આવા દંભી માણસોને ઓળખી તેમનાથી દૂર રહેવું. મનુષ્યનો સ્વભાવ દુર્બળ છે. માનવનું મન કાચીંડાની જેમ રંગ બદલતું રહે છે - કોઈ વ્યક્તિ વિષે અભિપ્રાય બાંધતા પહેલા તેની સ્થિતિ, ભાવના વગેરેનું અવલોકન કરો.

સંજય નામના ઋષિ કહે છે, પાપની પ્રસવભૂમિ માનવનું મન છે. માણસે પાપને 'ના' કહેતા શીખવાનું છે. પહેલા તો પાપ સર્વથા છોડી દેવું, કદાચ ભૂલથી એક વાર પાપ થઈ જાય, તો બીજા વાર પાપ દોહરાવવું નહીં. ગુપ્ત રૂપે કરેલા પાપની આલોચના કરી શુદ્ધ થઈ જવું.

ચાલીસમું અધ્યયન ઇચ્છા વિજયનો સંદેશ આપે છે. ઇચ્છા સંક્લેશનું કારણ છે. દીવાયન ઋષિ કહે છે, ઇચ્છાનો પ્રબળ વેગ માણસને નિર્લજ્જ અને નિષ્ઠુર બનાવે છે. ઇચ્છા પોતાને ચાહનાર વ્યક્તિને નથી ચાહતી, પરંતુ જે માણસને ઇચ્છા નથી તેને જ ચાહે છે. (૪૦.૪) ધૈર્ય અને શક્તિની પરીક્ષા કરીને ઇચ્છા પર વિજય મેળવવો.

ઇચ્છા, કેવળ તત્કાલ લાભને જોવાની દૃષ્ટિથી ઘડાય છે. ટૂંકી દૃષ્ટિને કારણે જન્મતી ઇચ્છા તપને પણ દૂષિત કરે છે. ઇંદ્રનાગ ઋષિ એકતાલીસમા અધ્યયનમાં આ વાત કહે છે. ભૌતિક ઇચ્છાથી સુકૃત કરનાર વ્યક્તિ મમત્વશીલ અને શઠ હોય છે. ભૌતિક ઇચ્છા જીવનના લક્ષ્યને બદલી નાખે છે. સાધુનાં મનમાં અજ્ઞાતરૂપે પદાર્થની ઇચ્છા ઘર કરી જાય, તો તેની સાધના ગૌણ બની જાય છે. ક્રિયા આજીવિકા બની જાય છે. કોઈ તપને આજીવિકા બનાવે છે, કોઈ કઠોર સંયમને આજીવિકા બનાવે છે, કોઈ જ્ઞાનને આજીવિકા બનાવે છે, કોઈ વાણીને આજીવિકા બનાવે છે, કોઈ તંત્રમંત્ર જેવા દ્વિતીય કક્ષાના માર્ગને આજીવિકા બનાવે છે. આ મનોવૃત્તિ બાહ્ય ભાવની પોષક છે. મુનિએ પોતાને કોઈ જાણે નહીં અને પોતે કોઈને જાણવાની ઇચ્છા રાખે નહીં, એવું જ જીવન જીવવું.

બેતાલીસમા અધ્યયનમાં સોમ નામના ઋષિ મહત્ત્વની વાત કરે છે. સાધક ઉચ્ચ, નીચ કે મધ્યમ કોઈ પણ કક્ષાનો હોય તેણે પોતાના સ્થાનથી આગળ વધી વધુ ઉંચે જવાની કોશિશ કરતા રહેવું. સતત આગળ વધતા રહેવું. નાનો પણ પાપનો વિચાર તમે પાછળ રાખી દેશે.

તેતાલીસમા અધ્યયનમાં યમ નામના ઋષિ કહે છે, સફળતા મળે તો રાજી ન થવું નિષ્ફળતા મળે તો નારાજ ન થવું. સુખી રહેવાનો આ મંત્ર છે.

ચુમ્માલીસમા અધ્યયનના પ્રવક્તા વરૂણ ઋષિ કહે છે, સાધના કરવા માટે મન પાસે સ્પષ્ટ દિશા હોવી જોઈએ એટલે કે દૃઢ નિશ્ચય જોઈએ. મનમાં

સહેજ પણ દ્વિધા હોય તો સાધનામાં સત્ત્વ આવતું નથી. જ્યાં સુધી મન અતૃપ્ત છે ત્યાં સુધી દુઃખ છે. દુઃખી મન નિશ્ચય કરી શકતું નથી. મનની અતૃપ્તિનું કારણ રાગદ્વેષની સંવેદના છે. રાગદ્વેષની સંવેદનાથી ઉપર ઉઠેલો સાધક જ આત્માના ઉત્થાનનો નિશ્ચય કરી શકે છે.

વૈશ્રમણ નામના ઋષિ અંતિમ અધ્યયનમાં અહિંસા અને ધર્મનો ઉપદેશ આપે છે. જે પુરુષ ઠંડે કલેજે પાપ કરી શકે છે તેને પોતાનો આત્મા પ્યારો નથી, એમ સમજવું (૪૫.૩) જેને ભગવાનની આજ્ઞા પ્યારી છે તે ક્યારેય દુઃખી થતો નથી. લક્ષ્મીનો અહંકાર અત્યંત ભયાનક છે. (૪૫.૪૩)


પ્રત્યેકબુદ્ધ ઋષિઓના પ્રવચનરૂપ આ આગમ ઉપર એક પણ ટીકા વિદ્યમાન નથી. આચાર્ય ભગવંત શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ તેની પર નિર્યુક્તિ રચી છે પણ તે અપ્રાપ્ય છે. આ પૂર્વ મહર્ષિઓના વચનો આત્માના ઉચ્ચ અધ્યવસાયને સ્પર્શીને આવે છે. તેમાં નૈશ્ચયિક ચારિત્રના સ્પંદનો ઝીલાયા છે. તેથી વ્યવહાર માર્ગમાં તેનું પ્રચલન અલ્પ રહ્યું હશે. આ વચનોને તર્કની પરિધિમાં કે શબ્દની સીમિત અર્થચ્છાયામાં બોધવું અઘરું કામ છે. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મ., પૂ. આ. શ્રી મલયગિરિજી મ., પૂ. આ. શ્રી અભયદેવ સૂરિજી મ. કે ઉપા. શ્રી યશોવિજયજી મ. જેવા સમર્થ વૃત્તિકારોનો સ્પર્શ આ આગમને મળ્યો હોત, તો આ મહર્ષિઓએ કંડારેલી અનુભૂતિની કેડી પર પગ માંડવા બહુ સરળ રહેત.

થોડા સમય પહેલા આ આગમની શબ્દચ્છાયાને પકડવા પ્રો. શુબ્રિંગ નામના એક જર્મન વિદ્વાને પ્રયાસ કર્યો. તેણે મૂળ આગમની સંસ્કૃતમાં સંક્ષિપ્ત છાયા લખીને પ્રગટ કરી. મૂળ જર્મન વિદ્વાન, આગમ છપાયું રોમન લિપિમાં, છતાં સંસ્કૃતમાં ટીકા લખવા પાછળ હેતુ એ કે, જે દેશમાં આ સૂત્ર રચાયું છે ત્યાંના લોકોને જ વધુ ઉપયોગી બની શકે. ત્યારબાદ સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી મનોહર મુનિજી મહારાજે આ આગમનું સંશોધન કર્યું. શ્રી પુણ્ય વિજયજી મહારાજ પાસેથી હસ્તપ્રતો મળવી. મૂળ સૂત્રનો ગુજરાતી અને હિંદી અનુવાદ કર્યો. હિંદીમાં થોડું વિવેચન કર્યું. ડૉ. શુબ્રિંગની સંસ્કૃત છાયા જેવી ટીકા પણ પ્રગટ કરી. ડૉ. શુબ્રિંગ અર્થઘટનમાં જ્યાં ચૂક્યા છે, તેનું સંમાર્જન પણ કર્યું. સ્થાનકવાસી પરંપરામાં બત્રીસ આગમો સ્વીકૃત છે. તેમાં ઋષિભાષિતને સ્થાન

નથી. છતાં તેમણે આ આગમને પ્રકાશિત કરવાનું કાર્ય કેમ ઉપાડ્યું ? તેનો વિગતવાર ખુલાસો પ્રસ્તાવનામાં કર્યો છે.

અમદાવાદથી એક શ્રાવક બાબુલાલ સરેમલજી (સાબરમતી) સંશોધક અને સર્જક મહાત્માઓ વચ્ચે સેતુરૂપ બનવાનું પુણ્ય કાર્ય કરી રહ્યા છે. તેમણે પ્રકાશિત કરેલ 'અહો ! શ્રુતજ્ઞાન'ના અંક દ્વારા જાણકારી મળી કે, પૂ. આ. શ્રી કલ્યાણબોધિ સૂરિજી મ. આ આગમ પર ટીકા રચી રહ્યા છે. આનંદ સાથે આવકાર. છવીસસો વરસોથી અનુભવાતી ખોટ પૂરાશે. લાખ પ્રયત્ન છતાં મનને ધૃષ્ટતા કરતા રોકી શકતો નથી. પૂ. આ. શ્રી કીર્તિયશસૂરિજી મહારાજ જેવા સમર્થ અને સંવેદન સભર વ્યાખ્યાતા આ આગમ સૂત્ર પર વ્યાખ્યાન દ્વારા પ્રકાશ પાથરે. પૂ. આ. ભ. શ્રી યશોવિજયસૂરિજી મ. જેવા અનુભૂતિસંપન્ન લેખક આ આગમ સૂત્રોના સાધના માર્ગને ઉજાગર કરે તો વર્તમાન શ્રમણ સંઘ સદ્ભાગી બનશે. શ્રમણસંઘમાં આ આગમસૂત્ર વાચના-પૃચ્છના-પરિવર્તના-અનુપ્રેક્ષા અને ધર્મકથામાં પુનર્જીવિત બને એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

•



ગ્રંથનામ : ષોડશાધિકાર પ્રકરણ
કર્તા : આ. શ્રી હરિભદ્રસૂ.
ભાષા : સંસ્કૃત
સમય : ૭-૮ મી સદી

૭

## યોગમાર્ગની અનુભૂતિ

આત્માને રાગ-દ્વેષથી મુક્ત કરવા જે સૂત્રો આગમગ્રંથોમાં ઉપલબ્ધ હતાં, તેને જીવનમાં અક્ષરશઃ ઉતારીને યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ અનુભૂતિનું સત્ય પ્રાપ્ત કર્યું. આ સત્ય સાથે કરુણાભાવનું મિશ્રણ થતાં જે નવસર્જન થયું, તે યોગગ્રંથોના સ્વરૂપે આપણી સમક્ષ છે. સર્જન ક્ષેત્રે પૂજ્યશ્રીનું પ્રદાન દરેક ક્ષેત્રમાં છે. છતાં તેમના ખેડાણના બે વિશિષ્ટ ક્ષેત્રો છે, દર્શન અને યોગ. દર્શનશાસ્ત્રોનું અવગાહન કરવા બુદ્ધિક્ષમતા અપેક્ષિત છે તો યોગશાસ્ત્રોનું અવગાહન કરવા સંવેદનક્ષમતા અપેક્ષિત છે. દર્શનશાસ્ત્રોનો પાયો વિચાર છે, તો યોગશાસ્ત્રોનો પાયો અનુભવ છે. બુદ્ધિક્ષમતાથી દાર્શનિક ક્ષેત્રે નિષ્ણાત બનાય, દલીલો અને તર્કોના જાણકાર અને જાદુગર બની શકાય, પણ આત્મતત્ત્વનો અનુભવ ન થઈ શકે. હા, આત્મતત્ત્વનો નિર્ણય કરવામાં દર્શનશાસ્ત્ર ઉપકારક બને, પણ તેના અનુભવ માટે તો યોગશાસ્ત્ર જ ઉપાય છે. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા અનુભૂતિના આચાર્ય છે. તેઓ એક સ્થળે ટાંકે છે -

**वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितान् यथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥**

કેવળ વાદ-વિવાદમાં અટવાયા કરતા શુષ્ક દાર્શનિકો ફરે છે ઘણું, પણ પ્રગતિ જરાય કરતા નથી. પૂ. આચાર્યદેવશ્રી તેમને ઘાણીના બળદ કહે છે. દિગ્ગજ ગણાતા દાર્શનિકો પણ સંવેદનક્ષમતાના અભાવે આત્મ અનુભૂતિથી વંચિત રહી જતા હોય છે. પૂજ્યશ્રી દાર્શનિકક્ષેત્રમાં તો શિરમોર જ રહ્યા, પરંતુ અનુભૂતિના ક્ષેત્રમાં પણ શિરમોર બની રહ્યા. ષોડશક, વિંશતિવિંશિકા, યોગશતક, યોગબિંદુ, યોગદષ્ટિસમુચ્ચય, લલિતવિસ્તરા, બ્રહ્મપ્રકરણ વગેરે પૂજ્યશ્રીએ રચેલા યોગગ્રંથો છે. સાધારણતયા ષોડશકને યોગગ્રંથ ન ગણાતા પ્રકરણગ્રંથ ગણવામાં છે. હકીકતમાં ષોડશક તો પ્રાથમિક યોગગ્રંથ છે. પૂજ્યપાદશ્રીના તમામ યોગગ્રંથોને સમજવા ષોડશક ભણવું જ પડે. પૂ. ઉપા.શ્રી યશોવિજયજી મહારાજે ષોડશક પર ટીકા રચી છે. તેનું નામ 'યોગદીપિકા' છે. ઉપાધ્યાયજી મહારાજ પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મ.ના ભાવબોધની ખૂબ નિકટ છે. તેમણે ષોડશકને યોગગ્રંથ તરીકેનું મહત્ત્વ આપ્યું છે.

સોળ આર્યાનું એક પ્રકરણ એવા સોળ પ્રકરણ આ ગ્રંથમાં છે. તેથી આ ગ્રંથ ષોડશકના નામે પ્રચલિત છે. સોળ અધિકારમાં આત્મ-વિકાસના આગમિક અને આનુભૂતિક વિકાસક્રમને આ ગ્રંથમાં ઘણી સહેલાઈથી નિરુપ્યો છે. ધર્મ એમને એમ મળતો નથી. ધર્મ શોધવો પડે છે. ધર્મને ઓળખતાં પહેલાં અધર્મને ઓળખવો પડે છે. ધર્મને નામે ચાલતાં અધર્મને ઓળખવો પડે છે. ધર્મનું લક્ષ્ય રાગ-દ્વેષનો ક્ષય હોય છે. જેને ધર્મ પામવાની ઈચ્છા છે, તે તેને મળેલા ધર્મને ચકાસશે કે, તે રાગ-દ્વેષનો ક્ષય કરવા સક્ષમ છે કે નહીં ? અહીં પરીક્ષાને અવકાશ છે. ધર્માર્થી જન પરીક્ષક હોય એ જરૂરી છે. આ પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનો અભિમત છે. માટે જ ષોડશક ગ્રંથની શરૂઆત ધર્મપરીક્ષક-અધિકારથી થાય છે.

લલિતવિસ્તરા વગેરે સૂત્રોમાં પૂજ્યશ્રીએ અપુનર્બંધક જીવોને ધર્મના અધિકારી કહ્યાં છે. ષોડશકમાં ધર્મની પરીક્ષા કરવા આવનારા જીવોની ત્રણ કક્ષા દર્શાવવામાં આવી છે. બાલ, મધ્યમ અને પંડિત. જેની દષ્ટિ વેષ સુધી જ

જાય તે બાલ, વર્તન સુધી પહોંચે તે મધ્યમ, વચનોની પરીક્ષા કરે તે પંડિત. ધર્મની પ્રાપ્તિની બાબતમાં બાહ્ય વેષ અકિંચિત્કર છે. ચારિત્રમાર્ગ પણ અંતરના પરિણામ શુદ્ધ હોય તો ધર્મ બને છે. જે ચારિત્ર સાથે આંતરિકદોષો (પરદોષદર્શન, હીનગુણદ્વેષ, આત્મશ્લાઘાની ઇચ્છા વગેરે) દૂર કરવાનો પ્રયત્ન જ ન હોય અને બાહ્ય દોષોના ત્યાગનો અતિ આગ્રહ હોય તે ચારિત્ર પરિશુદ્ધ નથી. નિંદા, અપરિશુદ્ધ ચારિત્રથી જન્મતો બીજો દોષ છે. આમ તાત્ત્વિક કોટિના ધર્મની પ્રાપ્તિ બાલદૃષ્ટિ અને મધ્યમદૃષ્ટિ દ્વારા કરવી પ્રાયઃ અસંભવ છે. વચનપરીક્ષા તાત્ત્વિક ધર્મપ્રાપ્તિનો રાજમાર્ગ છે. જે વચનો પ્રમાણથી બાધિત ન થતા હોય, જેમાં ઉત્સર્ગ અપવાદનો ઉચિત સમન્વય હોય, જેનું ઐદંપર્ય=તાત્પર્ય શુદ્ધ હોય, તે વચનો ઉપાદેય છે.

ધર્મની પરીક્ષા કરવા આવતા જીવની કક્ષા મુજબ તેને આત્મવિકાસનો માર્ગ દર્શાવવો, એ ધર્મદેશકનું કર્તવ્ય છે. બાલ-મધ્યમ-બુધ જીવોના લક્ષણ વ્યાપારાદિનું વિવેચન પ્રથમ ષોડશકમાં છે.

બીજા ષોડશકમાં ધર્મદેશકનું કર્તવ્ય, ધર્મદેશકના ગુણો અને ધર્મદેશનાનું ફળ વર્ણવાયું છે.

ત્રીજા ષોડશકમાં ધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે. ધર્મતત્ત્વની ખૂબ જ ઉત્કૃષ્ટ છણાવટ આ અધિકારમાં થઈ છે. ધર્મ ચિત્તમાં જન્મે છે. ચિત્તના શુભભાવોની પુષ્ટિ અને અશુભભાવોની શુદ્ધિ એ ધર્મ છે. પુષ્ટિ નિરંતર ચાલે તો મોક્ષનું કારણ બને. તેમનો આ અનુબંધ પ્રણિધાન વગેરે પાંચ આશયોથી ચાલે છે.

ધર્મ ચિત્તના પરિણામ સ્વરૂપ છે. ચિત્તના પરિણામો ખૂબ જ સંકુલ (Complex) છે. તેમને ઓળખવા અઘરા છે. પરિણામો વિચાર કે ક્રિયા દ્વારા જાણી શકાય છે. પરિણામો ધર્મમય છે કે નહિં તે જાણવાના ત્રણ લિંગ છે. ૧) ગુણો, ૨) દોષોનો અભાવ, ૩) ભાવનાનો અભ્યાસ.

ગુણો પાંચ છે. ઉદારતા, દાક્ષિણ્ય, પાપની જુગુપ્સા, નિર્મલબોધ, લોકપ્રિયતા.

વિષયની તૃષ્ણા, દૃષ્ટિ સંમોહ (દૃષ્ટિવિપર્યાસ) ધર્મમાં અરુચિ અને ક્રોધની આદત, આ ચાર દોષો જીવનમાં ન હોય, તો જીવનમાં ધર્મ છે એમ કહી શકાય.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને ભાવના આ ચાર ભાવનાનો વારંવાર અભ્યાસ હોય તો ધર્મ સહજ બને છે. મુખ્યત્વે મૈત્રી વગેરે ભાવનાઓ, પ્રાપ્ત

થયેલા શુભભાવને જીવંત રાખવામાં ઉપયોગી છે. ધર્મના આ લિંગોની વાત ચોથા ષોડશકમાં છે.

પાંચમા ષોડશકમાં લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિનું વર્ણન છે. ચરમાવર્તમાં આવેલાં જીવને જ આગમવચનો પરિણામ પામે છે. જેના હ્રદયમાં આગમ-વચનો પરિણત થયા છે, તે લોકોત્તરતત્ત્વસંપ્રાપ્તિના અધિકારી છે. ભાવથી અપુનર્બંધક અવસ્થા અને દ્રવ્યથી પરમાત્માનું શાસન મળે તો લોકોત્તરતત્ત્વની સંપ્રાપ્તિ થાય છે.

છઠ્ઠાથી નવમા ષોડશકમાં સ્તવપરીક્ષાનું વર્ણન છે. પૂર્વમાં રહેલાં આ પદાર્થને પૂજ્યશ્રીએ પોતાના અનેક ગ્રંથોમાં સ્થાન આપ્યું છે. જિનભવન અને જિનબિંબ નિર્માણનો વિધિ, જિનબિંબની પ્રતિષ્ઠા, જિનબિંબની પૂજાનું વિસ્તૃત વર્ણન આ અધિકારોમાં છે.

જિનપૂજાથી સદનુષ્ઠાન પ્રાપ્ત થાય છે. સર્વોત્તમ ક્રિયા માર્ગની સ્પર્શના એ ભગવાનની ભક્તિનું ફળ છે. પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ આ ચાર સદનુષ્ઠાનો છે. ભગવાનની ભક્તિ દ્વારા વચનાનુષ્ઠાનની સ્પર્શના થાય છે. વચનાનુષ્ઠાનની સ્પર્શનાથી સત્‌જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શુશ્રૂષા સત્‌જ્ઞાનનું લિંગ છે. પર અને અપર શુશ્રૂષા, શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ વગેરેનું વર્ણન દશમા અને અગિયારમા ષોડશકમાં છે.

સત્‌જ્ઞાન દીક્ષાનો અધિકાર આપે છે. દેશવિરતિ દીક્ષા પ્રાપ્ત કરવા પણ સત્‌જ્ઞાન જરૂરી છે. દીક્ષિત આત્માની વિશુદ્ધ ભાવદશાનું વર્ણન બારમા ષોડશકની વિશેષતા છે.

વિરતિના પરિણામને ઉજ્જવલ બનાવવા પાંચ ગુણો અપેક્ષિત છે ૧) ગુરુનો વિનય, ૨) સ્વાધ્યાય ૩) યોગાભ્યાસ ૪) પરોપકાર ૫) ઈતિકર્તવ્યતા.

સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન આ પાંચ યોગ છે. તેનો અભ્યાસ કરનાર સાધુ જે કંઈપણ કરે તે પરોપકાર છે.

નિયત સમયે કરવાની ક્રિયા ઈતિકર્તવ્યતા છે. સાધુપણાની ક્રિયામાં સામર્થ્ય છે, મૈત્રી વગેરે ભાવોને સિદ્ધ કરાવવાનું. આ પાંચ ગુણોનો અભ્યાસ કરવાથી યોગી બનાય છે. સિદ્ધયોગીનું ચિત્ત, માત્ર સાક્ષીભાવમય હોય છે. પ્રવૃત્તયોગીના ચિત્તમાં મૈત્રી આદિ શુભ ભાવો હોય છે, તેને માટે એ જરૂરી પણ છે. આ ભાવનાઓનો અભ્યાસ કરવાથી જ તે સિદ્ધ થાય છે. વિરાધનાનો ડર

જીવના વીર્યને વધારનારો છે. આ વીર્ય અભ્યાસમાં સહાયક છે. ગુરુવિનય અવિરાધકભાવનું મૂળ છે તો પરિપૂર્ણ યોગમાર્ગનું મૂળ નીચે મુજબના ચાર તત્ત્વો છે.

(૧) શાસ્ત્રોની કથા (શ્રવણ, વાંચન કે મનન) (૨) સત્પુરુષોનો સંગ (૩) મૃત્યુનો વિચાર (૪) સુકૃત અને દુષ્કૃતના ફળની વિચારણા.


તેરમું ષોડશક ઉપરની વાત લઈને આવે છે.

ચૌદમા ષોડશકમાં આલંબન અને નિરાલંબન યોગનું વર્ણન છે. સાલંબન યોગમાં પરમાત્માનાં રૂપનું ધ્યાન કરવાનું છે. ધ્યાન ચિત્તનો વિષય છે. અશુદ્ધ ચિત્ત અતિ ચંચળ હોવાથી તેમાં ધ્યાન સંભવતું નથી. ધ્યાનમાં બાધક બનતા ખેદ આદિ આઠ દોષોનું વર્ણન પ્રાયઃ અન્યત્ર જોવા મળતું નથી. નિરાલંબન યોગમાં ગુણોનું આલંબન હોય છે. ખેદ આદિ દોષોથી રહિત યોગીની ચિત્તદશા અને ધ્યાનના ક્રમ વગેરે બાબતો અહીં દૃષ્ટિગોચર થાય છે.

પંદરમા ષોડશકમાં ધ્યેયનું સ્વરૂપ વર્ણવ્યું છે. ધ્યાનની કક્ષાએ આ વાત અતિ મહત્ત્વની છે. જો ધ્યેય જ શુદ્ધ ન હોય તો ધ્યાન શુદ્ધ આવવાનું નથી. જગતમાં સર્વોત્તમ ધ્યેય છે અરિહંત પરમાત્માઓ અને સિદ્ધ પરમાત્માઓ.

ધ્યેય અને ધ્યાતા વચ્ચેના ભેદભાવનું વિસર્જન ધ્યાનનું ફળ છે. ધ્યાતા અને ધ્યેયની એકતાનું નામ-સમરસાપત્તિ છે. અંતિમ ષોડશકમાં તેની વિવેચના છે. આત્માના સ્વરૂપ અંગે દાર્શનિક વિમર્શ પૂજ્યશ્રીએ અહીં કર્યો છે. જુદા જુદા દર્શનોમાં આત્માનું જે એકાંત સ્વરૂપ જ પૂર્ણ સત્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે, તેને કારણે ‘સમરસાપત્તિ’ (જે યોગમાર્ગનું ચરમ ફળ છે) પ્રાપ્ત કરવામાં અનેક બાધાઓ સર્જાય છે. ધ્યાતા આત્માનું જિનોક્ત સ્વરૂપ જ સમરસાપત્તિ માટે સર્વરૂપે સુયોગ્ય છે.

આપણા શ્રી શ્રમણસંઘમાં પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-શતક-કુલક વગેરે કંઠસ્થ કરવાની જે પરંપરા છે, તેમાં યોગગ્રંથ તરીકે આ ષોડશકને પણ સ્થાન મળવું જોઈએ. એટલું જ નહિ, પ્રકરણના પદાર્થોની જેમ આ યોગગ્રંથના પદાર્થો પણ કંઠસ્થ થતા રહેવા જોઈએ અને સ્વાધ્યાયની પરિપાટીમાં ઉપસ્થિત હોવા જોઈએ. અનુભૂતિના આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના શબ્દો આપણી ભીતરના યોગમાર્ગને જગાડવાની તાકાત ધરાવે છે.



ગ્રંથનામ : લલિતવિસ્તરા
કર્તા : આ. શ્રી હરિભદ્રસૂ.
ભાષા : સંસ્કૃત
સમય : ૭-૮મી સદી

૮

# પરમ તેજનો વિસ્તાર

ઉપમિતભવપ્રપંચ કથામાં શ્રીસિદ્ધર્ષિ ગણીએ આચાર્યભગવંતશ્રી હરિભદ્રસૂરિજી મહારાજને નમસ્કાર કરતા એમ કહ્યું કે, લલિતવિસ્તરા નામની વૃત્તિ મારા માટે જ બની છે. એકવીસ વાર બૌદ્ધ દલીલો સાંભળીને જેમનું મગજ કર્કશ થઈ ગયું હતું, તેમના દિલ અને દિમાગને ફેરવીને કાયમને માટે સ્થિર કરવાનું કામ કર્યું શ્રી લલિતવિસ્તરાના શબ્દોએ ! શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કે તેમના શબ્દોનો વિશેષ પરિચય આપવાની જરૂર નથી. આભને આંબે એવું વિરાટ વ્યક્તિત્વ અને સમુદ્રના તલ કરતાં વધુ અર્થ ગંભીર કૃતિત્વ એટલે જ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ! તેમના શબ્દોમાં અનુભૂતિનો સ્પર્શ જોવા મળે છે. તેમની સર્વોત્તમ કૃતિઓમાં એક છે લલિતવિસ્તરા. પૂજ્ય સૂરિદેવ બૌદ્ધદર્શનના પારગામી વિદ્વાન હતા. દાર્શનિક ક્ષેત્રે બૌદ્ધ દર્શન તર્કોની બાબતમાં અકાટ્ય ગણાય છે. બૌદ્ધ સાહિત્યમાં લલિતવિસ્તર નામનો ગ્રંથ પ્રસિદ્ધ છે. વિષયની દૃષ્ટિએ આ બંને ગ્રંથોમાં મોટું અંતર છે.

લલિતવિસ્તરામાં ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા છે. ચૈત્યવંદન એટલે હમણાં જેને દેવવંદન કહે છે, તેનાં સૂત્રો. નમુત્થુણં, જયવીયરાય, અરિહંત ચેઈયાણં, અન્નત્થ, લોગસ્સ, પુક્ખરવર અને સિદ્ધાણં બુદ્ધાણંઃ આટલા સૂત્રોના અર્થની રસાળ વિવેચના એટલે જ લલિતવિસ્તરા. ગણધર પ્રભુના શબ્દોમાં રહેલા ભાવોને અદ્‌ભુત રીતે આમાં શ્રીહરિભદ્રાચાર્યે અભિવ્યક્ત કર્યા છે.

ચૈત્યવંદન કરવાથી શુભભાવો જન્મે છે. શું ગમે તેમ ચૈત્યવંદન કરવાથી શુભભાવ આવી જાય ? પૂ.આ.શ્રી હરિભદ્ર સૂરિજી મ. કહે છે કે, શુભભાવો લાવવા ચૈત્યવંદન સારી રીતે કરવું જોઈએ. સારી રીતે ચૈત્યવંદન કરવાની પાંચ પૂર્વશરતો છે. એક, ચૈત્યવંદન વિધિ મુજબ કરવું જોઈએ. બે, ચૈત્યવંદન કરતી વખતે ધ્યાન ચૈત્યવંદન સિવાય બીજે ન હોવું જોઈએ. ત્રણ, મનમાં કોઈ તુચ્છ ફળની ઈચ્છા ન હોવી જોઈએ. ચાર, સમ્યગ્દર્શનની સ્પર્શના હોવી જોઈએ (મિથ્યાત્વ મંદ પડેલું હોય) પાંચ, હૃદયમાં ભારોભાર ભક્તિ હોવી જોઈએ.

અનધિકારી જીવોને ધર્મ અપાય નહીં. જેમને ધર્મ પર અતિશય બહુમાન હોય, વિધિપૂર્વક ધર્મ કરવાની ઉત્કંઠા હોય અને જેમનું આચરણ સારું હોય તેવા જીવો ધર્મના અધિકારી છે. આ ત્રણ લક્ષણવાળા જીવોને ઓળખવા માટે પાંચ-પાંચ ચિહ્નો છે. કોઈને ધર્મ ઉપર અતિશય બહુમાન છે, એ કેવી રીતે જાણી શકાય ? જેને ધર્મ ઉપર અતિ બહુમાન હોય તેને ધર્મની વાત કરવામાં અને સાંભળવામાં આનંદ આવે, તે ક્યારેય ધર્મની નિંદા સાંભળે નહીં, ધર્મની નિંદા કરનાર વ્યક્તિ પર તેને દયા આવે. તેની ધર્મની ઈચ્છા એટલી પ્રબળ હોય કે વારંવાર તેનું મન ધર્મમાં જતું રહે અને તેને નવો નવો ધર્મ જાણવાની અપાર જિજ્ઞાસા હોય.

ધર્મ વિધિપૂર્વક થાય છે કે નહીં ? તે કેવી રીતે જાણી શકાય ? વિધિપૂર્વક ધર્મ કરનારો ધર્મદાતા ગુરુનો વિનય ક્યારેય ન ચૂકે. જે ક્રિયા જે સમયે કરવાની હોય તેને સમયે જ કરવાનો આગ્રહ રાખે. જે ક્રિયામાં જે મુદ્રા દર્શાવી છે તે જ રીતે મુદ્રા રાખે. તેના સૂત્રોચ્ચાર સ્પષ્ટ અને સ્વરયુક્ત હોય. જે ક્રિયા કરી રહ્યો છે તેમાં તેનો ઉપયોગ બરોબર પ્રવર્તતો હોય.

સારા આચરણવાળી વ્યક્તિ તરત ઓળખાઈ જાય છે. તે લોકપ્રિય હોય. તેનું એકપણ વર્તન અજુગતું ન હોય, સંકટના સમયમાં તે ધીરજ રાખી શકે.

પોતાની શક્તિ મુજબ ત્યાગ કરતો હોય અને પરિણામનો વિચાર કરીને પગલું ભરતો હોય. ધર્મના અધિકારી જીવો અને તેમના લક્ષણ પ્રાયઃ અન્ય ગ્રંથોમાં જોવા મળતા નથી.

અધિકારી વ્યક્તિની વિચારણા કરતા સત્ત્વની વાત અવશ્ય વિચારવી જોઇએ. નબળા સત્ત્વવાળા જીવો ધર્મ લાયક બની શકતા નથી. માનસિક સ્તરે સત્ત્વ વધારવા શું કરવું તેનો માર્ગ શ્રીહરિભદ્રાચાર્ય દર્શાવે છે કે – પ્રભુ વચનોની ગંભીરતા હૃદયમાં ઉતારવી, બીજા ધર્મોની સ્થિતિ જોઇને ભગવાનનો ધર્મ કઈ રીતે શ્રેષ્ઠ છે તે વિચારવું. બીજા ધર્મની કઈ વાત ભગવાનના વચનને સંગત છે અને કઈ વાત અસંગત છે તે વિચારવું. મહાપુરુષોને આદર્શ બનાવી તે મુજબ જીવન જીવવાની કોશિશ કરવી. સત્ત્વ વિનાના જીવોને ભગવાનના વચનો સાંભળીને ગભરાટ છૂટે છે. તેમને ભગવાનના વચનો સમજાતા નથી. કહ્યું કંઈ હોય અને સમજે કંઈ. બુદ્ધિભેદને કારણે તેનું અલ્પ સત્ત્વ ચલિત થઈ જાય છે, પોતે કલ્પેલું ફળ ન મળવાથી તેઓ દીન બની જાય છે. મોહને અવકાશ મળતા મોહની વૃદ્ધિ થાય છે અને જીવનું પતન થાય છે. માટે અયોગ્યને તે ધર્મ અપાય નહીં.

ચૈત્યવંદનનો વિધિ જણાવતા શ્રીહરિભદ્રાચાર્ય કહે છે, ભગવાનની સ્તુતિ કરતી વખતે આનંદના અશ્રુથી આંખો ઊભરાઈ જવી જોઇએ. શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડા ખુશીથી નાચી ઉઠવા જોઇએ. ચૈત્યવંદનના સૂત્રોની વ્યાખ્યા કરતા પૂર્વે પૂજ્યશ્રીએ તેની સફળતાના સાત પગથિયા બતાવ્યા છે.

એક, જે શાસ્ત્ર વાંચવું છે તેને જાણવાની ઇચ્છા હોવી જોઇએ.

બે, શાસ્ત્રનો બોધ હૃદય સુધી પહોંચાડે તેવા ગુરુનો યોગ મળવો જોઇએ.

ત્રણ, શાસ્ત્ર સાંભળવાનો વિધિ સાચવવો જોઇએ.

ચાર, ગુરુ પાસેથી મળતા બોધને હૃદયમાં પરિણામ પમાડવાની લગન હોવી છે.

પાંચ, પામેલા બોધની સ્થિરતા સંપાદન કરવાની મહેનત જોઈએ. પોતાને મળેલી જાણકારીનું અભિમાન થાય તો બોધ સ્થિર થતો નથી. અજ્ઞાન વ્યક્તિની મશ્કરી કરવાથી બોધ જતો રહે છે. અજ્ઞાની સાથે વિવાદ કરવાથી કે કોઇનો બુદ્ધિભેદ કરવાથી પણ બોધ અસ્થિર બને છે.

છ, બોધ દ્વારા જે આચારનો ઉપદેશ થાય છે તેનો તત્કાળ અમલ કરવો.

સાત, સંસાર અસાર ભાસે તો જ ઉપદેશ સફળ થાય છે.

નમુત્થુણં સૂત્રની વ્યાખ્યામાં ગ્રંથકારે અનેક દર્શનાંતરીય પ્રવાહોનું નિરાકરણ કર્યું છે. તેમની દાર્શનિક પ્રૌઢતા અને ગંભીરતા એક-એક પદની વ્યાખ્યામાં પ્રગટ થાય છે. ધમ્મદયાણં પદની વ્યાખ્યા કરતા પૂજ્યશ્રી ફરમાવે છે કે – ચારિત્ર ધર્મ ભગવાનના અનુગ્રહ વિના મળતો નથી. ભગવાન ધર્મના દેશક છે. સંસાર સળગતા ઘર જેવો છે. તેને બૂઝવી શકવાની તાકાત કેવળ ધર્મમાં છે. ધર્મ દ્વારા અંતરમાં લાગેલી તૃષ્ણાની આગને બૂઝાવવાનો માર્ગ લલિતવિસ્તરા દર્શાવે છે. ભગવાનના શબ્દોનો અનન્યભાવે સ્વીકાર કરવો. શાસ્ત્રજ્ઞ મહાપુરુષની સેવા કરવી, ખોટી અપેક્ષાઓ છોડી દેવી. આજ્ઞાને પ્રધાન માનીને જીવવું. પ્રણિધાન કરવું. ધર્મરૂપી શરીરને સાધુઓની સેવા કરીને પુષ્ટ કરવું. શાસનની નિંદા થાય તેવું કરવું નહીં. ધર્મની દરેક વાતમાં વિધિપૂર્વક પ્રવૃત્તિ કરવી. સૂત્ર દ્વારા આત્માના રાગ વગેરે પરિણામને જોવા. ધર્મની પ્રવૃત્તિ કરતા સારા નિમિત્તો જોઈ લેવા. જે યોગ સિદ્ધ થયા ન હોય ને યોગમાં વિશેષ મહેનત કરવી. સંસારમાં સામા પ્રવાહે તરવાની હિંમત કેળવી લેવી. તકલીફો આવવી સંભવિત હોવાથી તેના ઉપાય પહેલેથી જ વિચારી રાખવા.

અરિહંતચેઈયાણં સૂત્રમાં 'શ્રદ્ધા'ની અદ્‌ભુત વ્યાખ્યા કરી છે. શ્રદ્ધા એટલે પોતાની ઈચ્છા. બળજબરીથી થતી ક્રિયામાં શ્રદ્ધા નથી હોતી. શ્રદ્ધા ચિત્તની પ્રસન્નતા છે (चेतसः प्रसादः) શ્રદ્ધા ચિત્તના કલેશને દૂર કરે છે. (चित्त कालुष्यानपायी धर्मः ।)

કાઉસ્સગ્ગમાં શેનું ધ્યાન કરી શકાય ? આ પ્રશ્નનો જવાબ લલિત વિસ્તરામાં મળે છે. કાઉસ્સગ્ગમાં શ્વાસોચ્છ્વાસની સંખ્યા મહત્ત્વની છે. ધ્યાનનો વિષય મુખ્ય નથી. સાધકના પરિણામ મુજબ ભગવાનના ગુણોનું ધ્યાન થઈ શકે, સ્થાન-વર્ણ-અર્થનું ધ્યાન થઈ શકે અથવા આત્માને નડતા દોષોના વિરોધી ગુણોનું પણ ધ્યાન થઈ શકે છે. ધ્યાન વિવેકની ઉત્પત્તિનું કારણ છે. આ રીતે ધ્યાન કરવાથી ઉપયોગ શુદ્ધ બને છે.

પુક્ખરવરદી સૂત્રની વ્યાખ્યામાં માર્મિક વિધાન છે - મોક્ષના અર્થીએ રોજ જ્ઞાનની વૃદ્ધિ કરવી જ જોઇએ. અપૂર્વજ્ઞાનની પ્રાપ્તિમાં પ્રયત્ન કરવો, એ


તીર્થંકર નામકર્મનું કારણ છે.

ચૈત્યવંદનની સિદ્ધિ માટે તેત્રીસ ગુણો કેળવવાનો અંતિમ ઉપદેશ લલિત વિસ્તરામાં છે. ખોટા મિત્રોને છોડી દેવા, કલ્યાણમિત્રો બનાવવા, ઔચિત્ય-મર્યાદામાં રહેવું, લોક વ્યવહાર મુજબ જીવવું, વડીલોને માન આપવું, તેમની દરેક વાત માનવી, દાન કરવું, ભગવાનની ઉદાર પૂજા કરવી, સાધુ ભગવંત પાસે જવું, વિધિપૂર્વક શાસ્ત્ર સાંભળવું, સાંભળેલા વચનોને પ્રયત્નપૂર્વક ભાવનામાં ફેરવવા, વિધિપૂર્વક પ્રવૃત્તિ કરવી, ધીરજ રાખવી, ભાવિભાવ પરિણામ જોવું, મૃત્યુને નજર સમક્ષ રાખવું, પરલોક પ્રધાન જીવન જીવવું, ગુરુઓની સેવા કરવી, યોગપદના દર્શન કરવા, મનમાં યોગપદની સ્થાપના કરવી, વિક્ષેપ થાય તેવા કામ છોડી દેવા, યોગ સિદ્ધિ કરવા મહેનત કરવી, ભગવાનની પ્રતિમા કરાવવી, ભગવાનના વચનો લખાવવા, મંગલ જાપ કરવો, ચાર શરણાંનો સ્વીકાર કરવો, સુકૃતની અનુમોદના કરવી, દુષ્કૃતની નિંદા કરવી, મન્ત્ર દેવતાની પૂજા કરવી, સારા ચરિત્રો સાંભળવા, ઉદાર બનવું, મહાન પુરુષોને નજર સામે રાખીને દરેક પ્રવૃત્તિ કરવી.

ગ્રંથની પૂર્ણાહુતિ કરતા શ્રીહરિભદ્રાચાર્યે બે વાતો બહુ સરસ કરી છે - સામાવાળો માણસ શું કહેવા માંગે છે, એ જાણ્યા સમજ્યા વિના તેને સારું કે ખરાબ ન કહેવું. સમજ ન પડે ત્યાં સુધી પ્રશ્ન કરવા (અભિપ્રાયમાં ઉતરી પડવું નહીં). બીજી વાત, પ્રશ્ન ક્યારે કરવો ? પોતાની પરીક્ષા કરવા પ્રશ્ન કરી શકાય. (હું સમજ્યો છું તે સાચું છે કે ખોટું તે જાણવા) બીજાની પરીક્ષા કરવા પ્રશ્ન ન કરી શકાય. જ્ઞાનમાં વૃદ્ધિ થાય એ માટે પ્રશ્ન કરી શકાય અને મનમાં સંશય જાગ્યો હોય તે દૂર કરવા પ્રશ્ન કરી શકાય.

'પરમતેજ' નામે લલિતવિસ્તરા ગ્રંથ પર કરાયેલ પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજનું વિવેચન ગુજરાતી તથા હિંદીમાં ઉપલબ્ધ છે. પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરિજી મહારાજે (પૂ.આ. શ્રી લબ્ધિસૂરિજી મ.ના શિષ્ય) આ ગ્રંથ પર ટીકા પણ રચી છે.

•



ગ્રંથનામ : નિઘંટુશેષ
કર્તા : આ. શ્રી હેમચંદ્રસૂ.
ભાષા : સંસ્કૃત
સમય : ૧૨મી સદી

૯

## વનરાજીની વ્યાખ્યા

કલિકાલસર્વજ્ઞ પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે વ્યાકરણની રચના કરી, તે પછી તેના પૂરક કોશશાસ્ત્રની રચના કરી. સંસ્કૃત સાહિત્યમાં વિદ્વાન સાબિત થવા માટે ચાર શાખાઓનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. વ્યાકરણ, કોશ, કાવ્ય અને ન્યાય. નિઘંટુશેષ એક કોશ છે. અને તે પણ વૃક્ષો-ધાન્ય-છોડવેલના નામોનો કોશ. સંસ્કૃતમાં એક સરસ સુભાષિત છે - લડવા જતા સૈનિકના હાથમાં હથિયાર ન હોય, તો તે હાસ્યાસ્પદ બને, વ્યાકરણ ભણ્યા વિના પોતાને વિદ્વાન ગણાવનાર હાસ્યાસ્પદ બને, તેમ નિઘંટુ ભણ્યા વિના વૈદ્ય પણ હાસ્યાસ્પદ બને.

પ્રાચીન ભારતમાં આયુર્વેદ ખૂબ વિસ્તરેલું હતું. તક્ષશિલાની વિદ્યાપીઠ વૈદ્યશાસ્ત્રના અભ્યાસ માટે વિશ્રુત હતી. મગધરાજ શ્રેણિકના રાજવૈદ્ય જીવકે અહીં સાત વર્ષ અભ્યાસ કર્યો હતો. તેણે રાજા ચંડપ્રદ્યોતની પણ દવા કરી હતી. તેણે એક પ્રસિદ્ધ વેપારીના માથાની કુશળતાપૂર્વક શસ્ત્રક્રિયા કરી હતી, તેવો ઉલ્લેખ વિનયપિટકમાં મળે છે. વૈદ્યક વિષયમાં નામાંકિત વૈદ્યો કરતા તે ઘણો આગળ હતો. તક્ષશિલામાં છ વરસ સુધી અભ્યાસ કર્યા પછી

પણ તેના આચાર્યએ તેને કાંઈ ન કહ્યું, એટલે તેણે સ્વયં ‘મારું શિક્ષણ ક્યારે પૂરું થશે ?’ એવો પ્રશ્ન કર્યો. આચાર્યે તેને કોદાળી આપીને કહ્યું કે, તક્ષશિલાની ચારે બાજુ ફરીને ઔષધિ તરીકે નિરુપયોગી હોય, તેવી વનસ્પતિ લઈ આવ. જીવકે ઘણી રઝળપાટ કરી, પણ તેને નકામી કોઈ વનસ્પતિ ન મળી. પાછા ફરીને તેણે ગુરુજીને વાત કરી, ત્યારે આચાર્યે તેને કહ્યું કે - તે મેળવેલું જ્ઞાન આજીવિકા માટે પૂરતું છે. હવે તું ઘરે જઈ શકે છે અને વાટ-ખર્ચીના રૂપિયા આપ્યા. જીવકને સાત વર્ષ સુધી મળેલું શિક્ષણ આચાર્યની દૃષ્ટિએ કેવળ આજીવિકા પૂરતું જ હતું.

નિઘંટુ વનસ્પતિઓનો કોશગ્રંથ છે. કોશ ગ્રંથનું કામ છે - પદાર્થનો શાબ્દિક પરિચય આપવો. તે માટે શબ્દના અર્થ આપવા, તેનું ચોક્કસ શાબ્દિક વર્ગીકરણ કરવું. અને તેના પર્યાયવાચી શબ્દો દર્શાવવા. નિઘંટુ શેષની ૪૦૧ ગાથાઓમાં આખું જંગલ સમાઈ ગયું છે. મૂળ ગાથાઓમાં કેવળ પર્યાયવાચી સંસ્કૃત શબ્દો છે. વાચનાચાર્ય શ્રીવલ્લભગણીએ તેની પર ટીકા રચીને તેના તે કાળની લોકબોલીમાં પ્રસિદ્ધ નામ દર્શાવી દરેક વૃક્ષની તલસ્પર્શી ઓળખ આપી છે. તેમણે ટીકાની એક એક શબ્દની વ્યાકરણસિદ્ધ વ્યુત્પત્તિ કરી છે. આ મહત્ત્વપૂર્ણ ગ્રંથનું સંપાદન શ્રી પુણ્યવિજયજી મહારાજ દ્વારા થયું છે. અને તેની પ્રસ્તાવનામાં બાપાલાલ વૈદ્ય જણાવે છે કે, નિઘંટુશેષ પહેલા પાંચ વનસ્પતિકોશ બન્યા છે. ધન્વંતરિ નિઘંટુ, મદનપાલ નિઘંટુ, રાજનિઘંટુ, દ્રવ્યગુણ સંગ્રહ અને રાજવલ્લભનો નિઘંટુ. આ પાંચ નિઘંટુઓમાં વનસ્પતિઓનું વૈજ્ઞાનિક વર્ગીકરણ નથી, નિઘંટુ શેષમાં કરવામાં આવેલું વર્ગીકરણ અપૂર્વ, મૌલિક અને શ્રેષ્ઠ છે. નિઘંટુશેષમાં વનસ્પતિઓને પાંચ ભાગમાં વહેચવામાં આવી છે. વૃક્ષ, ગુલ્મ, લતા, તૃણ અને ધાન્ય. વૃક્ષ એટલે શાખાવાળું, લતા એટલે વેલ, તૃણ એટલે ઘાસ અને ધાન્ય એટલે અનાજ, ગુલ્મ એટલે જેને શાખા ઓછી હોય, પત્ર-ફળ અને ફૂલ વધારે હોય.

નિઘંટુશેષમાં આપવામાં આવેલી વનસ્પતિઓની નામ જ તેમનો ઘણો ખરો પરિચય આપી દે છે. વૃક્ષના પાંદડા કેવા છે ? ફળ કેવા છે ? છાલ કેવી છે ? ફૂલો કેવા છે ? તે કઈ ઋતુમાં ઉગે છે ? તેના ઔષધીય ગુણો કયા કયા છે ? તેની રસપ્રદ માહિતી આ ગ્રંથમાં જોવા મળે છે.

વનસ્પતિઓનો પર્યાવરણ પર પ્રભાવ પડે છે. આરોગ્ય પર પણ પ્રભાવ પડે છે. ધર્મની પૂજા વગેરેની વિધિમાં વનસ્પતિઓનો ઉપયોગ થાય છે. આપણી પૂજા વિધિમાં વપરાતી તે તે ઔષધિઓ કે વનસ્પતિઓનો કેવો કેવો પ્રભાવ છે, તેનો અભ્યાસ થવો જોઈએ. પૂ.આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે 'પાઠશાળા'માં આ બાબતનો બે વાર ઉલ્લેખ કર્યો છે. ભગવાનના પ્રક્ષાલ જલમાં કપૂર કાચલીનું ચૂર્ણ મેળવવું. કપૂરકાચલી કલીનીંગ એજંટ છે. ઉબટનમાં તેનો ઉપયોગ થાય છે.

ભગવાનના પક્ષાલ જલમાં કેસુડાંના સૂકાં ફૂલ પણ નાંખવા જોઈએ. કેસૂડાંના ફૂલ સુગંધના સંવાહક છે, સાથે જ સુંદર વર્ણના વાહક પણ છે. પ્રક્ષાલના ઉપયોગમાં લેવાતું દૂધ પણ બેસ્ટ ક્લીનીંગ એજંટ છે.

'પાઠશાળા'માં વનસ્પતિનો મન પર શું પ્રભાવ પડે છે, તે પણ નોંધ્યું છે. ખીજડાના ઝાડ નીચે બે સગા ભાઈ બેસે તો પણ ઝઘડો થાય. અશોકના ઝાડ નીચે બેસવાથી ગમે તેવું દુઃખ શાંત થઈ જાય છે. (આસોપાલવનના વૃક્ષથી અશોકનું વૃક્ષ તદ્દન ભિન્ન છે, તે હવે સાબિત કરવાની જરૂર નથી.) નિઘંટુશેષમાં સહુથી પહેલા અશોકના ઝાડના નામ દર્શાવ્યા છે.


કોશ-શાસ્ત્રમાં કેવળ એક જ પદાર્થના અનેક નામોનો સંગ્રહ હોય છે. નિઘંટુશેષમાં દર્શાવવામાં આવેલા પર્યાયવાચી નામો તે તે વૃક્ષની વિશેષતા પણ દર્શાવે છે. અશોક વૃક્ષ માટે કહેવાયું છે કે તે શોક નાશક છે. (शोकनाशनः) વનસ્પતિ કોશમાં અશોક વૃક્ષની ખાસિયત એ દર્શાવવામાં આવી છે કે, તેના પાંદડા સ્વાભાવિક રીતે જ જમીન તરફ નમી જતા હોય છે. આના પરથી એવો ઉપદેશ તારવવામાં આવ્યો છે કે, જેને નમતા આવડે તેના મનમાં શોક લાંબો સમય ટકે એ બને નહીં. ભગવાનના સમવસરણમાં અશોકવૃક્ષ પ્રાતિહાર્ય તરીકે શોભે છે. તેનું કારણ તેના પર્ણોની નમ્રતા તો નહીં હોય ? ચોવીસ તીર્થંકર ભગવંતોનાં કેવળજ્ઞાન કલ્યાણક ચોક્કસ વૃક્ષ નીચે થયા છે. આ વૃક્ષોની પોતાની વિશેષતા હશે. નિઘંટુશેષ જેવા શાસ્ત્રો આવા સંશોધન માટે મહત્ત્વપૂર્ણ માહિતી સ્રોત સાબિત થઈ શકે છે.

નિઘંટુશેષનું પ્રસ્તુત સંપાદન અતિશ્રેષ્ઠ છે. જે વિષયનું શાસ્ત્ર હોય તે વિષયના અન્ય ગ્રંથોનું અવગાહન કરીને તુલનાત્મક સામગ્રી પૂરી પાડવાનું કાર્ય

સંપાદકનું છે. આ સંપાદનમાં આઠ પરિશિષ્ટોમાં આવી સામગ્રી ઉપલબ્ધ છે. ગ્રંથ વાંચવામાં સુગમતા અને સરળતા રહે તે માટે પરિશિષ્ટોમાં શબ્દ અને તેના અર્થો આપવામાં આવ્યા છે. તપમાં વપરાતી અણાહારી ઔષધિઓનો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. તે ઔષધિઓના મૂળનામ શોધવામાં નિઘંટુશેષ ઘણો જ ઉપયોગી સાબિત થશે. રોજબરોજ રસોઈમાં વપરાતા અનાજ-શાક-મસાલા વગેરેનો પણ પરિચય આ કોશમાંથી મળી રહે છે.

આપણી આસપાસમાં વસતી, અને જીવન શક્તિ પૂરી પાડવામાં સહાયક બનતી વનરાજીઓનો પરિચય પામવા 'નિઘંટુકોશ'રૂપ શબ્દોના આ જંગલમાં વિહરવું જ રહ્યું.

•



ગ્રંથનામ : જયંતી પ્રકરણ સહ વૃત્તિ

કર્તા : માનતુંગસૂ.

ભાષા : સંસ્કૃત

સમય : ૧૨-૧૩મી સદી

## ૧૦

# સુશ્રાવિકા જયંતીની જિજ્ઞાસા

શ્રી ભગવતીસૂત્ર પ્રશ્નોત્તર રૂપે તત્ત્વનિરૂપણ કરતું આગમ છે. તેનું ખરું નામ વિવાહપન્નત્તિ છે. આ આગમ સૂત્રમાં અનેક જિજ્ઞાસુઓએ પ્રભુવીરને પૂછેલા પ્રશ્નો અને પ્રભુએ આપેલા ઉત્તરોનો સંગ્રહ છે. વર્તમાનમાં ઉપલબ્ધ આગમોમાં સહુથી મોટું કદ આ આગમ ધરાવે છે. ભગવતી સૂત્રમાં કેવળ ગૌતમ સ્વામીજીએ જ પ્રશ્ન પૂછ્યા છે તેવું નથી, બીજા અનેક જિજ્ઞાસુઓએ પણ પૂછ્યા છે. પરમાત્માની અનુયાયિની શ્રી જયંતી નામની શ્રાવિકાએ પણ પરમાત્માને પ્રશ્નો પૂછ્યા છે.

શ્રી જયંતી શ્રાવિકા કૌશાંબીના શતાનીક રાજાના બહેન હતા. પ્રભુના પરમ ભક્ત ઉદાયન રાજાની ફોઈ હતા. રાજા ઉદાયનની માતા મૃગાવતી હતા. જયંતી શ્રાવિકાએ પ્રભુ વીર કૌશાંબી પધાર્યા, ત્યારે સાધુ ભગવંતોને રહેવા પોતાની વસતિનું દાન કર્યું હતું, તેથી તેઓ પ્રથમ શય્યાતરી તરીકે વિશ્રુત થયા. (આજકાલ ઘણા લોકો પૂ. સાધુ-સાધ્વીજીઓને વસતિદાન કરતા અચકાય છે. સોસાયટીમાં કે ઘરની નજીક ઉપાશ્રય પણ લોકોને ગમતો નથી. ધર્મી જૈન ગણાતા લોકોને પણ આસપાસમાં ત્યાગી મુનિ ભગવંતોની

ઉપસ્થિતિ ખટકે છે.) દેરાસરમાં પહેલી પૂજાનો ચઢાવો લઈને લાભ પામનાર વ્યક્તિ પોતાની જાતને નસીબવંત માને તેમ જયંતી શ્રાવિકાએ કૌશાંબીમાં પધારેલા મુનિભગવંતોને પ્રથમ વસતિદાન કરવાનો લાભ મેળવ્યો હતો.

ઉદાયન રાજા પરમાત્માને વંદન કરવા ગયા. પ્રભુની દેશના બાદ સહુ વિદાય થઈ ગયા પછી જયંતી શ્રાવિકાએ પરમાત્માને છ પ્રશ્ન પૂછ્યા છે. પ્રભુએ તેના જવાબ આપ્યા. શ્રી ભગવતી સૂત્રના બારમાં શતકના બીજા ઉદ્દેશામાં આ પ્રશ્નોત્તરનો સંગ્રહ છે. આજથી લગભગ ૮૦૦ વરસ પહેલા થયેલા પૂ.આ. શ્રી માનતુંગસૂરિજી મહારાજે તેના આધારે જયંતી પ્રકરણની રચના કરી છે. મૂલ ગ્રંથ કેવળ ૨૯ ગાથાનો છે. તેની ઉપર ગ્રંથકર્તાના શિષ્ય પૂ. આ શ્રી મલયપ્રભસૂરિજી મહારાજે ૬૬૦૦ શ્લોક જેટલી ટીકા રચી છે. (વિ.સં. ૧૨૬૦, જેઠ વદ ૫) શ્રાવકોને આગમો વાંચવાનો અધિકાર નથી. પૂર્વાચાર્યોએ આગમો ઉપરથી પારાવાર પ્રકરણો રચ્યા છે. આ પ્રકરણો શ્રાવકો વાંચી શકે છે. પ્રકરણોમાં આગમોના લગભગ બધા જ પદાર્થો સમાઈ જાય છે. આજે તો ઘણા ખરા પ્રકરણોના અનુવાદ પણ ઉપલબ્ધ છે. જે શ્રાવકે પ્રાથમિક જીવવિચાર, નવતત્ત્વ વગેરે પ્રકરણ અને કર્મગ્રંથનો ગુરુભગવંત કે શ્રાવક પાસે અભ્યાસ કર્યો હોય, તેને આ પ્રકરણોનો અર્થ અને ભાવ સમજવામાં મુશ્કેલી પડે નહીં. આ પ્રકરણમાં નીચે મુજબ પ્રશ્નોત્તરો છે.

(૧) પ્રશ્ન : જીવો ભારેકર્મી કેવી રીતે થાય છે ?

જવાબ : અઢાર પાપસ્થાનકના સેવનથી.

(૨) પ્રશ્ન : ભવ્યત્વ અને અભવ્યત્વ જીવનો સ્વભાવ છે કે પરિણામ છે ?

જવાબ : સ્વભાવ છે.

(૩) પ્રશ્ન : જાગૃતદશા સારી કે અજાગૃત દશા સારી ?

જવાબ : જીવ ધર્મી હોય તો જાગેલા સારા. પાપી જીવ સૂતેલા સારા.

(૪) પ્રશ્ન : નિર્બળતા સારી કે સબળતા ?

જવાબ : પાપી જીવ દુર્બળ હોય તો સારા, ધર્મી સબળ સારા.

(૫) પ્રશ્ન : ઉદ્યમી જીવ સારા કે આળસુ જીવ સારા ?

જવાબ : ધર્મી જીવ ઉદ્યમી હોય તો સારા, પાપી જીવ આળસુ સારા.

(૬) પ્રશ્ન : ઈંદ્રિયની પરવશતાથી જીવને શું નુકશાન થાય ?

જવાબ : ઈંદ્રિયોના વિષયમાં આસક્ત બનેલો જીવ ચીકણાં કર્મ બાંધે છે.

છઠ્ઠા પ્રશ્નોત્તરમાં પાંચે ઈંદ્રિયના પાંચ અલગ અલગ પ્રશ્નો છે, તેથી પ્રશ્નોત્તરની સંખ્યા દસ થાય છે. જયંતીપ્રકરણ પર ગ્રંથ કર્તાના સ્વશિષ્ય પૂ.આ. શ્રી મલયપ્રભસૂરિજી મહારાજે વિવરણ રચ્યું છે. વિવરણકારના શબ્દો મુજબ પ્રકરણનું નામ 'જયંતી પ્રશ્નોત્તર પ્રકરણ' હોવું જોઈએ (प्रश्नोत्तरप्रकरणे पुष्पिका–१५) વૃત્તિકાર આચાર્યભગવંતના ભાણિયાએ દીક્ષા લીધી હતી. તેમનું નામ 'ધર્મચંદ્રગણિ' હતું. શિષ્ય પરિવારની વિનંતિ અને ભાણિયા મુનિવરના આગ્રહથી તેમણે આ ટીકા રચી. પોતાના ગુરુએ રચેલા ગ્રંથ ઉપર ટીકા બનાવવાથી ગુરુભક્તિનો પણ લાભ મળશે એવો ઉમદા વિચાર ટીકા રચના માટે પ્રેરક બની રહ્યો. શ્રી ધર્મચંદ્ર ગણિવરનો ઉપકાર કે આ ગ્રંથ ઉપર ટીકા રચવા પ્રેમાળ આગ્રહ કર્યો.

ટીકામાં સૂરિભગવંતે દરેક વિષયની અલગ અલગ છપ્પન કથાઓ રચી છે. આ કથાઓ રસ પડે તેવી પ્રાકૃત ભાષામાં રચાઈ છે. મોક્ષના અભિલાષને બળવત્તર બનાવે એવી કથાની નિરૂપણશૈલી છે. અનુપ્રાસ, વિષયને અનુરૂપ સુભાષિતો દ્વારા રજૂઆત બળવત્તર બની છે.

ગ્રંથની શરૂઆતમાં શ્રાવિકા જયંતીની કથા વૃત્તિકારે વિસ્તારથી આલેખી છે. શ્રીવીરપ્રભુ કૌશાંબીમાં પધાર્યા. સમવસરણ રચાયું, પરમાત્માએ દેશના આપી. વિષય હતો. ચાર પ્રકારનો ધર્મઃ દાન-શીલ-તપ અને ભાવ. દાનના અભયદાન વગેરે પ્રકાર છે. વૃત્તિકારે તે દરેક મુખ્ય પ્રકારને અનુલક્ષીને કથા કહી છે. અભયદાન વિશે મેઘકુમારની કથામાં વાહનોનું અને આભરણો વગેરેનું વર્ણન છે. ટીકાકારે તેનો અર્થ જણાવતા ત્રણ પ્રકારના દીવા દર્શાવ્યા છે. સાંકળથી બાંધીને લટકાવી શકાય તેવા દીવાને 'અવલંબન દીપ' કહેવાય. લાંબા સ્ટેન્ડવાળા દીવાને 'ઉત્કંચન દીપ' કહેવાય અને જાળી વગેરેથી ઢાંકી શકાય તેવી દીવાને 'પંજર દીપ' કહેવાય. (ગાથા ૨-૩)

સંસ્કૃત સાહિત્યમાં દીવાઓને લગતું અલગ શાસ્ત્ર છે. તેને 'દીપશાસ્ત્ર' કહેવાય છે. શિલ્પશાસ્ત્રમાં દીવાના લક્ષણ, તેના પ્રકાર અને દીવા બનાવવાની રીત દર્શાવતું પ્રકરણ છે. તેમાં સોળ પ્રકારના દીવા બતાવવામાં આવ્યા છે.

વિવિધ આકૃતિને આધારે દીવો અલગ અલગ નામથી ઓળખાય. આકૃતિ સારાં નરસાં ફળની પ્રતીક હોય છે. દેવને દીપનું દાન કરવું એ પુણ્યનો પ્રકાર છે. લાકડાના, ધાતુના, માટીના કે નાળિયેરની કાચલીના દીવા બનાવાય. દીવાની જ્યોત પરથી પણ દીવો ધરનાર વ્યક્તિના શુભાશુભ ફળનું કથન થતું. પૂનાના કેળકર મ્યુઝિયમમાં વિવિધ આકાર પ્રકારના સેંકડો દીપકનો સમૃદ્ધ સંગ્રહ છે. ગર્ભગૃહમાં પ્રગટાવવાના દીપને નંદાદીપ કહેવાય. મંદિરના શિખર જેવા આકારવાળા દીપને શિખરદીપ કહેવાય. તુલસીદીપ ઢાંકેલો હોય. મહારાષ્ટ્રમાં ગામ બહાર ખાસ કરીને દેવાલયની સામેના ચોગાનમાં રોશની કરવા માટે પથ્થરમાંથી સ્તંભ બનાવવામાં આવતા હતા. તેને દીપસ્તંભ કહેવાય. બે હાથી વચ્ચે લક્ષ્મી આગળ દીવો હોય તેને ગજલક્ષ્મી દીવો કહેવાય. દેરાસરમાં વિવિધ પ્રસંગોએ ચૈત્યરચના થાય છે. (તેને મહાપૂજા કહે છે) તેમાં મોટે ભાગે ફૂલપાંદડાની માળાનો શણગાર હોય છે. (ક્યારેક વિવિધ પ્રકારના) ગ્લાસમાં દીવેલ ભરીને દીવા પ્રગટાવાય છે. પ્રભુ સમક્ષ આવા માંગલ્યસૂચક વિવિધ દીવાઓ ધરીને વિશેષ દીપકપૂજા કે મહાપૂજા પણ થઈ શકે.

પરમાત્માની દેશનાને અંતે પર્ષદા વિસર્જિત થઈ ગયા પછી જયંતી શ્રાવિકા પરમાત્માને પ્રશ્ન પૂછે છે. પહેલા પ્રશ્નના જવાબનું વિવરણ કરતાં વૃત્તિકારે અઢાર પાપસ્થાનકનું રોચક વર્ણન કર્યું છે. એક-એક પાપસ્થાનકને ઉપમા આપીને તેના આલોકમાં અને પરલોકમાં પ્રાપ્ત થતા ફળની રજૂઆત કરી છે. દરેક પાપસ્થાનકનું એક એક ઉદાહરણ પણ આપ્યું છે.

બીજો પ્રશ્નોત્તર નિતાંત બૌદ્ધિક છે. પ્રશ્ન છે - ભવ્યત્વ સ્વભાવ છે કે પરિણામ ? ભવ્યત્વ એટલે મોક્ષમાં જવાની યોગ્યતા આ યોગ્યતા કેવા પ્રકારની છે ? તેને મહેનત કરીને મેળવવાની છે, જેમ સમ્યક્ત્વ વિરતિની યોગ્યતા સૂચવતો પરિણામ છે તે અધ્યવસાય વિશેષથી પ્રગટ થાય છે. તેમ ભવ્યત્વ પ્રગટાવવા અધ્યવસાય જોઈએ ? પ્રભુ કહે છે : ના. ભવ્યત્વ સ્વાભાવિક છે. પ્રશ્ન આગળ વધે છે : જો ભવ્યત્વ નૈસર્ગિક છે, તેના માટે કોઈ મહેનત જરૂરી નથી, તો બધા જ ભવ્ય જીવો મોક્ષમાં જતા રહેશે. એથી લોક ખાલી થઈ જશે. પ્રભુ કહે છે : ભવ્ય જીવો અનંતા છે. જે ભવ્ય છે તે બધા જ મોક્ષમાં જશે જ એવો નિયમ નથી. ફરી પ્રશ્ન ઉઠે છે. ભવ્ય જીવો જો મોક્ષમાં ન જાય તો તેની


અને અભવ્યની વચ્ચે તફાવત શું ? ભગવાન કહે છે - પાત્રતાનો તફાવત. ભવ્યજીવની મોક્ષમાં જવાની યોગ્યતા હોય, અભવ્યની ન હોય.

ત્રીજા પ્રશ્નના પ્રભુએ આપેલા ઉત્તરનું વિવરણ ગ્રંથકારે સચોટ રીતે કર્યું છે. જે જીવો હંમેશા અધર્મના કામ કરતા હોય, જેમની આજીવિકા અધર્મયુક્ત હોય, જેમના આચારવિચાર ધર્મબાહ્ય હોય, જેમને અધર્મ કરવામાં જ મજા આવતી હોય તે જીવો સૂતેલા સારા. સામા પક્ષે સાધુઓ જે સ્વાધ્યાયમાં તત્પર છે, જિતેંદ્રિય છે, ધીર અને ધર્માનુરાગી છે તે જાગતા સારા. ટીકાકાર મહર્ષિ આ ગાથાની વ્યાખ્યા કરતા અદ્ભુત વાત કહે છે 'સ્વાધ્યાય સાધુ માટે શ્રેષ્ઠ ધ્યાન છે' (ગાથા ૨૨) પાંચ ઈંદ્રિયને લગતા છેલ્લા પાંચ પ્રશ્નો પણ ઉદાહરણ સહિત પ્રસ્તુત થયા છે.

પરમાત્મા પાસેથી પ્રશ્નોનું સમાધાન મેળવીને આનંદિત બનેલી જયંતીએ ભગવાનને દીક્ષાપ્રદાન કરવા વિનંતિ કરી. દીક્ષા લઈને સાધ્વી બનેલા જયંતીએ દેવાનંદાની જેમ અપ્રમત્તપણે સાધના આદરી. દેવાનંદાને પરમાત્માના પ્રત્યે ઊભરાતો અતિસ્નેહ જોઈ ગૌતમ સ્વામીજીએ તેનું કારણ પૂછ્યું. પ્રભુજીએ તેને પૂર્વમાતા કહી. તે સાંભળી વિરક્ત થઈ દેવાનંદાએ દીક્ષા લીધી હતી.

જયંતી પ્રકરણનું નવું સંપાદન હાલ ઉપલબ્ધ છે. આ પ્રકરણમાં કેટલોક કથાભાગ ત્રુટિત છે. પ્રાકૃતના તજ્જ્ઞ વિદ્વાન દ્વારા તે ભાગની પૂર્તિ થાય અને સમગ્ર ચરિત્રનો ગુજરાતી અનુવાદ થાય તો તત્ત્વજ્ઞ વાચકોનો આનંદ વધશે.

•



ગ્રંથનામ : પ્રશ્નપદ્ધતિ

કર્તા : પં. શ્રી હરિશ્ચંદ્ર વિ. ગણિવર

ભાષા : સંસ્કૃત

સમય : ૧૨મી સદી

## ૧૧

# પૂછતાં નર પંડિત

ધર્મની શરૂઆત પ્રશ્નથી થાય છે. તીર્થની સ્થાપના શ્રી ગણધર ભગવંતોના પ્રશ્નથી થઈ છે. ધર્મ પ્રાપ્તિના માર્ગનું બીજું પગથિયું જિજ્ઞાસા છે, એમ યોગગ્રંથો જણાવે છે. અદ્વેષ અથવા તો અનાગ્રહી બુદ્ધિ જિજ્ઞાસાનું મૂળ છે. અદ્વેષ સાથે જ્યારે પ્રશ્ન ભળે ત્યારે સાચી જિજ્ઞાસા જન્મે છે. જિજ્ઞાસા પ્રશ્નનું સમાધાન શોધે છે. જિજ્ઞાસા પોતાના જ્ઞાનની અલ્પતાનો બોધ કરાવે છે, જિજ્ઞાસા જ્ઞાનની જ્યોતને સતત જાગૃત રાખે છે, જ્યારે અભિમાન જ્ઞાનના દીવાને ફૂંક મારી બૂઝવે છે. અભિમાની ચિત્ત અજ્ઞાનના અંધકારથી ઘેરાયેલું હોય છે.

પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં બીજો પ્રકાર છે : પૃચ્છના. પૂછવું એટલે જાણવાની મહેનત કરવી. સમજવા તૈયાર થવું, જ્ઞાનના જલને અંતરમાં ઉતારવા ખોબો ધરવો. શાસ્ત્રો જ્ઞાનના જળનો કૂવો છે. તેમાંથી પાણી પીવા માટે અંતરની તરસ જોઈએ. પ્રશ્ન, સાચો પ્રશ્ન, સાચી રીતે પૂછાયેલો પ્રશ્ન, સમજવા માટે પૂછાયેલો પ્રશ્ન ખોબો છે. ભગવતીજી અને પન્નવણા જેવા આગમ સૂત્રો પ્રશ્નોત્તરનો સંગ્રહ છે.

શાસ્ત્રોનું જ્ઞાન સૂરજના અજવાળા જેવું છે. તે આખી ધરતીને રોશન કરે છે, પણ ભોંયરાના અંધારા-ઓરડા સુધી સૂરજ નથી પહોંચી શકતો. ભોંયરામાં અજવાળું રેલાવવાનું કામ તો નાનો દીવો જ કરે. પૂર્વપુરુષોએ રચેલા મહાન શાસ્ત્રોનો પ્રકાશ આપણી બુદ્ધિના અંધારા-ઓરડા સુધી નથી પહોંચી શકતો. આપણી બુદ્ધિ પર જાળા જેવા અનેક બાંધકામ થયેલા છે. તેથી ધર્મની સાચી સમજ આપણા સુધી નથી પહોંચતી. સૂરજ ભોંયરાં સુધી જઈ શકે કે ભોંયરું સૂરજ સુધી જઈ શકે એ અશક્ય છે. ત્યારે નાનો દીવો સૂરજનો પ્રતિનિધિ બનીને ભોંયરામાં અજવાળું રેલાવી શકે છે.

શાસ્ત્રોના શબ્દો ગંભીર છે. તેના ગહન-ગહરા મરમ સામાન્ય બુદ્ધિ ધરાવતા આપણા જેવા લોકો પામી નથી શકતા. થોડા શબ્દોમાં ઘણું કહી દેવું એ શાસ્ત્રનો નિયમ છે, ઘણા શબ્દોથી થોડું પણ ન સમજવું એ આપણી બુદ્ધિની ખાસિયત અથવા ખામી છે. તેથી શાસ્ત્રોના અનેક મરમો સુધી આપણે પહોંચી નથી શકતા. આપણા મનમાં પ્રશ્ન જાગે છે, તેના સમાધાન શાસ્ત્રમાં છે, પણ આપણને મળતા નથી. આપણી ચીકુ જેવડી નાની બુદ્ધિ તે વખતે સંકોચાઈને દ્રાક્ષ જેવી થઈ જાય છે. મનમાં અનેક પ્રશ્નો જાગે છે પણ સમાધાન નથી મળતું. સમાધાન ન મળે તો જિજ્ઞાસા મરી જાય છે. સમાધાન, જિજ્ઞાસાનો શ્વાસ-પ્રાણ છે.

આપણા મનમાં જાગતા પ્રશ્નો અને શાસ્ત્રમાં આપેલ સમાધાન વચ્ચે સેતુ બને છે : પ્રશ્નગ્રંથો. કૂવામાંથી પાણી કાઢવાની ડોલ જેવું કામ નાના-નાના પ્રશ્નગ્રંથો કરે છે. આપણી શાસ્ત્રપરંપરા આવા અનેક પ્રશ્ન ગ્રંથોથી સમૃદ્ધ છે. દરેક કાળમાં પ્રશ્નો ઊઠે છે. દેશ-કાળ અને શાસ્ત્ર-પરંપરાને ધ્યાનમાં રાખી ગીતાર્થ ગુરુભગવંતો તેના સમાધાન આપે છે અને આપણી જિજ્ઞાસાને તૃપ્ત કરે છે. અંતરને એ અજવાસથી ભરી દે છે. હીરપ્રશ્ન, સેનપ્રશ્ન જેવા પ્રશ્ન ગ્રંથો પ્રસિદ્ધ છે. ઉપાધ્યાયશ્રી કીર્તિવિજયજી મહારાજે ૪૫ આગમોનું દોહન કરીને 'વિચારરત્નાકર' નામના શાસ્ત્રની રચના કરી છે. સામાન્ય જનની અધૂરી ધારણાને કારણે સરજાતી ગેરસમજ કે અણસમજને દૂર કરવા આગમોના તે તે પદાર્થોની રજૂઆત દ્વારા આમાં સુંદર પ્રયત્ન થયો છે. ગ્રંથનું નામ પણ સરસ છે. રત્નાકર એટલે રત્નોની ખાણ-સમુદ્ર, આગમો સમુદ્ર જેવા વિશાળ-ગંભીર

અને ગહન છે. તેમાંથી કેટલાક કિંમતી મોતી ગોતીને તેમણે ગ્રંથમાં પરોવ્યા છે.

આવો જ એક સુંદર પ્રશ્નોત્તર ગ્રંથ તાજેતરમાં પ્રકાશિત થયો છે, એનું નામ છે, 'પ્રશ્નપદ્ધતિ'. એના કર્તા છે, પં. શ્રી હરિશ્ચંદ્ર ગણિવર. ગ્રંથ રચનાનો સમય છે બારમી શતાબ્દી. એટલે આજથી ૮૦૦ વરસ પહેલા આ ગ્રંથ રચાયો છે. કર્તાના ગુરુદેવ છે, નવ અંગ સૂત્રો પર વૃત્તિની રચના કરનારા આચાર્યદેવશ્રી અભયદેવસૂરિજી મહારાજા. આજની તારીખમાં લગભગ ૫૭ જેટલા પ્રશ્નોત્તર ગ્રંથો મળે છે, તેમાં 'પ્રશ્નપદ્ધતિ' સહુથી પ્રાચીન છે. તેમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે. ૫૦ પ્રશ્નોના જવાબ શ્રી અભયદેવસૂરિજી મહારાજે સ્વયં આપ્યા છે. ૫૦ પ્રશ્નોના જવાબ કર્તાએ ગુરુકૃપાથી સ્વયં આપ્યા છે.

પ્રશ્ન ગ્રંથોમાં એક વિષય સળંગ ન હોય. અલગ-અલગ વિષયના પ્રશ્નો હોય. તેના જવાબ હોય. જેના જવાબ શોધવામાં મૂંઝવણ થતી હોય, તેવા અનેક પ્રશ્નોના ઉકેલ આવા પ્રશ્ન ગ્રંથોમાંથી ત્વરિત મળી રહે. પ્રશ્નપદ્ધતિના જવાબદાતા આચાર્યભગવંત અત્યંત પ્રામાણિક છે. તેથી ગ્રંથની ઉપાદેયતા આપોઆપ જ વધી જાય છે. કેટલાક પ્રશ્નોનું અવલોકન કરીએ :

- સાધુ ભગવંતોના પાત્રાં જોયા હશે. મોટે ભાગે લાલ હોય છે અને કાળી પટ્ટી હોય, યા તો સફેદ હોય. પાત્રા રંગવામાં વપરાતા ચોક્કસ રંગોનું રહસ્ય શું છે ? આ વાત 'પ્રશ્નપદ્ધતિ'માં ત્રીજા પ્રશ્નમાં સ્પષ્ટ કરી છે.
- સાધુ ભગવંતોના ઉપકરણમાં દાંડો હોય છે. સાધારણ રીતે સાધુ ભગવંતો જીવદયા માટે જ ઓઘો-મુહપત્તિ જેવા ઉપકરણ રાખતા હોય છે. દાંડો-લાકડી રાખવાથી જીવદયા થાય છે, તો કેવી રીતે થાય છે આ વાતનો ઉત્તર પૂર્વાર્ધનો ૩૮મો પ્રશ્ન વાંચવાથી મળશે.
- નિદ્રા લેવી તે તો પ્રમાદ છે. સાધુ ભગવંતો નિદ્રા કરે તો પ્રમાદ સેવનનું પાપ બાંધે ? શાસ્ત્રોમાં સાધુ ભગવંતને માટે ત્રણ પ્રહર નિદ્રાનું વિધાન છે, તો શું શાસ્ત્ર પ્રમાદની અનુમોદના કરે છે ? ઉત્તરાર્ધનો ૩૮મો પ્રશ્ન આ સવાલનો જવાબ આપે છે. નિદ્રા અને પ્રમાદ વચ્ચેનો માનસિક તફાવત ઉત્તરમાં સ્પષ્ટ કર્યો છે.
- શ્રાવક સામાયિકમાં સાધુ ભગવંતને વંદન કરી શકે ? (ઉત્તરાર્ધ-પ્રશ્ન-૪૬) શ્રાવકે ચૈત્યવંદન કરતા પહેલા ઈરિયાવહિયં કરવાની કે નહીં ?

(પૂર્વાર્ધ પ્રશ્ન-૪૩-૪૪) ઈરિયાવહિયં કરતી વખતે શ્રાવકે ખેસ કેમ નહીં રાખવાનો ? (ઉત્તરાર્ધ પ્રશ્ન-૨૬) આવા વિધિ સંબંધી પ્રશ્નોના સમાધાન અહીં મળી જશે.

ચૌદ પૂર્વધરને શાસ્ત્રોમાં શ્રુતકેવલી રહ્યા છે તો તેમની સ્ખલના કેવી રીતે થાય ? (ઉત્તરાર્ધ પ્રશ્ન-૧૬) આ પ્રશ્નનું સુંદર સમાધાન છે. ચૌદ પૂર્વધર શ્રુતનો ઉપયોગ મૂકે ત્યારે કેવલી તુલ્ય હોય, અનુપયોગ અવસ્થામાં સ્ખલના થઈ પણ શકે છે.

આજથી લગભગ આઠસો વરસ પહેલાના પરિવેશમાં જૈન ધર્મની ઈતર ધર્મોની સાથે તુલના થતી, તેને કારણે પ્રશ્નો ઉઠતા. એક પ્રશ્ન છે : મહાવીર સ્વામી ભગવાન ગર્ભમાં હતા ત્યારે તેમનું દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલા માતાની કુક્ષિમાં પરાવર્તન થયું હતું. આ માટે બ્રાહ્મણો જૈન ધર્મનો ઉપહાસ કરતા. પૂર્વાર્ધના ત્રીસમાં પ્રશ્નમાં તેનો ઉત્તર આપવામાં આવ્યો છે. પુરાણની વાત ટાંકીને ઈતરોના ઉપહાસને જ ઉપહાસપાત્ર બનાવ્યો છે.

આ જ એટલે કે ઈતર ધર્મના સંદર્ભમાં ઉત્તરાર્ધનો છઠ્ઠો પ્રશ્ન છે. ગ્રહણ વખતે સૂત્રનું અધ્યયન કેમ ન થાય ? જવાબ છે : મિથ્યાત્વીઓ ઉપદ્રવ ન કરે માટે. છેલ્લો પ્રશ્ન (૧૦૦મો) છે, સર્વ મતોનો તિરસ્કાર કરીને જૈનદર્શન નિશ્ચલપણે કેમ રહે છે ?

અન્ય વૈદિક કે અવૈદિક દર્શનોની માન્યતા વિશે પણ પ્રશ્નો છે. દા.ત. ઉત્તરાર્ધ ૪૪ અને ૪૫. મીમાંસકોના દેવ કોણ ? નાસ્તિકોનો આધાર શું ?

એક સરસ પ્રશ્ન છે : (પૂર્વાર્ધ-૪૭) મુનિઓ સમકિતી દેવે કરેલું નાટક જોઈ શકે ? જવાબ છે : 'મુનિઓ ઉત્સુક ન હોય (मुनीनां नोत्सुको भावः) પણ ભગવાનનો મહિમા જોવામાં શું દોષ છે ? (जिनमहिमानं दृष्टे को दोष ?)'

પ્રશ્નપદ્ધતિમાં સહુથી વધુ પ્રશ્નો તીર્થંકર ભગવંત અને શ્રુતજ્ઞાન વિષયના છે. તે સહજ યોગાનુયોગ છે. ૩૮ વિષયના ૧૦૦૦ પ્રશ્નોમાં લગભગ ચોથા ભાગના પ્રશ્નો આ બે વિષયને અનુલક્ષીને થયા છે.

તીર્થંકર દેવો કૃતકૃત્ય છે તો દેશના શા માટે આપે છે ? (ઉત્ત. ૮) પ્રભુવીરે જમાલિને દીક્ષા કેમ આપી ? (ઉત્ત. ૧૦) પ્રભુ વીરના સાધુઓ ૧૪,૦૦૦ છે, તે કઈ રીતે ? (ઉત્ત. ૨૨)


અમુક પ્રશ્નો આશ્ચર્ય પમાડે તેવા છે. ગૃહસ્થને ભણાવવાથી સાધુને દોષ લાગે (પૂર્વા. ૧૯) વ્યાખ્યાન વખતે પાટ વાપરવાથી દોષ લાગે. (પૂર્વા. ૨૦)

આ લેખમાં પ્રશ્નોના જવાબ જાણી જોઈને લખવામાં નથી આવ્યા. મૂળ ગ્રંથ જોવાની ઈચ્છા થાય તે માટે કેવળ પ્રશ્નો તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. મુનિવરશ્રી ધર્મતિલક વિજયજી મહારાજે આવા સુંદર અને સરળ ગ્રંથનું સરસ સંપાદન કરીને ઉત્તમ શ્રુતસેવા બજાવી છે. સ્મૃતિમંદિર પ્રકાશને તેને પ્રગટ કરેલ છે. અંત ભાગમાં પ્રશ્નોત્તર ગ્રંથોની સૂચિ પણ આપી છે.

પ્રશ્નોત્તર ગ્રંથો વર્તમાન દેશકાળ અને શાસ્ત્રાજ્ઞાને જોડી આપતી પરંપરાની કડી છે. પ્રશ્નોત્તર પદ્ધતિના ઉત્તરદાતા પૂ. આચાર્યદેવ શ્રી અભયદેવ સૂરિજી મહારાજને ગીતાર્થચૂડામણિ કહ્યા છે. ગીતાર્થ ગુરુભગવંતો શાસ્ત્રોનું આજ્ઞાસાપેક્ષ અર્થઘટન કરે છે. સાધુ ભગવંતોની જેમ દરેક શ્રાવકોએ આનું વાંચન કરવું જોઈએ.

પરંપરાની આ મહત્ત્વપૂર્ણ કડીનું હજી પણ વધુ વ્યવસ્થિતપણે સંપાદન થવું જોઈએ. તમામ ઉપલબ્ધ પ્રશ્નોત્તર ગ્રંથોનું વિષયવાર વર્ગીકરણ થાય અને એક સાથે અનેક મહાપુરુષોના અભિપ્રાયો ગ્રંથસ્થ બને, તો ભગવાનની આજ્ઞાના અર્થઘટનની વાસ્તવિક પરંપરાગત પદ્ધતિ વિશે સ્પષ્ટ ખ્યાલ આવી શકે અને ઘણા બધા પ્રશ્નોનું સમાધાન થાય. તે કરતાં પણ વિશેષ પ્રશ્નો કે સમસ્યાઓનું શાસ્ત્રસાપેક્ષ રહીને કેવી રીતે સમાધાન ગોતી શકાય, તેની પૃષ્ઠભૂમિ સ્પષ્ટ થઈ જાય, તો નવા પ્રશ્નોનું સમાધાન આસાન બને. વર્તમાન શ્રી સંઘને તેની બહુ જ જરૂર છે.

•



ગ્રંથનામ : સર્વસિદ્ધાંતસ્તવ
કર્તા : આ. શ્રી જિનપ્રભસૂ.
ભાષા : સંસ્કૃત
સમય : ૧૪મી સદી

## ૧૨

# સિદ્ધાંતોની સ્તવના

સર્વસિદ્ધાંતસ્તવ એક એવી કૃતિ છે, જેના રચનાકાર બે મહાપુરુષો છે. આ શ્રી જિનપ્રભસૂરિજી મ. અને આ. શ્રી સોમતિલકસૂરિજી મ. મૂળભૂત રીતે તો આ જેમની રચના છે, તે પૂ. આ. શ્રી જિનપ્રભસૂરિજી મ. ખરતરગચ્છના મહાન પ્રભાવક આચાર્ય હતા. તેમની પ્રતિભા બહુમુખી હતી. સ્વભાવથી તેઓ કવિ હતા, છતાં તેમણે સિદ્ધાંતગ્રંથોની પણ રચના કરી છે. વિધિમાર્ગપ્રપા તેમનો પ્રસિદ્ધ ગ્રંથ છે. વિવિધતીર્થકલ્પ ઈતિહાસ અને પ્રવાસ-વર્ણનનો ગ્રંથ છે. તેમણે નાનામોટા સત્તર ગ્રંથોની રચના કરી છે. તેમનો સમય વિક્રમની ચૌદમી શતાબ્દી છે. વિ.સં. તેરસો એકત્રીસમાં તેઓ વિદ્યમાન હતા. ઈતિહાસ કહે છે કે, તેમને રોજ એક નવું સ્તોત્ર બનાવવાનો નિયમ હતો. રોજ એક નવું સ્તોત્ર બનાવ્યા પછી જ તેઓ આહાર ગ્રહણ કરતા. આ રીતે તેમણે સાતસો નવાં સ્તોત્ર બનાવ્યાં. તેમાંથી આજે ઓગણસાઠ ઉપલબ્ધ છે. રોજ એક નવી ગાથા યાદ કરવામાં પણ કષ્ટ અનુભવતા આપણા જેવા બુદ્ધિના સુંવાળા જીવોને આ માનસિક તપશ્ચર્યાનો અંદાજ આવવો મુશ્કેલ છે. પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા નામના સ્વાધ્યાયના

વિનિયોગ રૂપ આ યોગ છે.

સાહિત્યકાર ઉપરાંત તેઓ માંત્રિક પણ હતા. કવિ અને માંત્રિક આમ બે પ્રકારના પ્રભાવક. તેમણે શ્રી ગૌતમસ્વામીથી ચાલ્યા આવતા સૂરિમંત્રના આમ્નાયનું વિવરણ કર્યું છે. જે સૂરિમંત્રપ્રદેશવિવરણના નામે પ્રસિદ્ધ છે. પાટણ પાસે પાર્શ્વનાથ ભગવાનનું પ્રસિદ્ધ તીર્થ ચારુપ છે. ચારુપ અને ડીસાની વચ્ચે જઘરાલ નામનું ગામ છે. (ડીસા આજે જૂનાડીસા અને નવાડીસા એમ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. નવાડીસાથી પાંચેક કિ.મી. દક્ષિણમાં જૂનાડીસા છે. જૂનાડીસાથી વીસેક કિ.મી. દક્ષિણમાં જઘરાલ છે. હા, છસો વરસથી આ નામ અકબંધ છે.) અહીં તેમની મુલાકાત આ. શ્રી સોમતિલકસૂરિજી મ. સાથે થઈ. તેમના શિષ્યની પાત્રા રાખવાની ઝોળી ઉંદર કાતરી ગયો. શિષ્ય તરત આ. શ્રી સોમતિલકસૂરિજી મ. પાસે આવ્યા અને ઝોળી બતાવી. આ જોઈને શ્રી જિનપ્રભસૂરિજીએ મંત્રજાપ કર્યો. થોડીવારમાં તો આખો ઉપાશ્રય ઉંદરોથી ઊભરાવા માંડ્યો. શ્રી જિનપ્રભસૂરિજીએ બધા ઉંદરોને ઉપદેશ આપ્યો. જે ઉંદરે ઝોળી કાતરી હતી, તેની પાસે ક્ષમા મંગાવી વિદાય કર્યો.

તેમને પદ્માવતી દેવી પ્રત્યક્ષ હતી. પદ્માવતી દેવીના નામે પરચા ઊભા કરી પોતાનો પ્રભાવ વધારવાનું કામ તેમણે કર્યું ન હતું. પદ્માવતી દેવી પ્રત્યક્ષ થયા ત્યારે તેમણે પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે - મારા રચેલાં સ્તોત્રો મારા કાળધર્મ પછી પણ ગવાતા રહે. એ નિમિત્તે પણ મને પ્રભુભક્તિનો લાભ મળતો રહે, તેવી મારી ભાવના છે. આ માટે મારે એ જાણવું છે કે ભવિષ્યમાં કયા ગચ્છનો અભ્યુદય થવાનો છે. જે ગચ્છનો અભ્યુદય થવાનો હશે, તેના આચાર્યને હું મારા સ્તોત્રો સમર્પિત કરવા માંગું છું. પદ્માવતી દેવીએ આ. શ્રી સોમતિલકસૂરિજી મ.નું નામ સૂચવ્યું. અને તરત જ તેમણે સો પૂ. આ. શ્રી સોમતિલકસૂરિજી મ.ને પોતે બનાવેલાં સાતસો સ્તોત્ર સમર્પિત કર્યા. પોતે ખરતર ગચ્છના હતા જ્યારે આ શ્રી સોમતિલકસૂરિજી મ. તપાગચ્છના હતા, છતાં તેમને ગચ્છભેદ ન નડ્યો. સરસ્વતીના અને શ્રુતના સાચા ઉપાસકો આવા જ હોય.

આ. શ્રી સોમતિલકસૂરિજી મ. આ. શ્રી સોમપ્રભસૂરિજી મ.ના શિષ્ય હતા. તેમણે ચૌદ વરસની ઉંમરે દીક્ષા લીધી હતી. અઢારમે વરસે તેમને

આચાર્યપદ પ્રાપ્ત થયું હતું. તેમણે બૃહત્ક્ષેત્રસમાસ, સપ્તતિશતસ્થાન પ્રકરણ નામનાં શાસ્ત્રની અને અગિયાર વિવિધ અલંકારમય સ્તુતિઓની રચના કરી છે.

ભગવાનની વાણી પીસ્તાલીસ આગમમાં વણાયેલી છે. અગિયાર અંગ, બાર ઉપાંગ, દસ પયન્ના, છ છેદસૂત્ર, ચાર મૂળ, નંદી અને અનુયોગદ્વાર આ પ્રમાણે આગમોની વહેંચણી થઈ છે. સર્વસિદ્ધાંતસ્તવમાં પીસ્તાલીસ આગમની સ્તુતિ કરવામાં આવી છે. સાધારણ રીતે ભગવાનની, ભગવાનની વાણીની, અતિશયોની સ્તુતિ જોવા મળે છે, પણ સિદ્ધાંતની આગમની નામ દઈને સ્તુતિ થઈ હોય, તેવી રચનાઓ અલ્પ માત્રામાં છે. જાણકારોના કથન મુજબ આ પ્રકારની બીજી રચના સર્વસિદ્ધાંતસ્તવ છે. આગમ સિવાય કેટલાક મહત્ત્વપૂર્ણ શાસ્ત્રોની સ્તુતિ પણ અહીં પ્રસ્તુત છે.

સર્વસિદ્ધાંતસ્તવના છેતાલીસ શ્લોકોમાં પીસ્તાલીસ આગમના નામ અને સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે. સાધારણ રીતે પીસ્તાલીસ આગમોનો ક્રમ ઉપર જણાવ્યો તે મુજબ પ્રચલિત છે. અહીં અલગ ક્રમથી સ્તુતિ કરવામાં આવી છે. ચાર મૂળ, નંદી અને અનુયોગદ્વાર, ઋષિભાષિત, અગિયાર અંગ, બાર ઉપાંગ, દસ પયન્ના, છ છેદસૂત્ર, દૃષ્ટિવાદ અને અંગવિદ્યા, ઋષિભાષિત અને અંગવિદ્યા પયન્નામાં ગણાય છે. તેને અહીં સ્વતંત્ર સ્થાન અપાયું છે.

સ્તુતિના પ્રારંભમાં સૂરિદેવે સુધર્મા સ્વામીને નમસ્કાર કર્યા છે. આમ જોવા જઈએ તો ગૌતમ સ્વામીને નમસ્કાર કરવા જોઈએ. કેમકે તેઓ પહેલા ગણધર છે. દરેક તીર્થંકરોના પહેલા ગણધરનું વિશેષ સ્થાન હોય છે. તો સુધર્મા સ્વામીને નમસ્કાર કેમ ? આ સ્તોત્રના અવચૂર્ણિકાર પં. સોમોદયગણી જણાવે છે કે, અત્યારે જે આગમોનો પાઠ ચાલે છે, તે સુધર્મા સ્વામીનો છે, માટે તેમને પહેલા નમસ્કાર કર્યા છે. પરમાત્મા શ્રી મહાવીરદેવની બે પ્રકારની પરંપરા છે. પહેલી પાટપરંપરા, બીજી પાઠપરંપરા. પાટપરંપરા એટલે ગુરુશિષ્યની પરંપરા પરમાત્મા શ્રી મહાવીરદેવ ગુરુ. શ્રીગૌતમસ્વામી, શ્રીસુધર્મા સ્વામી વગેરે શિષ્ય. પાઠપરંપરા એટલે આગમોના સૂત્રની વાચનાની પરંપરા. કલ્પસૂત્ર કહે છે કે, પરમાત્મા શ્રી મહાવીરદેવના ગણધર અગિયાર અને ગણ નવ હતા. બે ગણધરોની સૂત્રરચના એક જ હતી, તેથી તેમની અલગ ગણતરી નથી. સુધર્મા સ્વામી દીર્ઘાયુષી હતા તેથી શ્રીગૌતમસ્વામી વગેરે ગણધરોએ પોતાના શિષ્યો

શ્રી સુધર્માસ્વામીને સોંપ્યા. તેમની શિષ્યપરંપરા સુધર્માસ્વામીની શિષ્યપરંપરામાં વિલીન થઈ. તેમ પોતપોતાની સૂત્રપરિપાટી પણ સુધર્માસ્વામીને સોંપી. તેથી તેમની પાઠપરંપરા પણ સુધર્મા સ્વામીની પાઠપરંપરામાં વિલીન થઈ. અત્યારે આપણી પાસે જે આગમોનો પાઠ છે તે સુધર્માસ્વામીનો છે. માટે આગમનો અનુયોગ કરતા તેમને પહેલા નમસ્કાર કરવામાં આવે છે.

આવશ્યક, દશવૈકાલિક ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિ આ ચાર મૂળ સૂત્ર છે. પીસ્તાલીસ આગમમાં એક જ આગમ શ્રાવક વાંચી શકે છે. તે છે આવશ્યક એટલે પ્રતિક્રમણના સૂત્ર. સાધુ ભગવંતોને આગમ ભણવા યોગ કરવા પડે છે તેમ શ્રાવકને આવશ્યક નામનું આગમ ભણવા યોગ કરવા પડે, આ યોગનું નામ ઉપધાન છે. આવશ્યક નામનું આગમ એટલું મહત્ત્વનું છે કે, તેની ઉપર શ્રી ભદ્રબાહુસૂરિજી મહારાજે એકત્રીસસો શ્લોકની નિર્યુક્તિ રચી છે. અઢાર હજાર શ્લોકની ચૂર્ણિ છે, બાવીસ હજાર શ્લોકની વૃત્તિ છે. શ્રીજિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણે તો વિશેષાવશ્યક નામનું ભાષ્ય બનાવ્યું છે. (શ્લોક ૨-૩)

દશવૈકાલિકસૂત્રમાં સાધ્વાચારનું વર્ણન છે. દેવોને મેરુપર્વત પ્રિય છે તેમ સાધુઓને આ સૂત્ર પ્રિય છે. (૪)

ઓઘનિર્યુક્તિમાં ઓછા શબ્દોમાં સામાચારીનું વર્ણન કરવામાં આવ્યું છે. આ આગમ સાધુઓને પહેલા દિવસથી જ ભણાવવામાં આવે છે. (૫)

પિંડનિર્યુક્તિમાં સાધુઓને આહાર ગ્રહણ કરતી વખતે લાગતા બેતાલીસ દોષોનું વર્ણન કરવામાં આવ્યું છે. (૬)

નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તારથી વર્ણન છે. નાટકની શરૂઆતમાં મંગલરૂપે નાંદી વગાડવામાં આવે છે, તેમ આગમની શરૂઆતમાં મંગલરૂપે પાંચજ્ઞાનરૂપ નંદીનું ઉચ્ચારણ કરવામાં આવે છે. (૭)

અનુયોગદ્વાર આગમનું પ્રવેશદ્વાર છે. અનુયોગ એટલે સૂત્રનું અર્થઘટન. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય દ્વારા સૂત્રનો અર્થ નિશ્ચિત થાય છે. (૮)

ઉત્તરાધ્યયનસૂત્ર શાંતરસનું સરોવર છે. ઋષિભાષિતસૂત્રમાં શ્રી નેમનાથપ્રભુ શ્રી પાર્શ્વનાથભગવાન, શ્રી મહાવીરસ્વામી ભગવાનના શાસનમાં થયેલા પ્રત્યેકબુદ્ધ મહર્ષિઓનો વચનબોધ છે. (૯)

આચારાંગસૂત્ર આચારનું પ્રતિપાદન કરે છે. તેના મહાપરિજ્ઞા અધ્યયનમાં

આકાશગામિની વિદ્યા છે, જેના સહારે શ્રી વજસ્વામીએ બૌદ્ધો સામે જૈન સંઘની પ્રભાવના કરી હતી. (૧૦)

સૂત્રકૃતાંગસૂત્રમાં ત્રણસોત્રેસઠ પાખંડીઓના અભિમાનનું ખંડન થાય તેવા પદાર્થો છે. (૧૧)

કલ્પવૃક્ષ પાસે જે ફળ માંગો તે મળે, સ્થાનાંગ સૂત્ર પાસે જે જવાબ માંગો તે મળે. (૧૨)

સ્થાનાંગની જેમ સમવાયાંગમાં પણ એકથી દસ, સો હજાર જેવી સંખ્યાના આધારે પદાર્થો ગુંથવામાં આવ્યા છે. (૧૩)

ભગવતીસૂત્રમાં છત્રીસહજાર પ્રશ્ન અને તેના જવાબ છે. (૧૪)

જ્ઞાતાધર્મકથામાં સાડાત્રણ કરોડ કથાઓ છે. (૧૫)

ઉપાસકદશામાં શ્રીમહાવીરસ્વામીભગવાનના દસ શ્રાવકોના ચરિત્ર છે. (૧૬)

અંતકૃદ્દશા નામના આગમમાં તે જ ભવમાં મોક્ષે જનારા ગૌતમ, પદ્માવતી વગેરેની સાધનાનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧૭)

અનુત્તરોપપાતિકદશામાં સાધના કરી અનુત્તરવિમાનમાં જનારા એકાવતારી મહાપુરુષોની જીવનકથા છે. (૧૮)

પ્રશ્નવ્યાકરણદશા પ્રશ્નોત્તરરૂપ છે. તેમાં આસ્રવ અને સંવરના સ્વરૂપ અંગે પ્રશ્નોત્તરી છે. અંગુઠામાં, દીવામાં કે પાણીમાં દેવતાનું અવતરણ કેવી રીતે થાય, તેની વિદ્યા આ આગમમાં છે. (૧૯)

સારાં અને ખરાબ કર્મનું પરિણામ શું આવે છે, તેનું જીવંત નિરૂપણ વિપાકસૂત્રમાં છે. (૨૦)

ઉપાંગસૂત્રો બાર છે. ઔપપાતિકસૂત્ર આચારાંગસૂત્રનું ઉપાંગ છે. તેમાં દેવ અને નરકમાં ઉત્પત્તિ કેવી રીતે થાય છે, તેનું વર્ણન છે. બીજા આગમોમાં સંક્ષેપમાં કહેલી વાતોનું અહીં વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે. (૨૧)

રાજપ્રશ્નીય સૂત્રકૃતાંગસૂત્રનું ઉપાંગ છે. તેમાં કેશી ગણધરથી પ્રતિબોધ પામેલા પ્રદેશી રાજા સૂર્યાભવિમાનમાં દેવ થયા. શ્રીમહાવીરસ્વામી ભગવાનને ઋદ્ધિ સાથે વંદન કરવા આવ્યા. તેમનું અદ્ભુત તેજ જોઈને સંઘે તેનું કારણ પૂછ્યું. જવાબમાં પ્રભુએ કેશી-પ્રદેશીનો સંવાદ કહ્યો. તે આ ઉપાંગનો વિષય

છે. આત્માનું અસ્તિત્વ સાબિત કરતી તર્કબદ્ધ દલીલો અહીં જોવા મળે છે. (૨૨)

જીવાભિગમ સ્થાનાંગ સૂત્રનું ઉપાંગ છે. તેમાં જીવ અને અજીવનું બે-બે પ્રકારે નવ ભાગમાં વર્ણન છે. આ આગમ પદાર્થોનો આકર ગ્રંથ છે. (૨૩)

પ્રજ્ઞાપના, સમવાયાંગ સૂત્રનું ઉપાંગ છે. તેના રચયિતા શ્રી શ્યામાર્ય છે. તેના છત્રીસ પદોમાં જીવ અને અજીવનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. (૨૪)

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ભગવતીનું ઉપાંગ છે. તેમાં જંબૂદ્વીપ, ભગવાનનો જન્મ મહોત્સવ, ચક્રવર્તિના દિગ્વિજયનું વર્ણન છે. તેને જૈન ભૂગોળનો ગ્રંથ કહી શકાય. (૨૫)

ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિમાં અનુક્રમે ચંદ્ર અને સૂર્ય વિશે વિચાર કરવામાં આવ્યો છે. આ અને હવે પછીના ઉપાંગોનો કયા અંગ સાથે સંબંધ છે, તે વિશે સ્તવકાર મૌન છે. (૨૬)

નિરયાવલિકા આઠમું ઉપાંગ છે. શ્રેણિકના પુત્ર કોણિક અને ચેટકરાજા વચ્ચે મોટું યુદ્ધ થયું હતું. એમાં કરોડો લોકોનો સંહાર થયો હતો. મોટા ભાગના નરકના અતિથિ બન્યા હતા. કોણિકના સાવકા ભાઈ કાલ વગેરે દસ રાજકુમારોને કેંદ્રમાં રાખી પાપની સજાનું વર્ણન આ સૂત્રનો વિષય છે. (૨૭)

કલ્પાવતંસિકા નવમું ઉપાંગ છે. શ્રેણિકના વંશમાં થયેલા પદ્મ વગેરે રાજકુમારો આરાધના કરી દેવલોકમાં ગયા તેનું વર્ણન અહીં છે. (૨૮)

પુષ્પિતામાં ચંદ્ર, સૂર્ય અને બહુપુત્રિકાએ કરેલી સંયમની વિરાધનાનું વર્ણન છે. (૨૯)

પુષ્પચૂલિકામાં શ્રી, હ્રી વગેરે દેવીઓનું વર્ણન છે. (૩૦)

વહ્નિદશામાં યદુવંશના રાજાઓના ઈતિહાસનું વર્ણન છે. (૩૧)

પયન્ના સૂત્ર દસ ગણાય છે. સર્વસિદ્ધાંતસ્તવમાં બે શ્લોકમાં તેર ગ્રંથનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે. (૩૨, ૩૩)

છેદસૂત્ર છ છે. પહેલું નિશીથસૂત્ર આચારાંગની પાંચમી ચૂલા છે. નિશીથનો અર્થ મધ્યરાત્રિ છે. મધ્યરાત્રિની જેમ તેને ગુપ્ત રાખવામાં આવે છે. નિશીથ, બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્ર નામના છેદસૂત્રમાં સાધ્વાચાર, ઉત્સર્ગ-

અપવાદ અને પ્રાયશ્ચિતનું વર્ણન છે. દશાશ્રુતસ્કંધ નામનું છેદસૂત્ર વિશાળ છે. પર્યુષણમાં વંચાતું કલ્પસૂત્ર આ સૂત્રનું આઠમું અધ્યયન છે. જીતકલ્પ નામના છેદસૂત્રમાં પાંચ પ્રકારના વ્યવહાર દર્શાવ્યા છે. તેમાં દર્શાવેલ જીત વ્યવહાર અનુસાર આજે પ્રાયશ્ચિત અપાય છે. મહાનિશીથ નામનું છેદસૂત્ર અતિશય મહિમાવંતુ છે. (૩૪, ૩૮) તમામ આગમો ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, વાર્તિક, સંગ્રહણી, ચૂર્ણી, ટિપ્પણ, ટીકા રચાયા છે, તે પણ પૂજનીય છે. (૩૯)

દૃષ્ટિવાદ નામના બારમાં અંગમાં ચૌદ પૂર્વ સમાય છે. તેના પાંચ ભેદ છે. બધા જ આગમોને શરીરનો આકાર આપી પ્રવચનપુરુષની રચના થાય છે. આમ પ્રતિમા સ્વરૂપે પણ શ્રુતની ઉપાસના થઈ શકે છે. (૪૦)


અંગવિદ્યા નામના આગમમાં સ્વપ્નમાં આવીને ફળકથન કરે તેવી વિદ્યાની સાધનાનો વિધિ છે. (૪૧)

આગમની સ્તુતિ ઉપરાંત આ સ્તવમાં અન્ય શાસ્ત્રોની પણ સ્તુતિ કરવામાં આવી છે. એક મહત્ત્વનું વિધાન અહીં જોવા મળે છે. વ્યાકરણ, છંદ, અલંકાર, નાટક, તર્ક, ગણિત જેવા શાસ્ત્રો મિથ્યાદષ્ટિએ બનાવેલાં છે, તેથી આત્મસાધનામાં નિરૂપયોગી છે, છતાં તે સમ્યગ્દૃષ્ટિના હાથમાં આવે તો શ્રુતજ્ઞાન બને છે. (૪૪) આથી તેવા શાસ્ત્રોની રચના કરતા મુનિ ભગવંતોને હલકી નજરે જોવા તે શ્રુતદેવતાનું અપમાન છે.

અંતમાં, આચાર્યશ્રી નવકારમંત્રને નમસ્કાર કરતા કહે છે કે, નવકાર તમામ શાસ્ત્રોના એકએક અક્ષરમાં સમાયેલો છે. શાસનની પ્રવૃત્તિનો આરંભ સૂરિમંત્રથી થાય છે માટે તે પણ નમસ્કાર પાત્ર છે. (૪૫)

પૂ.આ.શ્રી જિનપ્રભસૂરિજી મહારાજે માત્ર છેતાલીસ ગાથામાં આગમોનો મહિમા ગુંથ્યો, એટલું જ નહીં તે આપણા સુધી પહોંચે એ માટે આ. શ્રી સોમતિલકસૂરિજી મ.ને સમર્પિત કર્યો. આ કાળમાં આવા ભવ્ય સમર્પણની વાત સાંભળવા મળે, એ પણ સદ્ભાગ્ય જ ગણાય.

•



ગ્રંથનામ : વિચારરત્નાકર
કર્તા : ઉપા. કીર્તિવિ.ગણી
ભાષા : સંસ્કૃત
સમય : ૧૭મી સદી

(૧૩)

## વિચારોનો મહાસાગર

સારું વાંચન જીવનનો સર્વોચ્ચ આનંદ છે. નિયમિતપણે વાંચન કરવાથી વ્યક્તિનો દરેક રીતે વિકાસ થાય છે. સારું વાંચન-મગજને સારા વિચારોનું રો-મટીરીયલ પૂરું પાડે છે. લંગર ન નાખો તો વહાણ નદીના પ્રવાહમાં તણાઈ જાય, તેમ યાદ ન રાખો તો સારો વિચાર વિસ્મૃતિના પ્રવાહમાં તણાઈ જાય છે. સારો શ્રોતા પ્રવચનની નોંધ કરે છે, તેમ સારો વાચક વાચેલા વિચારોની નોંધ કરે છે. લખાયેલો વિચાર માનસપટ ઉપર સમગ્રગ્રંથને સજીવન કરે છે. વાંચેલા વિચારોની નોંધ કરવાની રીત આજકાલ જ પ્રચલિત બની છે, એવું નથી. આજથી ચારસો વરસ પહેલાં પણ આ રીત પ્રચલિત હતી. ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયજી ગણિવરરચિત વિચાર રત્નાકર ગ્રંથ જોતા આ વાતની પ્રતીતિ થાય છે. સાધુ બનવાનું એક સદ્ભાગ્ય એ છે કે, સાધુભગવંત પરમાત્માના વચનો એટલે કે આગમોનો અભ્યાસ કરી શકે છે. આગમો વાચવાની અનુજ્ઞા સાધુભગવંતોને જ મળે છે. પરમાત્માના વચનોનું રસપાન સાધુપણાનો આનંદ વધારી આપે છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે આગમોનું વાંચન કરતાં સ્વ અને

પરને ઉપયોગી અને ઉપકારી બની શકે, તેવાં વિચારોને અદ્‌ભુત સંગ્રહ આ ગ્રંથમાં કર્યો છે. આગમોનું જ્ઞાન દરિયા જેવું અગાધ છે, તેના કિનારે મોજા ઉછળતાં હોય છે, પણ રત્નો તો તેના પેટાળમાં જ રહે છે. મરજીવાની જેમ શ્રુત સાગરના અગાધ પેટાળમાં ડૂબકી લગાવીને મેળવેલાં કિંમતી રત્નો ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રંથરૂપ હારમાં પરોવ્યાં છે. એક એક આગમના કિંમતી વિચારોના મોતી એક એક તરંગમાં પરોવ્યાં છે. ઉપાધ્યાયજી મહારાજને મન તો પ્રભુનો એક એક વિચાર સાગર જેવો છે અને પ્રભુનું એક એક વચન દરિયા જેવું છે. જેનાં એક-એક તરંગમાંથી રત્નો ઉછળે છે. વાત સાચી છે. એક-એક સૂત્રના અનંત અર્થો છે. એવું આગમમાં જ કહ્યું છે ને ? ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયજી મહારાજ, જગદ્‌ગુરુશ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય અને શ્રીપાલરાજાના રાસના રચયિતા ઉપા. શ્રી વિનય વિજયજી મહારાજના તેઓ ગુરુ થાય. મહાવીર સ્વામી ભગવાનનું અતિ પ્રચલિત સ્તવન ‘‘સિદ્ધારથના રે નંદન વિનવું’’ એ યાદ કરો, તેની છેલ્લી કડીમાં શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે.

**વાચક શેખર કીર્તિવિજયગુરુ પામી તાસ પસાય**
**ધર્મતણે રસ જિન ચોવીસના વિનયવિજય ગુણગાય.**

(આ પંક્તિ લગભગ અશુદ્ધ ગવાય છે.)

‘વિચાર રત્નાકર’ ગ્રંથ પૂ. આ. શ્રી વિજય સેનસૂરિજી મહારાજની પરંપરામાં આવેલા શ્રી તિલકસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર શ્રી આનંદ સૂરીશ્વરજી મહારાજાના આદેશથી વિ.સં. ૧૯૯૦માં તેમણે બનાવ્યો છે. આથી એ ખ્યાલ આવે છે કે, તે વખતમાં શીર્ષસ્થ આચાર્ય ભગવંત પોતાના સાધુભગવંતોની શક્તિનો શાસન અને સ્વાધ્યાય માટે ઉપયોગ કરાવતા હતા, શ્રી રામવિજયજી મહારાજના શિષ્ય ઉપાધ્યાય શ્રી દેવવિજયજી મહારાજે આ ગ્રંથનું સંશોધન કર્યું છે અને સંશોધન કરવામાં અને લખવામાં તેમના શિષ્ય ઉપા.શ્રી વિનયવિજયજી મહારાજે સહાય કરી છે. તેમજ ગ્રંથની પહેલી પ્રત પણ શ્રી વિનયવિજયજી મહારાજે લખી છે. સર્જકતાને અનુકૂળ વાતાવરણ તે સમયમાં શ્રેષ્ઠ હતું. અનેક ગ્રંથોની રચનામાં અને સંશોધનમાં અરસપરસને સહયોગ મળી રહેતો. ગુરુ ગ્રંથરચના કરે અને શિષ્ય એની પહેલી પ્રત લખે શિષ્ય ગ્રંથ રચના કરે અને ગુરુ તેની પહેલી પ્રત લખે. ઉપા. શ્રી યશોવિજયજી

મહારાજાના ગ્રંથોની પહેલી નકલ (પ્રથમાદર્શ) તેમના ગુરુ પંડિત શ્રી નયવિજયજી મહારાજ લખતા.

વિચારરત્નાકર એક સંદર્ભ ગ્રંથ છે. અગિયાર અંગ, બાર ઉપાંગ, ચાર મૂલસૂત્ર, છ છેદગ્રંથો, દશ પ્રકીર્ણકસૂત્રો અને અન્ય પ્રકરણ શાસ્ત્રોના કુલ મળીને ૨૭૩ વિચારોનું સંકલન આ ગ્રંથમાં જોવા મળે છે. કેટલાંક અવતરણોને નિહાળીએ.

- આજ્ઞાપૂર્વકની દયા જ તારક છે. એવું આચારાંગ સૂત્રમાં કહ્યું છે. (૨/૩/૨) જે દયામાં આજ્ઞાનો સ્પર્શ ન હોય, તે દયા કરવા જેવી નથી. ડાયાબિટીસના દર્દી પર દયા કરીને મીઠાઈ ન ખવડાવાય.
- જે સાધુ ગીતાર્થ નથી. તેણે સભા સમક્ષ વ્યાખ્યાન ન કરવું એ તો પ્રસિદ્ધ છે. પણ જેને સોળ પ્રકારના વચનોનું જ્ઞાન નથી, તેને બીજાની સાથે બોલવાનો પણ અધિકાર નથી એમ આચારાંગસૂત્ર કહે છે, (૨-૪-૧)
- સૂયગડાંગ સૂત્રના ધર્માધ્યયનમાં (૧-૯) એમ કહ્યું છે કે - ગૃહસ્થવાસમાં શ્રુતરૂપી દીપ નથી. તેથી જાણી શકાય છે કે ગૃહસ્થો આગમ વાંચી શકે નહીં.
- સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે - અવિનીત, વિગઈમાં પ્રતિબદ્ધ એટલે સતત રસપ્રચૂર આહાર લેનારા અને અત્યંત ક્રોધી શિષ્યને સૂત્ર કે અર્થ ન ભણાવી શકાય.
- કેટલાક શ્રાવકો અત્યન્ત રાગી હોય છે. અને કેટલાંક છિદ્રાન્વેષી હોય છે. શ્રાવકોમાં જોવા મળતી આવી વિચિત્રતાથી સાધુઓએ મૂંઝાવું નહિ અને છિદ્રાન્વેષી શ્રાવકોને અશ્રાવક ગણવા નહીં. કારણ કે આગમમાં નીચે મુજબ ચાર પ્રકારના શ્રાવકો કહ્યાં છે.
  (૧) માતા-પિતા જેવાં એટલે કોઈપણ પ્રકારના ઉપચાર વિના સાચા હૃદયથી સાધુ પ્રત્યે પ્રેમ ધરાવતાં શ્રાવકો માતા-પિતા જેવાં હોય છે.
  (૨) તત્ત્વનો વિચાર કરતી વખતે ક્યાંક નિષ્ઠુર થતાં અને તે સિવાય અત્યન્ત વાત્સલ્ય રાખતાં શ્રાવકોને બીજા પ્રકારના ભાઈ જેવાં ગણ્યા છે.
  (૩) કેટલાંક શ્રાવકો મિત્ર જેવાં પણ હોય છે. તેમની સાથે જેટલો


વખત સંબંધ હોય તેટલો વખત પ્રીતિ રાખે અને સંબંધ ન રાખો તો ઉપેક્ષા કરે.

(૪) ચોથા પ્રકારના શ્રાવકો શોક્ય સ્ત્રી જેવાં હોય છે, શોક્યસ્ત્રીની જેમ તેઓ સતત સાધુના દૂષણ જ શોધ્યાં કરે છે છતાં પણ તેમને શ્રાવક કહેવા પડે (સ્થાનાંગ ૪-૩)

- ચાર કારણે દેવો પૃથ્વી પર આવવાની ઇચ્છા હોવા છતાં આવી શકતા નથી ૧) દેવતાઈ વિષયો સાથે સંબંધ, ૨) દેવતાઈ વિષયોમાં મૂર્છા, ૩) દેવતાઈ કાર્યોમાં વ્યસ્તતા, ૪) અને મનુષ્યભૂમિની દુર્ગંધ (સ્થાનાંગ સૂત્ર ૪/૩)
- તીર્થંકરના જન્મ પછી માતા પુત્રને જન્મ આપે નહીં, આ વાત અશાસ્ત્રીય જણાય છે. કારણ કે મલ્લિનાથ ભગવાનને નાનો ભાઈ હતો તેમ સંભળાય છે. તેનું નામ મલ્લદિન્ન હતું. આ વાત જ્ઞાતાધર્મકથાના આઠમા અધ્યયનમાં છે.
- મનુષ્યલોકમાં મનુષ્યો જેમ ઘરની બહાર સારા વસ્ત્રાલંકારો પહેરીને નીકળે છે, ઘરમાં સાદા વસ્ત્રો પહેરે છે તેમ દેવોમાં પણ હોય છે. દેવો જ્યારે બહાર જાય, ત્યારે તેમનું ઉત્તરવૈક્રિય શરીર અલંકારાદિથી ભૂષિત હોય છે. જ્યારે મૂળ ભવધારણીય શરીર સાધારણ હોય છે. આ વાત જીવાભિગમ સૂત્રની ચોથી પ્રતિપત્તિમાં છે.
- વિચારરત્નાકરમાં દરેક તરંગ પછી શાસ્ત્રની સિદ્ધાંતની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિના બાવીશ શ્લોકો સંકલિત કરીને સિદ્ધાંત સ્તોત્ર તરીકે પ્રચારી શકાય. આ સ્તુતિ પણ મનોહર છે. દા.ત. ભગવાનના આગમો ચંદન જેવાં છે. યુક્તિઓના પવનની લહેરથી તેને સ્પર્શીને લાકડાં જેવાં હૃદયને અડે, તો તે પણ સુગંધિત થઈ જાય.

જગતનો તમામ વ્યવહાર જેના આધારે પ્રવર્ત્યો છે, તે શ્રુતજ્ઞાનની વિધિ અને બહુમાનપૂર્વક સેવા કરું છું.

વિચારરત્નાકર જેવાં શાસ્ત્રો અપ્રસિદ્ધ કે અલ્પપ્રસિદ્ધ પદાર્થોને સ્પષ્ટ કરે છે. વિશાલ શ્રુતરાશિના કોક ખૂણે-સંતાઈ રહેલાં વિચાર રત્નોને શોધીને આપણી સમક્ષ મૂકવા બદલ ઉપાધ્યાયજી મહારાજના આપણે ઋણી છીએ. આ ગ્રંથનો હજી સુધી અનુવાદ થયો નથી એ પણ એક આશ્ચર્ય છે. ●



ગ્રંથનામ : જૈનધર્મવરસ્તોત્ર +
ગોધૂલિકાર્થ
કર્તા : આ. શ્રી ભાવપ્રભસૂ.
ભાષા : સંસ્કૃત
સમય : ૧૮મી સદી

૧૪

## ભાવોની ભરતીની વાત

વિક્રમના ૧૮મા સૈકામાં પૂર્ણિમા ગચ્છમાં આચાર્યદેવ શ્રી ભાવપ્રભસૂરિજી મહારાજ થયા. તેઓ પોતાના ગચ્છના અધિપતિ હતા. ઉપા.શ્રી વિનયવિજયજી મ., ઉપા. શ્રી મેઘ વિજયજી મ., ઉપા. શ્રી માનવિજયજી મ., ઉપા. શ્રી યશોવિજયજી જેવા ધુરંધર શાસ્ત્રકર્તા મહાપુરુષોની વિદાય પછી તરતનો જ સમય. ત્યારે સંઘ અને સમાજ પર યતિઓની પક્કડ હતી. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે યતિઓના સમયના શિથિલાચારની સમીક્ષા કરી. પરિણામ સ્વરૂપે યતિઓ તેમના ગ્રંથોની પ્રતોને વીણીવીણીને વિનાશ કરવા લાગ્યા. રચના બાદના થોડા જ વખતમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજના ઘણા ગ્રંથોનું બાળમરણ થયું. તેમના રચેલા ગ્રંથોની નોંધ પણ મળતી નહીં. આવા સમયમાં પૂ. ઉપાધ્યાયજી મ.ના ઉપલબ્ધ સાહિત્યની સૂચિ બનાવવાનું પુણ્ય કાર્ય આચાર્યશ્રી ભાવપ્રભસૂરિજીએ કર્યું. તેઓ ઉપાધ્યાયજી મ.ના અનુરાગી હતા. ઉપાધ્યાયજી મ.ના બે ગ્રંથોને સરળ બનાવવા

તેની ઉપર લઘુવૃત્તિ રચી. (નયોપદેશ અને પ્રતિમા શતક) તેઓ પ્રકાંડ વિદ્વાન હતા.

કોઈપણ વિષયના સંસ્કૃત શ્લોક તેઓ રમતમાં બનાવી શકતા. તેમની કલમ લોકભોગ્ય સંસ્કૃત ભાષામાં પણ અસ્ખલિત વહેતી, તેમણે નાના મોટા ૨૩ ગ્રંથ બનાવ્યા છે. તેમાં બાર તો સંસ્કૃત છે. આચાર્ય થયા પહેલાં તેમનું નામ 'ભાવરત્ન' હતું. તેમણે અનેક પ્રતિષ્ઠાઓ કરાવી છે. પાટણમાં ઢંઢેરવાડામાં તેમની સ્થિરતા વધુ થઈ હશે. તેમના શિષ્યો ઉલટથી તેમના ગ્રંથો લખતા. વિ.સં. ૧૭૭૨માં તેજસી નામના શ્રેષ્ઠિએ પોતાના ખર્ચે તેમનો આચાર્ય પદવીનો મહોત્સવ કર્યો હતો. તેમણે રચેલા બે કાવ્યો ધ્યાન ખેંચે તેવા છે. ''નેમિ સંબોધન'' અને ''જૈનધર્મવરસ્તોત્ર''. નેમિ સંબોધન ભક્તામરની પાદપૂર્તિ છે. જૈનધર્મવરસ્તોત્ર કલ્યાણમંદિરની પાદપૂર્તિ છે. સંસ્કૃત ભાષામાં મનના ભાવોને અભિવ્યક્ત કરવા કાવ્ય કે શ્લોકનું માધ્યમ અપનાવવામાં આવે છે. એકની એક વાત સુંદર રીતે રજૂ થાય, તો તેની અસર અલગ પડે છે.

એક આંધળો માણસ ભીખ માંગવા બેઠો. પોતાની સામે એક બોર્ડ મૂક્યું, 'હું અંધ છું મને કંઈક આપો' લોકો વાંચીને જતા રહેતા. એક વ્યક્તિએ જોયું. તે કવિ હશે. તેણે અંધ છોકરાને પૈસાની મદદ ન કરી પણ તેના બોર્ડ પર કશુંક લખ્યું. અને રોડની સામે જઈ ઊભો રહ્યો. એક કલાકમાં અંધની ચાદર પર ઘણા પૈસા ભેગા થઈ ગયા. તે પાછો અંધ પાસે આવ્યો. અંધે તેને પૂછ્યું કે 'તમે શું લખ્યું હતું !' કવિએ કહ્યું, 'સાંભળો મેં લખ્યું છે, આજની સવાર કેવી સુંદર છે. તમે જોઈ શકો છો. હું તેને જોઈ શકતો નથી.' આ કવિતા છે. જે રસ પેદા કરે છે તે કાવ્ય છે. કવિ હોવા માટે સાહજિક પ્રતિભા જોઈએ. નિર્દોષ દૃષ્ટિ જોઈએ. ભાષા અને ભાવની અભિવ્યક્તિ પર અસાધારણ કાબૂ જોઈએ. સંસ્કૃતનું કાવ્યવિશ્વ વિરાટ વિશ્વમાં સહુથી સમૃદ્ધ અને શ્રેષ્ઠ છે. અનેક કવિઓએ સરસ્વતીના વરદાન પામીને અમર કાવ્ય રચનાઓ કરી છે.

કાવ્યની રચના માટે બે વાત અપેક્ષિત છે. અપૂર્વ કલ્પનાનું સંયોજન અને શબ્દોનું સંયોજન. શબ્દોને ગાઈ શકાય એ રીતના સંયોજનના બંધારણને 'છંદ' કહેવાય છે. સ્નાતસ્યા-સ્તુતિનો છંદ શાર્દૂલવિક્રીડિત છે. આ છંદ ગાતા હોઈએ, તો સિંહ જંગલમાં રમણ કરતો હોય તેવો આભાસ થાય છે. દરેક છંદને અક્ષરોનું

બંધારણ હોય છે આ બંધારણ મુજબ શ્લોકો બને છે. દરેક છંદના ચાર પાદ (લીટી) હોય છે. આ બંધારણ પ્રમાણે બનેલી કોઈ કાવ્યરચના પ્રસિદ્ધ થઈ હોય તેના અંતિમ-ચોથા પાદ (લીટી)ને એમને એમ રાખી, પહેલા ત્રણ પાદ (લીટી)ની નવરચના કરવી, એ પાદપૂર્તિ કહેવાય. તેમાં જૂના કાવ્યની છેલ્લી લીટી એમને રાખી ત્રણ લીટી નવી બનાવી કાવ્યમાં નવો જ અર્થ રજૂ થાય છે. એક રીતે યથેચ્છ કાવ્યરચના કરતા આ કાવ્ય રચનાનો પ્રકાર થોડો અઘરો છે.

પૂ. આ. શ્રી માનતુંગસૂરિજી મહારાજાએ રચેલ ભક્તામર સ્તોત્ર અત્યંત પ્રચલિત છે, તેમાં ૪૪ કાવ્ય છે. તે દરેક કાવ્યની છેલ્લી લીટી અકબંધ રાખી, પહેલી ત્રણ લીટી નવી બનાવી ભક્તામરની પાદપૂર્તિ થઈ શકે. શ્લોકના ચાર પાદમાંથી કોઈ પણ એક પાદને લઈ પાદપૂર્તિ થઈ શકે છે. ભક્તામરસ્તોત્રને કેંદ્રમાં રાખીને પંદર જેટલા પાદપૂર્તિ કાવ્ય રચાયા છે. તેમાં એક ભક્તામર પાદપૂર્તિ કાવ્યના પ્રત્યેક શ્લોકનો પ્રારંભ ‘પ્રાણપ્રિય’ શબ્દની થાય છે. એક સરસ્વતીની સ્તુતિ રૂપ છે. એક આત્મભક્તામર છે. શ્રી ભાવપ્રભ સૂરિજી મહારાજે નેમનાથ પરમાત્માને સંબોધીને ભક્તામર પાદપૂર્તિ રૂપ કાવ્ય રચ્યું છે.

કલ્યાણમંદિર સ્તોત્રની ૪૪ ગાથાઓની છેલ્લી લીટી લઈને તેની પાદપૂર્તિરૂપ જૈનધર્મવરસ્તોત્ર નામનું કાવ્ય રચ્યું છે. આ સ્તોત્રમાં જૈનધર્મની શ્રેષ્ઠતા સાબિત કરવાનો પ્રયાસ થયો છે. મૂળભૂત રીતે આ એક ઉપદેશાત્મક કાવ્ય છે. તે વખતના જમાનામાં સાધુ ભગવંતો વ્યાખ્યાનમાં જે વિષયોનું વર્ણન કરતા હશે, તેનો સુંદર આલેખ આ સ્તોત્રમાં ઝીલાયો છે. વ્યાખ્યાનની સભા કેવળ જૈન શ્રાવકોથી જ ભરાયેલી નહીં રહેતી હોય. અનેક ધર્મના અનુયાયીઓ વ્યાખ્યાન સાંભળવા આવતા હશે. આવનારો વર્ગ આંધળો કે અબુધ નહીં હોય. ભણેલા ગણેલા બ્રાહ્મણઓ વગેરે પણ આવતા હશે. કથા-પુરાણોના જાણકાર વર્ગ સમક્ષ જૈનધર્મના શ્રેષ્ઠ તત્ત્વોને પ્રસ્તુત કરવું સહેલું કામ તો નથી જ.

આજથી સો સવાસો વરસ પહેલાં પૂજ્ય આચાર્ય ભગવંતો રાજમહેલમાં જઈને વ્યાખ્યાન કરતા. પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય દાનસૂરિજી મહારાજાએ વડોદરાના સયાજીરાવ ગાયકવાડ સમક્ષ આપેલાં પ્રવચનો તો પ્રગટ પણ થયા છે. પૂજ્ય આચાર્યભગવંત શ્રી લબ્ધિસૂરિજી મ. પંજાબમાં

વિચર્યા ત્યારે ગામડે-ગામડે ચોકમાં ઊભા રહી વ્યાખ્યાન કરતા, હજારો લોકોને આ રીતે માંસાહાર છોડાવતા. આત્મારામજી મહારાજા પંજાબમાં વિચરતા ત્યારે મોટે ભાગે સ્થાનકવાસી સંપ્રદાય તરફથી સવાલ જવાબ થતા. આર્ય સમાજવાળા દયાનંદ સરસ્વતીના અનુયાયીઓ પણ આવતા. જૈન પરંપરાનો ઈતિહાસ ભા. ૧ થી ૪ લખનારા ત્રિપુટી મહારાજે દિલ્લી પાસે સરધના ગામમાં ચોમાસું કર્યું હતું. ત્યાં જૈનોનું એક પણ ઘર હતું નહીં. ઝૂંપડી જેવી વસ્તિમાં ચોમાસું રહી અજૈન પ્રજાને જૈન બનાવી. અત્યંત ઊંડા ગહન અને વિશાળ સિદ્ધાંતોમાંથી ચૂંટેલા સિદ્ધાંતો રજૂ કરવા ઘણી સજ્જતા જોઈએ.

જૈનધર્મવરસ્તોત્રમાં પૂ. આચાર્યશ્રીની આવી સજ્જતા જોવા મળે છે. સારા વ્યાખ્યાતામાં મળતી તમામ ખાસિયતો આચાર્યશ્રીમાં જોવા મળે છે. તેઓ પ્રાચીન અને વર્તમાનકાલીન ઉદાહરણોને સારી રીતે પ્રસ્તુત કરે છે. વિષયની રજૂઆતને રસાળ બનાવવા ઢગલાબંધ ઉદ્ધરણો વાપરે છે. આ માટે તેમને ભાષાના બંધનો નડતા નથી. તેની ટીકાની મૂળ ભાષા સંસ્કૃત છે. પણ વચ્ચે વચ્ચે ગુજરાતી અને હિંદી કવિતાનો ઉપયોગ પણ કરતા રહે છે. અનેક સ્થળે આચાર્ય ભગવંતે સ્વયં વિષયને અનુરૂપ ઉદ્ધરણલાયક શ્લોકો રચીને પ્રસ્તુત કર્યા છે. પૂજા-સામાયિક દાન-શીલ-તપ-નવકાર ઈત્યાદિ અનેક વિષયની સૂક્તિઓ દ્વારા ગ્રંથ સમૃદ્ધ બન્યો છે. અનેક અલ્પપ્રચલિત નાની લાગતી હકીકતો આ ગ્રંથમાં સચવાઈ છે. જેમકે સુદર્શન શ્રેષ્ઠિનો પૂર્વભવ, જગડૂશાહનો વૃત્તાંત વગેરે.

શ્રી સ્થૂલભદ્રજીના જીવનનો એક પ્રસંગ જોઈએ. સિંહગુફાવાસી મુનિ ગુરુ પાસે પાછા આવ્યા અને સ્વીકાર્યું કે, સ્થૂલભદ્ર ખરેખર દુષ્કર દુષ્કરકારક છે. જવાબમાં ગુરુએ કહ્યું તમે સહુએ તો એક એક જોખમ ઉઠાવ્યું હતું, સ્થૂલભદ્રજીએ એક સાથે ત્રણ જોખમ ઉઠાવ્યા. કોશાનું ઘર કામરૂપી સિંહની ગુફા જેવું હતું, કોશાની આંખ દૃષ્ટિવિષ સર્પ જેવી હતી અને કોશાની ચિત્રશાળા કૂવાની પાળ જેવી હતી. આ ત્રણેનો એકસાથે સામનો કર્યો, માટે સ્થૂલભદ્રજી દુષ્કર દુષ્કર કારક છે.

શબ્દના અનુપ્રાસ ધરાવતી વસ્તુઓનો ઉપદેશ શ્રોતાના ચિત્તને ઝડપથી આકર્ષે છે. સ્તોત્રમાં આવા અનેક આદ્ય અક્ષરના અનુપ્રાસ ધરાવતા મુદ્દાઓ છે. જેમકે, દાન-દયા-દમન-દર્શન-દેવની સેવા અને દોષનો ત્યાગ આ છ

દોષો (૩૧) તત્ત્વ-તીર્થંકર-તીર્થ-તપોધન-તથ્ય અને તપ આ છ ત-અક્ષરથી શરૂ થતી વસ્તુ. (૨૯) સ્તોત્રમાં જીવનોપયોગી અનેક ઉપદેશોનો સમાવેશ છે. પુસ્તક વિશે ઉપદેશ આપતી એક માર્મિક ટકોર પૂજ્ય આચાર્ય ભગવંતે કરી છે કે, ધર્મના પુસ્તકની જેમ ધર્મને ટેકો આપતા અન્ય પુસ્તક પણ સંભાળવા જોઈએ, લખાવવા જોઈએ, તેમની ઉપેક્ષા ન થવી જોઈએ. (૩૦) આજે પણ જૈન જ્ઞાનભંડારોમાં અનેક અન્ય દર્શનની હસ્તલિખિત પ્રતો સચવાયેલી જોવા મળે છે.

સિદ્ધરાજ જયસિંહે કલિકાલસર્વજ્ઞશ્રીને ધર્મલાભનો અર્થ પૂછ્યો એ ઘટનાના અનુસંધાનમાં ધર્મલાભનો અર્થ જણાવતા સાત શ્લોક સૂરિદેવે ઉપસ્થિત કર્યા છે. (૩૫) પ્રાયઃ આ તેમણે રચ્યા છે. ચૈત્યવંદનના પ્રારંભમાં બોલાતી સકલકુશલવલ્લી સ્તુતિના 'શાંતિનાથ' શબ્દને સ્થાને 'ધર્મલાભ' શબ્દનો પ્રયોગ કરી સૂરિદેવે પોતાની વિનિયોજન કુશલ પ્રતિભાના દર્શન કરાવ્યા છે. સંસ્કૃત વ્યાકરણનું પ્રારંભિક જ્ઞાન પ્રાપ્ત કરી, કાવ્ય વાંચનનો અભ્યાસ કર્યા પછી આ વૈવિધ્યસભર સ્તોત્રને વાંચનમાં સ્થાન આપવા જેવું છે.

પૂજ્યશ્રીની અન્ય એક મહત્ત્વની કૃતિ છે : 'ગોધૂલિકાર્થ' ગોધૂલિકા એટલે ગહુંલી, ગહુંલી એટલે સાથિયો રચવો. ધર્મક્રિયાઓની બાબતમાં સમયે સમયે નાનામોટા પ્રશ્નો ઉઠતા રહે છે. અલગ-અલગ દૃષ્ટિબિંદુને કારણે અલગ-અલગ અભિપ્રાય ઉઠે છે. આ અભિપ્રાયમાં આગ્રહ ભળે છે, ત્યારે મતભેદ સરજાય છે. આવા સમયે મધ્યસ્થ પુરુષો તત્ત્વની ગવેષણા કરી સત્ય તારવી રજૂ કરે છે. મધ્યકાળમાં 'ગુરુ ભગવંતની સમક્ષ ગહુંલી કરાય કે નહીં ?' આ પ્રશ્ન જાગ્યો હશે. તેનું સમાધાન કરવા શ્રી ભાવપ્રભસૂરિજી મહારાજે આ ગ્રંથ-લેખ લખ્યો છે. અભ્યાસુ અને ગવેષક વિદ્વાન પ્રશ્નના મૂળ સુધી જાય છે. તેને લગતા તમામ પાસાનો અભ્યાસ કરે છે, પછી આધાર સાથે તત્ત્વ રજૂ કરે છે. તેઓ વ્યક્તિગત આક્ષેપબાજીમાં ક્યારેય પડતા નથી. તેમની ઊંડી સંશોધન-દૃષ્ટિને કારણે વાચકને અનેક નવી બાબતોની જાણકારી મળે છે.

ગહુંલીના પ્રશ્નનું વિશ્લેષણ કરતા પહેલા પૂ. સૂરિદેવે ગોધૂલિકા શબ્દના વ્યાકરણ અને કોશનો આધાર લઈ એકતાલીસ અર્થ કર્યા છે. તેમાં કેટલાક અર્થ શાબ્દિક છે, કેટલાક આધ્યાત્મિક પણ છે. મૂળપ્રશ્નના જવાબમાં સૂરિજી

જણાવે છે કે, જૈનશાસનમાં દેવગુરુ સામે ગહુંલી થાય છે. ગહુંલી રચવાના ત્રણ હેતુ છે : ભક્તિ માટે, મંગલ માટે અને સિદ્ધાંતના વિનય માટે ગહુંલી કરવાની છે. લોકમાં ઘરે લગ્ન વગેરે પ્રસંગે મીઠાઈ બનાવી હોય તે જમણવારમાં ખૂટી ન પડે તે માટે સાથિયો થાય છે. શ્રાવકે ગુરુ સમક્ષ ગહુંલી અવશ્ય કરવી જોઈએ. સાધુ ગહુંલી દ્વારા સન્માન ઈચ્છે તે અયોગ્ય છે.

ઉત્તરાધ્યયનના પાત્રીસમાં અધ્યયનની અઢારમી ગાથામાં ગુરુ સમક્ષ સ્વસ્તિક રચનાનું વિધાન છે. ગોધૂલિકા-ગહુંલીને સ્થાપના મંગલ કહી શકાય. અહીં તીર્થંકર ભગવંતો, ગુરુભગવંતો, સરસ્વતી દેવી વગેરે મંગલ તત્ત્વોનો સમાવેશ થાય છે. ગોધૂલિનો અર્થ ગુરુના ચરણની રજ પણ થાય છે. જે ધરતી પર ગુરુના પગલાં પડ્યાં છે તે ધરતી પર વિખરાયેલી ધૂળના સ્પર્શ સુખનો અનુભવ કરાવતાં નમનનું સદ્‌ભાગ્ય ગહુંલી દ્વારા મળે છે. કેસર, કંકુ, ખડી જેવા પાર્થિવ રંગોની રચના ગહુંલીમાં આવે છે. ગહુંલીમાં પલાળેલા કંકુ આદિનો પણ ઉપયોગ થાય છે. જમીન પર કે પાટલા પર બંને સ્થળે ગહુંલી થઈ શકે. સધવા સ્ત્રીઓ મંજુલ સ્વરે ગીતો ગાય તે પણ ગહુંલી છે. ગોધૂલિનો સમય સાંજનો કહેવાય. આ સમયે સ્વાધ્યાયનો નિષેધ હોય તે સમયે મહિલાઓ ગીતો ગાય તે ગહુંલી કહેવાય. લોક વ્યવહાર અનુસારે માટી, ખડી, ચૂનો, છાણ વગેરેથી જમીન લિપીને ધૂળ રહિત કરવી તેને ગહુંલી કરી કહેવાય. આધાશીશી ઉતારવાના મંત્રમાં આ અર્થમાં ગહુંલી શબ્દનો પ્રયોગ થાય છે, તેવું સૂરિજી નોંધે છે. દરેક શુભ સ્થાનમાં મંગલ માટે ગહુંલી રચાય છે.


પૂજ્ય આચાર્યદેવ સિદ્ધ કવિ છે. લેખકના અંતે ગહુંલીની મહત્તા ગાતાં ત્રણ સુંદર કાવ્યો પ્રસ્તુત કરી તેમણે વિષયનું સુંદર રીતે સમાપન કર્યું છે. જેમ તીર્થંકર ભગવંતોની દેશના બાદ શાલિ-(ચોખા)નું બલિવિધાન પ્રસિદ્ધ છે તેમ દરેક પવિત્ર સ્થાનમાં ગહુંલી અનિષ્ટના વારક તરીકે પ્રસિદ્ધ છે. શિષ્યોની બુદ્ધિ વેલની જેમ વધે તે માટે પોતે આ રચના કરી છે તેવું અંતમાં સૂરિદેવ જણાવે છે.

પં. શ્રી હીરાલાલ રસિકલાલે આ બંને કૃતિ 'જૈનધર્મવરસ્તોત્ર' નામના પુસ્તકમાં આપીને આ કૃતિનું સંપાદન કર્યું છે. આ સંગ્રહાત્મક સંપાદનમાં આચાર્યદેવની અન્ય એક કૃતિ સભાચમત્કાર નામની છે. આ કૃતિ ગુજરાતી

ભાષામાં છે. બત્રીસ દોહા છે. તેમાં દર એક દોહા પછી, દર બે દોહા પછી, દર ચાર દોહા બાદ, દર આઠ દોહા બાદ, દર સોળ દોહા બાદ, ભગવાનના અને સાત ક્ષેત્રના નામ ગૂંથ્યા છે.

'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રની છેલ્લી ગાથામાં અષ્ટાપદ તીર્થમાં વિરાજતા ચોવીસ પ્રભુની સ્તુતિ છે. શ્રી સંઘદાસ ગણિવરશ્રીએ વસુદેવ હીંડી નામના કથા ગ્રંથમાં આ શ્લોકના અલગ અલગ ચૌદ અર્થ કરી તેમાં ચૈત્ય પરિપાટી દર્શાવી છે. ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજે તેના આધારે સત્તાવીસ ગાથાનું શાસ્ત્ર બનાવી આ ચૌદ ચૈત્ય પરિપાટીનું સંકલન કર્યું છે. તે જ રીતે શ્રી દેવેન્દ્ર સૂરિજી મહારાજે પણ ચત્તારિઅટ્ઠ શ્લોકનું વિવરણ કરતાં સ્તવની રચના કરી છે. આ બંને કૃતિ પણ પ્રસ્તુત સંગ્રહમાં સ્થાન પામી છે. 'ચત્તારિ' આ ગાથા બોલીએ ત્યારે કેવળ અષ્ટાપદ તીર્થના નહીં પણ શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, નંદીશ્વર દ્વીપ જેવા તીર્થો, વિહરમાન ભગવાન, ૧૬૦ ભગવાન, ઉત્કૃષ્ટ ૧૭૦ ભગવાન, અતીત, અનાગત, વર્તમાન ચોવીસી, પાંચ ચોવીસી, પંદર ચોવીસી, ત્રણ લોકના ચૈત્યો (સકલતીર્થ સૂત્રની સહસ સત્તાણું ગાથામાં અને જગચિંતામણિ સૂત્રની સત્તાણવઈ ગાથામાં ત્રણલોકના ચૈત્યની સંખ્યા જણાવી છે)ની વંદનાનો લાભ મળે છે. એક સહેલા લાગતા સૂત્રનો વ્યાપક અને વિસ્તૃત અર્થ દર્શાવી આ મહાપુરુષોએ આપણી ભાવસૃષ્ટિને નવા સ્તર પર લઈ જવા ઉત્તમ આલંબન આપ્યું છે. આ ઉપકાર અનન્ય છે.

•



ગ્રંથનામ : કુલકસંગ્રહ
કર્તા : વિવિધ સૂરિવરો
ભાષા : સંસ્કૃત, પ્રાકૃત

## ૧૫

# શ્રુતસાગરના મોતી

કોઈ પણ પ્રકારની ટિપ્પણી વિવેચના વગર ઉપદેશ દ્વારા આત્માને ભાવિત કરવા શ્રુતસાગરમાંથી તારવેલા મૌક્તિકો પ્રસ્તુત છે.

**जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ॥**

**नवकारफलकुलकम् ॥ २४ ॥**

જે શ્રી જિનશાસનનો સાર છે, જેમાં ચૌદ પૂર્વ સમાવેશ થાય છે. એવો નવકાર જેના મનમાં છે તેને સંસાર શું કરશે ?

**ता पाविऊण एअं, मुक्कपमाएण कुसलपुरिसेण ।**
**एयथिरत्तनिमित्तं, निसेवणिज्जाइं एआइं ॥**
**जिणसासणाणुराओ, निच्चमचागो सुसाहुसंगस्स ।**
**सम्मं च सुयब्भासो, तह तह भवभावणुल्लासो ॥**

**उवएसचउक्ककुलयं ॥ १-५-६**

માનવ જન્મ પામીને ઉત્તમ ધર્મ પામીને હોંશિયાર માણસે

પ્રમાદનો ત્યાગ કરી ધર્મની સ્થિરતા પામવા આ ચાર ગુણોનો અભ્યાસ કરવો. ૧) શ્રી જિનશાસનનો અનુરાગ, ૨) સારા સાધુઓનો સતત સંપર્ક, ૩) સારી રીતે શાસ્ત્રનો અભ્યાસ ૪) તે તે ભાવનાઓમાં ઉલ્લાસ.

**सिद्धंतसुई सुमुणीण संगमो मच्चुणो सया चिंता ।**
**तह दुक्कडसुकडाणं, कडाण फलचिंतणं चित्तं ॥**

**उवएसचउक्ककुलयं ॥ २-४ ॥**

સિદ્ધાંતનું શ્રવણ, સારા મુનિનો સમાગમ, હંમેશા મૃત્યુની ચિંતા અને સારાખરાબ કર્મના ફળનો વિચાર કરવો.

**वंकं गमणं वंकं, पलोयणं य वंकमालवणं ।**
**अइहासुब्भडवेसो, पंच वि सीलस्स दोसा उ ॥**
**खंती तवोविहाणं, लज्जा विणओ अ इंदियदमो अ ।**
**नाणब्भासो अहियासणाइं इय सीलभूसणया ॥**
**साहम्मियसंसग्गी, गुरुसामग्गी कुसंगविणिवत्ती ।**
**सुविसालसीलकप्पद्‌दुमस्स हुंति वाडीओ ॥**

**नारीशीलरक्षाकुलकम् ॥ १८, १९, २० ॥**

વાંકી ચાલે ચાલવું, વાંકી દૃષ્ટિએ જોવું, વાંકી વાણીએ બોલવું, ઘણું હસવું, ઉદ્‌ભટ વેષ પહેરવો આ પાંચ શીલને દૂષિત કરે છે. ક્ષમા, તપ, લજ્જા, વિનય, ઇંદ્રિય પર કાબૂ, જ્ઞાનાભ્યાસ અને સહનશીલતા આ સાત શીલના આભૂષણ છે. સાધર્મિકનો સંસર્ગ, ગુરુ નિશ્રા, ખરાબ સંપર્કનો ત્યાગ આ ત્રણ બાબત શીલરૂપ વિશાળ કલ્પવૃક્ષની રક્ષક વાડ છે.

**जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अराओ ।**
**किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥**

**क्षमादिविपाककुलकम् ॥ ९ ॥**

જેમાં (=ધર્મમાં) વિષયનો વૈરાગ્ય છે, કષાયનો ત્યાગ છે, ક્રિયામાં અપ્રમાદ છે તે ધર્મ મોક્ષનો ઉપાય છે.

**संतोसो करणजुओ, पसन्नचित्तं दयालुभावो अ ।**
**सच्चं सोअं दुज्जणपरिहारो इय सुहा सत्त ॥**

**पव्वज्जाविहाण कुलकं ३३॥**

સંતોષ, ઇંદ્રિય પર કાબૂ, ચિત્તની પ્રસન્નતા, દયાળુભાવ, સત્ય, પવિત્રતા અને દુર્જનનો પરિહાર આ સાત સુખ છે.

**मित्तत्तं सव्वीजीवेसु गुणरागो गुणन्नुसु ।**
**दुक्खिएसु दयालुत्तं निग्गुणाणमुवेहणं ॥**
**गंभीरत्तमुदारत्तं धीरभावो थिरत्तणं ।**
**एवमाइ गुणग्गामं सुट्ठु सब्भूअमब्भसे ॥ २३, २४**

**धम्मोवएसकुलयं ॥ मुनिचंद्रसूरि**

સર્વ જીવો સાથે મૈત્રી, ગુણવાન જીવો પર ગુણાનુરાગ, દુઃખી પર દયા, નિર્ગુણ પર ઉપેક્ષા, ગંભીરતા, ઉદારતા, ધીરજ, સ્થિરતા જેવા ગુણોને આત્મસાત્ કરવાનો અભ્યાસ કરવો.

**सच्चेण जणपसिद्धि, धम्मविसुद्धी य होइ सच्चेण ।**
**सच्चे सुगइलाभो, सच्चसरिसं परं णत्थि ॥ ॥ ७ ॥ धम्मोवएसकुलयं**

સત્યથી લોકમાં પ્રસિદ્ધિ મળે છે, સત્યથી ધર્મ વિશુદ્ધ બને છે. સત્યથી સદ્ગતિ મળે છે, સત્યથી શ્રેષ્ઠ કંઈ નથી.

**जम्मि न संसारभयं, जम्मि न मोक्खाभिलासलेसो वि ।**
**इह धम्मो सो नेव, विणा कओ जो जिणाणाए ॥ ४ ॥ उपदेशामृतकुलकम्**

જે ધર્મમાં સંસારનો ભય નથી, મોક્ષનો થોડો પણ અભિલાષ નથી, ભગવાનની આજ્ઞાનું પાલન નથી તે ધર્મ ધર્મ નથી.

**मइमं सुयसच्छच्छो, जो होइ जिइंदियो दमियचित्तो ।**
**सो च्चिय दुक्खकरालं, जणो जिणइ सोगवेयालं ॥२९॥**

**शोकनिवारणकुलकम्, मुनिचन्द्रसूरि**

જે બુદ્ધિમાન છે, જેણે ઇંદ્રિય પર કાબૂ મેળવ્યો છે, જે મનને વશમાં રાખે છે તે વ્યક્તિ જ ભારે દુઃખને આપનારા શોક નામના વેતાલને જીતે છે.

**वयसुद्धी सज्झाओ, झाणं दाणं जिणिंदपूआ य ।**
**एमाइकुसलकज्जमेण दियहा गमेयव्वा ॥३१॥**

**शोकनिवारणकुलकम्, मुनिचन्द्रसूरि**

વ્રતોની શુદ્ધિ, સ્વાધ્યાય, ધ્યાન, દાન અને ભગવાનની પૂજા આવા સરસ કામ કરી દિવસો પસાર કરવા.

**जत्थ दया जीवाणं, जत्थ जिणो देवया गुरु गुणिओ ।**
**सो च्चिय धम्मो धम्मियजणाण धम्मो त्ति पडिहाइ ॥**

**रत्नत्रयकुलकम् ॥ १७-२२ ॥**

જ્યાં જીવોની દયા છે, રાગદ્વેષના વિજેતા ભગવાન છે, ગુણસંપન્ન ગુરુ છે તે ધર્મ જ ધર્મી જનોને ધર્મ તરીકે ગમે છે. ધર્મના બે પ્રકાર છે. તેમાં એક ગૃહસ્થોનો ધર્મ છે, બીજો સાધુનો ધર્મ છે. તેમાં ગૃહસ્થોનો ધર્મ આ પ્રમાણે છે- ૧. ભગવાનની પૂજા, ૨. મોહને હણનારા સાધુઓને દાન. ૩. સાધર્મિક પર પ્રેમ ૪. વડીલોની સારી રીતે સેવા, ૫. અણુવ્રતોની શુદ્ધિ ૬. સ્વાધ્યાય અને ધ્યાનમાં બુદ્ધિ ૭. નીતિપૂર્વક વ્યવહાર ૮. દીનદુઃખીને ઉદારતાપૂર્વક દાન તથા ૯. પાપ લાગે તેવા કાર્યોનો દૂરથી જ ત્યાગ.

**भावो च्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ ।**
**सम्मत्तस्स वि बीयं, भावुच्चिय बिंति जगगुरुणो ॥१९॥**

**भावकुलकम्-देवेन्द्रसूरि**

ભાવ જ પરમાર્થ છે, ભાવ જ ધર્મનો સાધક છે, સમ્યકત્વનું બીજ પણ ભાવ જ છે એમ જગતના ગુરુ કહે છે.

**निम्मलनाणपहाणो, दंसणसुद्धो चरित्तगुणवंतो ।**
**तित्थयराण वि पुज्जो, वुच्चइ एआरिसो संघो ॥**
**आगमभणियं जो पन्नवेइ सद्दहइ कुणइ जहसत्तिं ।**
**तयलुक्कवंदणिज्जो, दूसमकाले वि सो संघो ॥ १४-१५ ॥**

**सङ्घस्वरूपकुलकम्**

જે નિર્મલ જ્ઞાનને પ્રધાન ગણે છે, જેનું દર્શન શુદ્ધ છે, જે ચારિત્ર ગુણથી શોભે છે તેવો સંઘ તીર્થંકરોને પણ પૂજ્ય છે. જે આગમમાં કહ્યું છે તે પ્રમાણે કહે છે, તેની ઉપર શ્રદ્ધા રાખે છે, શક્તિ પ્રમાણે આગમાનુસાર આચરણ કરે છે આવો સંઘ દૂષમકાળમાં પણ ત્રણ લોકમાં વંદનીય બને છે.

•

૧. સતત નવું જ્ઞાન મેળવવાની ઈચ્છા,
૨. ગુરુની સેવા કરવાની તીવ્ર તાલાવેલી,

૩. બીજા માટે કંઈક કરી છૂટવાનો આશય,

૪. મોહમાં ફસાયેલા લોકોના પરિચયથી દૂર રહેવું,

૫. સુંદર પ્રકારનો ધર્મ કરતા લોકોને ભાઈ જેવા માનવા,

૬. દિલ સાફ રાખવું,

૭. ક્યારેય પોતાના મોઢે પોતાના વખાણ કરવા નહીં,

૮. અયોગ્ય વસ્ત્ર કે શણગાર કરવા નહીં,

૯. કોઈની મશ્કરી કરવી નહીં,

૧૦. ખરાબ સંયોગો આવે તો પણ દીન બનવું નહીં,

૧૧. અભિમાન કરવું નહીં,

૧૨. સારી વાતો સાંભળવી,

૧૩. આપણાથી વધુ ગુણવાન વ્યક્તિને જોઈ ખુશ થવું,

૧૪. સંસારના કામ મનમાં વિરક્તિ રાખી કરવા,

૧૫. દરેક કામ ઉત્સુકતા, ક્ષુદ્રતા અને દીનતા વગર કરવા,

૧૬. સ્વાધ્યાય કરવો, સારું ધ્યાન કરવું, તપ કરવું,

૧૭. આવશ્યક ક્રિયામાં ખૂબ ઉદ્યમ કરવો,

૧૮. જે વાત લોકથી અને ધર્મથી વિરુદ્ધ હોય તેને છોડી દેવાનો ખાસ આગ્રહ રાખવો,

૧૯. દરેક ક્ષણે પોતાના દુષ્કૃતોની નિંદા કરવામાં આનંદ માનવો,

૨૦. સારાં કાર્યોની અનુમોદના કરવામાં આનંદ માનવો,

૨૧. કામની તૃષ્ણાને કારણે ઊભા થતા દોષોના ખરાબ પરિણામની વિચારણા કરવી,

૨૨. પ્રમાદના વાવાઝોડાને કારણે બરબાદ થઈ ચૂકેલા જીવોના દુઃખોની વિચારણા કરવી,

૨૩. સંતોષ રાખવો,

૨૪. અમુક બાબતમાં (આહાર અને વ્યવહારમાં) શરમ ન રાખવી,

૨૫. સહુનો વિનય કરવો.

૨૬. પ્રિય વાણી બોલવી,

૨૭. વ્યવહારને નીતિથી શોભાવવો,

૨૮. ભવિષ્યમાં શું થશે તેનો વિચાર કરવો,

૨૯. મારે શું કરવાનું છે ? મેં શું નથી કર્યું ?, પ્રમાદને કારણે શું કરવાનું ભૂલી ગયો ? વગેરે વાતો વિચારવી,

૩૦. ગંભીર, ધીર અને ગુણોના સાગર સમા સનત્કુમાર વિ. મહામુનિઓ તેમ જ આનંદ આદિ શ્રાવકો પગલે પગલે ચાલવા પ્રયાસ કરવો, વધુ શું કહેવું ? પોતાના કુળને ડાઘ ન લાગે, અને આલોક-પરલોકની વિરુદ્ધ ન હોય તેવા કામ પૂરા પ્રયત્નથી કરવા.

**जिनवल्लभसूरिकृतकुलकम्-श्लोक ११ थी १९**

**कुग्गहकलंकरहिया जहसत्ति जहागमं च जयमाणा ।**
**जेण विसुद्धचरित्तति वुत्तमरहंतसमयम्मि ॥१४॥**

**काउण रागचागं मणे मुणिज्जा गुणागुणविभागं ।**
**भाविज्ज कडुविवागं च कामरागं सया कालं ॥१६॥**
**दक्खिन्नमपेसुन्नं भवनिग्गुण्णं च दुहियकारुण्णं ।**
**मन्निज्जन्नं पि मणम्मि निम्मले निच्चमिच्चाई ॥१७॥**

**सच्चमघट्टियमम्मं सम्मं सइ धम्मकज्जसज्जं च ।**
**हियमियमहुरमगव्वं सव्वं भासेज्ज मइपुव्वं ॥२१॥**

**जिनवल्लभसू. कृतकुलकम्**

જેઓ કદાગ્રહના કલંકથી રહિત છે, પોતાની શક્તિ મુજબ આગમાનુસાર આરાધના કરે છે, તેઓ વિશુદ્ધ ચારિત્ર ધરાવે છે એવું ભગવાનનાં શાસનમાં કહ્યું છે.

રાગનો ત્યાગ કરીને મનમાં ગુણ અને દોષનો ભેદ ઓળખી લેવો. કામરાગનાં કડવા ફળનો હંમેશા વિચાર કરવો. દાક્ષિણ્ય (પ્રાર્થના-ભંગભીરુતા) અપૈશુન્ય (નિંદાત્યાગ) સંસારની અસારતા, દુ:ખી જીવો પર દયા જેવા ગુણો વિશે નિર્મળ મનમાં હંમેશા વિચાર કરવો. જે બોલવું જે સાચું બોલવું, બીજાને દુ:ખ ન થાય તેવું બોલવું, બીજાની ગુપ્ત વાત વિશે ન બોલવું. ધર્મમાં મદદ થાય તેવું બોલવું, બીજાનું હિત થાય તેવું બોલવું, ઓછું બોલવું, ગર્વ વગર બોલવું.

**दम सम समत्त मित्ती, संवेअ विवेअ तिव्वनिव्वेआ ।**
**एए पमूढअप्पावबोहबीअस्स अंकुरा ।।३।।**
**धम्मो जणओ करुणा, माया भाया विवेगनामेणं ।**
**खंति पिया सप्पुत्तो गुणो कुडुंबं इमं कुणसु ।।२३।।**
**अवरो न निंदियव्वो, पसंसियव्वो कया वि हु न अप्पा ।**
**समभावो कायव्वो, बोहस्स रहस्समिणमेव ।।४०।।**
**परसक्खित्तं भंजसु, रंजसु अप्पाणमप्पणा चेव ।**
**वज्जसु विविहकहाओ, जइ इच्छसि अप्पविन्नाणं ।।४१।।**

**आत्मावबोधकुलकम्, जयशेखरसूरिकृत**

૧. ઇંદ્રિય પર કાબૂ ૨. કષાયની અલ્પતા ૩. સમતા ૪. મૈત્રી ૫. સંવેગ (મોક્ષની ઇચ્છા) ૬. વિવેક ૭. તીવ્ર નિર્વેદ (સંસાર પર ઉદ્વેગ) આ સાત ગુણ અતિ ગૂઢ એવા આત્મજ્ઞાનરૂપ બીજના અંકુર જેવા છે. (એટલે કે આત્મજ્ઞાન થાય કે તરત આ ગુણ પ્રગટે છે.)

ધર્મને પિતા, કરુણાને માતા, વિવેકને ભાઈ, ક્ષમાને પત્ની અને ગુણને પુત્ર આ સદ્‌ગુણોને તારું કુટુંબ બનાવ. બીજાની નિંદા કરવી નહીં, પોતાની પ્રશંસા ક્યારેય કરવી નહીં, કાયમ મનમાં સમભાવ રાખવો, આ ત્રણ તમામ બોધના સાર છે. જો તારે આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો આ ત્રણ કામ કર

૧. બાહ્ય ભાવોમાં રસ ઓછો કરી દે.

૨. બહારથી નહીં પણ આત્મામાંથી જ આનંદ મેળવવાની મહેનત કર.


૩. આત્મા સિવાયની વાતો છોડી દે.

**संदर्भ-शास्त्रसंदेशमाला-७**

•

## તરંગ - ૨

# નવી રચના



ગ્રંથનામ : સૂત્રાર્થમુક્તાવલિ
કર્તા : આ. શ્રી લબ્ધિસૂ.મ.
ભાષા : સંસ્કૃત
સમય : ૧૯મી સદી

૮

## આગમની આરતી

આગમો પ્રભુએ ઉપદેશેલી વાણીનું સંકલન છે. તેમાં કહેલા અર્થોને આધારે શાસ્ત્રની રચના થાય છે. આ સ્વતંત્ર રચનાને પ્રકરણ કહેવાય છે. કાળબળે વીસરાઈ ગયેલા આગમ-પદાર્થો આપણા સુધી પ્રકરણો દ્વારા પહોંચ્યા છે. આગમના અર્થો યાદ રાખવા કઠણ છે. તેથી તેના એક ભાગનું સંકલન કરી શાસ્ત્રકારો નવો ગ્રંથ બનાવે છે. આ ગ્રંથમાં આગમની છાયા જોવા મળે છે. જે આગમ શાસ્ત્ર વાંચવાનો અધિકાર આપણને ન હોય, તેના પદાર્થો જાણવાનો અવસર આપણને આવા પ્રકરણો દ્વારા પ્રાપ્ત થાય છે. સૂત્રાર્થમુક્તાવલી પાંચ આગમોના પદાર્થોનું સંકલન કરતું શાસ્ત્ર છે. તેના કર્તા પૂ. આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા એક લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન હતા. ઉત્તમ વ્યાખ્યાનકાર અને કવિ હોવા ઉપરાંત તેઓ એક શ્રેષ્ઠ શાસ્ત્રકાર હતા. તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી છે.

પૂર્વના મહાપુરુષોને પોતાની પ્રેરણાથી દેરાસર ઊભું થાય,

એના કરતા પોતે શાસ્ત્ર સર્જક બને, એવી ખેવના પ્રબળ રહેતી. તેથી જ જૈનશાસન પાસે આજે સમૃદ્ધ જ્ઞાનવારસો છે. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજે સન્મતિપ્રકરણ નામના શાસ્ત્રની રચના કરી છે. તેમાં નય અને દ્રવ્યાનુયોગની ઊંડી વિચારણા કરવામાં આવી છે. પૂ. આચાર્ય શ્રી અભયદેવસૂરિજી મહારાજે તેની ઉપર વાદમહાર્ણવ નામની ટીકા રચી છે. તેમાં દરેક દર્શનના મતની તાર્કિક અને વિસ્તૃત સમીક્ષા છે. દ્રવ્યાનુયોગના વિષયમાં આ ગ્રંથ મોખરાનો ગણાય છે. મોટા મોટા વિદ્વાનો પણ આ ગ્રંથને પૂર્ણપણે સમજી શકતા નથી. આ ગ્રંથને અલ્પ બુદ્ધિ ધરાવતા જિજ્ઞાસુઓ પણ સમજી શકે, એ માટે પૂ.આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે, સન્મતિતત્ત્વસોપાન નામના શાસ્ત્રની રચના કરી. તેમાં સરળ ભાષામાં અઘરા પદાર્થોની રજૂઆત છે.

આપણી પરંપરામાં આગમ વાંચવાનો અધિકાર કેવળ સાધુઓને છે. સાધ્વીજીઓ માત્ર આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ અને પ્રકીર્ણક (પયન્ના) આટલા આગમો વાંચી શકે છે. ગૃહસ્થો આવશ્યક નામનું એક જ આગમ વાંચી શકે. (તે માટે ઉપધાન કરવા જરૂરી છે.) આગમસૂત્રોનાં રહસ્ય સુધી પહોંચવા નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ વગેરેનો સહારો લેવો પડે. તે માટે સારી ધારણાશક્તિ અને ઊંચી બૌદ્ધિકક્ષમતા જોઈએ. ક્ષમતા અને અધિકાર આ બંને ન હોય, છતાં આગમોના પદાર્થોને જાણવાની ઈચ્છા હોય, તેમને માટે સૂત્રાર્થમુક્તાવલી શ્રેષ્ઠ સાધન ગ્રંથ છે. રત્નોની માળા બનાવનારો કારીગર વિવિધ આકારના મોતીને એક દોરામાં પરોવીને માળા બનાવે, તેમ પૂજ્ય આચાર્યભગવંતે પાંચ આગમોનાં સૂત્રોના અર્થને એક ધારામાં ગોઠવીને સૂત્રાર્થમુક્તાવલી બનાવી છે. આમાં અનુયોગદ્વાર, આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ અને સમવાયાંગ આ પાંચ આગમોના અર્થનું સંકલન છે. આ સંકલનનો ફાયદો એ છે કે, આગમોના પદાર્થો કંઠસ્થ કરવા સરલ બની જાય છે. જેમ કે અનુયોગદ્વાર નામનું આગમ બે હજાર ગાથાનું છે, સૂત્રાર્થમુક્તાવલીમાં તે માટે માત્ર બાવન સૂત્રો છે. સૂત્રોને સમજવા માટે સૂરિદેવે સરળ અને સ્પષ્ટ ટીકા પણ બનાવી છે. સૂત્રાર્થમુક્તાવલી ના આધારે પાંચ આગમોનો પરિચય મેળવીએ.

આગમોનું અર્થઘટના કરવાની વિશેષ પદ્ધતિને અનુયોગ કહેવાય છે. અનુયોગ એટલે સૂત્રનો અર્થની સાથે સંબંધ. એક સૂત્રના અનેક અર્થ છે. તેમાંથી કયો અર્થ બંધબેસતો છે, તેનો નિર્ણય અનુયોગ દ્વારા થાય છે. અનુયોગ દ્વારા અર્થનો નિર્ણય કરવાની પદ્ધતિનું વર્ણન અનુયોગદ્વાર નામના આગમમાં છે. અનુયોગદ્વારને આગમોનું વ્યાકરણ કહી શકાય. આ સૂત્ર બે હજાર ગાથાનું છે. દરેક આગમધર કે આગમના ટીકાકારને અનુયોગદ્વાર સૂત્રથી અને અર્થથી કંઠસ્થ હોય જ. (પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિજીમહારાજાએ અનુયોગદ્વાર વીસ દિવસમાં કંઠસ્થ કર્યું હતું અને ટીકા સાથે વાંચ્યું હતું.) અનુયોગદ્વાર આગમોનું પ્રવેશદ્વાર છે. કોઈ પણ આગમના અર્થને ઊંડાણથી અને સ્પષ્ટતાથી સમજવા અનુયોગદ્વાર સૂત્રના પદાર્થો તેમ જ તેમાં દર્શાવેલી પદ્ધતિનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. સૂત્રાર્થમુક્તાવલીમાં આ આગમનો સાર માત્ર બાવન સૂત્રોમાં સમાવાયો છે. આપણે ત્યાં પ્રકરણ કંઠસ્થ કરવામાં આવે છે, વ્યાકરણના સૂત્રો કંઠસ્થ કરવામાં આવે છે તેની સાથે આગમોનું તાળું ઉઘાડવાની ચાવી જેવા આ બાવન સૂત્રો પણ કંઠસ્થ કરવા જોઈએ.

સૂત્રાર્થમુક્તાવલીના બીજા પ્રકરણમાં આચારાંગ સૂત્રનો સાર છે. આચારાંગસૂત્રના બે શ્રુતસ્કંધ છે. (શ્રુતસ્કંધ એટલે મુખ્ય વિભાગ) પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયન છે. આચારાંગસૂત્રની શરૂઆત આત્માથી થાય છે. આત્માના જ્ઞાન વિના ધર્મ આવતો નથી. આ પ્રકરણનું સાતમું સૂત્ર કહે છે : કોઈક વ્યક્તિ આત્માને જાણી શકે. આત્માનું જ્ઞાન સહેલું નથી. કોઈને સ્વભાવથી આત્મજ્ઞાન થાય તો કોઈને ઉપદેશ દ્વારા થાય. જેને આત્મજ્ઞાન થાય તે જ વિવેકી છે. (સૂત્ર-૮) આત્મજ્ઞાન પામેલી વ્યક્તિ પોતાના સુખને માટે બીજાને હેરાન કરે નહીં. જેને પોતાના આત્માનું જ્ઞાન થાય, તેને બીજાના આત્માનું સંવેદન થાય. જેમ મને સુખ-દુઃખ થાય છે, તેમ બીજા આત્માને પણ સુખ-દુઃખ થાય છે. આ કરુણાભરી સંવેદના જીવમાં અહિંસાનો પરિણામ પેદા કરે છે. તેની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ સંસારત્યાગમાં આવે છે. આત્માનો જાણકાર જીવ દીક્ષા લઈને જીવોની હિંસાથી અટકે છે. (સૂત્ર-૧૬) સંસારનું મૂળ કષાય છે. કષાયનું મૂળ મોહ છે, મોહથી રાગ-દ્વેષ થાય છે. રાગ-દ્વેષથી જન્મ-મરણની પરંપરા સર્જાય છે. રાગ-દ્વેષ નબળા પડે ત્યારે અવસર જોઈને આત્મા માટે

મહેનત કરવી જોઈએ. (સૂત્ર-૧૯-૨૦-૨૧)

શરીરની મમતા જીવને હિંસા કરવા પ્રેરિત કરે છે. મમતા ન હોય તો હિંસા ન થાય. મુનિ નિર્મમ હોય. તેને પોતાનાં શરીર ઉપર પણ મમતા ન હોય. તેથી જ તે અહિંસાનું ઉત્કૃષ્ટ પાલન કરી શકે. નિર્મમ મુનિ જ ભગવાનની આજ્ઞાનો પાલક છે, તેને જ ઉપદેશ આપવાનો અધિકાર છે. (સૂત્ર-૨૬-૨૭) જે વ્યક્તિ રાગ-દ્વેષથી પર રહી શકે છે. તે આત્માનો મિત્ર છે, તે પોતાના કષાયોને દૂર કરી શકે છે. (સૂત્ર-૩૦) રાગ-દ્વેષને જીતવા ગુરુની કૃપા જોઈએ. મનમાંથી તમામ શંકાને દેશવટો આપી શ્રદ્ધાળુ થઈને આચાર્ય ભગવંતની આજ્ઞાનું પાલન કરવાથી રાગ-દ્વેષ સહેલાઈથી જીતાય છે. ગીતાર્થ ગુરુની સાથે રહેનારો, નિયમિત રીતે ધ્યાન કરનારો, મહાવ્રતોમાં સ્થિર, નબળી વ્યક્તિ કે વિષયને પરવશ નહીં થનારો સાધુ નિર્મળ થાય છે. (સૂત્ર-૮૮) सूत्रार्थमुक्तावलीના બીજા પ્રકરણમાં આચારાંગસૂત્રનો સાર ૮૮ સૂત્રમાં સમાય છે.

સૂત્રકૃતાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધમાં ૨૩ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે. મમતાને કારણે જીવ સારી વસ્તુ તરફ ખેંચાય છે. તેને મેળવવા મહેનત કરે છે. તેને પોતાની માને છે. આમ મમતા જીવને જડ સાથે બાંધે છે. માટે મમતા બંધન છે. મમતાને ઓળખી સંયમનો સ્વીકાર કરવો. (સૂત્ર-૩) આ આગમમાં આત્મા વિશે અલગ અલગ દર્શનોની માન્યતા બતાવી તેનું નિરાકરણ પ્રસ્તુત થયું છે. નાસ્તિકો શરીરને જ આત્મા માને છે. વેદાંતીઓ એક જ તત્ત્વ માને છે. નૈયાયિકો આત્માને સર્વ વ્યાપક માને છે. બૌદ્ધો આત્માને સ્કંધનો સમુદાય માને છે. આ બધી નિરપેક્ષ માન્યતાઓનું ખંડન અહીં જોવા મળે છે. (સૂત્ર-૪-૧૫) આ બધા મતો જાણીને સત્યનો સ્વીકાર કરી સંયમમાં આદર કરવો જોઈએ. માતાપિતા વગેરે સ્વજનો દુઃખથી બચાવી શકતા નથી, માટે તેમના બંધનમાં ફસાવું નહીં. (સૂત્ર-૨૨)

સમાધિ વિનાનો ધર્મ અધૂરો છે. ભાવભિક્ષુ હંમેશા સમાધિમાં હોય. તે કોઈની સહાય લેતો નથી. ધર્મની સાધનામાં બીજાની સહાય લેવી તે નબળાઈ છે. ધર્મના ફળ તરીકે મનગમતી વસ્તુની ઈચ્છા રાખવી તે નિદાન છે. નબળાઈ અને નિદાન સાધનાને દૂષિત કરે છે. (સૂત્ર-૩૮) ભગવાને જે રીતે ધર્મનો ઉપદેશ આપ્યો હોય તે જ રીતે ઉપદેશ આપવો જોઈએ, તે જ રીતે આચરવો

જોઈએ. નિર્ગુણ વ્યક્તિ ધર્મનું અભિમાન કરે છે. આત્માના માર્ગથી દૂર જતો રહે છે. (સૂત્ર-૪૬)

ભાવભિક્ષુ ગુરુકુલવાસમાં રહીને ક્રિયાનો અભ્યાસ કરે છે. પોતાના કષાયોને કાબૂમાં રાખતા શીખે છે. નાના અને નબળા માણસોનો ક્રોધ પણ સહન કરે છે. (સૂત્ર-૪૭-૪૮) તે સાધુ શાસ્ત્રનો જાણકાર બને છે. દરેક પદાર્થનું અપેક્ષા અનુસાર વિભાજન કરી સત્યનો નિર્ણય કરે છે. આના દ્વારા તે ક્યારે શું બોલવું જોઈએ તેનો વિવેક કરવામાં નિપુણ બને છે. બોધ સંપૂર્ણ હોવાથી તે સત્ય ધર્મનો પ્રકાશક બને છે. તે જ સાચો સાધુ છે. (સૂત્ર-૪૭-૫૨)

જીવહિંસાની બાબતમાં એક ભ્રમાત્મક માન્યતા પ્રચલિત છે કે, જીવ નાનો હોય તો એની હિંસામાં ઓછાં કર્મ બંધાય અને મોટો હોય તો વધુ કર્મ બંધાય. સૂત્રકૃતાંગ કહે છે આ વાત સાચી નથી, અધ્યવસાયથી કર્મ બંધાય છે. (સૂત્ર-૭૩)

આગમોમાં ઠેકઠેકાણે બીજા દર્શનોની માન્યતાનું ખંડન અને ભગવાનના વચનોની પ્રશંસા જોવા મળે છે. આને પરનિંદા અને આત્મપ્રશંસા ન કહેવાય ? આ પ્રશ્નના જવાબમાં સૂત્ર કહે છે-બીજાને ઉતારી પાડવા ખરાબ બોલવું તે નિંદા છે, પોતાનું અભિમાન પોષવા સારું બોલવું તે આત્મપ્રશંસા છે. વસ્તુનું સ્વરૂપ બતાવવા જેવું છે તેવું બોલવું તે પરનિંદા કે આત્મપ્રશંસા નથી. (સૂત્ર-૭૮) એંશીમા સૂત્રમાં આચાર્ય ભગવંતે અદ્‌ભુત વાત કહી છે. વિવેક વિના ભાવની શુદ્ધિ થતી નથી. સૂત્રકૃતાંગ આગમનો સાર ૮૨ સૂત્રમાં પૂર્ણ થાય છે.

સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્ર સંખ્યાના આધારે પદાર્થનું પ્રતિપાદન કરે છે. સ્થાનાંગ સૂત્રમાં એકથી આરંભીને દશ સુધીની સંખ્યામાં સમાતા પદાર્થોનું વર્ણન છે. સમવાયાંગ સૂત્રમાં એકથી આરંભીને સંખ્યાત-અસંખ્યાત સુધીની સંખ્યામાં સમાતા પદાર્થોનું વર્ણન છે. પ્રાચીન કાળમાં વાદ થતા. વિદ્યા પ્રાપ્ત કરીને વિદ્વાનો જ્ઞાનનો પ્રસાર કરવા અને અનુભવ જ્ઞાનની વૃદ્ધિ માટે ભારતભ્રમણ કરતા ને વાદવિજેતા બનતા. એમની વિદ્વતાની કીર્તિ ફેલાતી. દરેક દેશની રાજ્યસભામાં પંડિતોનું માનભર્યું સ્થાન રહેતું. બહારથી આવેલા પંડિતે પોતાની વિદ્વત્તા પૂરવાર કરવા તે તે દેશના રાજમાન્ય પંડિત સાથે ચર્ચા કરવી પડતી. તેમાં કોઈ એક વિષયના મૂળભૂત તત્ત્વ વિશે વિચારણા થતી. તેને

શાસ્ત્રાર્થ અથવા વાદ કહેવામાં આવતો, વાદમાં જય પાંડિત્યનું પ્રમાણપત્ર ગણાતો. વાદમાં જે જીતે તેને રાજ્યાશ્રય મળતો. બે ટોચના પંડિતો વચ્ચે વાદ રચાય ત્યારે દલીલોનો અંત આવતો નહીં. આવા સમયે સભાપતિ બંને વાદીઓને સંખ્યાના આધારે પદાર્થનું પ્રતિપાદન કરવા કહેતો. પહેલા વાદીએ એક સંખ્યાના આધારે પદાર્થનું પ્રતિપાદન કરવાનું રહેતું. કલ્પસૂત્રમાં રોહગુપ્તનો પ્રસંગ આવે છે. તેમાં આ રીતે વાદ થયાનો ઉલ્લેખ છે. આ પદ્ધતિમાં કોનું જ્ઞાન વધારે છે તેની પરીક્ષા થતી. જે વધારે સંખ્યામાં પદાર્થનું પ્રતિપાદન કરી શકે, તે વાદ જીતી જતો. સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્રમાં સંખ્યાના આધારે તત્ત્વનું નિરૂપણ થયું છે, તેની ભૂમિકા આ હશે. સાધુ ભગવંતોને વાદમાં ભાગ લેવો પડે ત્યારે સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્ર તૈયાર સંદર્ભ તરીકે સાબિત થતા હશે.

सूत्रार्थमुक्तावलीના ચોથા પ્રકરણમાં સ્થાનાંગ સૂત્રનો સાર છે. સ્થાનાંગસૂત્ર જ્ઞાનનો ભંડાર છે. અહીં અનેક પ્રકારની બોધસામગ્રી છે. રાગ અને દ્વેષ પાપબંધના કારણો છે. પાપથી વેદના થાય છે. આ વેદના બે પ્રકારે અનુભવી કાય છે. સામે ચાલીને વેદનાનો સ્વીકાર કરવો અને રાગ વગેરે દ્વારા વેદનાનો અનુભવ કરવો. (સૂત્ર-૩૨) સંસાર અનંત છે. તેને ઓછો કરવાના ત્રણ માર્ગ છે. એક કોઈ પણ પરિસ્થિતિમાં આર્તધ્યાન કરવું નહીં. એટલે કે દુઃખ આવે તેવા સંયોગોમાં પણ મનથી દુઃખી થવું નહીં. બે, દૃષ્ટિ સાચી રાખવી. એટલે દરેક પદાર્થને તેના મૂળ સ્વરૂપમાં જોવો, આપણા તરફથી રાગ અને દ્વેષ ઉમેરવા નહીં. ત્રણ, જ્ઞાન પ્રાપ્ત કરવા મહેનત કરવી. સાચી સમજણથી મન હંમેશા પ્રસન્ન રહે છે. (સૂત્ર-૪૮) સમજણ મેળવવા માટે સૂત્રનો અભ્યાસ આવશ્યક છે. સૂત્રના અર્થનું જ્ઞાન મનને સાચો રસ્તો બતાવે છે. અર્થનું જ્ઞાન સાધુ ભગવંતોની સેવાથી મળે છે. (સૂત્ર-૭૨) સમ્યકત્વની ચાર સદ્દહણા છે. તેમાં બીજી સાધુસેવા છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે,

**સંવેગરંગતરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,**
**તેહની સેવા કીજીયે, જિમ પીજીયે સમતા સુધા.**


આઠ બાબતમાં પ્રમાદ કરવો નહીં. (૧) શ્રુત સાંભળવામાં (૨) જ્ઞાન ટકાવી રાખવામાં (૩) પાપની શુદ્ધિ કરવામાં (૪) સંયમમાં (૫) કોઈ વ્યક્તિને ધર્મ કે ચારિત્ર આપવામાં (૬) નવદીક્ષિતને સહાય કરવામાં

(૭) બીમાર સાધુની સેવા કરવામાં (૮) ઝગડો થયો હોય તો ક્ષમા કરવામાં (સૂત્ર-૨૦૯)

સ્થાનાંગ સૂત્રમાં સામાન્ય જ્ઞાનની (General knowledge) વાતો પણ ખૂબ છે. રોગની ઉત્પત્તિ કેવી રીતે થાય, ભૌતિક સત્ય કોને કહેવાય. ધર્મ કોને કહેવાય. જેવી અનેક જીવનોપયોગી વાતો આ સૂત્રમાંથી મળી રહે છે. સમવાયાંગ સૂત્રમાં પણ આ જ રીતે સંખ્યાના આધારે પદાર્થનું વર્ણન છે. ચિત્તની સમાધિના દસ સ્થાન, ક્રિયાના બાર સ્થાન, ચૌદપૂર્વ, સોળ કષાય, વીસ અસમાધિ સ્થાન, એકવીસ શબલ સ્થાન, મહાવ્રતની પચીસ ભાવના, ત્રીસ મોહનીય સ્થાન, બત્રીસ પ્રશસ્ત યોગ, તેત્રીસ આશાતના જેવા પદાર્થો સાધના જીવનમાં દરરોજ ઉપયોગી બને છે. અક્ષર અથવા લિપિશાસ્ત્રની દૃષ્ટિએ એક મહત્ત્વની વાત અહીં જોવા મળે છે. ૠ, ᴗૢ અને ળ મૂળાક્ષરો નથી, ક્ષ મૂળાક્ષર છે. બ્રાહ્મી લિપિમાં ૪૬ મૂળાક્ષર છે. (સૂત્ર-૩૮)

આગમસૂત્રો અગાધ સમુદ્ર જેવા છે. ખોબા જેવડી બુદ્ધિથી તેને માપી શકાય નહીં. સમર્પિત, સૂક્ષ્મ અને સક્ષમ બુદ્ધિથી જ તેનો પાર પામી શકાય. એથી જ આગમ ભણવા અંગે મર્યાદા બાંધવામાં આવી છે. આગમસૂત્રોના પરમાર્થનું શાબ્દિક રૂપાંતર પ્રાથમિક કક્ષાના જિજ્ઞાસુઓને સહાયક અને ઉપકારક સાબિત થાય તેવું છે. પૂ. આ. શ્રી લબ્ધિસૂરિજી મહારાજની ભાષા સરળ અને પ્રાંજલ છે. સંસ્કૃત ભાષાનો પ્રાથમિક પરિચય હોય, તો આ ગ્રંથમાં સહેલાઈથી પ્રવેશ થઈ શકે છે. સરળ હોવાથી તેના અનુવાદની જરૂર જણાતી નથી. છતાં આવા સંગ્રાહક શાસ્ત્રનો અનુવાદ શ્રાવકવર્ગને બહુ ઉપકારક થઈ શકે.

•



ગ્રંથનામ : સંવેગરતિ
કર્તા : મુનિશ્રી પ્રશમરતિવિ.
ભાષા : સંસ્કૃત
સમય : ૨૦-૨૧મી સદી

## ૧૭

# અધ્યાત્મ, મનોવિજ્ઞાન, કર્મવિજ્ઞાનનો ત્રિવેણીસંગમ

સંસ્કૃત સાહિત્યમાં અપાર સર્જન થયું છે. સર્જક પોતાને ગમતા મનોભાવોનો ગુલાલ કરે, ત્યારે અભિવ્યક્ત થતા શબ્દો શાસ્ત્ર કે ગ્રંથ તરીકે ચિરંજીવ બને છે, વહેંચવાના આનંદની ક્ષણે સર્જકના મનમાં કૃતજ્ઞતાના ભાવો ઉમટે છે. ગ્રંથરચનામાં નિમિત્ત બનનાર વ્યક્તિને યાદ કરી સર્જક ગ્રંથને તે વ્યક્તિનું નામ આપી અમર બનાવી દે છે.

દર્શન જગતમાં વાચસ્પતિ મિશ્ર મોટું નામ છે. દરેક વૈદિક દર્શનના મૂળ સૂત્ર ગ્રંથો પર તેમણે ટીકા રચી છે. વેદાંતદર્શનના બ્રહ્મસૂત્ર-શાંકર ભાષ્ય પર ટીકા પૂર્ણ કરીને એમણે પોથીમાંથી માથું ઉંચું કર્યું. પોતાના કક્ષમાં દીવો સરખો કરતી સ્ત્રીને પૂછ્યું - 'આપ કોણ ?' જવાબ મળ્યો : 'આપની અર્ધાંગિની(પત્ની) ભામતી' પોતાની સર્જનગાથામાં મૂક પ્રેરણા અને સેવા કરનાર પત્નીની યાદમાં તેમણે ટીકાનું નામ 'ભામતી' રાખ્યું. પંડિત ધનપાલે એક કથા રચીને રાજવી ભોજને સંભળાવી. કવિહૃદયી ભોજ ખુશ તો થયો, પણ ધનપાલ સમક્ષ એણે એક વિચિત્ર પ્રસ્તાવ મૂક્યો કે, 'આ કથામાંથી ઋષભદેવનું નામ કાઢી શંકરનું નામ રાખ અને રાજા

તરીકે મારું નામ રાખ.' ધનપાલ કવિએ ના પાડી દીધી. રાજાએ અંતે કથાગ્રંથ પાણીમાં ફેંકી દીધો. સર્જકને પોતાની કૃતિ પુત્ર કરતા વધારે પ્યારી હોય છે, ધનપાલ ઉદાસ ચહેરે ઘરે આવ્યા. દીકરીએ પિતાની વ્યથા જાણી. એણે પિતાને કહ્યું કે, તમારી કથા મેં આખી વાંચી છે. મને તેનો અક્ષરેઅક્ષર યાદ છે. ચાલો, ફરી લખી લઈએ.' પંડિત ધનપાલે કથાનું નામ પુત્રીના નામ પરથી રાખ્યું : તિલકમંજરી.

ભામતી પત્નીના નામે લખાયેલો ગ્રંથ છે. તિલકમંજરી પુત્રીના નામે રચાયેલો ગ્રંથ છે. સર્જક કવિનું ભાવવિશ્વ અનેરું હોય છે. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે તત્ત્વાર્થ ભાષ્યના અંતે પોતાના માતાપિતાને યાદ કર્યા છે. કેટલાય ગ્રંથો એવા છે જેની રચના કેવળ નિકટના સ્વજનો માટે થઈ છે. શ્રુતધર પૂજ્ય આચાર્યભગવંત શ્રી શય્યંભવસૂરિજી મહારાજે પોતાના પુત્ર મુનિ માટે દશવૈકાલિક સૂત્રની રચના કરી. કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે માતાસાધ્વી શ્રી પાહિનીદેવીને સુકૃત તરીકે સાડા ત્રણ કરોડ શ્લોકની નવરચના કરવાનો સંકલ્પ જણાવેલો. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરે પોતાના કલ્યાણમિત્ર ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી ગણિવરની વિનંતિથી શ્રીપાળરાજાના રાસની પૂર્તિ કરી હતી. મહોપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશ નામનો આકર ગ્રંથ રચીને તેના દરેક સર્ગને અંતે પોતાના માત-પિતાને યાદ કર્યા છે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે ઘણા સ્થળે પોતાના સહ-દીક્ષિત વડીલબંધુ પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજનું અચૂક સ્મરણ કર્યું છે. ગ્રંથ રચનાના વૈવિધ્ય સભર ઇતિહાસમાં એવી વિરલ ઘટના આજ સુધી બની નથી કે, કોઈ પુત્રે પિતાના નામે ગ્રંથ બનાવ્યો હોય. આ વિરલ ઇતિહાસના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય વર્તમાન પેઢીનું છે. શ્રી સંવેગરતિ ગ્રંથ એક પુત્ર (પૂ. મુનિરાજશ્રી પ્રશમરતિ વિજયજી મ.) દ્વારા પિતા (પૂ. મુનિરાજશ્રી સંવેગરતિ વિજયજી મ.)ને તેમની હાજરીમાં અપાયેલી ભવ્ય આદરાંજલિ છે.

સંવેગ એટલે મોક્ષનો અભિલાષ. સમ્યક્ત્વનું બીજું લક્ષણ છે - સંવેગ. રતિ એટલે આનંદ, મોક્ષાભિલાષના આનંદને કેવી રીતે ઉજાગર કરવો ? તેના અનેકવિધ આયામોની નવતર રજૂઆત આ ગ્રંથમાં છે. કાશી હિંદુ યુનિવર્સિટી

(બનારસ) એ આ ગ્રંથ પ્રકાશિત કરી યથાર્થ ગૌરવ હાંસલ કર્યું. નાગપુરના પ્રો. કુસુમ પટોડિયાએ તેનો હિંદી અનુવાદ કરી જનસામાન્ય સુધી આ ઉચ્ચ વિચારોને પહોંચાડવાનું શ્રેયઃ હાંસલ કર્યું છે. તેમણે પોતાની દાર્શનિક વિવેચનશૈલીમાં ગ્રંથનું પ્રાક્કથન પણ લખ્યું છે. તેના આધારે શ્રુતસાગરમાં ભળતી આ નવલી નદીના કાંઠે બેસી તેના સુરમ્ય પ્રવાહમાં આપણે થોડાક છબછબિયાં કરી લઈએ.

શ્રી સંવેગરતિ ગ્રંથ પાંચ પ્રસ્તાવમાં વહેંચાયેલો છે. કુલ મળીને તેના ચારસો શ્લોક છે. પહેલા પ્રસ્તાવમાં મનોયોગનું વર્ણન છે. કર્મબંધનો મુખ્ય સંબંધ મનોયોગ સાથે છે. રાગદ્વેષ મનમાં ઉત્પન્ન થાય છે. મનોયોગ ભૂતકાળના સંસ્કારોને આધીન છે. ધર્મ સંસ્કારોની આધીનતાથી બચાવે છે. ધર્મ દ્વારા મળેલી સાચી સમજ મનને સંસ્કારની પરવશતાથી મુક્ત કરે છે. અહીં ધર્મની સુંદર વ્યાખ્યા આપવામાં આવી છે. જે કર્મબંધને શિથિલ કરે તે ધર્મ, જે કર્મબંધથી મુક્ત કરે તે ધર્મ. (૧.૪/૭) મનને સંસ્કારોની આધીનતાથી બચાવવાનું પહેલું પગથિયું છે : મનને અશુદ્ધ આલંબનથી હટાવી શુભ આલંબનમાં જોડવું. (૧-૧૦) બીજું, આલંબન દ્વારા પ્રાપ્ત થયેલા સંસ્કારોની રક્ષા કરવી. (૧.૪૩) મન નિમિત્તોને આધીન થઈ જાય તો દુઃખી થાય છે. કર્મના ઉદયની પરવશતાથી માણસ શક્તિહીન બની જાય છે. આ શક્તિહીનતા ધર્મથી દૂર થાય છે. સંસ્કારોને જીતવાથી કર્મના ઉદય પાંગળા બની જાય છે. (૧.૬૨)

બીજા પ્રસ્તાવમાં દુઃખના ત્રણ નિયમ દર્શાવ્યા છે. એક, પ્રતિક્ષણ નિમિત્તો આવ્યા કરે છે. બીજું, જીવ નિમિત્તોથી અભિભૂત થાય છે. ત્રીજું, જીવ નિમિત્તોને પ્રતિભાવ આપે છે અને પ્રતિક્રિયા કરે છે. (૨-૩.૪) સારા કે ખરાબ પદાર્થ સામે આવે તે નિમિત્ત છે. ઇંદ્રિયો દ્વારા તેનો અનુભવ થાય છે ત્યારે તેમાં અનુકૂળ કે પ્રતિકૂળ સંવેદના જન્મે છે તેને ભાવ્યમાનતા કહેવાય છે. ભાવ્યમાનતાથી ઉઠતા વિચારતરંગો પ્રતિભાવ છે. વાણી અને શરીરની ક્રિયા પ્રતિક્રિયા છે. પ્રતિભાવ માનસિક છે, અવ્યક્ત છે. પ્રતિક્રિયા વાણી અને શરીર દ્વારા વ્યક્ત થાય છે. (૨.૧૭) આ ત્રણમાં ભાવ્યમાનતા મુખ્ય છે. ભાવ્યમાનતાથી સંસ્કાર ઉત્પન્ન થાય છે. સંસ્કાર ભાવ્યમાનતાને પુષ્ટ કરે છે.

ભાવ્યમાનતાની ચિકિત્સા કરવી આવશ્યક છે. (૨.૩૮)

ત્રીજા પ્રસ્તાવમાં ભાવ્યમાનતા પર વિશેષ પ્રકાશ પાથરવામાં આવ્યો છે. ભાવ્યમાનતાના ત્રણ સ્વરૂપ છે. વિષયો ગ્રહણ કરવા, તેમાં અભિપ્રાય ઉમેરવો અને અર્થઘટન કરવું. (૩.૧) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી વિષયોનું ગ્રહણ થાય છે. (૩.૨) મોહનીય કર્મને કારણે તેમાં અનુકૂળતાનો કે પ્રતિકૂળનો ભાવ જન્મે છે. આ અભિપ્રાય છે. (૩.૧૩) નવા ભોગોની પ્રાપ્તિનો વિચાર, તેની રક્ષાનો વિચાર, ભોગની ચિંતાના ભાવ અર્થઘટન કહેવાય. (૩.૨૮.૨૯)

ચોથા પ્રસ્તાવમાં પ્રતિભાવોની ચર્ચા છે. ત્રણ કારણે અશુભ પ્રતિભાવ જન્મે છે. કર્મના ઉદયથી, પૂર્વ સંસ્કારથી અને ખરાબ નિમિત્તોથી (૪.૬). સામા છેડે કર્મની મંદતાથી, ઉત્તમ પ્રયત્નથી અને સારા નિમિત્તોથી પ્રતિભાવ શુભ બને છે (૪.૭) સ્વાધ્યાય, સદાચાર અને સત્સંગથી ભાવશુદ્ધિ થાય છે. (૪.૧૩) (અહીં ગ્રંથકારે એક એક શ્લોક દ્વારા કુલ ૨૫ શાસ્ત્રોનો પરિચય આપ્યો. (૪.૨૩-૪૭) છે. જે વિશિષ્ટ અને વિરલ સંયોજન ગણી શકાય.)

કોઈ પણ સારું કામ કરવાના પાંચ પગથિયાં છે : (૧) સારું કામ કરવાની ઇચ્છા (૨) પોતાની શક્તિની પરીક્ષા (૩) કાર્ય કરવાનો નિર્ણય (૪) કાર્ય કરતી વખતે આનંદનો અનુભવ (૫) સતત કાર્યની સ્મૃતિ (૪.૫૬, ૫૭) આ પાંચ પગથિયાંના આલંબને થતી જ્ઞાનાદિવર્ધક શુભક્રિયા સદાચાર છે. ધાર્મિકો સાથેનો સમાગમ સત્સંગ છે.


પાંચમા પ્રસ્તાવમાં સુખદુ:ખના મુખ્ય કારણ તરીકે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મોહનીય કર્મને દર્શાવ્યા છે. (૫.૧) આત્મા કર્મોને પરવશ છે. કર્મોને સમભાવે સહન કરવાથી જ તેમના પર વિજય મેળવી શકાય છે. કર્મ કરતાં આત્માની શક્તિ અનંતી છે. મનને સ્થિર, શક્તિ સંપન્ન બનાવી સુખદુ:ખને સમભાવે સહી લેવાથી કર્મો પર વિજય મળે છે. દુ:ખ આવે ત્યારે આઠ વિષય પર ચિંતન કરવું. એથી દુ:ખ હળવા બનશે. (૫.૪૩) મનને આર્ત-રૌદ્ર ધ્યાનથી બચાવવા તીર્થંકર ભગવંતોએ અને મહાન પુરુષોએ સહન કરેલા ઉપસર્ગોને યાદ કરવા. (૫.૫૯)

અધ્યાત્મ જગતમાં બે શબ્દ પ્રચલિત છે : સ્વભાવ અને વિભાવ - સ્વભાવ એટલે મોક્ષ, વિભાવ એટલે સંસાર. રચનાકાર મુનિશ્રીએ 'શ્રી

સંવેગરતિ'માં ત્રીજો શબ્દ પ્રયોજ્યો છે : પ્રતિભાવ. નિમિત્તથી પ્રભાવિત થઈને જે ભાવ ઉત્પન્ન થાય તે પ્રતિભાવ. જેમ ક્રિયાની પ્રતિક્રિયા થાય છે તેમ ભાવથી પ્રતિભાવ જન્મે છે. તે જ રીતે એક અન્ય શબ્દનો પ્રયોગ પણ અહીં પહેલી વાર જોવા મળશે : 'ભાવ્યમાનતા' આને મુનિશ્રી પ્રતિભાવની પૂર્વ અવસ્થા ગણાવે છે. શાસ્ત્રોમાં ભાવિત અથવા વાસિત શબ્દોનો ઉલ્લેખ થાય છે. અત્તરથી વસ્ત્ર વાસિત થાય છે. રંગથી વસ્ત્ર ભાવિત બને છે. તેની જેમ જ નિમિત્તોથી આત્મા ભાવિત થાય છે. આત્માનો ભાવિત થવાનો સ્વભાવ (વસ્તુતઃ વિભાવ) ભાવ્યમાનતા છે. ત્યાર પછી ઉઠતા વિચારો પ્રતિભાવ છે.

શ્રી સંવેગરતિ ગ્રંથ અધ્યાત્મ, કર્મસિદ્ધાંત અને મનોવિજ્ઞાનનો ત્રિવેણી સંગમ છે. સરસ અને પ્રવાહી ભાષામાં ગહન જણાતા વિષયને મુનિશ્રીએ રસાળ શૈલીમાં પ્રસ્તુત કર્યો છે. વિચારક્ષમ અને મૌલિક ચિંતન રજૂ કરતો આ ગ્રંથ બાહ્ય ભાવોથી ઉપર ઉઠીને અંતરભાવોમાં જવા મથતા સાધકોને માટે સેતુરૂપ પૂરવાર થશે. આવા સ્વાધ્યાયશીલ ગ્રંથોનું નવસર્જન થતું રહે છે, આ આજના યુગનું વરદાન ગણવું જોઈએ.

•



ગ્રંથનામ : યોગતત્ત્વવિવેચનમ્
(અનુવાદ)
કર્તા : ગિરીશ શાહ
ભાષા : સંસ્કૃત
સમય : ૨૦-૨૧મી સદી

૧૮

## સમતા, શુદ્ધિ, સત્ત્વનો ત્રિવેણી સંગમ

'યોગતત્ત્વવિવેચન' એટલે શ્રાવકે રચેલું આત્માનું શાસ્ત્ર. સંસ્કૃત ભાષા વ્યવહારમાંથી વિલુપ્ત થઈ ગઈ છે. આજથી ૨૦ વરસ પહેલાં સંસ્કૃતભાષા માતૃભાષાની કક્ષામાં આવતી હતી. આજે ભારતમાં ૭૦ લાખ લોકો સંસ્કૃત શીખે છે. કેટલાક ગામડાઓનો સંપૂર્ણ વ્યવહાર સંસ્કૃતભાષામાં જ થાય છે. 'સંસ્કૃત જીવશે તો સંસ્કૃતિ જીવશે' આ મંત્ર સાથે એક યુવાને 'સંસ્કૃત ભારતી' નામની સંસ્થા સ્થાપી. આજે આ સંસ્થા સંસ્કૃતભાષાને આધુનિક અને સમૃદ્ધ કરી રહી છે. દેશ-વિદેશમાં સંસ્કૃતસંભાષણ શિબિરો ગોઠવી રહી છે. સંસ્કૃત ભાષામાં વર્તમાનકાલીન પ્રવાહને અનુરૂપ પુસ્તકો પ્રકાશિત કરે છે. અનેક યુગપુરુષોના ઐતિહાસિક ચરિત્રોનો સંસ્કૃત અનુવાદ બહાર પાડે છે. ધીરે ધીરે સંસ્કૃતભાષા અંગે જાગૃતિ વધી રહી છે.

આપણા આગમોની ભાષા અર્ધમાગધી છે અને ટીકા ગ્રંથોની ભાષા સંસ્કૃત છે. નિર્યુક્તિ-ભાષ્ય અને ચૂર્ણિના રચનાકાળ પછી લગભગ સંસ્કૃત ભાષા જ શાસ્ત્રોની પ્રધાનભાષા બની રહી છે. આજે પણ જે પાઠશાળાઓમાં પરંપરાગત રીતે વ્યાકરણ-સાહિત્ય કે દર્શન

શાસ્ત્રનો અભ્યાસ થાય છે તેમાં સંસ્કૃતભાષા જ માધ્યમ હોય છે.

સંસ્કૃત જીવંત છે કેમકે શાસ્ત્ર જીવંત છે. સંસ્કૃત શાસ્ત્રની ભાષા છે. સાધારણતયા શાસ્ત્રો સાધુ ભગવંતો જ વાંચે અને સાધુ ભગવંતો જ શાસ્ત્રની રચના કરે, એવી અવધારણા પ્રચલિત છે પણ તે સાચી નથી. શ્રાવકો પણ શાસ્ત્રો બનાવી શકે છે અને વાંચી શકે છે. મહારાજા કુમારપાળે મોટી ઉંમરે સંસ્કૃત ભાષામાં પ્રભુસ્તુતિની રચના કરી છે. રાજા ભોજની વિદ્વત્સભાને શોભાવતા પંડિત ધનપાલે પણ પ્રભુ સ્તુતિઓ ઉપરાંત સં. ૧૦૮૬માં સત્યપુરીય મહાવીર ઉત્સાહ નામના ગ્રંથની રચના કરી છે. મંત્રીશ્વર વસ્તુપાળ તો કવિ અને કવિતાના પ્રેમી હતા. તેમણે 'નરનારાયણાનંદ' નામના કાવ્યની રચના કરી છે. સંસ્કૃત ભાષામાં મંત્રીશ્વર વાગ્ભટ્ટે 'કાવ્યાનુશાસનમ્'ની રચના કરી છે.

છઠ્ઠા શતકમાં થઈ ગયેલા ચંડ નામના પંડિતે પ્રાકૃત લક્ષણ નામે અપભ્રંશ શબ્દોના વ્યાકરણની રચના કરી છે. મંડન નામના મંત્રીશ્વરે વ્યાકરણ અને સાહિત્યના છ શાસ્ત્ર રચ્યા છે. પંદરમી સદીમાં ધનરાજ નામના શ્રાવક થઈ ગયા. તેમણે ભર્તૃહરીના ત્રણ શતકના જેવા જ ત્રણ શતક રચ્યા છે. તેરમા સૈકામાં યશઃપાલ નામના કવિએ મોહપરાજય નાટક રચ્યું છે. રાજર્ષિ કુમારપાળની પ્રશસ્તિ ગાતું 'કુમાર વિહાર ક્રોડાલંકાર' નામનું કાવ્ય રચ્યું છે, તેમાં સં. ૧૨૧૬ની મા.સુ. ૨ના દિવસે મહારાજા કુમારપાળે પ્રગટ રીતે જૈન ધર્મ સ્વીકાર્યો એવો ઉલ્લેખ છે. (આ દિવસ અહિંસા પ્રવર્તન દિવસ તરીકે ઉજવાવો જોઈએ.) ૧૪મી સદીમાં ફેરુ ઠક્કર નામના શ્રાવકે વાસ્તુસાર, જ્યોતિષસાર, રત્નસાર જેવા ગ્રંથો રચ્યા છે. આસડ નામના શ્રાવક મહાકવિ હતા. તેમનો પુત્ર મરણ પામ્યો. ત્યારે આ. શ્રી અભયદેવસૂરિજી મ.ના વચનોથી તેમને વિશેષ પ્રેરણા મળી. આ પ્રેરણાના બળે તેમણે વિવેક-મંજરી નામનું શાસ્ત્ર રચ્યું. તે સિવાય ઉપદેશકંદલી તેમજ મેઘદૂત-ટીકા રચી. અરિસિંહ નામના કવિએ 'સુકૃત સંકીર્તન'માં (૫૫૫ શ્લોક) મંત્રીશ્વર વસ્તુપાળના સુકૃતોની પ્રશંસા કરી છે.

શાસ્ત્રરચનાના ક્ષેત્રે સાધુભગવંતોની જેમ શ્રાવકોનુંય પ્રદાન છે. ભૂતકાળમાં શ્રાવકો શાસ્ત્રો, વાંચતા, ભણતા અને થોડે ઘણે અંશે રચના પણ

કરતા. વર્તમાનમાં બહુ થોડા સાધુભગવંતો શાસ્ત્રરચના કરે છે. પૈસા કમાઈને પરમાત્માની પ્રતિમા ભરાવવી કે જિનાલય બંધાવવું એ પુણ્યનું કામ છે, તે જ રીતે જ્ઞાન કમાઈને શાસ્ત્રની રચના કરવી એ પણ મોટા પુણ્યનું કામ છે. પ્રતિમા દ્વારા બોધિવૃદ્ધિ થાય છે તો શાસ્ત્ર દ્વારા બોધવૃદ્ધિ થાય છે. વ્યાખ્યાન દ્વારા પ્રભાવના થાય છે તેમ શાસ્ત્ર દ્વારા પણ પ્રભાવના થાય છે. વર્ષોની સાધના ઉપરાંત સમ્યક્ત્વનો સ્પર્શ ગુમાવી ચૂકેલા સિદ્ધર્ષિ ફરી પાછા સન્માર્ગમાં સ્થિર થયા તેનું કારણ લલિતવિસ્તરા શાસ્ત્રના શબ્દો છે.

શાસ્ત્રરચના કરવી સહેલું કામ તો નથી જ. સંસ્કૃત ભાષા પર અસાધારણ કાબૂ જોઈએ. શાસ્ત્રોનો સર્વાંગ સંપૂર્ણ બોધ જોઈએ. સરસ્વતી-માતા અને ગુરુ-માતાની કૃપા જોઈએ. સાધનાની અંતરંગ ભૂમિકા જોઈએ. અપાર કરુણાનો ભાવ જોઈએ. ભાવોને અભિવ્યક્ત કરવાની પ્રવિણતા જોઈએ. સતત શાસ્ત્ર-પરિશીલન જોઈએ. વર્તમાન કાળમાં શ્રાવક વર્ગમાં શાસ્ત્રોનું વાંચન લુપ્તપ્રાયઃ થઈ ગયું છે. હળવા ઉપદેશશૈલીના પુસ્તકો જ વધુ વંચાય છે. થોડો વર્ગ જે શાસ્ત્ર વાંચે છે, તે પણ અનુવાદ હોય છે. શાસ્ત્રોની ભાષામાં શાસ્ત્ર વાંચનારો વર્ગ-સીમિત છે. આ સ્થિતિમાં કોઈ શ્રાવક અધ્યાત્મના વિષયનું શાસ્ત્ર રચે એ કલ્પના પણ કેવી રીતે આવે ? શ્રી ગિરીશભાઈ પરમાનંદ શાહ, (કલ્પેશ) દ્વારા રચાયેલું 'યોગતત્ત્વવિવેચનમ્' જોયું ત્યારે દરિયામાં મીઠી વીરડી મળી હોય તેવો આનંદ થયો.

અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરની કૃપાથી અનેક શ્રાવકો આત્મતત્ત્વની ઉપાસનામાં અગ્રેસર થયા હતા. 'કલ્પેશે' (ગિરીશભાઈનું ઉપનામ) તેમની પાસેથી યોગમાર્ગનો બોધ પ્રાપ્ત કર્યો છે. પૂ. પંન્યાસજીના સંપર્કથી તેમને યોગતત્ત્વ મળ્યું. તેમણે અનુભવેલા યોગતત્ત્વને સંસ્કૃત શ્લોક દ્વારા શબ્દબદ્ધ કર્યું. આ 'વિવેચનમ્' ઈ. ૧૯૯૧માં રચાયું છે. એટલે આ શાસ્ત્રની રચનાને કેવળ અઢાર વરસ જ થયા છે. આ કાળમાં એક શ્રાવક (ઉંમર એમની નાની હશે) સંસ્કૃત ભાષામાં શ્લોકબદ્ધ શાસ્ત્રની રચના કરે છે તે આનંદદાયક બીના છે. શાસ્ત્રનો વિષય પણ અધ્યાત્મનો છે. આત્માની ગહન વાતો અહીં સરળ શબ્દોમાં રજૂ થઈ છે.

આત્માને કનડી રહેલા રાગદ્વેષનો વિલય કરવો એ દરેક ધર્મશાસ્ત્રનું લક્ષ્ય છે. આ લક્ષ્ય મન દ્વારા સધાય છે. રાગદ્વેષ સાથે જોડાયેલા મનને મોક્ષ સાથે જોડી આપે તે યોગ. યોગ સાધવાની પૂર્વશરત છે : રાગદ્વેષની સામે પડવું. રાગદ્વેષ મનમાં સંકલેશ પેદા કરે છે. તેના કારણે દોષ અને કષાય જન્મે છે. મન અશુદ્ધિઓથી ઉભરાય છે. ગંદા કાગળ પર ચિત્ર દોરી શકાતું નથી તેમ અશુદ્ધ મન પર ધર્મનો રંગ ટકતો નથી. અશુદ્ધ મન પાંગળું અને નિર્બળ હોય છે. રાગદ્વેષને જીતવા 'સાહસ' જોઈએ. આળસુ માણસ કે સુખશીલ વ્યક્તિમાં સાહસ નથી હોતું.

યોગતત્ત્વની સાધના માટે ત્રણ વાતો જરૂરી છે. (૧) ચિત્તની શુદ્ધિ (૨) સત્ત્વની વૃદ્ધિ (૩) પ્રમાદનો ત્યાગ 'યોગતત્ત્વવિવેચન'માં આ ત્રણ મુદ્દાને કેન્દ્રમાં રાખી વિવેચના પ્રસ્તુત થઈ છે. દરેક વિષયના ૧૦૮-૧૦૮-૧૦૮ અનુષ્ટુપ શ્લોક છે. શ્લોક ગૂઢ કે અઘરાં નથી. સાધારણ સંસ્કૃત જાણનાર વ્યક્તિ પણ આસાનીથી સમજી શકે એવી સરળ રજૂઆત છે. શ્લોકોનો વાચ્યાર્થ અને તાત્પર્યાર્થ પણ સ્પષ્ટ અને સરળ છે. ત્રણે ગ્રંથોનો મુખ્ય ધ્વનિ આત્મશુદ્ધિનો છે. પ્રથમ અને અંતિમ શ્લોકમાં કર્તાએ તે વ્યક્ત કર્યો જ છે કે "હું આત્માની શુદ્ધિ માટે આ નિરૂપણ કરું છું." (૧.૧)

આત્મશુદ્ધિ માટે સાક્ષાત્ સાધન મન છે. ક્રિયા મન દ્વારા આત્મશુદ્ધિનું કારણ બને છે. ત્રણેય પ્રકરણમાં મનની કારણતાને પ્રધાન ગણવામાં આવી છે. આમ આ વિવેચન નિશ્ચય પ્રધાન છે. અલબત્ત વ્યવહાર અહીં જરા પણ ગૌણ બન્યો નથી. ગ્રંથકર્તાએ પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસેથી પ્રાપ્ત કરેલા ભાવને બરાબર આત્મસાત્ કર્યો છે.

મનુષ્યનું મનોવિશ્વ અત્યંત સંકુલ (Complex) છે. સારા-નરસાં, સાચા-ખોટા અનેક ભાવો મનમાં સમુદ્રના તરંગની જેમ ઉઠતા રહે છે. મનને સમજવું યોગીઓ માટે પણ કઠણ છે. મનના એક એક ભાવોને સ્પષ્ટ કરી સમજાવવા તો ઓર કઠણ છે. મનોભાવ અને આત્માના અધ્યવસાયો વચ્ચે રહેલા પરસ્પર પૂરક સંબંધની ભેદરેખા સમજવા માટે તો અતિસૂક્ષ્મ પ્રજ્ઞા અને અનુભૂતિ જોઈએ. શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે તેમ

**"તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે સહુ સાનમેં."**

શ્રી ગિરીશભાઈએ આ રચના અનુભૂતિના આધારે કરી હોવાનું જણાય છે. દેવ-ગુરુની સાથે સાથે રચનાકાર માતાપિતાને પ્રણામ કરવાનું ભૂલતા નથી.

પહેલા 'ચિત્તશુદ્ધિનિરૂપણ'માં મનની શુદ્ધિ કેવી રીતે થઈ શકે એ વિષયનું વિવેચન છે. કષાય અને વિષયોથી મુક્ત મન નિર્મળ કહેવાય છે. મનનું નિયંત્રણ સહેલાઈથી નથી થતું. (૧-૩)

વિશુદ્ધ અને સ્થિર મનમાં જ ધ્યાન પ્રગટે છે. (૧-૨)

મલિન અને ચંચળ મન જેના દ્વારા શુદ્ધ અને સ્થિર બને તેને પરમ યોગ કહેવાય. (૧.૫)

યોગના અભ્યાસથી વિકારો શાંત થાય છે. વિકારો શાંત થવાથી જ મન રાગદ્વેષથી મુક્ત બને છે. રાગાદિથી મુક્ત મન સ્વવશ બને છે. (૧.૮)

સ્વવશ સ્થિર અને શુદ્ધ મનમાં જ સમતાનો ઉદય થાય છે. (૧.૧૨)

મન જેમ જેમ શુદ્ધ થાય તેમ તેમ વિવેક વધે છે. વિવેક દ્વારા શરીર અને આત્માનું ભેદજ્ઞાન થાય છે. (૧.૧૪)

મનને વશમાં કરવાનાં ત્રણ પગથિયાં છે. પહેલું, પગથિયું મનને શુદ્ધ કરો. બીજું, મનને બહાર જતું અટકાવો. ત્રીજું, મનનો આત્મામાં લય કરો. મનનો લય વિના ઇંદ્રિયોનું દમન નિરર્થક છે. (૧.૧૬)

જ્ઞાન દ્વારા ચિત્તશુદ્ધિ થાય છે. મનનો રોધ ગુરુકૃપાથી થાય છે. મનનો લય ધ્યાનથી થાય છે. (૧.૧૮.૨૩)

જ્ઞાન દ્વારા ચિત્ત પ્રસન્ન બને છે. પ્રસન્ન ચિત્ત ભાવોને શુદ્ધ કરે છે. (૧.૨૧)

ચિત્ત શુદ્ધ થતાં લેશ્યા શુદ્ધ બને છે. લેશ્યા શુદ્ધ થતા ધ્યાન શુદ્ધ થાય છે. અને ધ્યાન શુદ્ધિથી વિપુલ નિર્જરા થાય છે. (૧.૨૩)

ચિત્ત જ્યારે અંતર્મુખ બને છે ત્યારે ધ્યાનની યોગ્યતા પ્રગટે છે. (૧.૪૨)

ભાવનાઓના અભ્યાસથી ચિત્ત નિર્મળ બને છે. દેહની મમતા ઉતરતા ચિત્ત અન્તર્મુખ બને છે. અને ઇંદ્રિયોથી પર થાય ત્યારે તેનો આત્મામાં લય થાય છે. (૧.૪૪)

ભાવનાજ્ઞાનની સિદ્ધિ ગુરુના અનુગ્રહથી થાય છે. (૧.૭૦)

ચિત્તને નિર્મળ કરવાના અનેક ઉપાયો છે. પોતાના દોષ જોવા, બીજાના ગુણ જોવા (૧.૯૩)

શ્રુતજ્ઞાન મન શુદ્ધિનું શ્રેષ્ઠ સાધન છે. (૧.૯૧)

પાપનો ત્યાગ કરવો, સતત પરોપકારમાં રત રહેવું. મૈત્રી વગેરે ભાવના ભાવવી. (૧.૯૩-૯૫)

ચિત્તને સ્થિર કરવામાં પ્રાણાયામ પણ સહાયક બની શકે છે. (૧.૯૬)

જ્ઞાન અને વૈરાગ્યથી ચિત્ત તરત સ્થિર થાય છે. (૧.૧૦૩)

ક્ષમા વગેરે ધર્મોથી કષાયો જીતાય છે. અને અનિત્યાદિ ભાવનાથી નોકષાય જીતાય છે. (૧.૧૦૨)

જ્યારે મન એક જ ધારણા સ્થાનમાં સ્થિર બને ત્યારે બાકીની ઇંદ્રિયોનો વ્યાપાર અટકી જાય છે. આ સમયે સમતા પ્રગટે છે. (૧.૯૮)

બીજા 'સત્ત્વવૃદ્ધિવિવેચનમ્'માં મનની શક્તિ વધારવાની પ્રેરણા છે. સત્ત્વ એટલે શ્રેષ્ઠતા અને સાહસનો સમન્વય. સત્ત્વ એટલે ધીરજ. ધીરજ ન હોય તો ચિત્ત ચંચળ થઈ જાય છે. (૨.૯)

શ્રેષ્ઠની પસંદગી સાત્ત્વિકતા છે. સત્ત્વ વિનાના લોકોને તત્ત્વ ગમતું નથી. તેઓ પોતાના વિચારોના આગ્રહી હોય છે. આ આગ્રહ જ તેમના નાશનું કારણ બને છે. (૨.૧૨)

સત્ત્વ વિનાના માણસોનું મન હંમેશા દુર્ધ્યાન કરે છે. તેમને આત્માના વિચારો આવતા નથી. (૨.૧૩)

વિશ્વમાં ચારે બાજુ ગુણો દેખાય છે તે સત્ત્વથી જન્મેલા છે. ગુણોનો અનુરાગ સત્ત્વ પેદા કરે છે. (૨.૩૩)

સાત્ત્વિક વ્યક્તિનું સંકલ્પબળ અદ્ભુત હોય છે. (૨.૩૭)

એ બાબતમાં સત્ત્વ શ્રેષ્ઠ ગણાય છે : જિનાજ્ઞાના પાલનમાં અને ધ્યાનમાં ઉપસ્થિત થતા વિઘ્નને દૂર કરવામાં. (૨.૪૩)

સાત્ત્વિક પુરુષો દયાળુ, ઉદાર, નિઃસ્પૃહ, અને નિરભિમાની હોય છે. (૧.૫૬)

શુદ્ધ આહારથી સત્ત્વ વધે છે. વ્રતપાલન કરવાથી, તપ કરવાથી ગુરુની ભક્તિ કરવાથી સત્ત્વની વૃદ્ધિ થાય છે. (૨.૮૭.૮૮)

અલ્પસત્ત્વવાળા જીવો બે રીતે સત્ત્વ વધારી શકે છે. ગુરુકૃપાથી અને સદ્ધર્મના સેવનથી. એકાન્ત અને મૌન પણ સત્ત્વવૃદ્ધિના સહાયક છે. (૨.૮૯.૯૦)

ધ્યાનથી સત્ત્વ વિશેષ ખીલે છે, આત્માના વિચારથી અને ગીતાર્થની નિશ્રા સ્વીકારવાથી સાત્ત્વિક જીવોના સત્ત્વમાં ઓર વધારો થાય છે. (૨-૯૧-૯૩)

જ્ઞાનનો શત્રુ અહંકાર છે તો સત્ત્વનો શત્રુ આળસ છે. આળસનો વ્યાપક અર્થ છે : સુખશીલતા. ઈન્દ્રિયોની પરાધીનતાથી સુખશીલતા જન્મે છે. તે જ પ્રમાદ છે. (૩.૧૦)

સંસારનો ત્યાગ કરીને પણ કેવળ પ્રમાદને કારણે જેઓ તત્ત્વ પ્રાપ્ત કરવાની મહેનત નથી કરતા તેઓ પોતાના આત્મા સાથે દંભ આચરે છે. (૨.૫)

પ્રમાદ તત્ત્વજ્ઞાનનો દુશ્મન છે. પ્રમાદીને ભણવું ન ગમે. ગુરુનું નિયંત્રણ ન ગમે. સ્વચ્છંદતા પ્રમાદની દીકરી છે. પ્રમાદી વ્યક્તિ ગુરુભક્તિ ત્યજી દે છે. તેનું મન ચંચળ બની રહે છે. (૩.૧૫)

જે રીતે વાયુથી દીવાની જ્યોત ચંચળ બને છે તે રીતે પ્રમાદથી મન ચંચળ બને છે. (૩.૨૮)

જે અપ્રમાદી છે તેનું મન આત્મામાં રમે છે. (૩.૩૪)

તેને આત્માનું સંવેદન થાય છે. (૩.૩૬)

તેના દોષો દૂર થાય છે. તેને ધ્યાન સિદ્ધ થાય છે. (૩.૩૭)

તેના માનસિક વિકલ્પો શાંત થઈ જાય છે. તે આત્મસ્વરૂપમાં સ્થિર બને છે. (૩.૪૧)

સાધનાના માર્ગે ગુરુ અતિ આવશ્યક છે. ગુરુ જ સાધકને પ્રમાદથી જગાડે છે. અને મોક્ષમાર્ગ પર સ્થાપિત કરે છે. (૩.૫૩)

પ્રમાદના અનેક પ્રકાર છે. અજ્ઞાન, સંશય અને મિથ્યાજ્ઞાન પ્રમાદ કહેવાય. રાગ-દ્વેષ પ્રમાદ છે. ભણેલું ભૂલી જવું એ પ્રમાદ છે. ધર્મમાં અનાદર પ્રમાદ કહેવાય. મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન પ્રમાદ છે. (૩.૫૮.૫૯)

આળસ, કષાય, સારા યોગોનો અનાદર, ધર્મ કરવામાં ઉત્સાહ ન જાગે

તે પ્રમાદનું લક્ષણ છે. આચારહીનની સંગત કરવી એ પ્રમાદ છે. લૌકિકશાસ્ત્રો શીખવા અને કવિતા કરવી એ પ્રમાદ છે. (૩.૯૩.૯૪)


આજ્ઞા પાલન એ પ્રમાદ નામના રોગની એકમાત્ર દવા છે. (૩.૯૫)

તન્ત્ર ગ્રંથોમાં પ્રમાદની સર્વોત્કૃષ્ટ વ્યાખ્યા દર્શાવી છે. 'પ્રમાદ એટલે આત્માની વિસ્મૃતિ' (૩.૧૦૬)

પ્રમાદનો ત્યાગ કરી જેઓ નિરંતર ધ્યાનમાં મગ્ન રહે છે તેઓ નમસ્કાર પાત્ર છે. (૩.૧૦૭)

જેઓ નવા શાસ્ત્રની રચના કરતા હોય છે તેમના મગજ પર કોઈ એક શાસ્ત્રની કે શાસ્ત્રકારની અસર છવાયેલી હોય છે. આ અસર હેઠળ તેઓ શબ્દરચના કરી દે છે. તેમની રચનાઓમાં શબ્દોનું કે અર્થનું અનુકરણ માત્ર દેખાય છે, મૌલિકતા દબાઈ જતી હોય છે. યોગતત્ત્વવિવેચનમાં મૌલિકતા જોવા મળે છે. જે તેનું સહુથી મોટું જમાપાસું છે. ગિરીશભાઈ હાર્દિક અભિનંદનને પાત્ર છે.

•



ગ્રંથનામ : યોગકલ્પલતા
(અનુવાદ)
કર્તા : ગિરીશ શાહ
ભાષા : સંસ્કૃત
સમય : ૨૦-૨૧મી સદી

## ૧૯

## बन्धमुक्तः सदा शुचिः ।

**આ** પૂર્વે આ જ વિભાગમાં 'યોગતત્ત્વવિવેચન'ની વાત થઈ હતી. તેના વિશે વાંચીને કર્તા ગિરીશભાઈની પાસે અનુપ્રેક્ષાનું અમૃત પામેલા જિજ્ઞાસુઓ મળ્યા. તેમણે ગિરીશભાઈનો પરિચય આપ્યો. નાનપણથી ખૂબ મેધાવી. પિતાજી પરમાનંદભાઈ કાપડિયા સંસ્કૃતના પંડિત હતા. તેમણે ગિરીશને નાનપણથી જ સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો. આઠ વરસની ઉંમરથી સંસ્કૃતમાં શ્લોકો બનાવતા. બાણ, હર્ષ, કાલિદાસ જેવા કવિઓની અસરમાં શૃંગારિક રચનાઓ કરતા. ચૌદમા વરસે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરનો ભેટો થતા તેમના પરિચય દ્વારા જીવનની દિશા બદલાઈ. અધ્યાત્મનો રસ પ્રગટ્યો. વ્યાવહારિક શિક્ષણમાં તેમની પાસે ત્રણ ડીગ્રીઓ (ગુજરાતીમાં ડીગ્રીને ઉપાધિ કહે છે) હતી. કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. કાંદીવલીથી બસમાં ખાર જાય ત્યાં સુધીમાં સો (ફરી, સો) શ્લોકોની રચના કરી લેતા. આવા કાચા સોના જેવા સુંદર ક્ષયોપશમને પંન્યાસજી

મહારાજનો જાદુઈ સ્પર્શ થયો. ફુરસદ મળતાં જ તેઓ પંન્યાસજી મહારાજ પાસે પહોંચી જતા. પંન્યાસજી મહારાજ સોનીની જેમ તેમના ક્ષયોપશમનું ઘડતર કરતા. પંન્યાસજી મહારાજે એક વિરલ આત્માને અધ્યાત્મની દિશા બતાવી તેમની શક્તિને સાચા અર્થમાં સન્માર્ગે વાળી.

સર્જકો ધૂની હોય. તેમને દુનિયાનું કે દુનિયાદારીનું જ્ઞાન હોય પણ ભાન ઓછું હોય. તેમને એકાંત અને ચિંતન વધુ પસંદ હોય. વાતો કરવી ઓછી ગમે. આથી તેમના સંબંધો થોડા હોય. જે હોય તે પણ મજબૂત ન હોય. સાધારણ માણસો તેમને સમજી ન શકે. સમજી શકે તો સાચવી ન શકે. આધ્યાત્મિક બોધ, બૌદ્ધિક ક્ષમતા સાથે વ્યાવહારિક સંબંધો સાચવવાની કળાનો સમન્વય વિરલ વ્યક્તિ જ કરી શકે. તે માટે વિશેષ પ્રકારનો ક્ષયોપશમ જોઈએ. અધ્યાત્મશૂન્ય વ્યક્તિના બાહ્ય સંબંધો તેને-સ્વને લાભ કરતા નથી, તો અધ્યાત્મસંપન્ન વ્યક્તિ સંબંધના ક્ષેત્રે નિષ્ફળ જાય તો પરને જે લાભ થવો જોઈએ તે થતો નથી. ગિરીશભાઈ આત્મસન્મુખી હતા. તેમનો દર્શનમોહનીય કર્મનો અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જેટલો મજબૂત હતો, તેટલો ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ નહીં. અનુકૂળ કે પ્રતિકૂળ નિમિત્તો વચ્ચે ટકી રહેવા ધરખમ વીર્યબળ જોઈએ. જ્ઞાનની જ્યોત અને ગુરુની કૃપાના સહારે જ શ્રદ્ધા અને આત્મબોધ જાળવી શકાય. ગિરીશભાઈ પાસે સ્વાધ્યાયનું પીઠબળ અને પંન્યાસજી મહારાજનું કૃપાબળ હતા. વધુમાં તેમને સારા કલ્યાણમિત્રો મળ્યા. તેમની સાથે શાસ્ત્રોનો રસ ઘૂંટી ઘૂંટીને અનુપ્રેક્ષાનાં અમૃતની રસલ્હાણ કરતા કલ્યાણમિત્રો મળે ત્યારે કેમ છો ? કેમ નહીં ? જેવો ઉપચાર કર્યા વિના જ આત્માની વાતો ચાલુ કરી દેતા. આ વાતો ત્રણ-ચાર કે પાંચ કલાક સુધી ચાલતી. વચ્ચે ખાવાપીવાનો વિરામ નહીં. સામે કોઈ સાંભળે છે કે નહીં તેની પરવા નહીં. અંદરથી ઊભરાતો બોધનો પ્રવાહ અટકે ત્યારે પોરો લેતા.

એકવાર કોઈ મહારાજ સાહેબની નિશ્રામાં તેમને પંન્યાસજી મહારાજના ગુણાનુવાદ કરવા જવાનો પ્રસંગ બન્યો. પોતાના ગુરુના ગુણ ગાવાના ઉમળકામાં તેમણે રસ્તામાં જ પંન્યાસજી મહારાજ વિશે સો શ્લોક રચ્યા. સભામાં તે બોલવા ઊભા થયા. તાજો જ રચેલો એક શ્લોક બોલ્યા ને મહારાજ સાહેબે તેમને સમય નથી એમ કહી બેસાડી દીધા. ત્યારથી તેમણે જાહેરમાં

જવાનું છોડી દીધું.

પોતાના સહજ ક્ષયોપશમના સહારે તેમણે અનેક નવરચનાઓ કરી. તેમની દરેક રચના આત્મકેંદ્રી અને ભાવપ્રધાન છે. સરળ, સબળ અને સહજ છે. આ લેખમાં તેમની અન્ય ત્રણ રચનાનું અવગાહન કરીએ. તેમના નામ છે- આત્મતત્ત્વસમીક્ષણ, નમસ્કાર પદાવલી, આશા પ્રેમસ્તુતિ.

આત્મતત્ત્વસમીક્ષણમાં આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવામાં આવ્યો છે. આપણે સહુ અનાદિ કાળથી આ સંસારમાં છીએ. આપણને આપણું સંસારી સ્વરૂપ જ ખબર છે. તે પણ એક ભવ પૂરતું. આપણું સાચું અને શુદ્ધ સ્વરૂપ આપણે જાણતા નથી. તેવી જિજ્ઞાસા પણ જાગી નથી. તેથી આપણા મૂળ સ્વરૂપની કલ્પના પણ આપણે કરી શકતા નથી. મારો આત્મા કેવો છે ? હું રાગદ્વેષ કરું છું ત્યારે મારા આત્મા પર શી વીતે છે ? સુખ મળે ને હું રાજી થઉં ત્યારે મારો આત્મા ખરેખર રાજી હોય છે ? આવા વિચારોની ભૂમિકા આપણી નથી. કેમ કે શરીર અને આત્મા જુદા છે આ વાત આપણા ચીકુ જેવડા મગજમાં ઉતરતી નથી. આપણા અસ્તિત્વમાંથી સંસારની બાદબાકી થઈ જાય તો આપણું સ્વરૂપ કેવું હોય ? આ મજેદાર વિચારમાંથી આત્મતત્ત્વસમીક્ષણનો જન્મ થયો છે. સમીક્ષણ એટલે સમજદારીથી જોવું. અહીં આત્માને સમજદારીથી જોવાનો પ્રયાસ થયો છે.

આપણે મનની આ પાર બુદ્ધિના પ્રદેશમાં જીવીએ છીએ. આત્મા મનની પેલે પાર શ્રદ્ધાના પ્રદેશમાં છે. બુદ્ધિનું સાધન વિચાર અહીં ઊણું ઉતરે છે. શ્રદ્ધાના પ્રદેશનું સાધન અનુભવ છે. અધ્યાત્મપથના એકલયાત્રી શ્રી આનંદઘનજી કહે છે - "અનુભવ તું હી હિતુ હમારો." અનુભવ પ્રાપ્ત થાય ત્યારે જ ધ્યાન જન્મે છે. ધ્યાનથી જ શરીર અને આત્મા જુદા છે તેની પ્રતીતિ થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના શરીરથી પોતાના આત્માને જુદો જુએ ત્યારે સાચી રીતે યોગ (ધ્યાન)નો વિધિ જન્મે છે. (૪૫)

દેહાત્મ ભેદજ્ઞાન મન વશમાં ન હોય તો થતું નથી. મનમાં રાગ દ્વેષ ઉછાળા મારતા હોય તો મન આત્માનો વિચાર જ ક્યાંથી કરે ? રાગ દ્વેષ વગેરે દોષો મનમાં ધર્મો કહ્યા છે. મનનો નાશ થતા નિશ્ચિતપણે તેમનો નાશ થઈ જાય છે. (૪૦)

મનને સાધનાને અનુકૂળ બનાવવા તેને વૈરાગ્યથી વાસિત કરવું રહ્યું. શરીરનો રાગ અને વિષયોની મમતા મનને જરાપણ સ્થિર રહેવા દેતા નથી. આ ઝેરને ઉતારવાનો મંત્ર છે-હું (શરીર) નથી અને કોઈ મારું નથી, આ મોક્ષનો મંત્ર કહેવાયો છે. (૨૬)

આ મંત્રથી મોહ જિતાય છે. મોહ જિતાય એટલે માહિતી (નૉલેજ) રૂપ જ્ઞાન પ્રતીતિમાં (રિયલાઈઝેશન) પલટાય છે. આ અવસ્થામાં સંસારનું સાચું સ્વરૂપ દેખાય છે અને મોક્ષના માર્ગની ઝાંખી થાય છે. માર્ગ એટલે ચિત્તનો અવક્ર પરિણામ. રાગ દ્વેષની મંદતા થાય ત્યારે જ આવો પરિણામ જન્મે છે. જ્યારે બધી જ ચિંતાનો ત્યાગ કરી મન અંતર્મુખ થઈ જાય અને વિષયો પર પ્રેમ ન રહે ત્યારે તત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. (૩૫)

આ જ્ઞાનની સહાયથી જે વૈરાગ્ય જન્મે તે જ્ઞાનગર્ભિત હોય છે, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ ત્યાગની શક્તિ અને મોક્ષની ઈચ્છાનો જન્મદાતા છે. આત્મજ્ઞાનથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થતાં વિષયોનો ત્યાગ કરીને મન મુક્તિની ઈચ્છા કરે છે. (૨)

આત્માનું જ્ઞાન થયું હોય તેવા મનની ખાસિયત શું ? જેને આત્માનું જ્ઞાન થયું હોય તે વ્યક્તિ ક્ષુદ્ર વિચાર ક્યારેય ન કરે, ચિત્તની ક્ષુદ્રતાનો ત્યાગ કરે છે. (૭)

ક્ષુદ્ર વિચાર એટલે હલકા અને નકામા વિચાર. આત્મા સિવાયના તમામ વિચારો ક્ષુદ્ર વિચાર જ છે ને ? સાત્ત્વિક વિચારો અજબ બળ આપે છે. સતત, સ્થિરતાપૂર્વક અને સન્માનપૂર્વક સાત્ત્વિક વિચારો કરતા રહેવાથી સંસારનું આકર્ષણ ઘટે છે. ધીરે ધીરે સંસાર ભૂલાવા માંડે છે. વિષયકષાય અલ્પ થતા જાય છે. મન ખાલી થવા લાગે છે. આ રીતે વિશુદ્ધ થયેલું મન આત્મા સુધી લઈ જાય છે. ક્રમે કરીને અભ્યાસ દ્વારા આત્મનિષ્ઠ યોગીનું બાહ્ય ભાવ વિશેનું સ્મરણ ઓછું થતું જાય છે. તેનું મન શૂન્ય બને છે. (૪૩)

(મનની) ચિંતા અને (શરીરની) ચેષ્ટાનો ત્યાગ કરવાથી અનાયાસે પોતાના સ્વરૂપમાં લય થાય છે. તેનાથી શુભ અશુભ કર્મોનો ક્ષય થાય છે. (૩૮)

"નમસ્કાર પદાવલી" નામની કૃતિમાં આઠ રચનાઓનો સમાવેશ થાય

છે. નમસ્કારસ્તુતિ (શ્લોક-૫૦), નમસ્કારસ્તવ (શ્લોક-૫૦), નમસ્કાર નિરૂપણ (શ્લોક-૫૦), નમસ્કારનુતિ (શ્લોક-૫૦), નમસ્કારકીર્તન (શ્લોક-૫૦), નમસ્કારફલ (શ્લોક-૫૦), નમસ્કારવિવેચન (શ્લોક-૫૦) અને નમસ્કારસ્મૃતિ. (શ્લોક-૫૦) પ્રત્યેક રચનામાં પચાસ-પચાસ શ્લોક છે. આમ કુલ ચારસો શ્લોકમાં શ્રી નવકાર મહામંત્રનું મહિમાગાન અહીં થયું છે. પંન્યાસજી મહારાજનો નવકારપ્રેમ સર્વવિદિત છે. નમસ્કાર પદાવલીમાં તેનું સુરેખ પ્રતિબિંબ ઝીલાયું છે. મધ્યકાળમાં ઐહિક પ્રભાવ ધરાવતા મંત્રતંત્રનું ખૂબ પ્રચલન થયું. અલૌકિક ફળ આપતા નવકારનો ઉપયોગ ઐહિક ફળ માટે થવા લાગ્યો. નવકારમંત્રના તાંત્રિક પ્રયોગો પણ થવા માંડ્યા. તેની આધ્યાત્મિક તાકાત ભૂલાવા માંડી. આની અસર ઉત્તર કાળમાં ઉતરી. નવકારનો ઐહિક મહિમા જ ખૂબ ગવાયો. આ સ્થિતિમાં નવકાર આત્મા માટે છે અને મોક્ષ માટે છે આ વાત ભારપૂર્વક રજૂ કરતી કૃતિઓ બહુ ઓછી જોવા મળે છે. તેમાં નમસ્કાર પદાવલીને સ્થાન આપી શકાય. નમસ્કાર પદાવલીમાં નવકારનો આધ્યાત્મિક પરચો જ પ્રધાનપણે રજૂ થયો છે.

આ સંસારમાં દરેક પ્રકારનું ઐશ્વર્ય તો મળે છે. નવકારથી નિર્વાણ મળે છે. (૧-૨)

હૃદયમાં વૈરાગ્ય ધારણ કરી, પૌદ્‌ગલિક સુખને છોડી ભાવથી નવકારનો જાપ કરવાથી મોક્ષ મળે છે. (૨-૩૧)

નવકાર ગુરુમુખે લેવાય તો જ ફળદાયી બને છે. ગુરુમુખે લેવાયેલો નવકાર સવીર્ય હોય છે. (૧-૪૬, ૨-૨, ૪-૩, ૮-૨)

નવકારથી દુર્ધ્યાનનો નાશ થાય છે, મન નિશ્ચલ બને છે, જ્ઞાનયોગ સિદ્ધ થાય છે. (૩-૫, ૧૩, ૨૩)

નવકારથી આત્મસાધનાના માર્ગે આગળ કેવી રીતે વધવું તેનું જ્ઞાન આપમેળે થાય છે. ચિત્ત શુદ્ધ જોઈએ. (૫-૩)

નમસ્કારસ્તુતિમાં નવકારનો સામાન્ય અને વિશેષ મહિમા છે.

નમસ્કારસ્તવમાં નવકારનું સ્મરણ કરવાની પ્રેરણા છે. તંત્રશાસ્ત્ર અને હઠયોગની દષ્ટિએ નવકારનું ધ્યાન કરવાની આછી રીત આમાં દર્શાવી છે.

નમસ્કારનિરૂપણમાં નવકારથી શું શું થઈ શકે તે દર્શાવ્યું છે.

નમસ્કારનુતિમાં નવકારમાં ગુણો વર્ણવી નમસ્કાર કરવામાં આવ્યા છે. નવકારમાં ગુરુના આત્માનો અંશ હોય છે (૨૪)

આત્મસાધનાના ક્ષેત્રે જરૂરી પાત્રતાનો વિકાર કરવામાં નવકાર કેવી રીતે સહાયભૂત થાય છે, તેનું વર્ણન નમસ્કારકીર્તનમાં છે. સ્વર્ગ વગેરેની ઇચ્છા છોડીને નવકારનું ધ્યાન કરવાથી પાપોથી મુક્તિ મળે છે (૩૨)

નમસ્કારફલમાં સ્વાભાવિક રીતે જ નવકારના બાહ્ય અને આંતર ફળનું વર્ણન છે. આત્માનો વિચાર, આત્મતત્ત્વનો બોધ, આત્માનુભવની પ્રાપ્તિ, આત્માની સ્ફુરણા નવકારનું ફળ છે. (૧૦, ૧૭, ૨૦, ૩૨)

નવકાર જીવનમાં વણાઈ જાય તો આત્મિક ફેરફાર અનુભવાય તેનું વર્ણન નમસ્કાર વિવેચનમાં છે.

નમસ્કાર સ્મૃતિમાં નવકારને ઉદ્દેશીને તેને સાકાર રૂપ આપીને સ્તુતિ કરવામાં આવી છે.

નવકારનું જ્ઞાનાત્મક, યોગાત્મક અને ભાવાત્મક નિરૂપણ એકીસાથે નમસ્કાર પદાવલીમાં જોવા મળે છે.

'આશાપ્રેમસ્તુતિ' તંત્રદૃષ્ટિએ કુંડલિની શક્તિનો મહિમા ગાતી સ્તુતિ છે, તેવું કર્તાનું કહેવું છે. ગિરીશભાઈની અન્ય કૃતિઓની તુલનાએ આ કૃતિ અલગ જણાય છે. તંત્રમાં કુંડલિનીને સ્ત્રીની ઉપમા આપી તેનો મહિમા ગાવામાં આવે છે. આમાં સરાગ અને ક્યારેક તો અશ્લીલ લાગે તેવું વર્ણન હોય છે. તે જૈન સાધના પ્રક્રિયા સાથે ઓછું બંધબેસે છે. યોગ પ્રક્રિયાના સંદર્ભમાં હઠયોગ કરતા રાજયોગ સામાન્ય સાધકોને વધુ અનુકૂળ મનાય છે. યોગાનુયોગ ગિરીશભાઈના પત્નીનું નામ પણ આશા હતું તેથી ગેરસમજ ઊભી થવાની સંભાવના પૂરી છે. આવી ઉત્તમ આધ્યાત્મિક રચનાઓનો આસ્વાદ લેનાર વર્ગ વર્તમાન કાળે હોય, તો તે યુગ જૈનશાસનનો સુવર્ણયુગ ગણાશે.

•

## તરંગ - ૩

# શ્રુતવારસો

૨૦

# ભારતની પ્રાચીન વિદ્યાપીઠો

નેવ્હિલ ડી-એબ્રિયો નામના ચિંતકે વર્તમાન શિક્ષણ વ્યવસ્થા પરત્વે વર્તમાનપત્રમાં (સકાળ, પૂણે, ૨૬-૩-૨૦૦૮) લેખ આપ્યો છે. ભારતની વર્તમાન શિક્ષણ પ્રણાલી સફળ છે કે નિષ્ફળ, યોગ્ય છે કે અયોગ્ય ? તે વિશે અનેક વિદ્વાનો ચિંતા કરતા રહે છે. તેમના ચિંતનનો સાર એ હોય છે કે, વર્તમાન શિક્ષણ પ્રણાલી દેશના વિકાસ અને દેશવાસીના વિકાસ માટે અનુકૂળ સાબિત નથી થઈ. વર્તમાન શિક્ષણ પ્રથાના મૂળભૂત ઉદ્દેશ્યોમાં વ્યાપાર છે, જીવન નથી. અંગ્રેજોએ આ દેશના લોકોને કારકૂન બનાવવા (ફરીથી વાંચો) જે શિક્ષણક્રમ તૈયાર કર્યો હતો, તે આજે પણ ચાલે છે. ભારતમાં અંગ્રેજી રાજ્ય ન હતું, ત્યાં સુધી વિદ્યાર્થી ગુરુના ઘરે વિદ્યાભ્યાસ માટે જતો. અંગ્રેજી રાજ્ય આવ્યા પછી શિક્ષક વિદ્યાર્થીને ઘેર ભણાવવા જાય છે, અને ટ્યૂશન કરવાને કચરાપોતા કરવા જેવું કામ સમજે છે. તેમાંથી સાઈડ ઈન્કમ મળે છે. ગુરુગૃહે શિક્ષણ લેવા જવાની પદ્ધતિ દ્વારા અનેક રાજા, યોદ્ધા, વિદ્વાન, વૈજ્ઞાનિકો પેદા થયા હતા. ઈતિહાસ તેનો સાક્ષી છે.

શું ભારત પાસે શિક્ષણ પ્રણાલી ન હતી ? કેટલાંક પૂર્વગ્રહપીડિત તથાકથિત બુદ્ધિવાદીઓ કહે છે, તેમ ખરેખર ભારત પછાત હતું ? આ પ્રશ્નનો જવાબ મેળવવા ઈતિહાસના કેટલાંક પાનાં ફેરવવા પડશે.

ધર્મપાલ નામના એક ચિંતકે ઈંગ્લેંડમાં વરસો વીતાવીને ત્યાંના ગેઝેટમાંથી અંગ્રેજોએ કરેલા ભારતના સર્વેક્ષણના ૫૦,૦૦૦ જેટલા દસ્તાવેજ એકત્રિત કરીને, ૧૮મી સદી જેને ભારતની પછાતપણાની ઓળખ તરીકે રજૂ કરવામાં આવે છે તે સદીમાં ભારતમાં શિક્ષણ વિશે બે પુસ્તકો લખ્યાં છે. (રળિયામણું વૃક્ષ : ૧૮મી સદીમાં ભારતીય શિક્ષણ) (૧૮મી સદીમાં વિજ્ઞાન અને તંત્રજ્ઞાન) સહુ કોઈ એ તો જાણે જ છે કે, ભારતની મલમલ વખણાતી, ભારતનું લોખંડ વખણાતું, વિશ્વભરમાં ભારતના વિદ્વાનો અને વૈદ્યો વખણાતા, ભારત પાસે શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ હતી અને વિશ્વની સર્વશ્રેષ્ઠ અને સર્વપ્રાચીન પ્રણાલી હતી. વિશેષતા એ છે કે, ભારતની શિક્ષણ વ્યવસ્થા જીવનલક્ષી હતી, માત્ર અર્થલક્ષી ન હતી. વિશ્વનું સર્વોચ્ચ શિક્ષણ ભારતમાં મળતું. આજે ઓક્સફર્ડ, કેંબ્રિજ, હાવર્ડ અને બર્લિન યુનિવર્સિટીઓ વખણાય છે, તેના કરતાંય ઉચ્ચ કક્ષાની વિદ્યાપીઠો ભારતમાં હતી. નાલંદા અને તક્ષશિલા તો પ્રસિદ્ધ થયેલી અને યાદ રહેલી વિદ્યાપીઠોનાં નામ છે. ૧૮મી સદી પહેલાના ૩૮૦૦ વરસ સુધી ભારતમાં ૧૫ ઉચ્ચકક્ષાની વિદ્યાપીઠોના નામ પ્રસિદ્ધ હતા.

ડૉ. મો. દિ. પરાડકરે મરાઠીમાં લખેલ પુસ્તકના અનુવાદ ‘ભારતની પ્રાચીન વિદ્યાપીઠો’માં આ પંદર વિદ્યાપીઠોનો સંક્ષિપ્ત પરિચય છે. ભારતના જ્ઞાનવારસાને જાણવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિ માટે તો આ પુસ્તિકા ગોળના ગાડા જેવી છે. લગભગ ૧૧ સંદર્ભ ગ્રંથોમાંથી સામગ્રી ચૂંટીને પૂણેના આ વિદ્વાન ડૉક્ટરે ૭૨ પાનામાં ગાગરમાં સાગર સમાવ્યો છે. જૈન સંઘ માટે આનંદની વાત એ છે કે, આ પંદર વિદ્યાપીઠોમાં અયોધ્યા વિદ્યાપીઠ, કુંડિનપુર વિદ્યાપીઠ, ગુણશીલા વિદ્યાપીઠ અને વલભી વિદ્યાપીઠ આ ચાર વિદ્યાપીઠોમાં જૈનધર્મનું ઉચ્ચ શિક્ષણ અપાતું હતું.

અયોધ્યાની વિદ્યાપીઠ વિશે અધિકૃત વિગતો ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્રમાં મળે છે. ડૉ. દાસ નામના વિદ્વાને ‘જૈન શિક્ષણ સંપ્રદાય’ નામનું સ્વતંત્ર પુસ્તક લખ્યું છે. તેમાં ત્રિષષ્ઠીનો સંદર્ભ આપી

અયોધ્યા વિદ્યાપીઠનો અભ્યાસક્રમ દર્શાવ્યો છે. લેખકના શબ્દોમાં 'ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત'માં રાજપુત્ર સાગરનો જે શિક્ષણક્રમ વર્ણવ્યો છે, તે ખરેખર ખૂબ વિસ્તૃત છે, એ આજની અત્યાધુનિક ગણાતી વિદ્યાપીઠોનું પણ માન મૂકાવે એવો છે. અહીં તમામ શાસ્ત્રોનું જ્ઞાન મળતું. રાજ્ય-શાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર સાથે સ્યાદ્વાદ પણ શીખવાડાતો. રાજપુત્ર તરીકે જરૂરી એવું લશ્કરી શિક્ષણ પણ સાગરે અહીં મેળવ્યું. આ અભ્યાસક્રમમાં થિયરી અને પ્રેક્ટિકલ એ બન્નેનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓમાં નિહિત સુષુપ્તગુણોનું સંવર્ધન કરીને એકાગ્રતાને પોષક અને કાર્યશક્તિને પ્રેરક વાતાવરણનું નિર્માણ કરવું, એ આજના જ્ઞાનકેંદ્રો અને વિદ્યાપીઠોનું મુખ્ય કર્તવ્ય છે. ૩૦ વરસનો અધ્યાપન અનુભવ ધરાવતા ડૉ. પરાડકરના આ શબ્દો છે. આજની વિદ્યાપીઠો અંગે તેમનું મનોગત બહુ સૂચક છે. તેઓ લખે છે કે – આજના મહાવિદ્યાલયીન શિક્ષણમાં જ્ઞાન મેળવવાની ઉત્કટ ઇચ્છાનો અભાવ અને ધ્યેયશૂન્યતા આ બે દોષ મુખ્યત્વે દેખાઈ આવે છે.

ગુણશીલા વિદ્યાપીઠ રાજગૃહી નગરીમાં હતી. અયોધ્યા, ગુણશિલા અને કુંડિનપુર વિદ્યાપીઠ નાલંદા વિદ્યાપીઠ કરતાં ૧૦૦૦ વરસ જૂની હતી. આ વિદ્યાપીઠમાં પુરુષોની ૭૨ કળા અને સ્ત્રીઓની ૬૪ કળાનો અભ્યાસ કરાવવામાં આવતો. રાજા શ્રેણિકના પુત્ર મેઘ ૭ વરસની ઉંમરે આ વિદ્યાપીઠમાં દાખલ થયેલા અને ૧૨ વરસ અભ્યાસમાં વીતાવીને ઉત્તીર્ણ થયા હતા, એમ ડૉ. મજુમદાર નોંધે છે.

કુંડિનપુર વિદ્યાપીઠ વ્યાયામ શાસ્ત્રના શિક્ષણ માટે વધુ પ્રખ્યાત હતી. રાજા સિદ્ધાર્થે રાજકુમાર વર્ધમાનને વિદ્યાભ્યાસ માટે અહીં દાખલ કર્યા હતા. રાજકુમાર વર્ધમાન તો અભ્યાસ વિના જ સર્વવિદ્યામાં ઉત્તીર્ણ થયેલા હતા. વ્યાયામશાસ્ત્રની પ્રાચીન પરંપરાને ગજાનન તામ્હણે દ્વારા વડોદરામાં પુનર્જીવિત કરાઈ હતી. તેઓ રોજ ૩૦૦૦ દંડ, ૫૦૦૦ બેઠક, સાત કલાક કુસ્તી, રેસકોર્સના ૪ ચક્કર અને એક શ્વાસમાં વિશ્વામિત્રી નદીના પગથિયાં ૩ વાર ચડી જતા.

ગુજરાતનું ગૌરવ ગણાતી 'વલભી' નગરીમાં આવેલી વલભી વિદ્યાપીઠમાં અપાતું શિક્ષણ આજની ઓક્સફર્ડ કે કેમ્બ્રિજ વિદ્યાપીઠ કરતાં ઊંચું

હતું, એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. આજે જે માન અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિને મળે છે, તે માન એ કાળે વલભીના વિદ્યાર્થીને મળતું. ઈસુની ૫મી ૬ઠ્ઠી અને સાતમી ત્રણ સદીઓ સુધી આવી નામના વલભી વિદ્યાપીઠે જાળવી રાખી હતી.


વલભી સૌરાષ્ટ્રનું અત્યંત સમૃદ્ધ વેપાર કેન્દ્ર હતું, સાથે સાથે વિદ્વાનોના મૂળ સ્થાન તરીકે પણ આ નગરીની બોલબાલા હતી. મૈત્રક રાજા ધ્રુવસેનની ભાણી દુદ્દાએ આ વિદ્યાપીઠને સૌ પ્રથમ ભવન બનાવી આપ્યું હતું. આ વિદ્યાપીઠની સહાયતા માટે કેટલાક ગામોની ઉપજ મૈત્રક રાજાઓએ બાંધી આપી હતી. પુસ્તકો મેળવી આપવામાં અને લખાવી લેવામાં પણ મૈત્રક રાજાઓ અંગત રસ લેતા. પ્રથમ ગુહસેનના તામ્રપત્ર દાનલેખમાં 'सद्धर्मस्य पुस्तकोपचयार्थं' એવો ઉલ્લેખ છે અર્થાત્ સદ્ધર્મના પુસ્તકોની પ્રાપ્તિ માટે રાજાઓ દાન પત્ર આપતા. વરસોવરસ પુસ્તકો ખરીદવા, લખાવવા, સાચવવા અનુદાન મળતું રહેતું (આજે તો સંઘ હસ્તક રહેલું જ્ઞાનદ્રવ્ય પણ યથાસમય વપરાતું નથી.) વલભીના રાજાઓ નાલંદા વિદ્યાપીઠ માટે પણ દાન મોકલતા રહેતા. વલભીની બહાર બૌદ્ધ વિહાર પણ હતો. અહીં ૭૨ વિદ્યાઓ શીખવવામાં આવતી. નાલંદા વિદ્યાપીઠ માટે પણ દાન મોકલતા રહેતા) શ્રી બપ્પભટ્ટિસૂરિજી મહારાજ અને કાન્યકુબ્જના આમ રાજાએ અહીં શિક્ષણ લીધું હતું. અહીં જેટલું વ્યાપક શિક્ષણ વૈદિકપંથની વિદ્યાપીઠોમાં આપવામાં આવતું ન હતું, તેથી જ ઉત્તરાપથમાં રહેતા વસુદત્ત નામના બ્રાહ્મણપંડિતે પોતાના પુત્ર વિષ્ણુદત્તને વલભી અભ્યાસ માટે મોકલ્યો હતો, તેવો ઉલ્લેખ કથાસરિત્સાગર નામના ગ્રંથમાં છે.

ચીની પ્રવાસી હ્યુએનત્સંગ દ્વારા આ વિદ્યાપીઠનું ગૌરવ કરાયું છે. વલભીમાં પણ નાલંદા જેટલા જ શ્રેષ્ઠ સ્તરનું શિક્ષણ અપાતું હતું, તેવો ઉલ્લેખ ઈત્સિંગના પ્રવાણ-વર્ણનમાં મળે છે. અહીં ૧૦૦ સંઘારામો (હોસ્ટેલ)માં ૬૦૦૦ ભિક્ષુઓ અભ્યાસ માટે રહેતા. વલભીની તુલના તેણે ચિમ્માશીચ્યુ અને લુગમેન જેવી પ્રખ્યાત વિદ્યાપીઠો સાથે કરી છે.

હિંદુસ્તાનના વિવિધ ભાગોમાં ઉદ્ભવેલી જૈન ધર્મની કોઈ પણ સમસ્યાની ચર્ચા તથા તેના ઉકેલનો આખરી નિર્ણય વલભી વિદ્યાપીઠમાં લેવામાં

આવતો અને ભારતમાં બધે જ તે માન્ય થતો. એની સાક્ષી પ્રાચીન ઈતિહાસ પૂરે છે. વૈદિક ધર્મ માટે જે સ્થાન કાશીનું હતું, તે જ સ્થાન જૈનધર્મ માટે લગભગ ત્રણ શતાબ્દી સુધી આ વિદ્યાપીઠનું હતું, તેમ કહી શકાય. હ્યુએનત્સંગ અને ઈત્સિંગના સમયમાં વલભીમાં અધ્યયન કરીને આવેલા (વલ્લભી રીટર્ન્ડ) વ્યક્તિને આજની ભાષામાં ફોરેન રીટર્ન્ડનો દરજ્જો પ્રાપ્ત થતો હતો. વલભી પોતાની આ ગરિમા પુનઃ પ્રાપ્ત કરે તો ?

•



ગ્રંથનામ : Catalogue of Jain Manuscript of the British Library

કર્તા : પ્રો. ચંદ્રભાલ ત્રિપાઠી

પ્રો. નલિની બલવીર

ભાષા : અંગ્રેજી

સમય : ૨૦-૨૧મી સદી

૨૧

# એક અવલોકનીય સૂચિપત્ર

સંસ્કૃતમાં બહુ પ્રસિદ્ધ એક સુભાષિત છે.

**'पुस्तकस्था तु या विद्या परहस्तगतं धनम्**
**कार्यकाले समुत्पन्ने न सा विद्या न तद्धनम् ।।'**

પૈસા બીજાના હાથમાં હોય તો મારા માટે નકામા છે. કેમકે જરૂર પડે ત્યારે એ ઉપયોગમાં નથી આવતા. જ્ઞાન પુસ્તકમાં જ હોય, બુદ્ધિમાં ન હોય, એટલે કે યાદ ન હોય, તો નિરૂપયોગી છે. ધનની જેમ જ પુસ્તકો જો તમારા હાથમાં ન હોય, કેવળ લાયબ્રેરીની શોભા વધારતા હોય, તો તમારા માટે નિરૂપયોગી છે. 'પુસ્તકો વિશ્વ તરફ ઉઘડતી બારી છે.' તેવું પ્રસિદ્ધ ગુજરાતી લેખકે કહ્યું છે. હું ન ભૂલતો હોઉં તો ઈમેજ પબ્લિકેશનનું આ સ્લોગન છે. બંધ બારી અને દીવાલ વચ્ચે કોઈ ફરક નથી.

પુસ્તકોની દુનિયા વિશાળ છે. દુનિયામાં રોજ નવા ૧૦૦૦થી વધુ પુસ્તકો પ્રકાશિત થતા રહે છે. બધાં પુસ્તકો વાંચી ન શકાય. બધા

જ પુસ્તકો વસાવી ન શકાય, પુસ્તક વાંચવા માટે બેસવા જેટલી જગ્યા મળે તોય પર્યાપ્ત છે. પુસ્તક વસાવવા માટે તો વિશાળ મહેલો પણ નાના પડે. એક જ પુસ્તક અનેક જણ વાંચી શકે, એ માટે પુસ્તકાલયની વ્યવસ્થા જરૂરી છે. શહેરમાં એક બગીચો હોય, તેમ એક પુસ્તકાલય હોવું પણ જરૂરી ગણાય. બગીચાની જેમ પુસ્તકાલય નગરની શોભા છે.

આપણે ત્યાં શાસ્ત્રો સાચવવા માટે જ્ઞાનભંડારો રાખવાની પ્રથા છે. સંઘમાં એક દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા, આયંબિલ ખાતું હોય છે, તેમ દરેક સંઘમાં એક સમૃદ્ધ જ્ઞાનભંડાર હોવો જ જોઈએ. શાસ્ત્રો મોક્ષ તરફ ઉઘડતી બારી છે.

પુસ્તકો કે શાસ્ત્રોનો સંગ્રહ થાય, તે સાથે એના લિસ્ટને અચૂક યાદ કરવું પડે. અનુક્રમ વિનાનો જ્ઞાનભંડાર ડ્રાયવર વિનાની ગાડી જેવો છે. લિસ્ટ પુસ્તક સુધી પહોંચાડનાર વળાવિયા જેવું છે.

જ્ઞાનભંડારમાં પુસ્તકોની સાચવણી સારી રીતે થવી જોઈએ. એ બાબતમાં આપણા જ્ઞાનભંડારને માર્ક્સ આપવા પડે તેમ છે. બીજા ધર્મના મંદિરો કરતા આપણા દેરાસરની સાચવણી અને ચોક્ખાઈ ઉમદા હોય છે. એમ બીજા ગ્રંથાલયોની સરખામણીએ આપણા જ્ઞાનભંડારોમાં શાસ્ત્રોની સાચવણી બહુ જ સારી રીતે થાય છે. વરસમાં એક દિવસ જ્ઞાનપંચમીએ શાસ્ત્રો અને જ્ઞાનભંડારોની વિશેષ રીતે પૂજા થાય છે. જ્ઞાનભંડારોની આ સમૃદ્ધિનું મૂળ કારણ શ્રમણ-શ્રમણી-ભગવંતોનો વિદ્યાપ્રેમ છે.

જૂના જમાનામાં સાધુઓ સ્વયં શાસ્ત્રો લખતા. રોજ એકાદ પાનું લખવાનો એઓ નિયમ લેતા. લહિયા રોકીને શાસ્ત્રો પણ એઓ લખાવતા. બીજા લહિયાઓ કરતા (બ્રાહ્મણો એમ વાંચો) જૈન સાધુ પાસે તૈયાર થયેલા લહિયાઓના અક્ષરો અને મરોડ વધુ સુરેખ રહેતા. શ્રમણ-શ્રમણીઓ શાસ્ત્રગ્રંથોને સાચવવા સ્વયં મહેનત કરતા. જિનભક્તિની જેમ શ્રુતભક્તિ તેમનો આદર્શ રહેતો. તેઓ નિરંતર શાસ્ત્રો વાંચતા, ગોખતા, લખતા. તેથી શાસ્ત્રો હાથવગા રહે, તે તેમને માટે જરૂરી હતું. એ માટે તેઓ શાસ્ત્રોને વ્યવસ્થિત ગોઠવતા અને શાસ્ત્રો તરત મળી રહે, તે માટે (અકારાદિ) અનુક્રમ પણ તૈયાર કરતા. તેને કારણે આજે પણ પ્રાચીન હસ્તપ્રતોના વિશ્વમાં જૈન

પ્રતોનો સંગ્રહ સર્વોત્તમ ગણાય છે.

અંગ્રેજોના સમયમાં ઘણી પ્રતો વિદેશ ચાલી ગઈ. મોટા ભાગની પ્રતો જર્મન અને ઇંગ્લેંડમાં છે. ઇંગ્લેંડમાં રહેલી જૈન હસ્તપ્રતોનું એક સૂચિપત્ર 'ઇન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી'ના અનુદાનથી બહાર પડ્યું છે. સૂચિપત્રનું નામ છે - કેટલોગ ઓફ જૈન મેન્યુસ્ક્રીપ્ટ્સ ઑફ ધ બ્રિટીશ લાયબ્રેરી. બ્રિટીશ લાયબ્રેરીમાં રહેલી જૈન હસ્તપ્રતોનું સૂચિપત્ર. આ સૂચિપત્રમાં ધ બ્રિટીશ લાયબ્રેરી, બ્રિટીશ મ્યુઝિયમ અને વિક્ટોરીયા એંડ આલ્બર્ટ મ્યુઝિયમની કુલ ૧૦૮૩ પ્રતોની માહિતી છે. તે માટે ૧૪૨૫ એંટ્રી થઈ છે. એટલે કે ૧૦૮૨ પ્રતમાં ૧૪૨૫ ગ્રંથો વિશે માહિતી છે. ત્રણ ભાગમાં વહેંચાયેલા આ સૂચિપત્રમાં ૧૨૭૮ પાના છે. બીજા-ત્રીજા ભાગમાં સૂચિ છે અને પહેલા ભાગમાં સૂચિપત્રની પૂરક વિગતો છે.

સૂચિપત્ર વાંચવાનું પુસ્તક નથી. તે સંદર્ભ ગ્રંથ પણ નથી. સૂચિપત્ર કેવળ સરનામું બતાવે છે. પરંતુ આ સૂચિપત્રના સંપાદકોએ કેવળ સરનામું બતાવીને અટકી જવાને બદલે પ્રતોની શક્ય તેટલી માહિતી આપવાનો પણ પ્રયત્ન કર્યો છે. અલગ-અલગ દૃષ્ટિકોણથી વર્ગીકરણ કરીને પ્રતની શક્ય તમામ વિગતો એકત્રિત કરી રજૂ કરી છે.

ઈ.સ. ૧૯૯૩માં આ કાર્ય પ્રો. ચંદ્રભાલ ત્રિપાઠીએ ચાલુ કર્યું હતું. તેમણે ફ્રાંસના સ્ટ્રેસબર્ગમાં રહેલી જૈન હસ્તપ્રતોનું સૂચિપત્ર પણ બનાવ્યું હતું. તેમની ચિરવિદાય પછી એ કામ પ્રો. નલીની બલવીરે સંભાળ્યું. આ કામમાં સહાય માટે તેમણે અમદાવાદથી ડૉ. કનુભાઈ શેઠ અને ડૉ. કલ્પનાબેન શેઠને આમંત્ર્યા.

આ સૂચિપત્રમાં પ્રારંભે જ જૈન હસ્તપ્રતોનો પરિચય આપવામાં આવ્યો છે. ભારતમાં જૈન હસ્તલિખિત પ્રતોના સંગ્રહ ક્યાં ક્યાં છે ? તે નકશામાં દર્શાવવામાં આવ્યું છે. ભારત બહાર જૈન હસ્તપ્રતો ક્યાં ક્યાં છે, તેની માહિતી પણ છે. બ્રિટીશ લાયબ્રેરીમાં આજે અલગ-અલગ વ્યક્તિગત સંગ્રહની ૧૦૫૭ પ્રતો છે. અમેરિકામાં લગભગ ૪૧૫ જૈન પ્રતો છે, રશિયાના પિટર્સબર્ગમાં ૧૫૦ પ્રતો છે. યુરોપની હસ્તપ્રતો જે વ્યક્તિગત સંગ્રહગત છે, તેનું વિસ્તૃત કોષ્ટક દર્શાવ્યું છે. આ પ્રતો કયા સૈકાની છે ? કેટલી પ્રત છે ? કેટલા ગ્રંથ છે ?

તેના વિશેની નોંધ અને તેની અનુક્રમણિકા કે સૂચિપત્ર ક્યાં છપાયું છે ? આવી તમામ વિગતો આમાં છે.

છાપકામનો જમાનો આવ્યો, ત્યાર પછી અનુક્રમ વગેરે બનાવવાનું કે છપાવવાનું સરળ હતું. તે પહેલાં હસ્તલિખિત પ્રતના જમાનામાં સૂચિપત્ર કેવા રહેતા, તેનું એક પત્ર કેટલોગમાં દર્શાવ્યું છે. શાસ્ત્રનું નામ, પોથીમાં કેટલા પાના છે ? કયા કયા પાના ખંડિત છે ? ગ્રંથ સંપૂર્ણ છે કે અપૂર્ણ ? તેની નોંધ આ પાના પર છે. પૂર્ણિમા ગચ્છના આચાર્યશ્રી ભાવપ્રભસૂરિજી મહારાજે પૂ. ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો લખાવ્યા હતા. તેમના ભંડારમાં ઉપાધ્યાયજીનાં ગ્રંથો હતા, ઉપાધ્યાયજીના નાશ પામી ગયેલા ગ્રંથોના નામ શ્રી ભાવપ્રભ સૂરિજી મ.ની સૂચિ પરથી મળે છે.

સૂચિપત્રમાં પ્રતોની જે માહિતી આપવામાં આવી છે, તેનું વિસ્તૃત બયાન છે. પ્રત કાગળની છે કે તાડપત્ર, વસ્ત્ર, ભોજપત્રની ? દરેક પાનાનું માપ શું છે ? કાગળની બંને બાજુ જગ્યા છોડી હોય, ડીઝાઈન કરી હોય, પ્રતને સજાવી હોય, તેની માહિતી છે. પ્રતની સ્થિતિ કેવી છે ? લગભગ પ્રતોની સ્થિતિ સારી છે, પ્રત કઈ સાલમાં લખાઈ છે ? ગ્રંથરચના કઈ સાલમાં થઈ છે ? એક પ્રતમાં એક શાસ્ત્ર છે કે વધારે છે ? મૂળ અને ટીકા છે ? પ્રત એક પાઠી, ત્રિપાઠી કે પંચપાઠી છે ? ભાષા કઈ છે ? બીજા સૂચિપત્રોમાં આ શાસ્ત્ર વિશે માહિતી મળે છે કે નહીં ? પ્રત પ્રકાશિત છે કે અપ્રકાશિત ? આવી અનેકવિધ માહિતી આ સૂચિપત્રમાં મળે છે.

યુરોપમાં રહેલી પ્રતો મોટે ભાગે કાગળની છે, તાડપત્રની પ્રતો બહુ જૂજ છે. તાડપત્ર પર લખાણ દક્ષિણમાં વધુ હતું. સ્ટ્રેસબર્ગ યુનિ.ની લાયબ્રેરીમાં તાડપત્રની પ્રત બે જ છે. એક બ્રિટીશ લાયબ્રેરીમાં છે, જે વિ.સં. ૧૨૫૮માં લખાયેલી છે. પ્રાયઃ એ જિતકલ્પની પ્રત છે.

સૂચિપત્રમાં પ્રતોનું વર્ગીકરણ અંગ-ઉપાંગ-પયન્ના-છેદસૂત્ર જેવા ક્રમથી કરવામાં આવ્યું છે. આચાર-ભૂગોળ-કર્મ-ગુણસ્થાનક-જીવ-અજીવ-આત્મા દર્શનશાસ્ત્ર ચરિત્ર ગ્રંથો-સ્તોત્ર-તીર્થ-પૂજા-મંત્ર કલ્પ-પટ્ટાવલી-દિગંબર સાહિત્ય-કાવ્ય-ગણિત-જ્યોતિષ-આયુર્વેદ-સંગીત જેવા વિષય વિભાગો કરી પ્રતોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

વિ.સં. ૧૭૮૩માં પં.શ્રી કનકકીર્તિ નામના સાધુ ભગવંતે 'શાલિભદ્ર ચઉપઈ'ની પ્રતમાં ચિત્રાંકન કર્યું છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મ. કૃત અભિધાન ચિંતામણિની પ્રત દિગંબર સંપ્રદાયના સુરેંદ્રકીર્તિ મુનિએ વિ.સં. ૧૮૪૯માં લખી છે.

સૂચિપત્રમાં આવી અનેક વિશેષતાઓ છે. હસ્તપ્રતોમાંથી લેવાયેલા ચિત્રો અને ૧૫૦ ચિત્રોની સીડી પણ સામેલ છે. આ બધી વિગતો ભાગ-૧માં છે. ભાગ-૨માં અને ૩માં પ્રતોની માહિતી છે.

ગ્રંથકાર પોતાની બુદ્ધિપ્રતિભાથી ગ્રંથનું સર્જન કરે, લખે, વિદ્યાર્થી મહેનત કરીને ભણે. સર્જન પાછળ અને ગ્રંથના અભ્યાસ પાછળ જેવી મહેનત કરવી પડે છે, તેવી જ મહેનત સમૃદ્ધિ સૂચિપત્ર બનાવવા માટે કરવી પડે છે. ઈન્સ્ટી. ઓફ ઇંડોલોજીએ સૂચિપત્રની કેવળ ૫૦૦ નકલ પ્રકાશિત કરી છે.

અમદાવાદની લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિરની હસ્તપ્રતોનું અને કોબાના શ્રી કૈલાસસાગર સૂરિજ્ઞાનમંદિરનું આ પ્રમાણેનું સૂચિપત્ર તૈયાર થઈ રહ્યું છે, તે આવકાર્ય બાબત છે. પ્રાચીન શ્રુતવારસાને સંપાદિત કરવાની મહેનત કરનારા સંશોધકો માટે સૂચિપત્રો અલીબાબાના ખજાના જેવા છે. ઘણાં શાસ્ત્રો પ્રગટ થવાની રાહ જોઈ રહ્યા છે. એકના એક પુસ્તકો વારંવાર છપાતા રહે, તેને બદલે અપ્રગટ શાસ્ત્રો પ્રગટ થાય તો વધુ સારી શ્રુતસેવા થઈ શકે. કાળના ગર્તમાં ગરક થઈ જતા શ્રુતવારસાને બચાવવાની કે ટકાવવાની મનીષા જન્મે, એ માટે હાલ તો આટલું આંગળી ચીંધણું કાફી છે.

•

૨૨

## પ્રતનું પુરાતન મંદિર

**આ**જથી ૯૦ વરસ પહેલાંની વાત. પૂના ખાતે એક વિદ્યાપ્રેમી પ્રોફેસર વસે. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર તેમનું નામ. સંસ્કૃતના વિદ્વાન. સાથે જ પરંપરાગત રીતે પાંડુલિપિઓ-એટલે કે સૈકાઓ પૂર્વે હાથથી લખાયેલી કાગળની પ્રતોની લિપિ અને ભાષા બંને ઉકેલી શકે. તે સમયે ભારત પર અંગ્રેજોનું રાજ હતું. ભારતના પ્રાચીન જ્ઞાનવારસાને હસ્તગત કરવા તેમના પ્રયત્નો ચાલતા. તેમને આ કાગળની હસ્તપ્રતોમાં 'ભવિષ્ય' દેખાતું. ન સમજાય તેવા અક્ષરોમાં, ન સમજાય તેવી ભાષામાં ગૂઢ અર્થો ભરેલા છે, તેવું તેઓ માનતા. તેને મેળવવા સાચવવા પાછળ તેમનો સ્વાર્થ હશે. મુસલમાનોના આક્રમણથી આપણા શ્રુતતીર્થો ઉદ્ધસ્ત અને અસ્તવ્યસ્ત થઈ ગયા હતા. એથી તેને વ્યવસ્થિત કરવાનું અંગ્રેજોને નિમિત્ત મળી ગયું. કેટલાક અંગ્રેજો-જર્મનો સંસ્કૃત-પ્રાકૃત-પાલિ ભાષાઓનો અભ્યાસ કરતા અને તે માટે અભ્યાસની સુવિધા ઊભી કરતા. તે માટે તેમણે સ્થાનિક બ્રાહ્મણોનો સહારો લીધો. પ્રાચ્ય વિદ્યાના જાણકાર પંડિતોને તેમણે વેતન આપીને રોક્યા. અંગ્રેજોને ભારતના ધન ઉપરાંત સંસ્કૃતિ અને ઇતિહાસમાં પણ રસ હતો.

પ્રાચીન સ્થાપત્યોની જેમ પ્રાચીન પ્રતો પણ તેમની પોતાની શોધનો મહત્ત્વપૂર્ણ ભાગ હતી. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર આવા જ એક શોધક વિદ્વાન હતા, જે પ્રાચીન વારસાને વ્યવસ્થિત કરવા સમર્પિત હતા.

એ સમયમાં જિનશાસનની હાલત શું હશે ? વિ.સં. ૧૯૫૮ની આસપાસનો સમય. જ્ઞાનભંડારો પર ત્યારે યતિઓની દેખરેખ. દેરાસર-ઉપાશ્રય અને સમાજ તેમની દેખરેખ હેઠળ હતા. આમેય જ્ઞાન પ્રત્યે તીવ્ર નિષ્ઠા અને સમર્પણ ધરાવનાર વ્યક્તિઓ આંગળીના વેઢે ગણાય તેટલી. થોડા વરસો પહેલાના એ સમયમાં પૂજ્ય આત્મારામજી મહારાજ પોતાની વિદ્વત્તાથી વિદેશમાં પણ વિખ્યાત હતા. જેસલમેરનો જ્ઞાનભંડાર જોવા તેઓ આકરા વિહાર કરીને ગયા. પણ જેસલમેરના ભંડારની વહીવટી-વ્યવસ્થા અને દશા જોઈને વ્યવસ્થિત થઈ ગયેલા શ્રી આત્મારામજી મહારાજે ત્યાર પછી લખેલા પુસ્તકમાં પોતાનો પુણ્યપ્રકોપ ઠાલવતા લખ્યું કે, 'श्रावक लोग स्वामीजमण में जितना धन खरच करते हैं, उतना ज्ञानमें नही खरचते हैं इसे हम गधाखुरकनी कहते हैं।' સમાજ આર્થિક રીતે કેટલાક યતિઓને સાચવી શકે તેમ ન હતો. સારાઓની વચ્ચે કેટલાંક યતિઓ એવા પણ હતા કે, જે પ્રાચીન પ્રતો વેચીને પૈસા ઊભા કરતા અને પોતાના વૈભવી ઠાઠને સાચવતા. આ બધાનો બહુ મોટો ફટકો પ્રતોને પડ્યો. મૂર્તિની ચોરી સહેલી નથી, પ્રતની સહેલી છે. ઘણી પ્રતો એ કાળમાં વિદેશમાં પગ કરી ગઈ.

આ સ્થિતિમાં અંગ્રેજોએ હસ્તપ્રતોનો સર્વે કરવાનું નક્કી કર્યું. અંગ્રેજોની ટેરેટીરીઝમાં સહુથી વધુ પ્રતો અને અસ્તવ્યસ્ત પ્રતો ગુજરાત-મહારાષ્ટ્ર પ્રાંતમાં હતી. વૂલ્મર નામના એક અંગ્રેજ અફસરે બે પ્રાંતની હસ્તપ્રતો એકઠી કરવાનું અને તેનો સર્વે કરવાનું કામ રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરને સોંપ્યું.

ભાંડારકર પોતે બ્રાહ્મણ, તેમણે જૈન સમાજની અંતર્ગત વ્યવસ્થાઓ વિશે જાણકારી નહીં. બ્રાહ્મણ પરંપરાની ઘણી પ્રતો તેમણે જોઈ હતી. પણ જૈન પ્રતો વિશે સામાન્ય માહિતી હતી એટલું જ. બ્રાહ્મણો દ્વારા લખાયેલી પ્રતો કરતા જૈન મુનિઓએ લખેલી કે લહિયા પાસે લખાવેલી પ્રતો વધુ શુદ્ધ, વધુ સુંદર, વધુ સ્વચ્છ અને વધુ સારા અક્ષરોવાળી રહેતી, પ્રતો લખાવવાનું કામ શ્રમણોની દેખરેખ હેઠળ ચાલતું, શ્રમણો સ્વયં પ્રતો લખતા. તેમના અક્ષરો મરોડદાર અને

સારા રહેતા. લહિયા પાસે લખાયેલી પ્રતો આચાર્યો પોતે સુધારતા. તેમાં ચિત્રકલાનો વિનિયોગ કરાવતા. દરેક વિષયની દરેક ભાષાની, દરેક કળાની પ્રતો લખાવતી. રામકૃષ્ણ ભાંડારકર આ વિષયમાં ઊંડા ઉતર્યા, ત્યારે ખબર પડી કે જૈનો પાસે કેવો ભવ્ય વારસો છે.

બોમ્બે યુનિવર્સિટીમાં તેમનું લેક્ચર ગોઠવાયું. તેમાં ભાંડારકરે ભાર મૂકીને કહ્યું કે, ‘‘જૈન-પ્રતોના અભ્યાસ સિવાય ભારતનો ઈતિહાસ અધૂરો રહેશે. આ દિશામાં મહેનત થવી જોઈએ.’’ ભાંડારકરના રિપોર્ટને ગંભીરતાથી લેવામાં આવ્યો. અને હસ્તપ્રતોનો સંગ્રહ કરવાનું કામ ચાલુ થયું. હજારો પ્રતો ભેગી થઈ. સન ૧૮૯૫માં બોમ્બે યુનિવર્સિટીથી આ આખો સંગ્રહ ડેક્કન કૉલેજ-પૂના ખાતે લાવવામાં આવ્યો. ભાંડારકરે દિલ દઈને મહેનત કરી. ગાંઠનું ગોપીચંદન કરીને પણ તેમણે પ્રતો ભેગી કરી. આ સંગ્રહને સારી રીતે સાચવવા માટે મકાનની જરૂર ઊભી થઈ. મકાન બની ગયા પછી પણ આ વારસાનો સાચો ઉપયોગ કરવા સુવિધા જોઈએ. એ માટે ભાંડારકરના મિત્રોએ કમ્મર કસી. ભાંડારકરના મિત્રો શાસ્ત્રજ્ઞ, વિદ્વાન, પંડિત હતા. ડૉ. પી. એલ. વૈદ્ય જેવા વિખ્યાત વિદ્વાનો તેમના જ્ઞાનયજ્ઞના સહયોગી હતા. (આજેય પી.એલ. વૈદ્યનું તૈલચિત્ર સંસ્થાની લાયબ્રેરીમાં છે.)

ઈ.સ. ૧૯૧૭માં ભાંડારકરને ૭૫ વર્ષ પૂરા (૬, જુલાઈ) થયા, ત્યારે તેમના મિત્રોએ તેમને તેમની જ્ઞાન સાધનાનું બહુમાન કરતી ભેટ આપી. ૧૩ એકરમાં પથરાયેલી લગભગ ૧ લાખથી વધારે મુદ્રિત પુસ્તકો અને ૫૦,૦૦૦ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ ધરાવતી વિશાળ સંશોધન-સંસ્થાને ભાંડારકરનું નામ આપ્યું. એક વિશાળ જગ્યામાં સંશોધનની સુવિધા ઊભી થઈ. અનાથ પ્રતોને જાણે ઘર મળ્યું. જિજ્ઞાસુને જ્ઞાનની પરબ મળી. થોડા જ સમયમાં આ વિદ્વાનોએ નવું લક્ષ્ય સાધ્યું. મહાભારતની પ્રામાણિક આવૃત્તિ બહાર પાડી. વ્યાસનું મહાભારત દરેક વિષયને આવરી લેતું હોવાથી, ‘यन्नात्र तन्न कुत्रचित्’ એવું મહાભારત માટે કહેવાય છે. તેની સેંકડો પ્રતો જોઈને પાઠાંતરો નોંધીને તેની પ્રામાણિક આવૃત્તિ તૈયાર કરી આ સંસ્થાએ છપાવી.


ભાંડારકરની આ હસ્તપ્રત લાયબ્રેરીમાં ઉપમિતિભવપ્રપંચા કથાની પ્રાચીનતમ તાડપત્રની પ્રત છે. કોટ્યાચાર્ય કૃત વિશેષાવશ્યકભાષ્યનું વિવરણ

છે. તાડપત્ર ઉપર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સ્વહસ્તે લખેલી ‘અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્’ની એકમાત્ર પ્રત અહીં છે. પ્રાકૃતભાષામાં રચાયેલી ‘બપ્પભટ્ટિસૂરિ કહા’ની પણ એક જ પ્રત ઉપલબ્ધ છે. તે અહીં છે. હસ્તપ્રતના સંગ્રહમાં સહુથી વધુ પ્રતો જૈનશાસ્ત્રોની છે. શ્રી પુણ્ય વિજયજી મહારાજે ૧ લાખ રૂપિયા જેવી રકમનું દાન અપાવીને હસ્તપ્રત માટે જ્ઞાનભંડારનું મકાન કરાવ્યું હતું. મુખ્યદાતા છે ખેતશીભાઈ. પહાડના પથ્થરોનું બનેલું મકાન, ઉપર છાપરાં, સાગના લાકડાનાં કબાટમાં હસ્તપ્રતોને લાલ કપડામાં વીંટાળીને ઉપર દોરીની ગાંઠ વાળી સાચવવામાં આવે છે. ૧૦૦ વરસ પહેલાં જે રીતે સચવાતું હતું, તે જૂની પદ્ધતિથી જ અહીં સાચવણી થાય છે. વ્યવસ્થિત સાચવણી થઈ શકે તેમ છે પણ દરેક સરકારી અનુદાન મેળવતી સંસ્થાની જેમ આ સંસ્થા પણ ધાર્યો વિકાસ કરી શકી નથી. આપણો શ્રુતવારસો અહીં છે, પણ એની પર આપણી નજર નથી.

આપણી માતૃભાષા ભલે અલગ-અલગ હોય, પણ ધર્મભાષા તો એક જ પ્રાકૃત-અર્ધમાગધી છે. આજે અહીં પ્રાકૃત ભાષાનો સર્વાંગીણ શબ્દ-કોશ તૈયાર થઈ રહ્યો છે. માગધી-શૌરસેની-અર્ધમાગધી-પૈશાચીકી-મહારાષ્ટ્રી જેવી પ્રાકૃત ભાષાના શબ્દો એકઠા કરી તેના તત્સમ રૂપ આપવામાં આવે. તેનો અંગ્રેજી અર્થ અને તેના પ્રયોગનું ઉદાહરણ આપવામાં આવે. આ માટે પાંચ લાખ કાર્ડની એંટ્રી થઈ છે. આજ સુધી અ, આ, ઇ, ઈ, ઉ સુધીનું કામ થયું છે. ૩૦ વરસ થયા આ કામને. આ પ્રકારનો કોશ સંસ્કૃતમા ડૉ. ઘાણેના માર્ગદર્શન તળે બનતો હતો. પૂનાના ઉદ્યોગપતિ નવલમલ ફિરોદિયાની મહેનતથી ડૉ. ઘાટગેએ પ્રાકૃત કોશનું કાર્ય પ્રારંભ્યું. પૂના યુનિવર્સિટીમાં જૈન ધર્મના અભ્યાસ માટે પ્રાકૃત ભાષાની સીટ હતી. વિદ્યાર્થીના અભાવે તે બંધ થવા પર હતી. ફિરોદિયાએ મહેનત કરીને ૭/૮ વિદ્યાર્થીઓ ઊભા કર્યા. આજે પૂના યુનિ.માં જૈન વિભાગના અધ્યક્ષા પ્રો. નલીની જોશી છે, જે પ્રાકૃત કોશના કામમાં સંકળાયેલા હતા. ડૉ. ઘાટગે પછી કોશનું કામ બીજા વિદ્વાનને સોંપવામાં આવ્યું, તે પોતાના પૈસે ઘરેથી આવતા અને ૮ કલાક કામ કરતા. શરીરથી થાક્યા પછી ઘરે બેઠા કામ કરતા. મૃત્યુના છેલ્લા દિવસ સુધી પ્રાકૃત કોશની પ્રૂફ શુદ્ધિ કરતા રહેલા, હાલ આ કોશનું ડૉ. આર. આર. પોદ્દારના સંપાદન હેઠળ કાર્ય ચાલી રહ્યું છે.

આગમોની મૂળભૂત ભાષા પ્રાકૃત છે. તીર્થંકર પરમાત્માની દેશનાભાષા પ્રાકૃત છે. દેવોની ભાષા પ્રાકૃત છે. આજે એ ભાષાને નવજીવિત રાખવાનો પ્રયાસ કરનારા, તેનો અભ્યાસ કરનારા, તેમાં નિપુણતા હાંસલ કરનારા, તેની સેવા કરનારા જ્ઞાન મૂર્તિઓ પણ ખૂબ ખૂબ અનુમોદના પાત્ર ગણાય.

•



ગ્રંથનામ : Operation in search of Sanskrit Mss. In the Bombay Circle April 1892 to March 1895, Fifth Report

કર્તા : **P. Peterson**

ભાષા : અંગ્રેજી

સમય : ૧૯મી સદી

૨૩

# હસ્તપ્રતોનો ઈતિહાસ : પીટર્સનનો રિપોર્ટ

જૈન ધર્મની જ્ઞાનસંપદા વિશાળ છે. છેલ્લાં પંદરસો વરસમાં જૈન શ્રમણોએ અને શ્રાવકોએ લાખોની સંખ્યામાં ગ્રંથો લખ્યા છે અને લખાવ્યા છે તેમજ સેંકડો જ્ઞાનભંડાર બનાવ્યા છે. પૂર્વજોની જ્ઞાન પ્રત્યેની ઉત્કટ સમર્પણ ભાવનાને કારણે આજે જૈન સંઘ પાસે દસ લાખ જેટલી હસ્તપ્રતો છે. ભારતમાં કુલ ૧ કરોડ હસ્તપ્રતો છે એમ કહેવાય છે. તેના દસ ટકા જૈન સંઘ પાસે છે. તેની સામે ભારતમાં જૈનોની વસ્તી ૧ ટકા જેટલી પણ નથી. વસ્તી અને પ્રતોની તુલનામાં પ્રાચીન સાહિત્યના વારસાની બાબતમાં જૈન સંઘ ખરેખર ખૂબ જ સમૃદ્ધ છે. જૈન સંઘ દ્વારા લખાયેલ હસ્તપ્રતોનું લખાણ ખૂબ ઉત્તમ અને કલાત્મક હોય છે. એટલું જ નહિ, તેને સાચવવાની પદ્ધતિ-પ્રક્રિયા પણ ખૂબ જ સુરક્ષાત્મક હોય છે. તેથી જ આટલો વારસો સાચવવામાં સફળતા મળી છે. ભારતની પ્રાચીન જ્ઞાનસંપદા સાચવવામાં જૈન સંઘનો ફાળો કેટલો મોટો છે, તેનો અંદાજ વસ્તી અને પ્રતના અનુપાત પરથી સહેજે આવી શકે. બીજા તમામ ધર્મો કરતા તે ઓછામાં ઓછો દસગણો કે તેથી વધારે છે.

અંગ્રેજો ભારતમાં આવ્યા, ત્યારે ભારત દરેક રીતે વિશ્વમાં

ટોચ પર હતું. ભારતની અર્થસમૃદ્ધિ અને જ્ઞાનસમૃદ્ધિનું મૂળ કારણ શું છે, તે જાણવા તેમણે પ્રયાસ કર્યો. ભારતે કાયમનું ગુલામ બનાવી દેવા તેમણે ભારતના જ્ઞાનવારસાને હસ્તગત કરવાનું આયોજન કર્યું. ઇસ્ટ ઇંડિયા કંપનીએ જૈનો વિશે માહિતી એકઠી કરવાનું કામ શરૂ કર્યું. ૧૮મી સદીમાં કોલબ્રુક (ઈ.સ. ૧૭૬૫-૧૮૩૭) નામના વિદ્વાને સર્વ પ્રથમ માહિતી એકઠી કરી. તેના વર્ણનનો વિસ્તાર વિલ્સને (ઈ.સ. ૧૭૮૪-૧૮૬૦) કર્યો. આ બંનેની માહિતી અધકચરી અને ભૂલભરેલી હતી. ઓટો બોટલિંક અને રિયુ નામના વિદ્વાને સાથે મળીને શ્રી હેમચંદ્રાચાર્યના ‘અભિધાન ચિંતામણિ’ નામના કોશ ગ્રંથનો જર્મન અનુવાદ કર્યો. જૈન ધર્મના શાસ્ત્રનો આ સર્વપ્રથમ વિદેશી ભાષામાં થયેલો અનુવાદ છે. આ અનુવાદ ઈ.સ. ૧૮૪૭માં થયો હતો. ત્યારબાદ રેવ, સ્ટીવન્સન, વેબર, હર્મન યાકોબી, લોયમાન, કલાટ, બુલ્હર, હોર્નલ, વિન્ડશ, રાઈસ, હુલ્સ, કીલ્હોર્ન, પીટર્સન, ફર્ગ્યુસન, બર્જેસ જેવા વિદ્વાનોએ જૈન ધર્મ પર સંશોધન કર્યું. (સંદર્ભ-જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પેરા ૧૦૭૫ લે.મો. દ. દેસાઈ). તેમાં જૈન ગ્રંથો અને હસ્તપ્રતો પર સંશોધન કરનારા ત્રણ અંગ્રેજો છે. કીલ્હોર્ન, બુલ્હેર અને પીટર પીટર્સન. આ ત્રણે અંગ્રેજોએ ઇસ્ટ ઇંડિયા કંપની વતી ભારતભરમાં રહેલ હસ્તપ્રતના સંગ્રહોની શોધખોળ કરી, મુલાકાત લીધી. ઇસ્ટ ઇંડિયા કંપનીએ તેમને તમામ સગવડો આપી, સલામતી આપી. ત્રણે વિદ્વાનોએ રિપોર્ટ આપ્યા. તેમાં કીલ્હોર્નના રિપોર્ટના પાંચ ભાગ છે. બુલ્હેરના રિપોર્ટના આઠ ભાગ છે. પીટર્સનના રિપોર્ટના ૬ ભાગ છે. કીલ્હોર્નના રિપોર્ટ ઈ.સ. ૧૮૬૯થી ૧૮૮૨ સુધીના સમયગાળાને આવરે છે. બુલ્હેરના રિપોર્ટ ઈ.સ. ૧૮૭૦થી ૧૮૮૦ સુધીના સમયગાળાને આવરે છે. પીટર્સનના રિપોર્ટ ઈ.સ. ૧૮૮૨થી ૧૮૯૮ સુધીના સમયગાળાને આવરે છે. (ત્યાર પછી ભાંડારકર અને મિત્રા નામના ભારતીય વિદ્વાનોએ પણ રિપોર્ટ તૈયાર કર્યા, ભાંડારકરના રિપોર્ટ છ ભાગમાં છે. તે ઈ.સ. ૧૮૭૯થી ૧૮૯૧ સુધીના સમયગાળાને આવરે છે. મિત્રાના રિપોર્ટ દસ ભાગમાં છે.) પ્રસ્તુત લેખ પીટર્સનના રિપોર્ટના આધારે લખવામાં આવ્યો છે.

અંગ્રેજી સત્તા દરમિયાન ભારતમાંથી ઘણા ગ્રંથો વિદેશ ગયા. તે વખતની અંગ્રેજ સરકારે આ માટે એક શોધ ચલાવી. તેના રિપોર્ટ મંગાવવા માણસો

નીમ્યા. ભારતની જ્ઞાન સંપદા યુરોપમાં ચાલી જાય અને ભારત વિદ્યાવારસાથી વંચિત બની જાય, એવા રિપોર્ટ અહીંના અંગ્રેજ અધિકારી ઇંગ્લેંડ મોકલતા. ઘૂ (Gough) નામના અધિકારીએ તૈયાર કરેલા દસ્તાવેજમાં મિ. વ્હીટલી સ્ટોક્સની નોંધ છે : ‘ભારતમાં પ્રાચીન હસ્તપ્રતો કેટલી છે અને કેવી છે ? તે શોધવાની યોજના દ્વારા તે મૂળ હસ્તપ્રતો, તેની નકલ કે એવી બીજી સામગ્રી યુરોપ મોકલી આપવી જોઈએ. કારણ કે યુરોપ પાસે જ સમીક્ષા, સમજણ અને અમલીકરણના સિદ્ધાંતો છે. આ રીતે પચાસ વરસ પછી સંસ્કૃત સાહિત્ય સમજવાની બૌદ્ધિક ક્ષમતા (ઇંટલિજંસ) કેવળ યુરોપ પાસે જ રહેશે. આજે જેમ ગ્રીકમાં ગ્રીસ ભાષા જાણનારા થોડા જ છે, તેમ ભારતમાં સંસ્કૃત જાણનારા ઓછા રહેશે. આ આશયથી અંગ્રેજ સરકારે ભારતમાં હસ્તપ્રતોની શોધ યોજના ચલાવી. (પીટર્નસ રિ. ૭૨)

‘પ્રાચીન સંસ્કૃત સાહિત્યના દસ્તાવેજોની શોધ અને સુરક્ષા’ આ નામે યોજના ચાલુ થઈ. તે વખતના જમાનામાં સરકારે આ હેતુ માટે ચોવીસ હજાર રૂપિયા ફાળવ્યા. (આજે આ રકમનું મૂલ્ય ૨૪ કરોડ જેટલું થાય ?) પહેલાં ડૉ. બુલ્હેર અને ડૉ. કિલ્હોર્ન જેવા અધિકારીઓએ આ યોજનાના અન્વયે કામ કર્યું. તેમને ઘણી સફળતા મળી નહીં. પછી પ્રો. પીટર પીટર્સને ડૉ. ભાંડારકર અને રામચંદ્ર શાસ્ત્રી જેવા જાણકારોની સહાય સાથે કામ કર્યું. આ યોજનામાં તેમને સરકાર વતી હસ્તપ્રતો ખરીદવા ૪૫૦૦ રૂ.ની રકમ ફાળવવામાં આવી હતી, જે ખૂબ જ ઓછી પડતી હતી. યોજનાના ભાગરૂપે આ અંગ્રેજ અધિકારીઓ ભારતભરમાં ઘૂમતા અને ભંડારોની તપાસ કરતા. મોટે ભાગે તેમને સહકાર મળતો નહીં. તેમણે રજવાડાની મદદ લેવી પડતી.

ઈ.સ. ૧૮૮૨માં ઉત્તરભારત, રાજસ્થાન (રાજપૂતાના), ગુજરાત, મધ્યભારત મુંબઈ ટેરીટરીમાં આવતું, જ્યારે દક્ષિણ ભારત પૂના ટેરીટરીમાં. આ વિભાજન હસ્તપ્રત માટે હશે. તે સમયે હસ્તપ્રતનો રિપોર્ટ તૈયાર કરવા એક વરસ માટે ૪૯૫૩ રૂા. ફાળવાયા હતા. જે બંનેએ વહેંચીને કામ કરવાનું હતું. પૂનાના ચીફ ભાંડારકર હતા, મુંબઈમાં પીટર્સન. તેમણે હસ્તપ્રતનો રિપોર્ટ તૈયાર કર્યો. જે છ ભાગમાં પ્રકાશિત થયો. તે પહેલા બુલ્હેર અને કીલ્હોર્નએ રિપોર્ટ તૈયાર કરેલો. તેમણે (પીટર્સન અને ભાંડારકર) પહેલી મુલાકાત

જયપુરની લીધી. જયપુરની એક પાઠશાળાની મુલાકાતનું વર્ણન તેમના જ શબ્દોમાં જોઇએ.

મંદિરના વિશાળ પટાંગણમાં આસન વાળીને સહુ બેઠા છે. સરસ્વતીનું આથી વધુ સન્માન કોઈ કરી શકે નહીં. નાના છોકરાં-જે કાલે જ બોલતા શીખ્યા હશે. વ્યાકરણના પહેલા પાઠ ભણે છે. જૂના વિદ્યાર્થીઓ કોઈ કાવ્ય પર ચર્ચા કરે છે. કેટલાંક વિદ્યાર્થી એવા છે, જેમની એક પેઢી પસાર થઈ ગઈ છે, છતાં ય ભણે છે. છેલ્લો વિદ્યાર્થી આવ્યો તે મ્લેચ્છ અને આંધળો છે, છતાં તે ગમે તે વ્યક્તિને વ્યાકરણનું મહાભાષ્ય સંભળાવી શકે છે. (પીટર્સન રિ-૧. પત્ર-૪૩)

ભારત પાસે પઠનપાઠનની આગવી પરંપરા હજાર વર્ષ જૂની છે. ચીની યાત્રી ઇત્સીંગ (હ્યુ એન સંગથી જુદો) ભારતની યાત્રાએ આવ્યો, તેણે ભારતનું પ્રવાસવર્ણન કર્યું છે. મેક્સમૂલરે (પશ્ચિમમાં ભારત વિશેના તેના અભિપ્રાય ખૂબ મહત્ત્વના ગણવામાં આવે છે. તેણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો અને કેટલાંક સંસ્કૃત ગ્રંથોના અનુવાદ પણ કર્યા છે.) એક પુસ્તક લખ્યું છે. ‘ઇંડિયા : વ્હોટ કેન ઇટ ટીચ અસ ?’ ભારત પાસે શીખવા જેવું શું છે ? એ વિશે લખતા તેણે ઇત્સીંગનો આધાર લીધો છે.

ઇત્સીંગ સંસ્કૃત ભણવા ભારત આવ્યો હતો (આજે ભારતના નબીરા ઇંગ્લીશ ભણવા વિદેશ જાય છે.) તેને સંસ્કૃત ભણવાની ઇચ્છા એ માટે થઈ હતી કે, બૌદ્ધ ધર્મના ઘણા ગ્રંથો સંસ્કૃતમાં હતા અને તે તેનો ચાઇનીઝમાં અનુવાદ કરવા માંગતો હતો. તેણે સન્ ૬૭૧ (લગભગ ૧૪૦૦ પહેલાં)માં ચીન છોડ્યું. સન્ ૬૭૩માં તે તામ્રલિપ્તિ આવ્યો. ત્યાંથી બાળમંદિરથી લઇને સ્નાતકોત્તર (પોસ્ટ ડિગ્રી ગ્રેજ્યુએશન) અભ્યાસની સુવિધા હતી. સન્ ૬૯૫માં તે ચીન પાછો ગયો અને સન્ ૭૦૩માં મરણ પામ્યો. (એટલે કે તેણે બાવીસ વરસ નાલંદામાં અભ્યાસ કર્યો. એક વિદેશીને બાવીસ વરસ એકલો બૌદ્ધ ધર્મ શીખવી શકાય તેટલો જ્ઞાન ખજાનો નાલંદા પાસે હતો.) ઇત્સીંગે ભારતની શિક્ષણ પ્રણાલી અંગે નોંધ કરી છે. તે લખે છે.

ભારતમાં છ વરસની ઉંમરનું બાળક બારાખડીના ઓગણપચાસ મૂલ અક્ષરની સાથે દસ હજાર સંયુક્ત અક્ષરો શીખે છે. (અડધો ક્ વગેરે તથા અ વગેરે મૂળ અક્ષર કહેવાય. અડધો ક્ અને ર્ જોડાય તો ક્ર બને, તે સંયુક્ત અક્ષર

કહેવાય-કંપાઉંડ લેટર્સ) છ મહિનામાં તેનું અક્ષરજ્ઞાન પૂર્ણ થઈ જાય છે. પછી તેને ૩૦૦ શ્લોક શીખવવામાં આવે છે. દરેક શ્લોકમાં ૩૨ અક્ષર હોય (સંસ્કૃત ભાષાના અનુષ્ટુપ છંદમાં ૩૨ અક્ષર છે) અહીં સુધીનો અભ્યાસ કરાવનાર 'મહેશ્વર' હોય છે. (માહેશ્વરી લોકોનો સંબંધ આ શિક્ષણધર્મ સાથે છે. સં. ૧૯૦૦ પહેલાં ભારતમાં બે જાતિ વિશેષ પ્રચલિત હતી. શ્રાવક અને માહેશ્વર. ધર્મ જૈન અને શૈવ. માહેશ્વરી લોકો મિસરી કે મિશ્રના નામે ઓળખાય છે.) આઠ વરસની ઉંમરે બાળક પાણિનિ વ્યાકરણ ભણવાનું શરૂ કરે છે અને આઠ મહિનામાં એક હજાર શ્લોક પ્રમાણે સૂત્રો કંઠસ્થ કરે છે. (સરેરાશ રોજની ૪ ગાથા) પછી ધાતુપાઠ કંઠસ્થ કરે છે. ('જવું' આ શબ્દ જવાની ક્રિયા બતાવે છે તેથી ક્રિયાવાચક શબ્દ છે. સંસ્કૃતમાં ક્રિયાવાચક શબ્દ બે હજાર છે, તેને ધાતુ કહેવાય છે.) પછી દસ વરસની ઉંમરે એક હજાર શ્લોકના ત્રણ અનુશાસન શીખે છે. ત્રણ વરસમાં તે પૂરા કરે છે. પંદર વરસની ઉંમરે બાળક સંસ્કૃત ભાષાના પાયાના જ્ઞાનથી સજ્જ બની જાય છે અને પાણિનિ વ્યાકરણની ટીકાઓનો અભ્યાસ ચાલુ કરે છે. પાંચ વરસમાં તે પૂરો કરી વ્યાકરણનો પારગામી બની જાય છે. (મેક્સમૂલર : ઈંડિયા વ્હૉટ કેન ઇટ ટીચ અસ ? પૃ. ૨૧) (પીટર્સન રિ-૧, પત્ર-૪૫)

ઉદયપુરમાં પીટર્સનને કનકકીર્તિ નામના જૈન શિક્ષક મળ્યા. તે દિગંબર હતા. (દિગંબર સાધુ તદ્દન નગ્ન હોય છે અને તેથી જ મોટે ભાગે વસતીથી દૂર રહે છે. તેમના તીર્થો વગેરેમાં ગૃહસ્થ ગુરુ ભટ્ટારક ઉપાસકો હોય છે. તેઓ ભગવા વસ્ત્ર પહેરે છે.) તે ઈડર (Edur)ના જ્ઞાનભંડારને સંભાળતા, તેમાં ૧૦૦૦૦ થી વધુ પ્રતો હતી. તેમાં વિ.સં. ૮૮૧માં લખાયેલી (લગભગ ૧૧૮૦ વરસ પુરાણી) યશસ્તિલક નામના ગ્રંથની પ્રત હતી.

પીટર્સને ખંભાતના શાંતિનાથ મંદિરના તાડપત્રીય ભંડારની મુલાકાત લીધી. આ ભંડાર ભોંયરામાં તદ્દન અંધારી જગ્યાએ આવેલ છે. તેણે પ્રતો જોઈ અને તેનું લિસ્ટ પણ બનાવ્યું. પિટર્સનના ચોથા રિપોર્ટમાં લખ્યું છે. તે પ્રમાણે પાટણના હસ્તલિખિત ભંડારો ખોલાવવા માટે ગાયકવાડના રાજદરબારે મદદ કરી હતી. આ પહેલા પાટણનો હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર ખોલાવવા બુલ્હેરે ઘણી મહેનત કરી, પણ તે ખોલાવી શક્યા નહીં. કારણ પાટણમાં સ્વરૂપચંદ્ર નામના

યતિ હતા. તે અંગ્રેજોને જરા પણ મચક આપતા નહીં. પીટર્સન રિપોર્ટ-૧માં લખે છે, ભારતની પ્રજામાં આ યોજના પ્રત્યે પૂર્વગ્રહ છે. છતાં કામ ઘણા સંતોષપૂર્વક થઈ રહ્યું છે. તેઓ ભંડારો ખોલાવતા. પ્રતો જોતા. ગમી જાય તે પ્રત પૈસા આપી ખરીદી લેતા. કદાચ કોઈ વેચવાની ના પાડે તો લહિયા પાસે નકલ કરાવતા. તેનું લીસ્ટ બનાવતા. પીટર્સન પાટણ ગયા ત્યારે સ્વરૂપચંદ્ર યતિનો દેહાંત થઈ ચૂક્યો હતો. છતાં તે જ્ઞાનભંડાર સંભાળનાર વ્યક્તિને ખબર પડી કે અંગ્રેજ ભંડાર જોવા આવે છે, ત્યારે તે ભંડારને તાળું મારી બહારગામ જતો રહ્યો. એટલું જ નહીં ભંડારના દરવાજાની આગળ ભીંતની દીવાલ ચણી દીધી. આખરે એ દિવાલ તૂટી અને પીટર્સને ભંડાર જોયો. પાટણમાં હસ્તપ્રતોના નાના મોટા અગિયાર ભંડારો હતા. પીટર્સન લખે છે - હાથેથી લખાયેલ સાહિત્યમાં તાડપત્ર પર લખાયેલ સહુથી જૂનામાં જૂનાં પાનાં ભારતમાં અને પાટણમાં છે. વિશ્વમાં બીજે ક્યાંય આટલું પ્રાચીન સાહિત્ય નથી. તેમાં ફોફલિયા વાડાના ભંડારમાં મોટા ખોખામાં કંઈક હતું. પીટર્સનને કહેવામાં આવ્યું તે વધારાનું સાહિત્ય છે. તે ખોલતા ખબર પડી કે તેમાં બસો જેટલી તાડપત્રની પ્રતો હતી. (પી. રિપોર્ટ-૪-પત્ર-૨)

આ રીતે અલગ અલગ જગ્યાએથી પ્રતો ખરીદીને તેમણે મુંબઈમાં મૂકી. છેલ્લે આ બધી જ પ્રતો-જે અંગ્રેજો યુરોપ લઈ જઈ શક્યા નહીં, તે ભાંડારકર ઓરિ. ઇન્સ્ટી. પૂનામાં સચવાઈ. આ સંસ્થામાં આજે ૭૫૦૦ જૈન પ્રતો છે. ઉપમિતિભવપ્રપંચાકથાની સહુથી જૂની પ્રત અહીં છે. ૮૦૦ વરસ પહેલા લખાયેલી વિશેષાવશ્યકની પ્રત અહીં છે. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરની સ્વહસ્તે લખેલી અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણની એકમાત્ર નકલ અહીં છે. આ બધી પ્રતો અહીં પહોંચી કેવી રીતે ? એ સવાલ મનમાં થયો. પીટર્સનના રિપોર્ટસ્ અને આ રિપોર્ટસ્ના આધારે ડૉ. વેલણકરે તૈયાર કરેલા જિનરત્નકોશમાંથી આ વિગતો પ્રાપ્ત થઈ. જિનરત્નકોશમાં જૈન ગ્રંથોની અકારાદિ સૂચી છે અને તેની હસ્તપ્રતો કયા કયા ભંડારમાં છે તેની વિગત છે.

પાટણના ભંડારમાં પીટર્સનને એક મહત્ત્વનો ગ્રંથ સાંપડ્યો. ન્યાયબિંદુની ધર્મોત્તરે રચેલી ટીકા. ધર્મોત્તર બૌદ્ધ તાર્કિક હતા. તિબેટના જાણકારો દ્વારા

માહિતી મળી કે ધર્મોત્તરે બૌદ્ધગ્રંથ ન્યાયબિંદુ ઉપર રચેલી ટીકા ‘પેકિન’માં છે. તેની નકલો થઈ હશે. પણ તે સમયમાં તેની એકમાત્ર નકલ ખંભાતના તાડપત્રીય ભંડારમાં હતી. પાટણના ભંડારમાં ધર્મોત્તરની આ ટીકા ઉપર રચાયેલા ટિપ્પણની પ્રત છે. આ પ્રત વિ.સં. ૧૨૭૧માં લખાઈ છે (એટલે લગભગ ૮૦૦ વરસ પહેલા) (રિ.૪ પત્ર ૩) અને તેના કર્તા એક મહાન જૈન તાર્કિક આચાર્ય શ્રી મલ્લ છે.

રિપોર્ટ પાંચ પાના નં. ૧માં પીટર્સન લખે છે. પાટણના સંઘવી પાડાના ભંડારમાં તાડપત્ર પ્રતોનો ઉત્તમ સંગ્રહ છે. અહીં સન્ ૧૦૬૨ લખાયેલી પ્રત છે (એટલે લગભગ ૯૫૦ વરસ જૂની) ૨૦ પ્રતો સન્ ૧૨૨૪ સુધી લખાઈ છે (એટલે સાતસો વરસ જૂની) આખા ભારતમાં આવો પ્રાચીન સંગ્રહ બીજે ક્યાંય નહીં હોય. વિશ્વમાં બહુ ઓછી જગ્યાએ આટલી જૂની હસ્તપ્રતો હશે. આ સંગ્રહ જો યુરોપની કોઈ લાયબ્રેરીમાં હોત તો આખું યુરોપ એ માટે અભિમાન રાખતું હોત અને આખું વિશ્વ યુરોપની ઈર્ષા કરત. પાટણમાં આવો અદ્ભુત વારસો છે પણ તેની જે કિંમત હોવી જોઇએ તે નથી. એટલું જ નહીં. પાટણ પણ આ ખજાનાને જાણતું નહીં હોય.

પીટર્સનનો રિપોર્ટ એટલો જ પ્રશ્ન કરી જાય છે કે, આપણા જ્ઞાનવારસા વિશે અંગ્રેજો જેટલા જાગૃત હતા તેટલા આપણે છીએ ખરા ? આજે આપણા હસ્તપ્રત ભંડારોનો આવો કોઈ રિપોર્ટ આપણી પાસે છે ? જો નથી તો તેનો અર્થ શું થાય ? આપણા હસ્તપ્રત ભંડારોની વર્તમાન દશા વિશે ક્યારેક વાત કરીશું.

•

(૨૪)

## શાસ્ત્ર-પાઠ શુદ્ધિ અંગે શ્રમણ-સંઘનું કર્તવ્ય : ૧

પંદરસોથી વધુ વરસો પહેલાં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની નિશ્રામાં શાસ્ત્રો પુસ્તકારૂઢ થયાં. ત્યારથી શાસ્ત્રોનું કાગળ ઉપર અવતરણ થયું. પહેલા શાસ્ત્રો તાડપત્ર ઉપર લખાતાં પછી કાગળ ઉપર લખાતાં થયાં. (આ સંદર્ભમાં પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે "આભના ટેકા" નામના પુસ્તકમાં એક ઐતિહાસિક અને ચમત્કારિક કહી શકાય તેવો પ્રસંગ નોંધ્યો છે. વલભી પાસેના પછેગામમાં સાધુ ભગવંતો વડના ઝાડ નીચે બેસી શાસ્ત્રોનું લેખન કરી રહ્યા હતા. વિશાળ વટવૃક્ષની છાયામાં તાડપત્રનાં હસ્તલિખિત પાનાં સૂકાઈ રહ્યાં હતાં. અચાનક જ દૂરથી વંટોળીયો આવતો દેખાયો. આંખ, હાથ અને કમર તોડી નાંખે તેવી મહેનતથી લખાયેલાં આ પવિત્ર પાનાં પળવારમાં ઉડી જશે એટલું જ નહીં, નાશ પામી જશે, એવી પૂર્વકલ્પનાથી સાધુભગવંતો ડરી ગયા. પરંતુ તેમના આશ્ચર્યની વચ્ચે વંટોળીયો દિશા ફેરવીને જતો રહ્યો. શ્રુતના રક્ષાકાર્યમાં ભગવતી શ્રુતદેવતા પણ સહાય કરે છે.) સાંભળવા મુજબ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની

નિશ્રામાં બે કરોડ પાનાં જેટલું લખાણ થયું. શ્રમણસંઘની સ્મૃતિમાં ઉપલબ્ધ બધું જ સાહિત્ય કાગળ પર અવતર્યું. લખવાની પરંપરા ચાલુ થઈ તેથી નવાં શાસ્ત્રોની રચના કરવાની પ્રવૃત્તિને પણ વેગ મળ્યો. નવા ગ્રંથો રચાયા, પૂર્વના ગ્રંથો પર ટીકાઓ બની, શાસ્ત્રોના એકાદ ભાગને વિસ્તારથી પ્રસ્તુત કરતા પ્રકરણો રચાયા, બદલાતી જતી ભાષા સાથે અનુવાદ થયા, પદાર્થગર્ભિત સ્તવનો, સજ્ઝાયો રચાયા. લેખનપ્રવૃત્તિ શ્રમણચર્યાનો એક ભાગ બની ગઈ.

પૂ. આચાર્યદેવાદિ મુનિવરો જ્યારે પ્રવચન કરે છે. ત્યારે કોઈ શાસ્ત્રનો આધાર લે છે. એકાદ શ્લોકનો અર્થ સમજાવે છે. તે માટે તે શાસ્ત્રની પ્રત નજર સામે રાખે છે. હાલ આ પ્રત છાપેલી હોય છે. આ શાસ્ત્રપ્રતનું લખાણ ભૂલભરેલું હોય તો શું થાય ? અર્થનો અનર્થ થાય. તે ન થાય એ માટે શુદ્ધ વાંચવા-લખવાનો આગ્રહ રખાતો હોય છે. શુદ્ધ પ્રત એટલે લખાણની દૃષ્ટિએ શુદ્ધ. કોઈ પણ છાપેલી પ્રત (શાસ્ત્ર) હાથેથી લખેલી પ્રતના આધારે છપાય છે. હાથેથી લખેલી પ્રતને હસ્તપ્રત કહેવાય છે. શાસ્ત્રો પુસ્તકારૂઢ થયાં તે પછી એક શાસ્ત્રની ઘણી નકલો થવા પામી.

શાસ્ત્રકાર નવો ગ્રંથ રચે તેની પહેલી નકલ જાતે જ ઉતારે. બીજા કોઈ પાસે નકલ કરાવે તો જાતે તપાસી જરૂર લે. ગ્રંથની પહેલી નકલને પ્રથમાદર્શ કહેવાય. શાસ્ત્રકારે સ્વયં લખી કે તપાસી હોવાથી પહેલી નકલ-પ્રથમાદર્શ શુદ્ધ હોય તે સહજ છે. બીજા દ્વારા તેની નકલ થાય ત્યારે તેમાં અશુદ્ધિઓનો પ્રવેશ થવાની સંભાવના વધી જાય. એક જ પ્રતની જુદા જુદા સમયગાળામાં અનેક નકલો લખાય અને લખનાર વ્યક્તિ અક્ષર ઉકેલવામાં નિષ્ણાત ન હોય, હોય તો પણ કોઈ અક્ષર કે શબ્દ બરાબર ઉકેલી ન શકે, તો મૂળ શબ્દ જ બદલાઈ જાય. દા.ત. સ્નિગ્ધ આહાર પિત્તનો નાશ કરે છે. અક્ષર ઠીક રીતે ન વંચાવાને કારણે पित्तघ्नं ની જગ્યાએ पित्तघ्न એ પાઠ અસ્તિત્વમાં આવ્યો. નાનકડા ફેરફારથી અર્થનો મહા અનર્થ થઈ ગયો. स्निग्धं पितृघ्नं નો અર્થ એવો થાય કે, સ્નિગ્ધ આહાર પિતાનો નાશ કરે છે. એક બીજું ઉદાહરણ-ત્યાગ શબ્દનો અર્થ કરવામાં આવ્યો બાંધવ, ધન વગેરેને છોડવા બાંધવધન આ શબ્દની જગ્યાએ ભૂલથી વધબંધન એવું લખાઈ ગયું. તેનો અર્થ થયો વધબંધન છોડવા તે અપરિગ્રહ છે. ત્યાગ શબ્દનો આ અર્થ નથી. એકસરખા અક્ષરોને કારણે

અર્થમાં મોટો ફેરફાર થઈ ગયો. પહેલાંનાં તીર્થંકરોએ બનાવેલું શ્રુત, આ વાત કહેવા શબ્દો વપરાયા प्राकृतनजिनप्रणीत છાપતી વખતે તે ખોટી રીતે ઉકેલાયા, છપાયું प्राकृतजनप्रणीत તેનો અર્થ થાય સાધારણ માણસે બનાવેલું શ્રુત. કેટલો મોટો અનર્થ !

પહેલી વાર અશુદ્ધ પાઠ એક પ્રતમાં લખાય તેના આધારે લખાયેલી તમામ પ્રતોમાં તે અશુદ્ધ પાઠ ઉતરી આવે. તેના આધારે શાસ્ત્ર છપાય તેમાં પણ તે અશુદ્ધિ કાયમ રહે.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પહેલાના યુગમાં શ્રુત કંઠસ્થ રહેતું. પછીના સમયમાં શ્રુત ગ્રંથસ્થ બન્યું. આજથી બસો વરસ પહેલા મુદ્રણયુગની શરૂઆત થઈ. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણથી લઈને આજ સુધીનાં પંદરસો વરસમાં અસંખ્ય હસ્તપ્રતો લખાઈ. આ તમામ હસ્તપ્રતોમાં જે અશુદ્ધિઓ રહી ગઈ છે તેનું પરિમાર્જન નથી થયું. છાપેલી પ્રતોમાં પણ એ અશુદ્ધિઓ કાયમ રહી છે. જેને કારણે શાસ્ત્રોના પરમાર્થને સમજવામાં પારાવાર મુશ્કેલી પડે છે. વ્યક્તિગત સ્તરે વિદ્વાન સંશોધકોએ શાસ્ત્રોના શુદ્ધ અને પ્રામાણિક સંસ્કરણો પ્રકાશિત કર્યા છે, પરંતુ આ માટે સાર્વત્રિક કે સામૂહિક પ્રયાસ થયા હોય તેવું જાણમાં નથી. એથી આ અંગે થોડો વિચાર કરવો પ્રસ્તુત ગણાશે.

શાસ્ત્રો પુસ્તકારૂઢ થયાં ત્યારે શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સમક્ષ એક જ સૂત્રની અલગ અલગ વાચનાનો પ્રશ્ન આવ્યો હશે તે સમયે જેને જે શાસ્ત્ર યાદ હતા તે રજૂ કર્યા હશે. એક જ સૂત્ર કે એક જ ગાથા ઘણી વ્યક્તિએ યાદ રાખી હોય ત્યારે થોડા શાબ્દિક ફેરફાર થઈ ગયા હોય. એક જ સૂત્ર કે એક જ ગાથાના બે અલગ અલગ પાઠ નજર સામે આવ્યા હશે. આ સ્થિતિમાં સાચો, બંધબેસતો અને અર્થસંગત પાઠ નક્કી કરવાનું કપરું અને જવાબદારીભર્યું કામ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યું.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કેવળ શાસ્ત્રોના ઉતારા નથી કરાવ્યા. તેમણે એક હજાર વરસમાં પ્રવેશી ગયેલી અશુદ્ધિઓનું પરિમાર્જન કરી પ્રામાણિક વાચના આપી.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પછીના પંદરસો વરસના લેખનયુગમાં પણ ઘણી અશુદ્ધિઓ પ્રવેશી. મુદ્રણયુગ શરૂ થયો ત્યારે આ અશુદ્ધિઓનું પરિમાર્જન

કરવાની જરૂર ઊભી થઈ. લેખનયુગમાં અશુદ્ધિઓનું ક્ષેત્ર સીમિત હતું. જે પ્રત અશુદ્ધ લખાઈ તેમાં એકમાં અશુદ્ધિ આવતી. મુદ્રણયુગમાં તે અશુદ્ધિ એક હજાર પ્રત સુધી પહોંચી ગઈ. સાથે એ હકીકત પણ સ્વીકારવી જ પડશે કે લેખનયુગમાં અશુદ્ધિઓનું પરિમાર્જન કરવાનો અવકાશ બહુ જ ઓછો હતો. કોઈ અધિકારી વ્યક્તિ વાંચે અને ભુલ સુધારે તો પણ એકાદ પ્રત શુદ્ધ થાય, બાકીની પ્રતો તો એમ જ રહી જાય. અહીં મુદ્રણની તરફદારી કરવાનો ઈરાદો નથી, હકીકત તરફ ધ્યાન દોરવાનો આશય છે. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કેવળ વાચનાના ઉતારા કરાવ્યા હોત તો અનવસ્થા સરજાત. તેમણે તેમ થવા દીધું નહીં. લેખનયુગની શરૂઆતમાં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે પાઠશુદ્ધિ અને માન્ય વાચના તૈયાર કરી, તેમ મુદ્રણયુગની શરૂઆતમાં પણ થવું જોઈતું હતું. તે ન થઈ શક્યું. તેથી અશુદ્ધિઓની અનવસ્થા વ્યાપક બની.

મુદ્રણયુગની શરૂઆત આશરે બસો વરસથી થઈ. આ સમયે શ્રી સંઘ વાચના તૈયાર કરી શકે એ સ્થિતિમાં ન હતો. મધ્યકાળમાં ચારસો વરસ મુસ્લિમો અને પોણાબસો વરસ અંગ્રેજોના શાસનકાળમાં બધા જ જ્ઞાનભંડારો અસ્તવ્યસ્ત થઈ ગયા હતા. (દેશનું વિભાજન થયું ત્યારે પાકિસ્તાનમાં એક જ્ઞાનભંડાર રહી ગયો હતો, પચાસ વરસ પછી તે પાછો ભારત આવ્યો. આજે દિલ્હીની ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યુટમાં છે.) કોઈ જ્ઞાનભંડારનું સૂચિપત્ર વ્યવસ્થિત ન હતું. કયાં ભંડારમાં કઈ પ્રત છે તે પણ જાણી શકાતું નહીં. પ્રતો ચોરાઈ જવાની ઘટના બનતી તેથી સંચાલકો પ્રત આપતા નહીં. વાહન વ્યવસ્થા હતી નહીં. મહારાજ સાહેબોની સંખ્યા અતિઅલ્પ હતી. યુવા શ્રમણો નહીવત્ હતા. સંપાદન અને સંશોધન ક્ષેત્રે પ્રગતિ થઈ ન હતી. સંપર્કના સાધનો ન હતા તેથી અરસપરસ વિચારોનું આદાનપ્રદાન થઈ શકતું નહીં. શ્રાવકવર્ગ પણ સંપન્ન કહી શકાય નહીં. સમગ્રતયા જૈનસંઘનો સંઘર્ષકાળ હતો. આ સ્થિતિમાં શ્રમણ સંઘ એકત્રિત થાય, બધાં શાસ્ત્રોની બધી જ પ્રતો એકઠી થાય, તેનો સર્વગ્રાહી અભ્યાસ થાય, સર્વમાન્ય વાચના તૈયાર થાય, તેનો સાર્વત્રિક પ્રચાર થાય એ અશક્યપ્રાય હતું.

ધીમે ધીમે સારો અને અનુકૂળ કાળ આવ્યો. મુદ્રણક્ષેત્રે ક્રાંતિ આવી. લેખનયુગના વળતા પાણી થયા. શાસ્ત્રો છપાયાં પણ લેખનયુગમાં પ્રવેશેલી

અશુદ્ધિઓની સમસ્યા હલ ન થઈ. થોડા વિદ્વત્પુરુષોએ ઉપલબ્ધ અલ્પ સામગ્રીના આધારે શુદ્ધ સંપાદનો આપ્યા. આ સંપાદનો જ આજે માન્ય અને આદરણીય ગણાય છે. તેમણે જ સુરક્ષા, સૂચિકરણ જેવી પાયાની બાબતો માટે પારાવાર મહેનત કરી.

ગઈકાલની અપેક્ષાએ જૈનસંઘની આજ બહુ જ ઉજળી છે. વિદ્વાન સાધુઓની સંખ્યા સારી છે. યુવા શ્રમણોની શક્તિ પણ આ તરફ રુચિ ધરાવે છે. વિશેષરૂપે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં પ્રાચીન હસ્તપ્રતોના આધારે સંશોધન અને સંપાદનના કાર્યો થઈ રહ્યા છે. જ્ઞાનભંડારો પણ વ્યવસ્થિત છે, ઘણી જહેમતથી જ્ઞાનભંડારોના સૂચિપત્ર તૈયાર થયા છે. જર્મનીની બર્લિન યુનિવર્સિટીમાં કે લંડનની બ્રિટીશ લાયબ્રેરીમાં રહેલી જૈન હસ્તપ્રતોના સૂચિપત્ર આજે આસાનીથી મળે છે. શ્રાવકસંઘ પણ સંપન્ન અને આ બાબતમાં જાગૃત બન્યો છે. પ્રતો સહેલાઈથી મળી શકે છે. વિચાર-વિનિમય સરળતાથી થઈ શકે છે. બધી રીતે સમય અનુકૂળ છે. અંધકારયુગ પસાર થઈ ગયો છે.

આજે શ્રી સંઘ પાસે ભવિષ્યની પેઢી માટે શાસ્ત્રોના મૂળ અર્થ સુધી પહોંચવાનો રસ્તો તૈયાર કરવાની તક છે. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં જે રીતે વર્તમાનમાં ઉપલબ્ધ તમામ શાસ્ત્રોની શુદ્ધ અને પ્રામાણિક વાચના તૈયાર કરવી જોઈએ. આ શાસનરક્ષાનું મહાન કામ છે. જો આ કામ થશે તો ભવિષ્યમાં આવનારા ઘણા અનર્થો આપાતોની તત્કાલીન સંઘ બચી જશે. સંદેહો અને ગેરસમજો ઊભી થવાને અવકાશ નહીં રહે. આ શકવર્તી કાર્યથી જ વિક્રમની એકવીસમી સદી ઇતિહાસમાં અમર સ્થાન પામશે. આ વાત લખવી સહેલી છે અમલમાં લાવવી અઘરી છે તે વાત સાચી, પરંતુ આશયની સચ્ચાઈ, આયોજનમાં દીર્ઘદૃષ્ટિ અને અમલમાં દૃઢ નિષ્ઠા હોય તો કોઈ કામ અશક્ય નથી. આ સ્વપ્ન સાકાર કઈ રીતે થઈ શકે તે વિશે આવતા લેખમાં વિચારીશું.

•

## ૨૫

## શાસ્ત્ર-પાઠ શુદ્ધિ અંગે શ્રમણ-સંઘનું કર્તવ્ય : ૨

કોઈ પણ વિરાટ યોજનાને સાકાર કરવા ત્રણ બાબતો જરૂરી છે. એક, પૂર્વતૈયારી. બે, આયોજન. ત્રણ, આકલન. પૂર્વતૈયારી પહેલું ચરણ છે. તેમાં સર્વપ્રથમ નિર્ધારિત યોજનાની રૂપરેખા તૈયાર કરવામાં આવે. યોજના માટે કઈ સામગ્રી જોઈશે, કેટલા પ્રમાણમાં જોઈશે, આ સામગ્રી ક્યાંથી મળી શકશે, આ કાર્ય કરવા કેટલું માનવબળ જોઈશે, કેવા પ્રકારનું જોઈશે, આ યોજના સાકાર કરવા માટે કેટલું ધન જોઈશે, કેવા પ્રકારની બૌદ્ધિક સંપદા જોઈશે, કાર્ય કેવી રીતે કરવું છે, કેટલા સમયમાં કરવું છે. વગેરે તમામ બાબતોની ઝીણી ઝીણી વિગતો એકત્રિત કરવામાં આવે. તૈયાર થયેલી રૂપરેખા મુજબ સાધનસામગ્રી માનવસંપદા, બૌદ્ધિક સંપદા અને ધનસંપદા એકત્રિત કરવી, એ પણ પૂર્વતૈયારીનો જ એક ભાગ છે. આયોજન બીજું ચરણ છે - યોજનાને કાર્યાન્વિત કરવા માટે કામ કરવાની પદ્ધતિ નક્કી કરી તે મુજબ કામ કરવું. આકલન, ત્રીજું ચરણ છે. નિર્ધારિત સમયમાં નિર્ધારિત કામ થાય છે કે નહીં તે તપાસતા રહેવું. આગામી લક્ષ્યો નક્કી કરવા.

પ્રસ્તુત યોજનાનું લક્ષ્ય છે - વર્તમાનમાં ઉપલબ્ધ તમામ શાસ્ત્રોની શુદ્ધ અને પ્રામાણિક વાચના તૈયાર કરી ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવી. આ એકલદોકલ વ્યક્તિનું કાર્ય નથી, સંઘનું કાર્ય છે. તેની મુખ્ય જવાબદારી શ્રમણસંઘની તેમાં વિશેષતઃ સૂરિભગવંતોની છે, કેમકે શાસ્ત્રો સૂરિભગવંતોની સંપદા છે. વર્તમાનમાં વિચરતા તમામ સૂરિભગવંતો આ કાર્યની અગત્યતા સમજીને સંઘને પ્રેરિત કરે. તેઓ સ્વયં શાસ્ત્રોની સંપદાને સાચવવાની જવાબદારી લેવા આગળ આવે. ભૂતકાળમાં જ્યારે પ્રતિમા અને પ્રત ઉપર આક્રમણ થયાં ત્યારે આચાર્ય ભગવંતોએ સ્વયં ખભા ઉપર પ્રતોના કોથળા ઉપાડી શ્રુતને સુરક્ષિત રાખ્યું છે. આજે તેવું કષ્ટ ઉઠાવવાનું નથી. બસ પૂર્વ સૂરિઓએ કરેલી મહેનતને વ્યર્થ જતી બચાવવાની છે. તેમણે આપણા સુધી શ્રુત પહોંચાડીને પોતાની જવાબદારી નિભાવી, આપણે આવનારી પેઢીને તે વારસો વ્યવસ્થિત સ્વરૂપમાં પહોંચાડવાનો છે.

આ લક્ષ્યને નજર સામે રાખીને ચતુર્વિધ સંઘ મચી પડે તો ત્રીસ વરસમાં આ યોજના સાકાર થઈ શકે છે. ત્રીસ વરસ બહુ લાંબો સમય લાગે. પણ અઢાર હજાર ચારસો ત્રેસઠ વરસ સામે સાવ ટૂંકો ગણાય. ત્રીસ વરસની આપણી મહેનત અને અઢાર હજાર ચારસો ત્રેસઠ વરસ સલામત. ભવિષ્યના સમયમાં બુદ્ધિશક્તિનો હ્રાસ થશે, શાસ્ત્રો નાશ પામતા રહેશે પરંતુ જે શાસ્ત્રો રહેશે તે શુદ્ધ સ્વરૂપમાં રહેશે. આ નાનોસૂનો લાભ નથી. જો આ કામ નહીં થાય તો શાસ્ત્રો વધુ અશુદ્ધ અને વિકૃત બની જશે તેના દ્વારા જે નુકશાન થશે તેના જવાબદાર આપણે હોઈશું.

પ્રસ્તુત યોજનાને સાકાર કરવા શું શું થઈ શકે તેનો વિચાર કરીએ. સર્વપ્રથમ આ કાર્યનું નેતૃત્વ કરી શકે તેવા સૂરિભગવંતોની સમિતિ બને. શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં હાલ અઢારસો પચાસ સાધુભગવંતો છે. તેમાંથી પ્રાચીન લિપિને ઉકેલી શકે તેવા મુનિભગવંતોને આ કાર્ય માટે નિયુક્ત કરવા જોઈએ. શક્તિસંપન્ન મુનિવરોને પ્રાચીન લિપિની તાલિમ આપી તૈયાર કરવા જોઈએ. મુનિભગવંતો દરેક પ્રાકૃત ભાષાનો, સંસ્કૃત વ્યાકરણનો અને મધ્યકાલીન ગુજરાતી ભાષાનો બોધ ધરાવતા હોવા જોઈએ. પ્રાચીન લિપિનો પરિચય અને તાલિમ કેવળ પંદર દિવસમાં પ્રાપ્ત કરી શકાય છે. આવા ત્રણસો

મુનિભગવંતો જોઈએ. (એટલે કે લગભગ વીસ ટકા. અહીં માત્ર સાધુ ભગવંતોની જ ગણતરી કરી છે. સડસઠસો પચાસ સાધ્વીજીભગવંતોની ગણતરી કરી નથી) તેમના નાના નાના ગ્રુપ બને. એક એક ગ્રુપને એક એક શાસ્ત્રના પાઠભેદ નોંધવાની જવાબદારી સોંપવામાં આવે. મુનિભગવંતોની દૈનંદિન સાધના અને વિહારચર્યા તેમ જ વ્રતમર્યાદા જોતાં આ યોજનાનો ભાર કેવળ મુનિભગવંતોના ખભે નાંખી શકાય નહીં. તે માટે ગૃહસ્થોને પણ તૈયાર કરવા રહ્યા. આગમ સિવાયના શાસ્ત્રોના પાઠભેદની નોંધ તેઓ કરે. આમ પણ પંદર હજાર શાસ્ત્રોના દસ કરોડ પાનાનાં સંશોધન માટે ત્રણસો મુનિભગવંતો ઓછા પડે. ઉપર કહી તેટલી યોગ્યતા ધરાવતા પાંચસો પંડિતો આ કામ માટે રોકવા જોઈએ. હસ્તપ્રતોની જાળવણી માટે સરકારી સ્તરે જાગૃતિ આવી છે તેથી આ ક્ષેત્રમાં તૈયાર થયેલા પંડિતોની ઉપલબ્ધિ અશક્ય નથી.

ભારતમાં અને વિદેશમાં જ્યાં જ્યાં પ્રાચીન હસ્તપ્રતો છે તેના સૂચિપત્રો એકત્રિત થાય. જૈન જ્ઞાનભંડાર સિવાય બીજા કેટલાય સંગ્રહો છે જેમાં જૈન હસ્તપ્રતો છે, તેમાંના મોટા ભાગની તો આપણને ખબર જ નથી. સંપાદનકર્તા વિદ્વાન પૂજ્યો પણ ગણ્યાગાઠ્યા જૈન જ્ઞાનભંડારો સિવાય હસ્તપ્રતોની તપાસ કરતા નથી. નેશનલ મેન્યુસ્ક્રીપ્ટ મિશનના આંકડા મુજબ અત્યારે વિશ્વમાં એક કરોડ જેટલી હસ્તપ્રતો છે. તેમાંથી પચાસ લાખ હસ્તપ્રતો વિશે અધિકૃત માહિતી મળી શકે છે. જૈન જ્ઞાનભંડારોમાં દસ લાખ જેટલી હસ્તપ્રતો છે. ભારત સરકાર હસ્તક પચાસ જેટલા મુખ્ય કેંદ્રો છે જ્યાં હસ્તપ્રતો છે. આ કેંદ્રો પૂરા ભારતમાં ફેલાયેલા છે. આ દરેક સ્થળે પૂરી તપાસ કરીને એક એક શાસ્ત્રની જેટલી હસ્તપ્રતો છે તે મેળવી દરેક ગ્રુપને આપવામાં આવે. આ માટેની મહેનત શ્રાવકો કરે. મુનિવરો વિહારમાં હોય તે દરમિયાન પણ તેમનો ગ્રુપ સાથે સંપર્ક રહે અને તેમને જરૂરી સંશોધન સામગ્રી મળી રહે તેવો પ્રબંધ શ્રાવકો દ્વારા થાય. પંડિતો એક જગ્યાએ રહીને કામ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાય. વલભીમાં આવી વ્યવસ્થા હતી તેથી જ વલભી વિદ્યાપીઠ આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત હતી. એ જમાનામાં વલભીમાં ત્રણ હજાર બૌદ્ધ સાધુઓ રહેતા હતા. વલભી પૂર્ણપણે જૈન વિદ્યાપીઠ હતી.

જૈન જ્ઞાનભંડારોમાં જે દસ લાખ જેટલી હસ્તપ્રતો છે તેમાં બધાં આપણા

શાસ્ત્રો નથી બીજાં ધર્મના શાસ્ત્રો પણ છે. આપણા શાસ્ત્રો સિત્તેર ટકા ગણીએ તો સાત લાખ થાય. ગુજરાતી સ્તવન-સજ્ઝાયની બાલાવબોધની પ્રતો પણ ન ગણીએ, તો ચાર લાખ પ્રતો જોવાની રહે. એક પ્રતના અંદાજે બસો પાનાં ગણીએ, તો ચાર લાખ પ્રતના આઠ કરોડ પાનાં થાય. ત્રીસ વરસમાં ત્રણસો મુનિભગવંતો અને પાંચસો પંડિતોએ આઠ કરોડ પાનાં તપાસવાનાં હોય, તો એક વરસમાં એક જણને ભાગે ત્રણ હજાર ત્રણસો તેત્રીસ પાનાં તપાસવાનાં આવે. રોજના સરેરાશ નવ કે દસ પાનાં તપાસવાનાં થાય. આ લક્ષ્યાંક અઘરો કે અશક્ય નથી.

એક સર્વેક્ષણ પ્રમાણે બધું મળીને પંદર હજાર શાસ્ત્રો ઉપલબ્ધ છે. એક વરસમાં પાંચસો શાસ્ત્રોની વાચના તૈયાર થાય. અહીં દર્શાવેલા તમામ આંકડા અંદાજિત છે. કાર્ય કરવા માટે નિષ્ણાતો દ્વારા ચોક્કસ આંકડા સાથેનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવવો પડે. સમગ્રપણે આ યોજનાની પૂર્વતૈયારી માટે ત્રણ વરસ લાગે. એટલે વિ.સં. ૨૦૭૦માં કામ ચાલુ થાય અને વિ.સં. ૨૧૦૦માં પૂર્ણ થાય. વિક્રમની બાવીસમી સદીનો સૂર્યોદય આ ઐતિહાસિક કાર્યનો સાક્ષી બને. આ તો એક સપનું છે. કેટલાંક સપનાં જોતા રહેવાનો પણ અલગ આનંદ હોય છે.

એકી સાથે એકદમ પંદર હજાર શાસ્ત્રોનું શુદ્ધિકરણ અઘરું લાગતું હોય, તો શરૂઆતમાં સો કે દોઢસો મુખ્ય મુખ્ય શાસ્ત્રો પસંદ કરી તેનું શુદ્ધિકરણ કરવાનું લક્ષ્ય બનાવવું. આગમો, પ્રકરણ ગ્રંથો, તત્ત્વાર્થસૂત્ર, સૈદ્ધાંતિક ગ્રંથોનું ચયન કરી તેમનું શુદ્ધિકરણ કરી શકાય. તેનો આડ-ફાયદો એ પણ થશે કે, આપણી પાસે કેટલા ગ્રંથો ઉપલબ્ધ છે ? તેમની કેટલી હસ્તપ્રતો છે ? તેમના કેટલાં મુદ્રણો થયા છે. તેની પણ માહિતી મળી શકશે. આ રીતે જે શાસ્ત્રો તૈયાર થાય, તેની સૂરિ ભગવંતોની સમિતિ સંશોધનાત્મક સમીક્ષા કરે. સમીક્ષિત વાચનાને આખરી સ્વરૂપ અપાય. આમ વાચના તૈયાર થતી રહે. સમીક્ષિત વાચના તૈયાર કરતી વખતે પાઠભેદ અંગે બે સૂરિ ભગવંતો વચ્ચે દૃષ્ટિભેદ થવાની સંભાવના નકારી ન શકાય. તેનું નિરાકરણ કરવાના માર્ગ પણ વિચારી લેવાય. આ વિષયના નિષ્ણાત પંડિતોની મદદ લઈ શકાય. અથવા વાચનાંતર તરીકે તે પાઠને સમાવી શકાય. કંઈ જ ન થાય તો છેલ્લે મતભેદના સ્થાનોનો

ઉકેલ ભવિષ્ય માટે અનામત રાખવામાં આવે.

સંશોધન અને સંપાદન ક્ષેત્રે અધિકારી ગણાતા વિદ્વાન મુનિભગવંતો કે ગૃહસ્થો દ્વારા થયેલાં પ્રકાશનો બહુધા શુદ્ધ વાચના ધરાવે છે. તે વાચનાને વ્યક્તિગત રૂપે દરેક જણ પ્રમાણભૂત ગણે છે પણ તેને સંઘની પૂર્ણ અને સત્તાવાર સંમતિ મળી નથી. સકલ સંઘવતી સૂરિ ભગવંતોની સમિતિ તેને પ્રમાણિત કરે. જરૂર જણાય તો તેની પુનઃસમીક્ષા કરી શકાય.

'આ સમયગાળામાં થયેલા આટલા સૂરિ ભગવંતોએ આટલા શાસ્ત્રોની સમીક્ષિત વાચના આટલી હસ્તપ્રતો જોઈને પોતાના ક્ષયોપશમાનુસાર પ્રમાણિત કરી છે. આગામી પરંપરામાં ગીતાર્થ તેમ જ પ્રજ્ઞાવંત સૂરિ ભગવંતોને આ સિવાયની હસ્તપ્રતો મળે અથવા તેમના વિશિષ્ટ ક્ષયોપશમાનુસાર સાચો પાઠ ગ્રાહ્ય જણાય, તો તેઓ તત્કાલીન ગીતાર્થ સૂરિ ભગવંતોની સંમતિ મેળવી શુદ્ધિ કરી શકે છે.' આ પ્રકારનું નિવેદન કરી શકાય.

સવાલ થઈ શકે કે, વાંચવામાં સરસ દેખાતી આ યોજના વ્યવહારમાં ઉતરી શકે ખરી ? શું આટલા બધા શાસ્ત્રોના પાઠભેદ નોંધવા સંભવિત છે - જવાબ છે હા, વાલ્મિકીનું રામાયણ અને વ્યાસના મહાભારતની સંશોધિત આવૃત્તિ પ્રગટ થઈ. તેમાં સાતસોથી આઠસો પ્રતોનો આધાર લેવામાં આવ્યો છે. દરેક પ્રતના ઝીણા પાઠભેદ નોંધવામાં આવ્યા છે. આ કામ બ્રાહ્મણ પંડિતોએ કર્યું છે. પોતાની આજીવિકા ચલાવવી, સંબંધો સાચવવા, પારિવારિક જવાબદારી નીભાવવી જેવા જીવનાવશ્યક કામ કરવા ઉપરાંત તેમણે આ ભગીરથ કાર્ય કર્યું છે. આજથી પચાસ વરસ પહેલા આ કામ કરવા માટે સાધનો પણ સીમિત હતા. મુદ્રણકાર્ય કઠિન હતું. છતાં આ કાર્ય થઈ શક્યું, તો આજે કેમ ન થઈ શકે ?

२६

## નવ્ય-ન્યાયનું નાલંદા

શ્રી બલિરામ શુક્લ નિધન પામતા દાર્શનિક જગતનો એક સિતારો ખરી પડ્યો. તેઓ મહાન નૈયાયિક હતા. પ્રાચીન અને નવીન (નવ્ય) આ બંને ન્યાયપરંપરા પર તેમનું પ્રભુત્વ હતું. તેઓ પરંપરાગત અને આધુનિક આ બને રીતે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરાવી શકતા. ખાસ તો પશ્ચિમ ભારતમાં આવી ક્ષમતા જૂજ પંડિતો ધરાવે છે. 'શ્રુતસાગરના તીરે'માં તેમના વિષે લખવાના બે કારણ છે. એક, તેમણે પીએચડી માટે પસંદ કરેલો વિષય ''જૈન બૌદ્ધ ઔર ન્યાય-પરંપરામાં અનુમાન પ્રમાણ'' હતો. એટલે કે તેઓ જૈન ન્યાયપરંપરાના જાણકાર હતા. બીજું, એ બહાને વાચકોને વિદ્યાને સમર્પિત વ્યક્તિત્વ કેવું હોય તેનો ખ્યાલ આવે.

તેઓ મૂળ મહારાષ્ટ્રના. વિદ્યાપ્રાપ્તિ માટે પૂર્વજો કાશી જઈ વસેલા. કાશીમાં મહારાષ્ટ્રના પંડિતોએ વ્યાકરણનો કિલ્લો સર કરેલો. કાશીમાં વસતા ઘણાખરા વ્યાકરણના નિષ્ણાત પંડિતો મહારાષ્ટ્રીયન હતા. મહારાષ્ટ્રની પ્રજામાં માતૃભાષાનો પ્રેમ ઉત્કટ હોવાથી અહીંની સંસ્કારી પ્રજા આજે પણ અંગ્રેજીને

બદલે મરાઠી શબ્દોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે છે. મોબાઈલ માટે ભ્રમણધ્વનિ, સોસાયટી માટે સદનિકા, વેબસાઇટ માટે સંકેતસ્થળ, ચૅનલ માટે વાહિની, ફૂટપાથ માટે પદપથ જેવા શબ્દપ્રયોગ છાપામાં (પેપર માટે વૃત્તપત્ર શબ્દ છે) વપરાય છે.

મરાઠી, પ્રાકૃત ભાષાનો એક પ્રકાર છે. આ. શ્રી ભદ્રબાહુસૂરિજી મહારાજ પૈઠણના (પ્રતિષ્ઠાનપુર) હતા. તેમણે રચેલી નિર્યુક્તિની ભાષા મરહટ્ઠી છે. એક ઉદાહરણ જોઈએ. મરાઠીમાં બગાસા માટે જંભાઈ શબ્દ પ્રચલિત છે. અન્નત્થ સૂત્રમાં जंभाइएणं પદ આ જ અર્થમાં છે. મૂળ અર્ધમાગધી ભાષાનો શબ્દ મરાઠી ભાષામાં આજ લગી સચવાઈ રહ્યો છે.

વ્યાકરણ ઉપરાંત અલંકાર, આયુર્વેદ અને જ્યોતિષમાં મહારાષ્ટ્રના વિદ્વાનો એક્કા છે. પં. શ્રી બલિરામજીના પિતા હરિરામ શુક્લ. તેઓ વામાચરણ ભટ્ટાચાર્યના શિષ્ય. રાજેશ્વર શાસ્ત્રી દ્રવિડ તેમના સહપાઠી. છએ દર્શનના ગણમાન્ય વિદ્વાન. તેમણે અવચ્છેદક નિરુક્તિ અને સિંહવ્યાઘ્રલક્ષણ ઉપર ટીકા રચી છે. ન્યાયદર્શનમાં તત્ત્વચિંતામણિ સહુથી અઘરો ગ્રંથ ગણાય છે. ખાસ આ ગ્રંથ ભણવા ઉપા. શ્રી યશોવિજયજી ગણિવર કાશી ગયા હતા. તેમાં જ્ઞાન અંગે ચર્ચા કરવામાં આવી છે.

આપણે આંખેથી જોઈએ છીએ, ત્યારે આપણા મગજમાં અને મનમાં શું પ્રક્રિયા થાય છે, તેની વિસ્તૃત ચર્ચા આ ગ્રંથમાં છે. અનુમાન કરીએ છીએ ત્યારે એક વસ્તુ સાથે બીજી વસ્તુનો સંબંધ જોડીએ છીએ. ધજા અને મંદિરનો સંબંધ આપણે જાણીએ છીએ, તેથી ધજા જોઈને મંદિરનું અનુમાન થાય છે. ધજા અને મંદિરના સંબંધનું જ્ઞાન વ્યાપ્તિ કહેવાય છે. વ્યાપ્તિની એક વ્યાખ્યાઓ કરવામાં આવી છે. વ્યાખ્યા એટલે લક્ષણ. સિંહવ્યાઘ્રમાં વ્યાપ્તિના લક્ષણ છે. તેના પ્રણેતા જૈન આચાર્ય ભગવંતો છે. નાગેંદ્રગચ્છમાં આ. શ્રી આનંદસૂરિજી મહારાજ અને આ. શ્રી અમરચંદ્રસૂરિજી મહારાજ થયા. આ બંને સૂરિદેવોએ ખૂબ નાની વયમાં સિદ્ધરાજની સભામાં વાદીઓને હરાવ્યા હતા, તેથી સિદ્ધરાજે તે બનેને વ્યાઘ્રશિશુ, સિંહશિશુ બિરુદ આપ્યું હતું. શ્રી અમરચંદ્રસૂરિજીએ 'સિદ્ધાંતાર્ણવ' નામનો ગ્રંથ રચ્યો હતો, તેમાં મૂકેલા વ્યાપ્તિના લક્ષણ સિંહવ્યાઘ્રલક્ષણ તરીકે ઓળખાય છે, તેવું અનુમાન છે.

પં. હરિરામ શુક્લે આખું જીવન અધ્યાપનમાં વીતાવ્યું. તેમના જીવનની એક મજેદાર ઘટના છે. હરગોવિંદ પરાંજપે નામના સજ્જન તેમની પાસે સામાન્યનિરુક્તિ સુધીનો ન્યાય ભણ્યા. પછી શાસ્ત્રોનો અભ્યાસ બિનઉપયોગી છે, એમ વિચારી તેઓ નોકરી માટે દિલ્હી ગયા. ત્યાં લોકસભા સચિવાલયમાં જોડાયા. થોડા વરસો બાદ તેઓ હરિરામજીને મળ્યા અને ન્યાયનો વધુ અભ્યાસ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. પંડિતજીએ પૂછ્યું કે, હવે કેમ ન્યાયનો અભ્યાસ કરવો છે ? તેમણે નિખાલસ કબૂલાત કરી કે - સચિવાલયની મારી સફળ કારકિર્દી ઘડવામાં ન્યાયનો અભ્યાસ બહુ જ મદદરૂપ થયો. ન્યાયના અભ્યાસથી મારી બુદ્ધિ ઘડાઈ. કોઈ પણ વાત પ્રમાણ વગર કરવી નહીં અને પ્રમાણ વગર સ્વીકારવી નહીં. આ ટેવ ન્યાયને કારણે પડી. સચિવાલયમાં અલગ અલગ મુસદ્દા (ડ્રાફ્ટ્સ) બનાવવા પડે. તેમાં ચોકસાઈ જોઈએ. ન્યાયને કારણે ઓછા શબ્દોમાં સ્પષ્ટપણે વિષયમાંડણી સહજતાથી થઈ શકતી. મારા ડ્રાફ્ટ્સ વખણાતા. હું માનતો નથી, પણ આ વિદ્યાએ જ મને યશ અપાવ્યો છે.

શ્રી બલિરામજી પિતા પાસે પરંપરાગત રીતે દર્શનશાસ્ત્ર ભણેલા. પરંપરામાં ગુરુ પાસે રહીને અભ્યાસ કરવાનો હોય. ચોપડી ન હોય, હોય તો પણ નજીવી જરૂરિયાત પૂરતી ગુરુ રાખે. વિદ્યાર્થીને ચોપડી ન મળે. તેણે બધું મોંઢે જ સાંભળવાનું. પદાર્થ, પરિષ્કાર, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ, દલીલ, પ્રતિદલીલ, શંકા, સમાધાન આ બધું સાંભળી સાંભળીને વિદ્યાર્થીએ ધારી લેવાનું. અમુક અભ્યાસ થઈ જાય તે પછી વાદ કરતા શીખવાડાય. એક વિષયના વિદ્યાર્થીઓ સાથે મળી કોઈ એક મુદ્દા પર ચર્ચા કરે. (વર્તમાન શિક્ષાપદ્ધતિમાં તેને ગ્રુપ ડીસ્કશન કહે છે.) વાદમાં જ વિદ્યાર્થીની પરીક્ષા થાય. અભ્યાસ મજબૂત બને, આત્મવિશ્વાસ કેળવાય, આગેવાની લેવાનો ગુણ ખીલે. મગજની નસો તંગ થઈ જાય એ હદની મહેનત થાય. શ્રી બલિરામજી કહેતા : વાદ કરવામાં બદરીનાથજી શુક્લ સહુથી હોંશિયાર હતા. કોઈપણ વાતને તેઓ યુક્તિથી સિદ્ધ કરી શકતા. તેમની યુક્તિનું ખંડન તેમના સિવાય કોઈ કરી શકતું નહીં. પૂનામાં શ્રી દેવદત્ત પાટિલ આજે પણ આ રીતે અભ્યાસ કરાવે છે. તેમની પાઠશાળામાં બાવીસ વિદ્યાર્થીઓ છે.

વર્તમાન પદ્ધતિમાં વિષયનો સર્વગ્રાહી પરિચય કરવાનું ધ્યેય હોય છે,

તેથી તેમાં પર્યાપ્ત ઊંડાણ જોવા મળતું નથી. છતાં અભ્યાસની આ પણ એક ચોક્કસ પદ્ધતિ છે. દાર્શનિક ક્ષેત્રે પશ્ચિમનું ખેડાણ તળેટીમાં છે, જ્યારે ભારત આ ક્ષેત્રે શિખર પર વિરાજે છે. પશ્ચિમી જગત ભારતની વૈચારિક સમૃદ્ધિ જોઈ આકર્ષાયું છે. આજે અનેક વિદ્વાનો અને વિદ્યાર્થીઓ ભારતીય દર્શનશાસ્ત્ર પર નક્કર કામ કરે છે. યુરોપ (ઇંગ્લેંડ)ના કાર્લ પૉટ્ટર નામના વિદ્વાને ભારતીય દર્શનશાસ્ત્રનો વિશ્વકોશ (ઍન્સાઇક્લૉપીડિયા) તૈયાર કરવાનું ભગીરથ કાર્ય ઉપાડ્યું છે. આ કાર્યને ભગીરથ કહેવાનું કારણ એ કે, જૈન સાહિત્યનો ઈતિહાસ પ્રકાશિત થયો છે, તેમાં બીજી તમામ શાખા વિષે લખાયું, માત્ર જૈન દર્શનશાસ્ત્ર વિષે નથી લખાયું. તેના સાત ખંડ પૈકી ત્રીજો દર્શનશાસ્ત્રનો ખંડ હજી અધૂરો છે. વિશ્વકોશમાં જૈન દર્શનશાસ્ત્રના ચાર ભાગ છે. કુલ સત્યાવીસ ભાગ છે. છેલ્લાં પચીસ વરસથી આ પ્રકલ્પ ચાલે છે.

જાપાનમાં નવ્યન્યાયના નવ વિદ્યાર્થીઓન ઑહિયૉ યુનિ.માં વાડા નામના પ્રૉફેસર નવ્યન્યાય કરાવે છે. તેમણે નવ્યન્યાયનો પરિચય આપતા અનેક પેપર લખ્યા છે. વ્યાપ્તિપંચક, સિદ્ધાંતલક્ષણ જેવા પ્રકરણોના અનુવાદ કર્યો છે. તેમના યૉશી નામના વિદ્યાર્થી ભારતમાં ત્રણ વરસ નવ્યન્યાય ભણવા આવ્યા હતા. શ્રી બલિરામજી પાસે નવ્યન્યાયનો અભ્યાસ કર્યો. પંડિતજીએ પૂછ્યું કે, ‘‘આ ભણતરનો તને શું ઉપયોગ થશે? કોઈ નોકરી મળશે ?’’ યૉશીએ જવાબ આપ્યો કે ‘‘હું પૈસા માટે નથી ભણતો. મને રસ છે માટે ભણું છું. વ્યવસાયે સૉફ્ટવૅયર એન્જિનિયર છું. ત્રણ વરસ કામ કર્યું. જે કમાણી થઈ તે લઈ ભારત આવ્યો છું. જરૂર પડશે ત્યારે ફરી બે-ત્રણ વરસ કામ કરી લઈશ. આ ભણતર તો મારા જીવનનો આનંદ છે.’’

બે વરસ પહેલા વાડાને લઈ એક હસ્તપ્રતની શોધમાં અહીં આવ્યા હતા.

નવ્યન્યાયનો અભ્યાસ કરવા આવેલી એક કૉરિયન યુવતીને પણ પંડિતજીએ આ જ સવાલ કર્યો. તેનો જવાબ હતો કે, ‘‘અમારે ત્યાં વૅસ્ટર્ન ફીલૉસોફી અને બૌદ્ધ દર્શન ભણનારા ઘણા છે. નવ્યન્યાય મારા દેશ માટે નવો છે. હું નવ્યન્યાય કરીશ તો મારા દેશને નવું જાણવા મળશે.’’ બીજો સવાલ થયો. ‘‘પરંતુ તેથી તને શું લાભ ?’’ તે કૉરિયન યુવતીનો જવાબ ભારતભરના પંડિતો અને શિક્ષકોએ હૃદયમાં કોરી રાખવા જેવો છે. એ યુવતિએ કહ્યું : ‘‘અમે

આજીવિકા અને જ્ઞાનપ્રાપ્તિને જુદા ગણીએ છીએ.''

પૂનામાં ચર્ચના પાદરી પંડિતજી બલિરામ પાસે નવ્યન્યાય ભણતા. તેમણે દિનકરી-રામરૂદ્રીનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. એક પૉર્તુગીઝ વિદ્યાર્થી વેદાંતસાર ભણવા આવ્યો. તેણે આ ગ્રંથ પર બનેલી બાર ટીકા એકઠી કરી છે. કોઈ ટીકા ન્યાય દર્શન પ્રમાણે અર્થ બતાવતી હોય, કોઈ મીમાંસા દર્શન પ્રમાણે અર્થ બતાવતી હોય, કોઈ ટીકા સાંખ્ય દર્શન પ્રમાણે અર્થ બતાવતી હોય. આ બધી જ ટીકાઓનું તુલનાત્મક અધ્યયન કરી બે વિદ્યાર્થીઓએ પૉર્તુગીઝ ભાષામાં નિબંધ લખ્યો છે.

નવ્યન્યાય, પદાર્થની સ્પષ્ટતા કરવા માટે વિકસેલી ભાષા અને યુક્તિની પ્રણાલી છે તે એટલી સચોટ છે કે ભાષા શાસ્ત્રવિભાગ (લિંગ્વીસ્ટિક ડિપાર્ટમેંટ) નવ્યન્યાય પર સૉફ્ટવેયર તૈયાર કરી રહ્યું છે. પંડિત બલિરામ શુક્લ હંમેશા કહેતા કે - 'કિતાબેં તો બહુત નીકલ રહી હૈ લેકિન પઢને વાલે કહાં હૈ ?' વાત સાચી છે શાસ્ત્રો તો અપાર છે, પરંતુ તેમનો સઘન અભ્યાસ કરનાર ક્યાં છે ? અને કેટલા છે ? વિદ્યાનું સ્તર કેવું હોય ? વિદ્યાની લગન કેવી હોય ? વિદ્યા પ્રત્યે સાચું સમર્પણ કેવું હોય ? તે આવા હરતીફરતી નાલંદા જેવા બલિરામ શુક્લ સમા વિદ્વાનો પાસેથી જ જાણવા મળે.

•

# પરિશેષ

## ગ્રંથસૂચિ


Catalogue of Jain Manuscript of the British Library/પ્રો. ચંદ્રભાલ ત્રિપાઠી, પ્રો. નલિની બલવીર / ઇન્સ્ટી. ઓફ જૈનોલોજી/૧૯૯૩

Operation in search of Sanskrit Mss. In the Bombay Circle April 1892 to March 1895, Fifth Report/P. Peterson/Government Central Press, 1896

ઇસિભાસિયાઇં સૂત્ર/સ્થવિર/પ્રાકૃત/વિ.સં. પૂર્વ ૧૨૦૦ થી ૪૭૦/ મનોહરમુનિ/સુધર્મા જ્ઞાનમંદિર, મુંબઈ/ઈ.સ. ૧૯૬૩

ઉત્તરાધ્યયન સૂત્ર/સ્થવિર/પ્રાકૃત/વિ.સં.પૂર્વ ૪૭૦/સા. શ્રી ચંદનબાલાશ્રીજી/ ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ/૨૦૦૯

જયંતી પ્રકરણ સહ વૃત્તિ/માનતુંગસૂ./વ્યા.આ.શ્રી મલયપ્રભસૂ./૧૨-૧૩મી સદી/સા. શ્રી ચંદનબાલાશ્રીજી/ભદ્રંકર પ્રકાશન/ઈ. ૨૦૧૦

જૈનધર્મવરસ્તોત્ર/આ.શ્રીભાવપ્રભસૂ./સંસ્કૃત/૧૮મી સદી/પં.હીરાલાલ રસિકલાલ/પુનર્મુદ્રણ - પ્રવચન પ્રકાશન, પૂણે

નિઘંટુશેષ/આ.શ્રી હેમચંદ્રસૂ./શ્રીવલ્લભ ગણી/૧૨ મી સદી/મુનિશ્રી પુણ્ય વિ.મ./લા.દ.સં.વિદ્યામંદિર, અમદાવાદ

પ્રશ્નપદ્ધતિ/પં.શ્રી હરિશ્ચંદ્ર વિ.ગણિવર/સંસ્કૃત/૧૨મી સદી/મુનિશ્રી ધર્મતિલકવિજયજી/સ્મૃતિમંદિર પ્રકાશન અમદાવાદ

ભારતની પ્રાચીન વિદ્યાપીઠો/ડૉ.મો.દિ.પરાડકર/ગુજરાતી/૨૦-૨૧મી સદી

યોગકલ્પલતા (અનુવાદ)/ગિરીશ શાહ/સંસ્કૃત/૨૦-૨૧મી સદી/મુનિશ્રી વૈરાગ્યરતિવિ.ગ./શ્રુતભવન સંશોધન કેંદ્ર, પુણે/૨૦૧૩

યોગતત્ત્વવિવેચનમ્ (અનુવાદ)/ગિરીશ શાહ/સંસ્કૃત/૨૦-૨૧મી સદી/ મુનિશ્રી વૈરાગ્યરતિવિ./પ્રવચન પ્રકાશન, પુણે

લલિતવિસ્તરા/આ.શ્રી હરિભદ્રસૂ./સંસ્કૃત/૭-૮મી સદી/આ.શ્રી વિ. ભુવનભાનુ સૂ./દિવ્યદર્શન પ્રકાશન

વિચારરત્નાકર / ઉપા.કીર્તિવિ.ગણી / સંસ્કૃત / ૧૭મી સદી / સા. શ્રી ચંદનબાલાશ્રીજી મ. / ભદ્રંકર પ્રકાશન

શાસ્ત્રસંદેશમાલા ભા.૭ / વિવિધ સૂરિવરો / સંસ્કૃત, પ્રાકૃત / મુનિ શ્રી વિનયરક્ષિત વિ. / શાસ્ત્ર સંદેશમાલા-સુરત

ષોડશાધિકાર પ્રકરણ/આ.શ્રી હરિભદ્રસૂ./સંસ્કૃત/૭-૮ મી સદી/મુનિશ્રી વૈરાગ્યરતિ વિજયજી/પ્રવચન પ્રકાશન, પૂના

સર્વસિદ્ધાંતસ્તવ / આ.શ્રી જિનપ્રભસૂ. / સંસ્કૃત/૧૫મી સદી / મુનિશ્રી વૈરાગ્યરતિવિ.ગ./શ્રુતભવન સંશોધન કેન્દ્ર, પુણે/૨૦૧૩

સંવેગરતિઃ/મુનિશ્રી પ્રશમરતિવિ./સંસ્કૃત/૨૦-૨૧મી સદી/બનારસ હિંદુ યુનિવર્સિટી/૨૦૦૯

# શબ્દસૂચિ


आत्मावबोधकुलकम्–१५ (પ્રકરણ અંક)
उपदेशामृतकुलकम्–१५
उवएसचउक्ककुलयं–१५
जिनवल्लभसूरि–१५
धम्मोवएसकुलयं–१५
नवकारफलकुलकम–१५
नारीशीलरक्षाकुलकम्–१५
पव्वज्जाविहाणकुलकं–१५
भावकुलम्–१५
मदादिविपाककुलकम्–१५
रत्नत्रयकुलक–१५
शोकनिवारणकुलकम्–१५
सङ्घस्वरूपकुलकम्–१५
सूत्रार्थमुक्तावली–१६
અઢારમી સદીમાં વિજ્ઞાન અને તંત્રજ્ઞાન-૨૦
અનુત્તરોપપાતિકદશા-૧૨
અનુયોગદ્વાર-૧૨, ૧૬
અભિધાન ચિંતામણિ-૨૧, ૨૩
અવચ્છેદકત્વનિરુક્તિ-૨૬
અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ-૨૨, ૨૩
અહો શ્રુતજ્ઞાન-૬
અંગવિદ્યા-૧૨
અંતકૃદ્દશા-૧૨
આચારાંગ-૨, ૧૨, ૧૬
આત્મભક્તામર-૧૪
આભના ટેકા-૨૪
આવશ્યક-૧૨, ૧૬
આશાપ્રેમસ્તુતિ-૧૯
આસ્ક એંડ ઇટ ઇઝ ગિવન-૫
ઇસિભાસિયાઇં-૪, ૬
ઇંડિયા-વ્હોટ કેન ઇટ ટીચ અસ?-૨૩
ઉત્તરાધ્યયન-૨, ૩, ૧૨, ૧૪, ૧૬
ઉપદેશકંદલી-૧૮
ઉપમિતિભવપ્રપંચા કથા-૨૨, ૨૩
ઉપાસકદશા-૧૨
ઋષિભાષિત-૧૨
ઓઘનિર્યુક્તિ-૧૨
ઔપપાતિકસૂત્ર-૧૨
કથાસરિત્સાગર-૨૦
કલ્પાવતંસિકા-૧૨
કલ્યાણમંદિર-૧૪
કાવ્યાનુશાસનમ્-૧૮
કુમારવિહારક્રોડાલંકાર-૧૮
કેટલોગ ઓફ જૈન મેન્યુસ્ક્રીપ્ટસ ઇન બ્રિટિશ લાયબ્રેરી-૨૧
ગોધૂલિકાર્થ-૧૪
ચંદ્રપ્રજ્ઞપ્તિ-૧૨
જયંતી પ્રકરણ-૧૦
જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-૧૨
જિતકલ્પ-૨૧
જિનરત્નકોશ-૨૩
જીતકલ્પ-૧૨
જીવાભિગમ-૧૨, ૧૩
જૈન પરંપરાનો ઇતિહાસ-૧૪
જૈન બૌદ્ધ ઔર ન્યાય પરંપરામેં અનુમાન પ્રમાણ-૨૬

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ-૨૩
જૈનધર્મવરસ્તોત્ર-૧૪
જ્ઞાતાધર્મકથા-૧૨, ૧૩
જ્યોતિષસાર-૧૮
તત્ત્વચિંતામણિ-૨૬
તત્ત્વાર્થભાષ્ય-૧૭
તિલકમંજરી-૧૭
ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર-૨૦
દશવૈકાલિક-૧૨, ૧૬, ૧૭
દશાશ્રુતસ્કંધ-૧૨
દિનકરી-રામરૂદ્રી-૨૬
દીપશાસ્ત્ર-૧૦
દૃષ્ટિવાદ-૨, ૧૨
દ્રવ્યગુણસંગ્રહ-૯
દ્વાદશાર નયચક્ર-૫
ધન્વંતરિ નિઘંટુ-૯
ધાતુપાઠ-૨૩
નમસ્કારકીર્તન-૧૯
નમસ્કારનિરૂપણ-૧૯
નમસ્કારપદાવલી-૧૯
નમસ્કારફલ-૧૯
નમસ્કારવિવેચન-૧૯
નમસ્કારનુતિ-૧૯
નમસ્કારસ્તવ-૧૯
નમસ્કારસ્તુતિ-૧૯
નમસ્કારસ્મૃતિ-૧૯
નયોપદેશ-૧૪
નરનારાયણાનંદ-૧૮
નંદીસૂત્ર-૧૨.
નિઘંટુશેષ-૯
નિરયાવલિકા-૧૨
નિશીથસૂત્ર-૧૨
નેમિસંબોધન-૧૪
ન્યાયદર્શન-૨૬
ન્યાયબિંદુ-૨૩
પન્નવણા-૧૧
પરમતેજ-૮
પાઠશાળા-૯
પાણિનિ વ્યાકરણ-૨૩
પિંડનિર્યુક્તિ-૧૨
પુષ્પચૂલિકા-૧૨
પુષ્પિતા-૧૨
પ્રકીર્ણક-૧૬
પ્રજ્ઞાપના-૧૨
પ્રશ્નપદ્ધતિ-૧૧
પ્રશ્નવ્યાકરણદશા-૧૨
પ્રાકૃત લક્ષણ-૧૮
બપ્પભટ્ટિસૂરિ કહા-૨૨
બૃહત્કલ્પ-૧૨
બૃહત્ક્ષેત્રસમાસ-૧૨
બ્રહ્મપ્રકરણ-૭
બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય-૧૭
ભક્તામર સ્તોત્ર-૧૪
ભગવતીસૂત્ર-૧૦, ૧૧, ૧૨
ભામતી-૧૭
ભારતની પ્રાચીન વિદ્યાપીઠો-૨૦
મદનપાલ નિઘંટુ-૯
મહાનિશીથ-૧૨
મહાપરિજ્ઞા-૧૨
મહાભારત-૨૨, ૨૫
મહાભાષ્ય-૨૩
મેઘદૂત-ટીકા-૧૮
મોહપરાજય નાટક-૧૮
યશસ્તિલક-૨૩

યૂ કેન હિલ યોર લાઈફ-૫
યોગતત્ત્વવિવેચન-૧૮
યોગદીપિકા-૭
યોગદૃષ્ટિસમુચ્ચય-૭
યોગબિંદુ-૭
યોગશતક-૭
રત્નસાર-૧૮
રળિયામણું વૃક્ષ-૧૮મી સદીમાં ભારતીય શિક્ષણ-૨૦
રાજનિઘંટુ-૯
રાજપ્રશ્નીય-૧૨
રાજવલ્લભ-૯
રામાયણ-૨૫
લલિતવિસ્તરા-૭, ૮
લૉ ઑફ ઍટ્રેક્શન-૫
લોકપ્રકાશ-૧૭
વસુદેહ હીંડી-૧૪
વહ્નિદશા-૧૨
વાદમહાર્ણવ-૧૬
વાસ્તુસાર-૧૮
વિચારરત્નાકર-૧૧, ૧૩
વિધિમાર્ગપ્રપા-૧૨
વિનયપિટક-૯
વિપાકસૂત્ર-૧૨
વિવાહપન્નત્તિ-૧૦
વિવિધતીર્થકલ્પ-૧૨
વિવેકમંજરી-૧૮
વિશેષાવશ્યકભાષ્ય-૨૨, ૨૩
વિંશતિવિંશિકા-૭
વેદાંતદર્શન-૧૭
વેદાંતસાર-૨૬
વ્યવહારસૂત્ર-૧૨
વ્યાપ્તિપંચક-૨૬
શાલિભદ્ર ચઉપઇ-૨૧
શિલ્પશાસ્ત્ર-૧૦
શ્રીપાલરાજાનો રાસ-૧૩, ૧૭
ષોડશક-૭
સકાળ-૨૦
સત્યપુરીયમહાવીરઉત્સાહ-૧૮
સન્મતિતત્ત્વસોપાન-૧૬
સન્મતિપ્રકરણ-૧૬
સપ્તતિશતસ્થાન પ્રકરણ-૧૨
સભાચમત્કાર-૧૪
સમવાયાંગ-૧૨
સમવાયાંગ-૧૬
સમ્યકત્વના સડસઠ બોલની સજઝાય-૫
સર્વસિદ્ધાંતસ્તવ-૧૨
સંવેગરતિ-૧૭
સામાન્યનિરુક્તિ-૨૬
સિદ્ધાંતાર્ણવ-૨૬
સિંહવ્યાઘ્રલક્ષણ-૨૬
સુકૃતસંકીર્તન-૧૮
સૂત્રકૃતાંગસૂત્ર-૧૨, ૧૩, ૧૬
સૂરિમંત્રપ્રદેશવિવરણ-૧૨
સૂર્યપ્રજ્ઞપ્તિ-૧૨
સેનપ્રશ્ન-૧૧
સ્થાનાંગસૂત્ર-૧૨, ૧૩, ૧૬
હીરપ્રશ્ન-૧૧

### વિશેષનામ

અદ્દાલક-૬
અભયદેવસૂરિ-૬, ૧૧, ૧૮, ૧૬
અમરચંદ્રસૂરિ-૨૬
અરનાથ-૩

અરિસિંહ-૧૮
અરૂણ-૫
અર્હત્-૫
અવલંબન દીપ-૧૦
અંગીરસ-૪
અંબડ-૫
આત્મરામજી-૧૪, ૨૨
આદિનાથ-૧
આનંદઘન-૧૯
આનંદસૂરિ-૧૩, ૨૬
આમ-૨૦
આર્દ્રક-૫
આર્યાયણ-૫
આસડ-૧૮
ઈત્સિંગ-૨૦, ૨૩
ઈષુકાર-૩
ઉત્કંચન દીપ-૧૦
ઉદાયન-૩, ૧૦
ઉમાસ્વાતિજી-૧૭
ઋષભદાસ-૧૭, ૧૮
ઋષભદેવ-૧૭
ઋષિગિરિ-૫
ઍસ્થર જેરી હિક્સ-૫
ઓટો બોટલિંક-૨૩
કનકકીર્તિ-૨૧, ૨૩
કપિલ-૨
કમલસંયમ-૨
કરકંડૂ-૩
કલાટ-૨૩
કલ્યાણબોધિસૂરિ-૬
કાર્લ પૉટ્ટર-૨૬
કાલ-૧૨
કીર્તિયશસૂરિ-૬
કીર્તિવિજય-૧૧, ૧૩
કીલ્હોર્ન-૨૩
કુમારપાળ-૧૮
કુસુમ પટોડિયા-૧૭
કુંથુનાથ-૩
કૂર્માપુત્ર-૪
કૃષ્ણ-૪
કેશી ગણધર-૧૨
કેશઈ-૩
કોટ્યાચાર્ય-૨૨
કોલબ્રુક-૨૩
કોશા-૧૪
ખરતરગચ્છ-૧૨
ખેતશીભાઈ-૨૨
ગજલક્,અમી-૧૦
ગજાનન-૨૦
ગાયકવાડ-૨૩
ગિરીશભાઈ (કલ્પેશ)-૧૮, ૧૯
ગુહસેન-૨૦
ગૌતમ બુદ્ધ-૬
ગૌતમ-૨, ૩, ૧૦, ૧૨
ગ્રીસ-૨૩
ચંડ-૧૮
ચંડપ્રદ્યોત-૯
ચંદ્રભાલ ત્રિપાઠી-૨૧
ચિત્ર-૩
ચેટકરાજા-૧૨
જગડૂશાહ-૧૪
જમાલિ-૧૧
જય-૩
જયશેખરસૂરિ-૧૫

જયંતી-૧૦
જિનપ્રભસૂરિ-૧૨
જિનભદ્ર-૧૨
જિનરત્નાશ્રી-પ્ર
જીવક-૯
ડૉ. આર.આર.પોદ્દાર-૨૨
ડૉ. કનુભાઈ શેઠ-૨૧
ડૉ. કલ્પનાબેન શેઠ-૨૧
ડૉ. ઘાટગે-૨૨
ડૉ. ઘાણે-૨૨
ડૉ. દાસ-૨૦
ડૉ. પી. એલ. વૈદ્ય-૨૨
ડૉ. મજુમદાર-૨૦
ડો. મો. દિ. પરાડકર-૨૦
ડૉ. વેલણકર-૨૩
તપાગચ્છ-૧૨
તરુણ-૫
તિલકસૂરિ-૧૩
તુલસીદીપ-૧૦
તેજસી-૧૪
તેતલિપુત્ર-૪
ત્રિપુટી મહારાજ-૧૪
ત્રિશલા-૧૧
દગભાલ-૫
દયાનંદ સરસ્વતી-૧૪
દવિલ-૪
દર્શાર્ણભદ્ર-૩
દાનસૂરિ-૧૪
દિગંબર-૨૩
દીપસ્તંભ-૧૦
દીવાયન-૬
દુદ્રા-૨૦
દુર્મુખ-૩
દેવદત્ત પાટિલ-૨૬
દેવર્ધિગણિ-૨૪
દેવવિજય-૧૩
દેવાનંદા-૧૦, ૧૧
દેવેંદ્રસૂરિ-૧૪, ૧૫
ધનપાલ-૧૭, ૧૮
ધનરાજ-૧૮
ધન્યહંસાશ્રી-પ્ર
ધર્મચંદ્રગણિ-૧૦
ધર્મતિલકવિજય-૧૧
ધર્મપાલ-૨૦
ધર્મેશ-૫
ધર્મોત્તર-૨૩
ધ્રુવસેન-૨૦
નમિ-૨
નમિ-૩
નયવિજય-૫, ૧૩
નવલમલ ફિરોદિયા-૨૨
નંદન-૩
નંદાદીપ-૧૦
નાગેંદ્રગચ્છ-૨૬
નારદ-૪
નેમનાથ-૪, ૧૨, ૧૪
નેવ્હિલ ડી-એબ્રિયો-૨૦
ન્યગ્ગતિ-૩
પદ્મ-૧૨
પદ્મવિજય-૧૭
પદ્માવતી-૧૨
પરમાનંદભાઈ-૧૯
પંજરદીપ-૧૦
પાટણ-૨૩

પાર્ત-૫
પાર્શ્વનાથ-૪, ૬, ૧૨
પાહિનીદેવી-૧૭
પિંગ-૫
પીટર પીટર્સન-૨૩
પીટર્સન-૨૩
પુણ્યપાલ-૧
પુણ્યવિજય-૬, ૯, ૨૨
પુણ્યશાલ-૪
પૂર્ણિમાગચ્છ-૧૪, ૨૩૧
પ્રદેશી રાજા-૧૨
પ્રદ્યુમ્નસૂરિ-૨૪
પ્રશમરતિ વિજય-પ્ર, ૧૭
પ્રો. નલીની જોશી-૨૨
પ્રો. નલીની બલવીર-૨૧
ફર્ગ્યુસન-૨૩
ફેરુ ઠક્કર-૧૮
બદરીનાથજી શુક્લ-૨૬
બપ્પભટ્ટિ-૨૦
બરકત વિરાણી-૪
બર્જેસ-૨૩
બલમુનિ-૨
બલિરામ શુક્લ-૨૬
બહુપુત્રિકા-૧૨
બાપાલાલ વૈદ્ય-૯
બાબુલાલ સરેમલજી-૬
બાર્બરા-૫
બાહુક-૫
બુલ્હર-૨૩
બ્રહ્મદત્ત-૩
ભદ્રબાહુસૂરિ-૨, ૬, ૧૨, ૨૬
ભદ્રંકરવિજય-૧૮, ૧૯
ભદ્રંકરસૂરિ-૮
ભયાલી-૪
ભરત-૩
ભર્તૃહરી-૧૮
ભાવપ્રભસૂરિ-૧૪, ૨૧
ભાવરત્ન-૧૪
ભાંડારકર-૨૩
ભુવનભાનુસૂરિ-૮
ભોજ-૧૭, ૧૮
મઘવા-૩
મધુરહંસાશ્રી-પ્ર
મધુરાજ-૫
મનોહરમુનિ-૬
મરુદેવા-૨
મલયગિરિજી-૬
મલયપ્રભસૂરિજી-૧૦
મલ્લ-૨૩
મલ્લદિન્ન-૧૩
મલ્લિનાથ-૧૩
મહાકશ્યપ-૪
મહાપદ્મ-૩
મહાબલ-૩
મહાવિદેહ-૪
મહાવીરસ્વામી-૧૧, ૧૨, ૧૩
મહેશ્વર-૨૩
મંખલિપુત્ર-૪
મંડન-૧૮
માતંગ-૫
માધવ-૫
માનતુંગસૂરિ-૧૦, ૧૪
માનવિજય-૧૪
માહેશ્વર-૨૩

માહેશ્વરી-૨૩
મિત્રા-૨૩
મિશેલ લૂઈઝર-૫
મિશ્ર-૨૩
મિસરી-૨૩
મુનિચંદ્રસૂરિ-૧૫
મૃગાપુત્ર-૩
મૃગામતી-૧૦
મેક્સમૂલર-૨૩
મેઘ-૨૦
મેઘવિજય-૧૪
મૈત્રક-૨૦
મો.દ.દેસાઈ-૨૩
યદુવંશ-૧૨
યમ-૬
યશઃપાલ-૧૮
યશોવિજય-૫, ૬, ૭, ૧૩, ૧૪, ૧૬, ૨૨, ૨૩, ૨૬
યાજ્ઞવલ્ક્ય-૪
યૉશી-૨૬
યોગંધરાયણ-૫
રથનેમિ-૩
રાઈસ-૨૩
રાજિમતી-૩
રાજેશ્વર શાસ્ત્રી દ્રવિડ-૨૬
રામકૃષ્ણગોપાલ ભઆંડારકર-૨૨
રામચંદ્ર શાસ્ત્રી-૨૩
રામચંદ્રસૂરિ-૫, ૧૬
રામપુત્ર-૫
રામવિજય-૧૩
રૂપવિજયપં.-૩
રેવ-૨૩
લબ્ધિસૂરિ-૮, ૧૪, ૧૬
લુગમેન-૨૦
લુઈઝી હે-૫
લોયમાન-૨૩
વજ્જીથપુત્ર-૪
વજસ્વામી-૧૨
વરસવ-૫
વરૂણ-૬
વર્ધમાન-૫, ૨૦
વલ્કલચીર-૪
વસુદત્ત-૨૦
વસ્તુપાળ-૧૮
વાગ્ભટ્ટ-૧૮
વાચસ્પતિ મિશ્ર-૧૭
વાડા-૨૬
વામાચરણ ભટ્ટાચાર્ય-૨૬
વાયુ-૫
વારત્તક-૫
વાલ્મિકી-૨૫
વિજય-૩
વિદૂ-૫
વિનયવિજય-૧૩, ૧૪, ૧૭
વિન્ડશ-૨૩
વિલ્સન-૨૩
વિષ્ણુદત્ત-૨૦
વૂલ્મન-૨૧
વીર-૨, ૪, ૧૦, ૧૧
વેબર-૨૩
વૈરાગ્યરતિવિજય-પ્ર
વૈશ્રમણ-૬
વ્યાઘ્રશિશુ-૨૬
વ્યાસ-૨૨

વ્યાસ-૨૫
વ્હીટલી સ્ટોક્સ-૨૩
શતાનીક-૧૦
શય્યંભવસૂરિ-૨, ૩, ૧૭
શાક્યપુત્ર-૬
શાંતિનાથ-૩, ૧૪, ૧૮, ૨૩
શિખરદીપ-૧૦
શુબ્રિંગ-૬
શ્રાવક-૨૩
શ્રીગિરિ-૬
શ્રીવલ્લભગણી-૯
શ્રેણિક-૧૨, ૨૦
શ્રેયાંસ-૧
સગર-૩
સનત્કુમાર-૩
સમુદ્રપાલ-૩
સયાજીરાવ ગાયકવાડ-૧૪
સંઘદાસ-૧૪
સંઘવી-૨૩
સંજય-૩, ૬
સંભૂત-૩
સંયમરતિ વિજય-પ્ર
સંવેગરતિ વિજય-પ્ર, ૧૭
સાગર-૨૦
સાગરજી મ.-૨
સાતિપુત્ર-૬
સિદ્ધરાજ જયસિંહ-૧૪
સિદ્ધર્ષિગણી-૮
સિદ્ધસેનદિવાકરસૂરિ-૧૬
સિદ્ધાર્થ-૨૦
સિંહશિશુ-૨૬
સુદર્શન શ્રેષ્ઠિ-૧૪
સુધર્માસ્વામી-૧૨
સુરેંદ્રકીર્તિમુનિ-૨૧
સૂર્યાભવિમાન-૧૨
સેનસૂરિ-૧૩
સોમ-૬
સોમતિલકસૂરિ-૧૨
સોમપ્રભસૂરિ-૧૨
સોમોદયગણી-૧૨
સૌરિતાયન-૫
સ્ટીવન્સન-૨૩
સ્થાનકવાસી-૧૪
સ્થૂલભદ્રજી-૧૪
સ્વરૂપચંદ્ર-૨૩
હરગોવિંદ પરાંજપે-૨૬
હરિગિરિ-૫
હરિભદ્રસૂ.-૨, ૩, ૬, ૭, ૮
હરિરામ શુક્લ-૨૬
હરિશ્ચંદ્રગણિ-૧૧
હરિષેણ-૩
હર્મન યાકોબી-૨૩
હર્ષરેખાશ્રી-પ્ર
હીરસૂરિ-૧૩
હીરાલાલ રસિકલાલ-૧૪
હુલ્સ-૨૩
હેમચંદ્રસૂરિ-૯, ૧૭, ૨૧, ૨૩
હોર્નલ-૨૩
હ્યુ એન ત્સંગ-૨૦, ૨૩

**સંસ્થા**

અયોધ્યા વિદ્યાપીઠ-૨૦
આર્યસમાજ-૧૪
આલ્બર્ટ મ્યુઝિયમ-૨૧

ઈન્સ્ટીટ્યૂટ ઓફ જૈનોલોજી-૨૧
ઈસ્ટ ઇંડિયા કંપની-૨૩
ઓહિયો યુનિવર્સિટી-૨૬
કાશી હિંદુ યુનિવર્સિટી-૧૭
કુંડિનપુર વિદ્યાપીઠ-૨૦
કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-૨૧
ગુણશીલા વિદ્યાપીઠ-૨૦
ડેક્કન કૉલેજ-૨૨
નૂતન આર્ટ-૫
નેશનલ મિશન ઑફ મેન્યુસ્ક્રીપ્ટ-૨૫
પૂના યુનિવર્સિટી-૨૨
બર્લિન યુનિવર્સિટી-૨૪
બોમ્બે યુનિવર્સિટી-૨૨
બ્રિટીશ મ્યુઝિયમ-૨૧
બ્રિટીશ લાયબ્રેરી-૨૧
બ્રિટીશ લાયબ્રેરી-૨૧, ૨૪
ભાંડારકર ઓરિ. ઇન્સ્ટી.-૨૩
ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યૂટ-૨૪
લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર-૨૧
વલભી વિદ્યાપીઠ-૨૦
વિક્ટોરિયા મ્યુઝિયમ-૨૧
શ્રુતભવન સંશોધન કેંદ્ર-૫
સંસ્કૃતભારતી-૧૮
સ્મૃતિમંદિર પ્રકાશન-૧૧

**સ્થળ**

અમદાવાદ-૨૧
અમેરિકા-૨૦
અષ્ટાપદ-૧૪
ઇડર-૨૩
ઇંગ્લેંડ-૨૦, ૨૬
ઉત્તર ભારત-૨૩
ઉત્તરાપથ-૨૦
ઓક્સફર્ડ-૨૦
ઓસ્ટ્રેલિયા-૨૦
કાન્યકુબ્જ-૨૦
કાંદીવલી-૧૯
કેળકર મ્યુઝિયમ-૧૦
કેંબ્રિજ-૨૦
કોબા-૨૧
કૌશાંબી-૧૦
ખંભાત-૨૩
ખાર-૧૯
ગિરનાર-૧૪
ગુજરાત-૨૨, ૨૩
ગ્રીક-૨૩
ચિમ્માશીચ્યુ-૨૦
ચીન
જઘરાલ૧૨
જયપુર-૨૩
જર્મની-૨૪
જૂનાડીસા-૧૨
જેસલમેર-૨૨
ડીસા-૧૨
ઢંઢેરાવાડા-૧૪
તક્ષશિલા-૯, ૨૦
તામ્રલિપ્તિ-૨૩
તીનબત્તી-૧
દક્ષિણ ભારત-૨૩
દિલ્હી-૨૪
નવાડીસા-૧૨
નંદીશ્વર-૧૪
નાગપુર-૧૭

નાલંદા-૨૦, ૨૩
પછેગામ-૨૪
પંજાબ-૧૪
પાકિસ્તાન-૨૪
પાટણ-૫, ૧૪, ૨૩
પિટર્સબર્ગ-૨૧
પૂણે, પુના-૧૦, ૨૦, ૨૨, ૨૩, ૨૬
પેકિન-૨૩
પૈઠણ-૨૬
પ્રતિષ્ઠાનપુર-૨૬
ફોફલિયાવાડો-૨૩
ફ્રાંસ-૨૧
બનારસ-૧, ૧૭
બર્લિન-૨૦
મગધ-૯
મધ્યભારત-૨૩
મહારાષ્ટ્ર-૨૨
મુંબઈ-૧, ૨૩
યુરોપ-૨૧, ૨૩, ૨૬
રશિયા-૨૧
રાજગૃહી-૨૦
રાજસ્થાન (રાજપૂતાના)-૨૩
લંડન-૨૪
વડોદરા-૧૪, ૨૦
વલભી-૨૪
વાલકેશ્વર-૧
વિશ્વામિત્રી-૨૦
વૂલ્મર-૨૨
શત્રુંજય-૧૪
સમેતશિખર-૧૪
સરધના-૧૪
સૌરાષ્ટ્ર-૨૦
સ્ટ્રેસબર્ગ-૨૧
હાવર્ડ-૨૦

## પ્રવચન સ્તંભ

શ્રી હેમતલાલ છગનલાલ મહેતા પરિવાર - કલકત્તા

શ્રીમતી પ્રભાબેન નંદલાલ શેઠ - મુંબઈ

યુવા સંસ્કાર ગ્રુપ - નાગપુર

જયંતીલાલ માણેકચંદ કોઠારી પરિવાર

હસ્તે - પ્રબોધભાઈ, વિરેન્દ્રભાઈ તથા ભરતભાઈ - મુંબઈ

શ્રીમતી કામાક્ષીબેન પ્રવિણચંદ્ર શાહ-(રાંદેર) હાલ - મુંબઈ

શ્રી મણિલાલ બેચરદાસ સાવરકુંડલા પરિવાર - વિલેપાર્લે, મુંબઈ

શ્રીમતી શોભનાબેન ચંદ્રકાંતભાઈ શાહ - જુહૂસ્કીમ, મુંબઈ

ચંપાબેન જયંતિલાલ દાનસુંગભાઈ અજબાણી - મુંબઈ

શ્રી તેજપાલભાઈ શશીકાંતભાઈ શાહ - મુંબઈ

નંદપ્રભા તીર્થભૂમિ ટ્રસ્ટ - પાલીતાણા

# પ્રવચન પ્રેમી

શ્રી સુધીરભાઈ કે. ભણશાળી - કલકત્તા

શ્રી કુમારપાળ, દિનેશકુમાર સમદડિયા - મંચર

શ્રી શાંતિલાલ ગમનાજી રાંકા (મંડારવાળા) - સાબરમતી, અમદાવાદ

આરટેક્ષ એપરલ્સ - સાબરમતી, અમદાવાદ

શ્રી પ્રેમચંદ રવચંદ શાહ (કુણઘેરવાળા) - અમદાવાદ

શ્રી છગનલાલ તિલોકચંદ સંઘવી - સાબરમતી, અમદાવાદ

શ્રી અશોકભાઈ ઘેલાભાઈ શાહ - (જૈન મર્ચન્ટ સો.) અમદાવાદ

શ્રીમતી પન્નાબેન રમેશભાઈ - પાર્લા, મુંબઈ

હરીબાઈ મુળચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ

શ્રી વસંતભાઈ પી. કોઠારી (સી.એ.) - મુંબઈ

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ - મુંબઈ

શ્રીમતી લલીતાબેન ગોવિંદજી શાહ - મુંબઈ

શ્રી શાંતીલાલ હરિલાલ મહેતા - મુંબઈ

શ્રીમતી મોનાબેન મયંક શાહ - મુંબઈ

શ્રી સમરથમલજી જીવાજી વિનાયકીયા (મોકલસર) - પૂના

સંઘવી વીરચંદજી હુકમાજી - પૂના

શ્રીમતી નાથીબાઈ બાબુલાલજી વીરચંદજી રાઠોડ - પૂના

# પ્રવચન ભક્ત

શ્રી ચંદુલાલ નેમચંદ મહેતા - કલકત્તા

શ્રી છોટાલાલ દેવચંદ મહેતા - કલકત્તા

શ્રી ખુશાલચંદ વનેચંદ શાહ - કલકત્તા

શ્રી રસીકલાલ વાડીલાલ શાહ - કલકત્તા

શ્રી કસ્તૂરચંદ નાનચંદ શાહ - કલકત્તા

શ્રી મંછાલાલ શામજી જોગાણી - કલકત્તા

શ્રી ગુલાબચંદ તારાચંદજી કોચર - નાગપુર

શ્રીમતી સમજુબેન મણીલાલ દોશી પરિવાર - નાગપુર

ઉંઝાનિવાસી શ્રી નટવરલાલ પોપટલાલ મહેતા - નાગપુર

શ્રી પ્રવીણચંદ્ર વાલચંદજી શેઠ (ડીસાવાલા) - નાસિક

શ્રી ચંદ્રશેખર નરેંદ્રકુમાર ચોપડા - વરોરા

શ્રી સુભાષકુમાર વાડીલાલ શાહ - કરાડ

શ્રી પ્રકાશ બાબુલાલ, દેવેન્દ્ર, પરાગ, પ્રિતમ શાહ - મંચર

શ્રીમતી હસમુખબેન જયંતીલાલ શાહ (પૃથ્વી) - વાપી

શ્રી વિનોદભાઈ મણિલાલ શાહ - અમદાવાદ

સ્વ. રંભાબેન ત્રિકમલાલ સંઘવી, હસ્તે - મહેન્દ્રભાઈ - સાણંદ

શ્રી શેફાલી મૂર્તિપૂજક જૈન સંઘના આરાધકો - અમદાવાદ

પુખરાજ રાયચંદ પરિવાર - સાબરમતી, અમદાવાદ

એક સદગૃહસ્થ, હરજી (રાજસ્થાન)

વોરા નાગરદાસ કેવળદાસ રિલિ. ટ્રસ્ટ - અમદાવાદ

શ્રી લાંબડિયા જૈન સંઘ - લાંબડિયા

શ્રી નથમલજી પ્રતાપચંદજી બેડાવાળા - સાબરમતી, અમદાવાદ

શ્રીમતી રંજનબેન જયકુમાર શાહ - કેનેડા

શ્રીમતી નીરુબેન ઉત્તમચંદ સોઠાણી - સાબરમતી, અમદાવાદ

શ્રીમતી રમીલાબેન બાબુલાલ રાયચંદ - વાપી

શ્રી વેલચંદ જવાનમલજી ઓસવાલ - ચિપળૂણ

શ્રીમતી લીલાબેન બાબુલાલ દેવચંદજી વિનાયકિયા - ડીસા

શ્રી પૂનમચંદ કસ્તૂરજી માંડોત પરિવાર - કુચાવાડા

સુપુત્રો - કાળીદાસ - ઘેવરચંદ - જેઠમલ

સ્વ. સુવાબેન અમૃતલાલ દેવીચંદજી વિનાયકિયા પરિવાર - ડીસા

શ્રીમતી સવિતાબેન વૃજલાલ પોપટલાલ દોશી - (મહુવા) પાર્લા, મુંબઈ

શ્રી વિનોદભાઈ દોશી, શ્રીમતી વસંતબેન મનહરલાલ દોશી - મુંબઈ

શ્રી મહેદ્રકુમાર કાંતિલાલ ખાંડવાલા - મુંબઈ

શ્રી કપૂરચંદજી ભબુતમલજી સોલંકી - મુંબઈ

ડૉ. નરેન્દ્ર એમ. શાહ - ખામગાંવ

સંઘવી રતનબેન ચુનીલાલજી હુકમાજી - પૂના

શ્રીમતી પ્રભાવતીબેન રમણલાલ શાહ - મુંબઈ

શ્રીમતી જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ શાહ - મુંબઈ

શ્રીમતી પન્નાબેન યોગેશભાઈ શાહ - મુંબઈ

શ્રીમતી તુલસીબાઈ ધર્માજી - પૂના

શ્રી હંસરાજજી તારાચંદજી સંઘવી - પૂના

શ્રી સંઘવી ખુમાજી માનાજી - પૂના

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ગુલટેકડી - પૂના

શ્રી સંઘવી ગણેશમલજી વક્તાજી - પૂના

# સાહિત્ય સૂચિ

અક્ષરથી આગળ
અડધી રાતે અજવાળું
અનહદની આરતી
આનન્દઘન અષ્ટપદી
ક્રોધને જિતવાનો માર્ગ
ક્ષમાભાવના
ગુણાનુવાદ પ્રવચન
ચેતન જ્ઞાન અજવાળજે
જગ સપનેકી માયા
જીવનની સપ્તપદી
તું તારો તારણહાર
તે મુનિ વંદો
પર્વપ્રવચન
પૂનાથી કરાડ સુધીનાં પ્રવચનો
પૈસાની પારાયણ
પ્રભુ ક્યારે કૃપા કરશો
પ્રસન્નતાની પાંખો
ફૂલ નહી તો પાંખડી
ફૂલમાં ફોર્યા રામ
બાળકોના જીવવિચાર
મારા મનગમતા વિચારોની ડાયરી
મૃત્યુની ભાવયાત્રા
યુવા સંસ્કાર પ્રવચન
વહેલી સવારનો શંખનાદ
વંદના
શબ્દે શબ્દે શાતા
સંવેગ રંગ તરંગ ઝીલે
સાધુ તો ચલતા ભલા-૧
સાધુ તો ચલતા ભલા-૨
સુખે જિવવાની કળા
સ્તુતિ સરિતા
હિતશિક્ષા પ્રવચન
સહજ સમાધિ ભલી
અમૃતનું આચમન
મારો પ્રિય ગ્રંથ
પોષ સુદ તેરસ
દીક્ષાયુગપ્રવર્તક
સમુદ્રવહાણસંવાદ
શ્રુતસાગરના તીરે ૧, ૨
क्रोध को जीतने का मार्ग
चार गति के दुःख
चाहे तो पार करो
जागो रे मा बाप
जीवन की सप्तपदी
नको रे मना क्रोध हा खेदकारी
प्यारे प्रभु दीदार
मृत्यु की भावयात्रा
स्तुतिसरिता
तेजकिरण
सहज समाधि भली

# પ્રતિભાવ

- "વિષમકાળે ભવિયણકું, જિનબિંબ જિનગામ આધારા" અનંતોપકારી શ્રી તીર્થંકર પરમાત્મા કેવલજ્ઞાનની પ્રાપ્તિ બાદ શાસનની સ્થાપના કરતાં હોય છે. પણ પાંચમા બારાના છેડા સુધી શાસન શ્રુતજ્ઞાનના પ્રભાવે જ ચાલવાનું છે. શ્રુતભવનના આંગણે શ્રુતભક્તિનું જે ભગીરથ કાર્ય થઈ રહ્યું છે તે ભવિષ્યમાં જૈનશાસન માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

**- મુનિ પુણ્યરક્ષિતવિજય**

- Superb work. All Jains and others should participate to preserve Jain 'Shastras' All The Best.

- **Narendra Jain, Dubai**

- ભગીરથ કાર્ય માટે આપને અભિનંદન. અને આ કાર્ય માટે અમે કંઈ પણ કરી શકીએ એ માટે હંમેશા અમે તૈયાર છીએ. આ કાર્ય જેટલું જલ્દી થાય અને Common Man ને મળી શકે એવી જ ઇચ્છા. આપને મળી ઘણો જ આનંદ.

**- હસમુખભાઈ દીપચંદ ગાર્ડી**

- भरतभाई एवं राजुभाईने इस संस्था में आने का निवेदन कर मुझे लाभ दिया है, यहाँ जो जैन धर्म शास्त्रो के संशोधन का कार्य जो हो रहा है, प्रशंसनीय है। इससे ही आनेवाले समय में हमारा धर्म सुरक्षित रह पायेगा एवं इसका सुचारु एवं व्यवस्थित धर्मप्रचार एवं प्रसार होगा जो भी इस संस्था जे जुडे हुए है, उनकी मैं भूरी भूरी अनुमोदना करता हूँ।

**– तेजराज गोलेच्छा, अध्यक्ष जैन इंटरनेशनल ट्रेड ऑर्गनायझेशन**

- आज दि. २८-०५-२०१६ को श्रुतभवन में आने का सुयोग हुआ। परमपूज्य महाराजजी से संस्था के कार्य का परिचय प्राप्त कर बहुत हर्ष हुआ कि प्राचीन ग्रन्थों के संरक्षण एवं सम्पादन का जो कार्य अवरुद्ध प्राय हो गया था उसे श्रुतभवनने विशिष्ट रूप से पुनरुज्जीवित किया है। इस रीति से किया जानेवाला कार्य सरकारी संस्थानों से अधिक मौलिक एवं महत्त्वपूर्ण है। मैं इस प्रकल्प की समृद्धि एवं प्रगति की कामना करता हूँ तथा आगे इससे जुडकर सारस्वत-सेवा की अभिलाषा रखता हूँ।


**– विजयपालशास्त्री, पतञ्जली योगपीठ, हरिद्वार-२४९४०२**

- श्रुतभवन अनन्यं कार्यं प्रचलति। ईदृशं कार्यम अन्यत्र नैव दृष्टम्। जयतु जयतु ग्रन्थ संरक्षणाकार्यम्।

**– नीरजमुनिः ( आ.रामलालजी म.समुदाय )**

- दुर्लभ है संसार में एक यथारत ज्ञान। आज श्रुतभवन का कार्य देखकर मै बहुत ही प्रभावित हूँ। परमपूज्य वैराग्यरतिविजयजी महाराज से चर्चा कर मै गदगदित हूँ। समाज, विद्वान इस कार्य का लाभ ले तो यह प्रयास सफल होगा। मेरी बहुत शुभकामनाएँ।

**– डॉ. महावीर प्रभाचंद्र शास्त्री, प्राकृत-संस्कृत विभाग प्रमुख, सोलापुर**



।। सुयं मे आउसं ।।
શ્રુતભવન સંશોધન કેંદ્ર